કુમાર

વર્ષ : ૬૮


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

દીપોત્સવી અંક ૨૦૫૧ · ઑકટોબર ૧૯૯૫ · સળંગ અંક ૨૧૩

સંસ્થાપક રવિશંકર મ. રાવળ તંત્રી : ધીરુ પરીખ • સંપાદક : બિહારીલાલ ટાંક



૧૮૦૨માં રિચર્ડ ઓવેએ જાંબલી પોત પર કરેલી પેસન પુષ્પોની આ છીંટનો રંગોળી તરીકે પણ ઉપયોગ કરી શકાય



આબુમાં સવાર] [નટુ પરીખ

આ જલરંગી ચિત્રમાં કલાકારે આબુની સવારને આબાદ રીતે ચિત્રિત કરી છે. વૃક્ષરાજિના આછા લીલા રંગને પડછે નીચે રસ્તાનો ગેરુઓ રંગ અને જમણી બાજુ ઊંચું ઝૂકેલું વૃક્ષ અને તેનાથી આગળ વધતો રસ્તો ચિત્રને ઊંડાણ આપે છે. પ્રમાણમાં બે નાનાં માનવ પાત્રો અને ડાબી બાજુનો એક લસરકે કરેલો અશ્વ આ ચિત્રમાં વૈવિધ્ય તો ઉમેરે જ છે, પણ તેમાંની પ્રકૃતિની મૃદુતા અને ભવ્યતાને પણ પ્રકટાવે છે.

કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

GOOD BOATMAN (Rajmohan Gandhi) : પોતાના નાના - રાજાજી - પછી સરદારનું ચોટદાર ચરિત્ર આપવા સાથે એક સશક્ત ચરિત્રકાર તરીકે ઊભરી રહેલા લેખક હવે આવે છે પોતાના દાદા મહાત્મા ગાંધીની, તાજગીભર્યા તેટલા જ સ્વસ્થ આલેખને ઉપસાવેલી વિશિષ્ટ, નવતર તસવીર લઈને. વીસમી સદીના કદાચ સૌથી મહાન લોકનેતાના જીવનની ઝીણી-મોટી અનેક સૂચક બીનાબાબતોના તટસ્થ, તલસ્પર્શી અભ્યાસ વાટે નવા જ એક મૌલિક દૃષ્ટિકોણથી એમને પુનઃ મૂલવવાનો, એમની હારજીતોને સમજવાનો, 'હૃદયમાં ઊંડે એમને ઓળખવાનો' સંનિષ્ઠ પ્રયાસ કરતો આ ગ્રંથ ચિંતનાત્મક ગાંધી-સાહિત્યમાં ઉલ્લેખનીય ઉમેરો કરે છે.

xix + 494 પાનાં : રૂ. 350

Penguin Book of Interviews : માર્ક ટ્વેઈન, એમિલ ઝોલા, ઓસ્કાર વાઈલ્ડ, હેનરિક ઇબ્સન, લિયો તોલ્સતોય, જૉર્જ બર્નાર્ડ શો, સેમ્યુઅલ બેકેટ, અર્નેસ્ટ હેમિંગ્વે, આર્થર મિલર, કાર્લ માર્ક્સ, ફ્રોઈડ, મહાત્મા ગાંધી, માઓ ત્સે-તુંગ, થિયોડૉર રૂઝવેલ્ટ, નિકિતા ક્રુશ્ચોવ, જૉન કેનેડી, માર્ગરિટ થેચર, બેટી ડેવિસ, ગ્રેટા ગાર્બો, મેરેલીન મનરો, આલ્ફ્રેડ હિચકોક, પાબ્લો પિકાસો, ફ્રેન્ક લૉઈડ રાઈટ, થૉમસ એડિસન... હજુ લંબાવા જતી આ નામાવલિ 1959થી આજ લગીના સવા દોઢ સદીના કાળ પર પોતાનાં નામ કોરી જનાર સાહિત્ય, ચિંતન, કલા, અભિનય, વિજ્ઞાન, રાજકારણ વગેરે ક્ષેત્રોની જે 85 જેટલી વિશિષ્ટ વ્યક્તિઓની સમય સમય પર જુદા જુદા પત્રકારો દ્વારા લેવાએલ પ્રત્યક્ષ મુલાકાતો અહીં સંગ્રહીત છે તેમની ઝાંખી માત્ર છે. જૂનાંપુરાણાં પારાવાર પુસ્તકો ઉપરાંત જર્જરિત કંઈ કેટલીય સામયિક-ફાઈલો ફેંદવાના સંપાદકના ઉદ્યમમાં ઉમેરાએલી એમની વિદ્વત્તા તેમ જ સંશોધન-કુનેહનું પરિણામ તે - વીસમી સદીના વ્યક્તિવિશેષોના વાણી-વિચાર-વિહારના વિહંગાવલોકન સમું, માહિતીપ્રદ અને મનોરંજક તેટલું જ પ્રેરક અને પ્રબોધક આ પુસ્તક. મુલાકાતના આ સાહિત્ય-પ્રકારનો અનેક રોચક દૃષ્ટાંતો સાથે રસપ્રદ ઇતિહાસ આલેખતી સંપાદકની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના પુસ્તકનું એક આગવું આકર્ષણ બની રહે તેવી છે. મૂળ વિદેશી પ્રકાશકની હવે સુલભ બનેલી સસ્તી ભારતીય આવૃત્તિ.

XVII + 632 પાનાં : રૂ. 250

Concise Oxford Dictionary : નવમી આવૃત્તિ : સહુપ્રથમ 1911માં પ્રગટ થયા પછીની તેની સાત આવૃત્તિઓને અંતે હવે તો પ્રવર્તમાન અંગ્રેજી ભાષા પરના અધિકૃત સહાયગ્રંથ તરીકે સુસ્થાપિત અને સર્વસ્વીકૃત થઈ ચૂકેલા, વિશ્વના સૌથી વધુ વેચાતા મધ્યમ કદના કોશની તાજી બહાર આવેલી, મહત્ત્વનાં સંશોધનો સમાવિષ્ટ અને હજારો નવા - ખાસ કરીને કોશની 1991ની છેલ્લી આવૃત્તિ પછીનાં ચાર વરસ દરમિયાન દુનિયાએ સાધેલી વૈજ્ઞાનિક-તકનીકી પ્રગતિને પ્રતિબિંબિત કરતા - શબ્દો ઉમેરેલી આ નવી, નિર્ણાયક આવૃત્તિ ઑક્સફર્ડ યુનિ. પ્રેસ દ્વારા લગાતાર ચાલી રહેલી ભાષાસંશોધનની બેજોડ કામગીરીના ફલસ્વરૂપે આપણને મળે છે. સમય સાથે ક્રમશઃ બદલાઈને નવેસર બંધાઈ રહેલા અંગ્રેજી ભાષાના કલેવરના આજના સ્વરૂપ સંબંધી છેલ્લામાં છેલ્લી માહિતી અને તેના ઉપયોગ અંગે ઠાવકું માર્ગદર્શન આપતું આ ઉપયોગી સાધન અભ્યાસીઓ તેમ જ રસિયાઓએ વહેલી તકે વસાવી લેવા જેવું.

મોટા માપનાં XXi + 1673 પાનાં : વિદેશમાં પ્રકાશિત મૂળ આવૃત્તિ જ ભારતમાં રૂ. 550ની કિફાયતી કિંમતે સુલભ.

ઑક્ટોબર **કુમાર** ૧૯૯૫

કુમાર સળંગ અંક ૮૧૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચૅરમૅન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર.૨૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક નકલ રૂ. ૧૫-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે..

(શહેનશાહ હેમચન્દ્ર વિક્રમાદિત્ય

'કુમાર' ઑગસ્ટ '૯૫ના અંકમા શ્રી અશોક હર્ષની શ્રેણી 'ઇતિહાસધારા'માં હેમુ (હિમુ, હેમચન્દ્ર)ના રસપ્રદ વૃત્તાંતનાં અનુસંધાનમાં નિમ્નદર્શિત વૃત્તાંત રજૂ કરું છું.

ઠીંગણો, કદરૂપો હેમુ અલ્વરની દક્ષિણે રિવારી નામક એક નાના શહેરનો વણિક, મોદી, કિરાણાનો વેપારી. ઐતિહાસિક તવારીખ બોલે છે :

ઈ.સ. ૧૩૩૬ : ઇસ્લામને ભેટેલ બે ભાઈઓ હરિહર અને બુક્કા પુનઃ હિંદુ ધર્મને ભેટે છે. હમ્પી-હસ્તાવલી નામક નૂતન હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરે છે. રાજધાની વિજયનગર એટલે દક્ષિણ ભારતના હિંદુ વિજયનગર સામ્રાજ્ય નામે સુખ્યાત. ૨૨૯ વર્ષો દરમ્યાન સામ્રાજ્ય ફૂલ્યું-ફાલ્યું.

ડિસે. ૩૦, ૧૫૩૦ : મુગલ સામ્રાજ્યના સ્થાપક બાબરનું મૃત્યુ. હુમાયુ ગાદી સંભાળે છે.

મે ૧૭, ૧૫૪૦ : શેરશાહ હુમાયુને શિકસ્ત આપે છે. હુમાયુ નાસતોભાગતો મદદ માટે ફાંફાં મારે છે.

ઑક્ટો. ૧૫, ૧૫૪૨ : ઉમરકોટ મધ્યે અકબરનો જન્મ.

મે ૨૨, ૧૫૪૫ : કાલિંજરના યુદ્ધમાં શેરશાહ ઘાયલ થાય છે, મૃત્યુ પામે છે.

૧૫૪૫-૧૫૫૪ : શેરશાહનો દ્વિતીય પુત્ર જલાલખાન 'ઇસ્લામશાહ' નામ ધારણ કરી શેરશાહની ગાદી સંભાળે છે. શેરશાહ હેમુને ચડતી પર ચડતી બક્ષે છે. લશ્કરી જવાબદારીઓ સોંપે છે.

૧૫૫૪-૧૫૫૬ : ફિરોજશાહ (૧૫૫૪)ની કતલ બાદ મુહમદ આદિલ (આદલિ) શાહ શેરશાહની ગાદી સંભાળે છે. આદિલ શેરશાહનો ભત્રીજો. હેમુ આદિલશાહનો વજીર બને છે, સેનાપતિ બને છે. બાવીસ જીત પર જીત હાંસલ કરે છે.

૧૫૫૫-૫૬ : હુમાયુ દિલ્હીની ગાદી પુનઃ જીતે છે.

જાન્યુ ૨૬, ૧૫૫૬ : હુમાયુનું મૃત્યુ. હેમુ આગ્રા-દિલ્હી જીતે છે. હેમુ પોતાને હેમચન્દ્ર વિક્રમાદિત્ય (હેમુ શાહ) નામે શહેનશાહ જાહેર કરે છે. પોતાના નામના સિક્કા પડાવે છે.

ફેબ્રુ ૧૪, ૧૫૫૬ : અકબર કાલાનૌર મધ્યે હુમાયુની ગાદી સંભાળે છે. પરંતુ અકબર માટે દિલ્હી દૂરસુદૂર છે. અકબરનું વય માંડ ૧૪ વર્ષ.

નવે. ૫, ૧૫૫૬ : પાણીપતનું દ્વિતીય યુદ્ધ. હેમુ ઘાયલ થાય છે. અકબર અને બહેરામખાં હેમુની કતલ કરે છે. હેમુ તીરથી ઘાયલ થયો ન હોત તો જીત હેમુની હતી, મુગલ સામ્રાજ્યના આ તબક્કે વળતાં પાણી હોત, ઉત્તરમાં હેમુનું હિંદુ રાજ્ય હોત, દક્ષિણમાં વિજયનગરનું હિંદુ સામ્રાજ્ય વર્ચસ્વ ધરાવતું હતું જ.

હેમુનું ધડ દિલ્હીના એક દરવાજે જડવામાં આવે છે. શિર કાબુલ મોકલવામાં આવે છે. અકબરનું સૈન્ય અલવર જીતે છે. હેમુના પિતાને ઇસ્લામ ધર્મ સ્વીકારવા ધમકી આપે છે. હેમુના પિતા ઇનકાર કરે છે. તેની કતલ કરવામાં આવે છે. હેમુ માંડ નવેક માસ હેમુ વિક્રમાદિત્ય રહ્યો. અલબત્ત, સામ્રાજ્ય ટચૂકડું.

જાન્યુ. ૨૩, ૧૫૬૫ : દક્ષિણમાં વિજયનગરનું હિંદુ સામ્રાજ્ય શિકસ્ત પામે છે, સામ્રાજ્યનાં વળતાં પાણી. ત્યાર બાદ એકાદ સદી સુધી ડચકાં ખાય છે. નવ વર્ષનાં ગાળામાં આમ ઉત્તર અને દક્ષિણ ભારતમાં હિંદુ સામ્રાજ્યોનો કરુણ અંત.

૧૭૦૭માં ઔરંગઝેબનું મૃત્યુ. મુગલ સામ્રાજ્યનાં વળતાં પાણી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બહાદુરશાહને બ્રહ્મદેશમાં દેશનિકાલ કરવામાં આવે છે. મુગલ સામ્રાજ્યનો અંત. ૧૯૪૭માં બ્રિટિશ સામ્રાજ્યનો અંત. ભારત સ્વતંત્ર. (**૧** 'ધ હિસ્ટરી એન્ડ કલ્ચર ઑફ ધી ઇન્ડિઅન પીપલ. ધ મુગલ એમ્પાયર, ગ્રંથ ૭, સર્વસામાન્ય તંત્રી આર. સી. મજુમદાર. ભારતીય વિદ્યાભવન, ૧૯૭૪, પૃ. ૯૦-૧૦૧ શ્રેણીના તંત્રીશ્રી. 'હિમુ વિસરાયેલ હિંદુ શૂરવીર' શીર્ષક હેઠળ સવિસ્તર પરિશિષ્ટમાં હિમુને સમુચિત ન્યાય આપવા મથે છે. ઉપરાંત પૃ. ૯૦૧-૯૦૮. **૨** એજન, ગ્રંથ ૬, તૃતીય આવૃત્તિ, ૧૯૮૦, પૃ. ૨૭૨-૩૨૫. ગ્રંથ ૭ પૃ. ૪૯૨-૪૯૩. **૩** અકબર - પુની લાલ, ૧૯૮૦, પૃ. ૬૧-૬૪)

- **વી. બી. ગણાત્રા** (મુંબઈ)

ઑગસ્ટ-૯૫ના અંકમાં 'ચમત્કાર' વાર્તા વાંચી અત્યંત નિરાશ થયો. એક ભાવક તરીકે મને સારી વાર્તાની અપેક્ષા રહે છે. પરંતુ હવે ઘણીવાર વાચક તરીકેની મારી અપેક્ષા પૂરી થતી નથી. કારણ જાણું જ છું, કે સારી વાર્તાઓ લખાતી નથી, જે ખરેખર વાર્તા હોય 'ચમત્કાર'ની જેમ એક સામાન્ય ચટપટી ઘટનાનું 'રિપૉર્ટિંગ' ન હોય. - **જનક ત્રિવેદી** (અમરેલી)

ઑગસ્ટ ૧૯૯૫ના અંકમાં 'ચમત્કાર' વાર્તામાં શ્રી બહાદુરભાઈ વાંકે વાતને રેશમી દોરાથી ગૂંથી અને ગૂંચવી ! અંતે એ ઊકેલી ન શક્યા એ જ વસવસો રહી ગયો.

- **બા. અ. વોરા.** (અમદાવાદ)

હમણાં પ્રસિદ્ધ થયેલી શ્રી બહાદુરભાઈ વાંકની ટૂંકી વાર્તા 'ચમત્કાર' ખરેખર ચમત્કારિક લાગી. કલ્પનાની દુનિયામાં ગગનવિહાર કરીને પૃથ્વી ઉપર પાછાં આવ્યાં હોઈએ તેવું લાગ્યું. વાર્તા ખરેખર ખૂબ સુંદર હતી. શ્રી વાંકની આવી વાર્તાઓ ભવિષ્યમાં માણવા મળે તેવી અપેક્ષા.

સંજય ભિમજીયાણી (બામણગઢ)

ઑગસ્ટ ૧૯૯૫ના 'કુમાર'માં પ્રસિદ્ધ થયેલી બહાદુરભાઈ

(અનુસંધાન પાન ૫૧૦ ઉપર)

અંદર થઈ / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

અંદર થઈ શું ઉપ્પર આવે
ઉપ્પર તો હું બેઠો!
ચોગમ મારી ડોલે દુનિયા
કયો ફણીધર પેઠો?
લીલો લીલો રંગ ઊભરતો,
રાતી રાતી ઝાંય!
તીખા તીખા ડંખે મીઠી
ઘેનભરી શી છાંય!
કોણ સુંવાળે ભરડે લઈ મુજ
મલક કરે છે એંઠો?
હજાર ફેણા અંદર ફાટી
જમુના કાળી કાળી!
તોય વાંસળી કેમ લિયે ના
હોઠ ઉપર વનમાળી?
એક ફૂંક દે એવી આવે
નાગમણિ પટ હેઠો!

જળની ઋતુ / મણિલાલ હ. પટેલ

(સવૈયા)

વાદળ પ્હેરી પ્હાડો ઊભા જળ પ્હેરીને ઝાડ
દૂર મલકના જળ-સંદેશા ઝિલ્યા કરતાં તાડ.
પછીત સુધી પાણી આવ્યાં ઉંબર સુધી ઘાસ
ઘર આખામાં ફરી, વળી છે અંધકારની વાસ.
શૃંગે શૃંગે વાદળ બેઠાં ખીણોમાં રોમાંચ
વૃક્ષ-વેલને એહેરે એહેરે ચોમાસું તું વાંચ.
'નવ વધૂની આંગળીઓ શી' ફરી રહી તરફેણ
ખેડાતાં ખેતરને નીરખે ઘીની ધારે નેણ.
અવાવરું ખૂણામાં સૂતો આળસ મરડે કાળ
જળની ધારે ધારે ઊતરે પગલાં પોતે ઢાળ.
દેવશિશુની આંખો જેવાં જળ-ફોરાં વિસ્મિત
ચંપાનાં ફૂલોમાં પ્રગટ્યું જળનું અક્ષત સ્મિત.
પલળે શેરી સીમ ખેતરો પલળે પળની પાળ
હંસ પલળતો આવ્યો લાવ્યો દમયંતીની ભાળ.
માગ માગ તું જળની સાખે ઝળહળ જળને માગ
જળ અકળને જાણી લે તું જળ-સકળને તાગ.

આકર્ષે શ્વેતરંગિમા! / ભાનુપ્રસાદ પંડ્યા

(અનુષ્ટુપ-સૉનેટ)

એકદા રમ્ય એકાન્તે ગૂંથેલો શ્યામ કુન્તલે,
સુગંધી શ્વેતને સૂંઘ્યો આયુમાં સાથ તે રહ્યો!
ઢળેલી સાંજની વેળા છેડતી વાયુની સહી
અમેલીગૌર તન્વંગી ઝૂકતી નીરખી હતી.
સહસા આભથી છૂટી ઉદ્યાને ઊતરી ધસી
ઊઘડી બીજચંદા-શી મોહિની સ્મિતની જરી!
મૃદુતા જૂઈની ઝાઝી સ્પર્શમાં સારવી લઈ
સુહાગી શ્વેતની લીલા સમાઈ રજની ભરી!
ઉપેક્ષા લેશ ના સેવું મોગરા, જૂઈ-જાઈની
રુચે એ સર્વ તો યે કાં શ્વેતતા ટગરી ગમે?
એકલાં સીમની ઊંડી વાટમાં આકનાં ફૂલો
તોડું ને દૂધની ધારા અશ્રુશીડૂંખથી વહે!
ધતૂરાપુષ્પનાં હાસ્યો ભરેલી પયપ્યાલી-શાં.
સુવાસી કે નહીં ચારુ આકર્ષે શ્વેતરંગિમા!

લેવા ન દેવા / હરેશ 'તથાગત'

(ગઝલ)

આ હયાતી ખૂબ લાંબો દાસખત છે,
લ્યે ઉકેલી, એટલો કોને વખત છે?
માર્ગ પોતે માર્ગમાં છે કૈકં યુગથી,
જ્યાં સફર છે ત્યાં રઝળવાની શરત છે!
કાલ કે ગઈ કાલથી લેવા ન દેવા,
જે કશું છે તે, અહીં, હમણાં, તરત છે!
સુખ વિશે હર કોઈનાં નોખાં વિચારો,
દુઃખ બાબત લોક સઘળાં એકમત છે!
સત્ય કાગળમાં દટાતું નિત્ય જોઈ,
મન વિમાસેઃ તર્ક કેવા જડભરત છે!

મુક્તક / નટવરલાલ પટેલ

જોઈ ચોઘડિયા માટે બેસવું પાલવે નહીં,
પ્રેરણા કરતાં ખુશ્બૂ વધુ છે પસીના મહીં.

અદર થઈ • ભીતરથી અવ કઈક આવી રહ્ય છ જ બાહ્યાવરણન કલકિત કર છ. અ ભાવ જાણ ફણીધરના ડખફુત્કાર જવો પીડસતાવ છ. અમાથી છટવા નાગદમન કરનાર વનમાળીની ઝખના જાગ છ. વ્યક્તિ અન સમાજ અમ ઉભયન વ્યાપી વળલા ફણીધરન નાથવા માટની 'સભવામિ યગ યગ'ની પ્રતીક્ષા રહ છ. **આકષ શ્વતરગિમા** • મોગરો-જઈ-જાઈની શગારપરક ધવલતા કરતાય નિગધ ધતરાની શ્વતરગિમા કાવ્યનાયકન ગમ છ તમ વણવત સાનટ નાચીજનો પણ મહિમા કર છ. **જળની ઋત** • પહાડ, ઝાડ, ઘર, આગણ આદિ પર વપાની જ અસર ઝિલાઈ છ તન કલ્પનાયક્ત સદર કાવ્ય. 'જળ પહરીન ઊભાં ઝાડ' જવી કલ્પનાઓ અહીં આસ્વાદો. **લવા ન દવા** • સત્યમવ જયતના આ દશસમાજમા સત્યની જ કવી વિડબના થઈ રહી છ તની ગ્લાનિ વ્યક્ત કરતી ગઝલ. - **ધી. પ.**



પ્રખર ધર્મતત્ત્વચિંતક, મૂલગામી વિચારક અને 'વૃદ્ધ સ્કૉલર'

મણિલાલ છો. પારેખ

—નીતિન વડગામા—

"સામાન્ય રીતે છેલ્લાં સોએક વર્ષ થયાં. 'હિન્દુ' શબ્દ ધર્મ સાથે જોડાયો છે. હિન્દુ ધર્મ એક સ્વતંત્ર ધર્મ છે એ માન્યતા પ્રવર્તી રહી છે. આ માન્યતા ખરી નથી... 'હિન્દુ' શબ્દ ખ્રિસ્તીઓ તેમજ મુસ્લિમો પોતાને માટે વાપરી શકે છે અને ખ્રિસ્તીઓ માટે એ શબ્દ વાપરવાનો અમુક અંશે મેં આગ્રહ પણ કર્યો. અત્યારે જેઓને આપણે 'હિન્દી' કહીએ છીએ તે સર્વ પોતા માટે 'હિન્દુ' શબ્દ વાપરી શકે છે અને એમ કરતાં તેઓને ધાર્મિક બાધ આવતો નથી."

ઈ.સ. ૧૯૨૪માં, 'હિન્દુ સિવિલિઝેશન ઍન્ડ કલ્ચર' અર્થાત્ 'હિન્દુ સભ્યતા અને સંસ્કૃતિ' વિશેના વ્યાખ્યાનમાં, 'હિન્દુ' શબ્દની વ્યાખ્યાને આ રીતે, વ્યાપક ફલક પર વિસ્તારીને મૂકી આપવાનું સાહસ કરનાર વ્યક્તિમત્તાનું નામ છે મણિલાલ છોટાલાલ પારેખ.

ઈ.સ. ૧૮૮૫ અને વિ.સં. ૧૯૪૧ના ફાગણ સુદ આઠમના રોજ, દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં, રાજકોટ મુકામે મણિલાલનો જન્મ. એ વખતે તેમના પરિવારમાં પોતે એક જ સંતાન હોવાથી, વાંકાનેર પાસેના જડેશ્વર મહાદેવને પગે લગાડીને, પોતાનું નામકરણ કરવાનું વિચારાયેલું, એટલે શરૂઆતમાં પરિવારજનો તેમને, 'ઝીણું' કહીને બોલાવતા, પાંચેક વર્ષે જડેશ્વરના કોઈ મહંત દ્વારા, 'અંબાશંકર' નામ પણ અપાયેલું; પરંતુ 'અંબાશંકર' નામ અમલી બને એ પૂર્વે, ત્રણ-ચાર વર્ષની ઉંમરે સ્વયં પોતાની જાતને, એ વખતે લોકપ્રિય અને પ્રચલિત એવું 'મણિલાલ' નામ અપાય છે, ને પછી તો એ જ નામ સ્થાયી બની રહે છે.

મણિલાલના પિતાશ્રી, અંગ્રેજ સરકારની એજન્સીમાં નોકરી કરવાની સાથે ખાનગી શિક્ષણ પણ લેતા હતા, એ નિમિત્તે ઘરમાં વસાવેલાં કેટલાંક પુસ્તકોનો લાભ મણિલાલને બાલ્યાવસ્થામાં જ મળેલો; તેથી આઠેક વર્ષની ઉંમરે મણિલાલ, 'Children's Friend'ના ગુજરાતી ભાષાંતર 'બાળમિત્ર' જેવું પુસ્તક રસપૂર્વક વાંચવા ઉપરાંત, 'નર્મગદ્ય' અને 'કરણઘેલો' તથા પાકશાસ્ત્ર અને હુન્નરઉદ્યોગને લગતા ગ્રંથો પણ વાંચે. આમ, બાળપણથી જ જન્મેલો વાંચનનો શોખ, હાથવગાં સઘળાં પુસ્તકો વાંચવા માટે તેમને સતત પ્રેરે છે. એ રીતે, તેમના ખરા શિક્ષણનો પ્રારંભ સ્વતંત્ર વાચનથી જ થાય છે, ને એ પાયા ઉપર જ તેમના જીવનની ઇમારત રચાય છે.

મણિલાલની પ્રારંભિક પ્રાથમિક શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી ન હતી. રાજકોટની તાલુકાશાળામાં તેમણે ગુજરાતી શિક્ષણ લીધેલું. શિક્ષણમાં એટલો બધો રસ ન હોવાથી, અવારનવાર તબિયત નાદુરસ્ત રહેતી હોવાને કારણે તથા ગણિતનો વિષય નબળો હોવાને લીધે, ગુજરાતી ચોથા ધોરણ સુધીની પ્રત્યેક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાને બદલે, તેમના પિતાશ્રીની ભલામણથી જ ઉપલા ધોરણમાં જઈ શકેલા, ને એમ અંગ્રેજી પહેલા અને બીજા ધોરણમાં પણ તેમને બબ્બે વર્ષ ગાળવાં પડેલાં. પરંતુ તેમ છતાં, બહુ ઝાઝું ન ભણી શકેલા પિતા, મણિલાલને ભણાવી-ગણાવી બારિસ્ટર બનાવવાના મનોરથ સેવે છે અને બાળક મણિલાલના માનસમાં વિદ્યાપ્રીતિનાં બીજ રોપી તેને બારિસ્ટર બનાવવાની મહત્ત્વાકાંક્ષાના પરિણામસ્વરૂપ, પુત્રમાં વિદ્યા પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા જન્માવે છે.

ઈ.સ. ૧૮૯૬માં, મણિલાલના પિતાશ્રીની બદલી જેતલસર થઈ. ત્યાં શાળા ન હોવાથી ગોંડલમાં રહેવાનો પ્રબંધ થયો. અહીં મણિલાલે, અંગ્રેજી બીજા ધોરણથી ચોથા ધોરણનું શિક્ષણ લીધું. આ ગાળા દરમ્યાન તેમને, હેડમાસ્તર સુતરિયા દ્વારા કેટલાક કડવા અનુભવો પણ થયા, તો પછીથી હેડમાસ્તર તરીકે આવેલા પારસી ગૃહસ્થ મિ. નાણાવટી પાસેથી વાચનની અને અંગ્રેજી સુધારણા અંગેની પ્રેરણા પણ મળી. ગોંડલનિવાસ દરમ્યાન વિદ્યાર્થી મણિલાલે, ગિરધરકૃત 'રામાયણ', 'અરેબિયન નાઈટ્સ', 'શાહજાદો અને ભિખારી' જેવા ગ્રંથોનું વાચન પણ કરેલું. ઈ.સ. ૧૯૦૦માં, પિતાની બદલી પુનઃ રાજકોટ થવાને કારણે રાજકોટની

આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં તેમણે અભ્યાસ આગળ વધારેલો.


ઈ.સ. ૧૯૦૧માં, વિદ્યાર્થી મણિલાલના જીવનમાં એક ચમત્કારિક પલટો આવ્યો હતો. આ વર્ષે તેઓ, પગે ઝામરો થવાને કારણે પથારીવશ થયેલા અને મૃત્યુની કંઈક ઝાંખી પણ થયેલી. આવે વખતે તેમણે, લોર્ડ એવબરીનું 'The Use of Life' ('જીવનનો ઉપયોગ') પુસ્તક વાંચ્યું ને તેમના જીવનમાં નૈતિક પરિવર્તન આવ્યું. પૂર્ણસત્યનું ઉચ્ચારણ કરવાના આશયથી, આ ગાળામાં તેમણે, મહિનાઓ સુધી મૌન ધારણ કર્યું. ઈ.સ. ૧૯૦૨માં, મણિલાલ મૅટ્રિકમાં હતા એ વર્ષે, તેમની અઢાર વર્ષની ઉંમરે, ચૌદેક વર્ષની કન્યા પ્રાણકુંવર જોડે લગ્ન થયું. લગ્ન કરવા ગયેલા ત્યારે પણ તેમણે 'Twenty Thousand Leagues Under the Sea' ('દરિયાની અંદર વીસ હજાર લીગ') પુસ્તક સાથે રાખેલું ને અવકાશ મળ્યે વાંચેલું, જે તેમની તીવ્ર વાચનપ્રીતિની પ્રતીતિ કરાવે છે. મૅટ્રિકના વર્ષમાં પણ, ઇતર વાચનમાં રમમાણ મણિલાલ, પરીક્ષા પૂર્વેના દસ-બાર દિવસ જ અભ્યાસનાં પુસ્તકો વાંચે છે ને મૅટ્રિકમાં ઉત્તીર્ણ થાય છે.


ઈ.સ. ૧૯૦૩માં મણિલાલ, જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ અર્થે જોડાયા. મંદવાડને કારણે બે-એક વર્ષ અભ્યાસ બગડ્યો તો ખરો પરંતુ એ નિમિત્તે થતાં આરામના સમયમાં, ઈશ્વરના અસ્તિત્વ વિશેની તેમની માન્યતા દૃઢ થઈ અને તેમના સમગ્ર ભાવિજીવનનો પાયો અહીં નંખાયો. એવી જ રીતે, રાજકોટમાં તેમના પડોશમાં રહેતા મૂળજી દુર્લભજી વેદ ઉર્ફે પોપટભાઈનો સમાગમ પણ, મણિલાલના ભાવિજીવન માટે નિર્ણાયક બની રહે છે. ઉચ્ચ આદર્શો સાથે જીવન વ્યતીત કરતા પોપટભાઈ સાથેના સહવાસને પરિણામે રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, બ્રહ્મર્ષિ કેશવચંદ્ર સેન, મહાત્મા એમર્સન, કાર્લાઈલ, વર્ડ્ઝવર્થ જેવાની વિચારણાથી અને તેમનાં ઉદાત્ત એવાં જીવનકાર્યોથી મણિલાલ પરિચિત થાય છે. એ સહવાસના સુફળ રૂપે જ તેઓ, 'Imitation of Christ' નામનો ગ્રંથ તથા 'કેશવચંદ્ર સેન' નામક અંગ્રેજી જીવનચરિત્ર વાંચે છે, જે તેમના ધાર્મિક અભ્યાસની પર્યાપ્ત પીઠિકા પૂરી પાડી રહે છે. શ્રી કેશવની વાણીમાંના દિવ્ય જાદુ અને અદ્ભુત આત્મપ્રકાશથી, મણિલાલના જીવનનું આકાશ પણ સભર થાય છે અને એમ મણિલાલનું જીવન કેશવ અને ઈસુ સાથે સંકળાય છે; તો વળી, 'હિન્દુસ્તાનના સંતો' નામના ગ્રંથમાંનું, ચૈતન્યનું જીવનચરિત્ર વાંચીને, ચૈતન્ય પ્રત્યે પણ તેમને ગાઢ ભક્તિભાવ જન્મે છે. આમ, મણિલાલની ધાર્મિક ભાવનાના ઉદયકાળમાં, ઈસુ ખ્રિસ્ત, ચૈતન્ય અને કેશવનો મૂલ્યવાન હિસ્સો રહેલો જણાય છે.


રાજકુમાર કૉલેજ, રાજકોટમાં અધ્યાપક તરીકે આવેલા કવિ ન્હાનાલાલ સાથે ઈ.સ. ૧૯૦૪માં, મણિલાલને પરિચય થયો. કવિ ન્હાનાલાલ પણ બ્રાહ્મસમાજના સભ્ય હતા, તેથી તેમની પાસેથી મણિલાલને બ્રાહ્મસમાજ વિશેની માહિતી મળી અને એ રીતે, ન્હાનાલાલના સંપર્ક અને સમાગમથી, મણિલાલના વિચાર અને જીવન ઉપર કંઈક અસર પણ પડી. ૧૯૦૪ની આખરમાં વિદ્યાર્થી મણિલાલે, મુંબઈમાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી અને કૉંગ્રેસના નેતાઓ સર ફિરોઝશાહ મહેતા, સુરેન્દ્રનાથ બૅનરજી વગેરેને જોવા-સાંભળવાનો લ્હાવો લીધો.

ઈ.સ. ૧૯૦૫માં, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં કૉલેજના પ્રથમ વર્ષમાં મણિલાલ અભ્યાસાર્થે જોડાયા ત્યારે જ તેમના ધાર્મિક જીવનની ભૂમિકા પણ કંઈક અંશે રચાય છે. આ દિવસો દરમ્યાન જ તેમના અંતરમાં બ્રાહ્મસમાજના પ્રચારક થવાની ઈચ્છા અંકુરિત થાય છે. બહાઉદ્દીન કૉલેજમાં ઈન્ટરની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરીને મણિલાલ, ફિલસૂફી વિષયના અભ્યાસ માટે થઈને, બી.એ.ના પહેલા વર્ષમાં, પૂનાની ડેક્કન કૉલેજમાં દાખલ થયા, પરંતુ અહીં ફ્રેંચ ભાષાના અધ્યાપનના અભાવે

'કુમાર'ના આદ્યતંત્રી રવિશંકર રાવળ સાથે







વાચનમગ્ન મુદ્રામાં

બીજા વર્ગમાં જ પૂના છોડીને, મુંબઈની વિલ્સન કૉલેજમાં ગયા ને ૧૯૦૮માં, બીજા વર્ગ સાથે બી.એ.માં ઉત્તીર્ણ થયા. પૂના અને મુંબઈમાં, અભ્યાસકાળ દરમ્યાન પણ મણિલાલ, પુષ્કળ પ્રમાણમાં ઇતર વાચન કરે છે અને અનેક વિદ્વાન અધ્યાપકો અને વિચારશીલ મિત્રોના પરિચયમાં આવે છે. એ બધું તેમના વૈચારિક સ્તરને સંવર્ધે છે અને આમ કૉલેજનો અભ્યાસકાળ, મણિલાલની ધાર્મિક ઉન્નતિ માટે ઉપકારક નીવડે છે.

કૉલેજના અભ્યાસ દરમ્યાન જ, કેટલાક મનોમંથનને અંતે મણિલાલ, બ્રાહ્મસમાજના પ્રચારક થવું એવા નિર્ણય ઉપર આવ્યા હતા. આ નિર્ણયની જાહેરાતથી જ તેમના પિતા તથા સગાં-સંબંધીઓએ, સ્વાભાવિક રીતે જ, આઘાત અનુભવેલો અને પ્રચારક થવાનું વિચારવાને બદલે બી.એ. કે એલએલ.બી. થઈ, સમાજમાં સારી રીતે સ્થિર થવા માટે મણિલાલને સમજાવેલા. પરંતુ એ સમજાવટમાં સ્વજનો સફળ નીવડ્યા નહીં અને અંતે બી.એ. પાસ થઈને, પોતાના સંકલ્પને સાકાર કરવા માટે મણિલાલ, ૧૯૦૯માં કલકત્તા ગયા. જે સમયે બ્રાહ્મસમાજ કે પ્રાર્થનાસમાજના નામથી સૌરાષ્ટ્રનાં લોકો અજ્ઞાત કે અલ્પજ્ઞાત હતા એ સમયે મણિલાલે, બ્રાહ્મસમાજના પ્રચારક બનવાનો નિર્ધાર કર્યો. જે કાળે કલકત્તા જવું એ કંઈક સાહસ જેવું ગણાતું ત્યારે તેઓ કલકત્તા જવા તૈયાર થયા, એ ઘટના જ તેમના ક્રાન્તિકારી અને વિચારશીલ માનસની દ્યોતક છે. કલકત્તાના નવવિધાન પ્રચારાશ્રમમાં આવીને તેઓ રહ્યા. આ આશ્રમ એ બ્રાહ્મસમાજનું વડું મથક હતું. અહીં તેઓ શ્રી ગૌર ગોવિંદરાય, શ્રી કાંતિચંદ્ર મિત્ર, શ્રી ગિરીશચંદ્ર સેન, શ્રી પ્યારીમોહન ચૌધરી જેવા બ્રાહ્મસમાજને સર્વ રીતે વરેલા પ્રચારકોના પરિચયમાં આવ્યા; તો શ્રી કેશવના ભત્રીજા અને આજન્મ બ્રહ્મચારી એવા શ્રી પ્રથમલાલ સેન તથા તેમના મોટાભાઈ નંદલાલ સેન સાથેના સમાગમથી પણ મણિલાલને આધ્યાત્મિક લાભ થયો. બાવીસ વર્ષીય મણિલાલે, નવવિધાન બ્રાહ્મસમાજના સભ્ય થવા 'દીક્ષા' લીધી. બ્રાહ્મસમાજના ધર્મ-સિદ્ધાંત સંબંધે તેઓએ મૂલગામી વિચારણા કરી, તો બ્રાહ્મસમાજની ત્રૂટિ વિશે પણ તટસ્થભાવે વિચાર્યું. આશ્રમમાં પૌષ્ટિક ખોરાકના અભાવને લીધે તેમનું સ્વાસ્થ્ય કથળ્યું ને ત્રણ-સાડા ત્રણ માસના કલકત્તાનિવાસને અંતે તેઓ, મુંબઈ મુકામે શરીરની સારવાર લઈ, પુનઃ રાજકોટ પાછા ફર્યા.

બ્રાહ્મસમાજની દીક્ષા લઈને ઘેર આવેલા મણિલાલને, એ માર્ગેથી પાછા વળવા સમજાવવા માટે, તેમના મોટા કાકા, કાકી, માતા-પિતા, સસરા વગેરેએ ખૂબ ઉધામા કર્યા. પરંતુ પોતાના નિરધારમાં નિશ્ચલ એવા મણિલાલ, એકના બે ન થયા અને જ્ઞાતિથી તિરસ્કૃત-બહિષ્કૃત થવાનું જોખમ વહોરીને પણ, પોતાનાં પત્ની અને બે વર્ષની પુત્રીને લઈને મુંબઈ જવા નીકળ્યા. બ્રાહ્મસમાજના પ્રચાર કાજે, કશી જ પરવા કર્યા વિના, પરિવાર સાથે નીકળી પડવાની આ ઘટના, એ કાળે ઐતિહાસિક તેમજ અપૂર્વ હતી.

ઈ.સ. ૧૯૦૯માં મણિલાલ, મુંબઈ પહોંચી બ્રાહ્મસમાજના પ્રચારકાર્યના શ્રીગણેશ કરે છે. આ સમયગાળામાં તેમને, નવવિધાનના ધર્મપ્રચારક થવાનો એક પ્રકારનો અલૌકિક ઉત્સાહ પ્રાપ્ત થયો હતો. પરંતુ બે-એક માસના મુંબઈ-નિવાસ પછી, ઉધરસ અને તાવને કારણે, તેમનું શરીર ક્ષીણ થતું જતું હતું અને તેથી તેઓ, મુંબઈ, છોડી ફરીથી રાજકોટ આવ્યા. એ સમયના સમાજની સંકુચિત સ્થિતિ અને લોકોની કૂપમંડૂક વૃત્તિ હોવા છતાં પણ, મણિલાલના પિતાએ તેમને પ્રેમપૂર્વક આવકાર્યા અને સમાજે પણ તેમને સહર્ષ સ્વીકાર્યા. રાજકોટમાં આવ્યા પછી મણિલાલે, પ્રચારકાર્ય ચાલુ રાખવાની મનીષા સેવી, પરંતુ કેટલીક પ્રતિકૂળતાઓ અને કેટલાંક વ્યવધાનોને કારણે એ શક્ય ન બન્યું. ૧૯૧૦ના જાન્યુઆરીમાં તેઓ ગોંડલમાં શિક્ષક તરીકે જોડાયા અને ત્યાં, ત્રણ-ચાર માસના નિવાસ દરમ્યાન તેમણે, લોકોનો ભરપૂર પ્રેમ સંપાદિત કર્યો. પરંતુ પ્રસારકાર્યમાં જ રમમાણ મન તો એને અનુકૂળ એવા કોઈ કેન્દ્રની ખોજ આદરે છે ને અંતે, ૧૯૧૦ના જૂનમાં, અમદાવાદ પ્રાર્થનાસમાજમાં આવે છે. અહીં, પાંચ ધોરણ સુધીની અંગ્રેજી શાળામાં ત્રણેક કલાક કામ કરવા ઉપરાંત, પ્રાર્થનાસમાજની અન્ય કેટલીક સંસ્થાઓ પર દેખરેખ રાખવાનું તથા ધર્મોપદેશ આપવાનું કામ કરે છે. આ સમયગાળામાં તેમને, શ્રી લાલશંકર ઉમિયાશંકર મહેતા, શ્રી રમણભાઈ નીલકંઠ, શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ વગેરેના નિકટ પરિચયમાં આવવાનું બને છે. પરંતુ ચાર-પાંચ માસના વસવાટને અંતે, અમદાવાદના વાતાવરણમાં પણ તેમને જાણે કે ગૂંગળામણ થવા લાગે છે. અહીં, પ્રચારના મુખ્ય કાર્યને બદલે શાળાના કાર્યમાં જ વિશેષ ગૂંથાઈ રહેવું પડે, જે તેમને અકળાવે છે; તો વળી મુંબઈમાં

યોજનાર પ્રાર્થનાસમાજના વાર્ષિકોત્સવમાં જવા દેવા માટે લાલશંકરભાઈ આનાકાની કરે છે, તેથી મણિલાલ, સમાજમાંથી રાજીનામું આપી છૂટા થઈ અમદાવાદ છોડે છે.

અમદાવાદ છોડ્યા પછી મણિલાલને, પોતાના અને પરિવારજનોના યોગક્ષેમ અંગેની ચિંતા સતાવે છે. પરંતુ એ અરસામાં જ વડોદરા રાજ્યમાં, એક શિક્ષકની ખાલી જગ્યાની જાહેરાત આવે છે ને તેઓ, વડોદરાની સરકારી મોટી હાઈ સ્કૂલમાં પાંચમા ધોરણના શિક્ષક તરીકે નિમણૂક પામે છે. વડોદરા રાજ્યના મહારાજા, સુધારક હોવાને કારણે તથા આ રાજ્ય, અનેક રીતે આગળ વધેલું હોવાને લીધે, અહીં પ્રચારકાર્ય કરવાની સુગમતા રહેશે એવા વિચાર સાથે મણિલાલ વડોદરા પહોંચે છે. અહીં તેઓ, શાળાના શિક્ષણકાર્યમાં આનંદ પામવા સાથે શિક્ષણ દ્વારા, ધાર્મિક અને નૈતિક જ્ઞાન પણ આપે છે. સાથોસાથ નૈતિકશિક્ષણનો વર્ગ પણ કાઢે છે. અલબત્ત, વડોદરામાં પણ તેઓ, બધી રીતે સુખી અને સંતુષ્ટ હોવા છતાં, તેમની પ્રચારકાર્યની ક્ષુધા તો અહીં પણ શમતી નથી અને તેથી પોણાબે વર્ષ જેટલો સમય શિક્ષણકાર્ય કરી, તેઓ વડોદરા પણ છોડે છે.

નવા કાર્યક્ષેત્રની શોધને પરિણામે મણિલાલ, સિંધ-હૈદરાબાદના બ્રાહ્મસમાજના સભ્ય ટહીલરામના આમંત્રણને સ્વીકારી, પ્રચારકાર્ય અર્થે સહકુટુંબ હૈદરાબાદ જાય છે. ત્યાં તેમને, બ્રહ્મોપાસના દ્વારા પ્રચાર કરવાની સુગમતા પ્રથમ વખત પ્રાપ્ત થાય છે, તો હૈદરાબાદના સમાજમાં, 'The Indian Mirror' નામના બ્રાહ્મસમાજના સાપ્તાહિકની જૂની ફાઈલો વાંચવાનું બને છે, જેમાંથી તેમને બ્રાહ્મસમાજના ઇતિહાસનું જ્ઞાન મળે છે. વળી, આ સામયિકના અંકોમાંથી કરેલા કેટલાક ઉતારા, પછીથી લખાયેલાં બ્રાહ્મસમાજ વિષયક પુસ્તકોમાં ઉપયોગી પણ નીવડે છે. હૈદરાબાદમાં બે-ત્રણ મહિના રહ્યા બાદ મણિલાલ, કરાંચી બ્રાહ્મસમાજના ડૉક્ટર રૂબેનના આગ્રહથી કરાંચી જાય છે. આ શહેરમાં તેઓને, બ્રહ્મર્ષિ કેશવના ભત્રીજા અને પ્રતિભાસંપન્ન પુરુષ બાબુનંદલાલ સેનના વિશેષ સંપર્કમાં આવવાનું બને છે, જે મણિલાલના જીવનઘડતરમાં વિધાયક ભૂમિકા ભજવે છે. પરંતુ ત્યાંના આંતરિક વિખવાદને કારણે, કરાંચીમાં પણ તેમને એકાદ વર્ષથી વધુ વખત રહેવાનું બનતું નથી.

ઈ.સ. ૧૯૧૫માં મણિલાલ, બ્રાહ્મસમાજના ઉત્સવમાં ભાગ લેવા કલકત્તા ગયા અને ત્યાં પ્રચારક તરીકેની દીક્ષા પણ લીધી. કલકત્તાથી પાછાં ફરતા વળી, મુંબઈ પ્રાર્થનાસમાજના ગિરજાશંકર ત્રિવેદીએ, મુંબઈમાં પ્રચારકાર્યનો અવકાશ હોવાનું જણાવ્યું અને તેમને મુંબઈ આવવા માટે આગ્રહ કર્યો. પરિણામે મણિલાલે, મુંબઈ રહેવાનું નક્કી કર્યું અને ઈ.સ. ૧૯૧૫ના એપ્રિલમાં, પરિવાર સાથે તેઓ મુંબઈ આવ્યા. અહીં, ઉત્સાહી મિત્રોનું મંડળ પણ જામ્યું, જેમાં મહાત્મા એમર્સનના નિબંધોનું વાચન-મનન તથા શ્રી કેશવચંદ્રનાં વ્યાખ્યાનોનું અધ્યયન વગેરે થતું રહ્યું. આ વખતના મુંબઈનિવાસ દરમ્યાન, મણિલાલને એક વિશેષ લાભ પણ થયો, અને તે પ્રાર્થનાસમાજના સાપ્તાહિક 'સુબોધપત્રિકા' અંતર્ગત અંગ્રેજી લેખો લખવાનો. પોતાના અંતરતમ વિચારો અને મંતવ્યોને મુક્ત રીતે રજૂ કરવાનો આ અવકાશ, મણિલાલની આધ્યાત્મિક ઉન્નતિ અર્થે તથા અંગ્રેજી લેખનના મહાવરા માટે અત્યંત ઉપકારક બની રહ્યો. પરંતુ શારીરિક નાદુરસ્તીને લીધે તેમને, ફરીથી મુંબઈ છોડી રાજકોટ આવવાની ફરજ પડી.

મુંબઈથી રાજકોટ આવ્યા બાદ મણિલાલને, ક્ષયરોગ હોવાનું નિદાન થાય છે. તેમના બ્રાહ્મસમાજી મિત્ર ડૉ. સુખટનકરના સૂચનથી તેઓ, ઇંદોર નજીકના એક સૅનિટેરિઅમમાં સારવાર માટે જાય છે ને લગભગ એકવીસ મહિને આ મંદવાડમાંથી સાજા થાય છે. મંદવાડ દરમ્યાન મણિલાલના મનમાં તુમુલ વિચારમંથન ચાલે છે ને એ દિવસોમાં તેઓ, 'બાઈબલ', 'વચનામૃત' અને 'ગ્રીમ્સ ફેરી ટેલ્સ' ધ્યાનપૂર્વક વાંચે છે. આમાંનું 'ગ્રીમ્સ ફેરી ટેલ્સ' તો તેઓ, હળવા વાંચન તરીકે જ હાથમાં લે છે, જ્યારે 'બાઈબલ' અને 'વચનામૃત'ના ગંભીરતાપૂર્વકના વાંચનથી તેમને, કશુંક નવું તત્ત્વ પણ હાથ લાગે. 'બાઈબલ'ના અધ્યયનથી મણિલાલને, તેમાં રહેલા અદ્‌ભુત એકેશ્વરવાદની પ્રતીતિ થાય છે, તો 'વચનામૃત'ના વાચનને પરિણામે તેમની, અવતારવાદ સંબંધી શંકાઓનું નિરસન થાય છે. ઈશ્વર અવતાર લે છે, એવું હવે તેઓ માનવા લાગે છે, તો ખ્રિસ્તીધર્મ અને વૈષ્ણવધર્મ વચ્ચે રહેલું સામ્ય પણ શોધી કાઢે છે. બ્રાહ્મસમાજના સિદ્ધાંતથી વિરુદ્ધ એવી આ વાતો, બ્રાહ્મસમાજ સાથેનો છેડો ફાડવા પણ તેમને પ્રેરે છે. આમ, ક્ષયનો વ્યાધિ એ મણિલાલના વૈચારિક પરિવર્તનમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

બીમારી દરમ્યાન કરેલા વાચનથી થયેલા વૈચારિક વિકાસથી, મણિલાલના જીવનમાં નવો જ વળાંક આવે છે. હવે તેઓ, બાપ્તિસ્માના વિધિ વિષે પિતા સમક્ષ પોતાનો વિચાર જાહેર કરે છે. પિતાને અને પરિવાજનોને મોટો આઘાત લાગે છે. ત્રીસેક વર્ષ પૂર્વે જ મણિશંકર રતનજી ભટ્ટ, બાપ્તિસ્મા લીધા પછી, પ્રાયશ્ચિત્ત કરી પુનઃ હિંદુ થયા હતા, એ દાખલો દેવામાં પણ આવેછે, પરંતુ એની કશીજ પરવા કર્યા વિના મણિલાલ, છઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૧૮ના રોજ મુંબઈ ખાતે કેનન જોશી સમક્ષ વિધિપૂર્વક ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે છે. આ ઘટના, મુંબઈના પ્રાર્થનાસમાજ અને કલકત્તાના બ્રાહ્મસમાજમાં પણ જબરા ઊહાપોહને નોતરે છે. ખ્રિસ્તી બન્યા પછી તેઓ, સાત-આઠ માસ કેડગાંવ રહે છે. દરમ્યાનમાં પૂના, અહમદનગર, મહાબળેશ્વર સીતારા વગેરે સ્થળોની મુલાકાત પણ લે છે. કેડગાંવનિવાસન

સમયગાળામાં મણિલાલ, 'From the Brahma samaj to Christianity' શીર્ષકથી લેખમાળા પણ લખે છે, જે પછીથી પુસ્તિકારૂપે પણ પ્રગટ થઈ છે, તો તેમનું પ્રથમ અંગ્રેજી પુસ્તક 'Brahmarshi Keshub Chunder Sen' પણ આ જ સમયમાં લખાય છે.

કેડગાંવમાં સાત-આઠ મહિના રહ્યા બાદ મણિલાલ મુંબઈ આવે છે, પરંતુ ખ્રિસ્તી લોકો સાથેના આઠેક માસના સમાગમને અંતે તેમને, ખ્રિસ્તી મંડળ દ્વારા, આધ્યાત્મિક અહિત થતું હોવાનો અંદેશો પણ જન્મે છે; તો વળી, ખ્રિસ્તી ધર્મના નેતાઓ-પ્રચારકો દ્વારા થયેલા કેટલાક કડવા અનુભવોને કારણે, ખ્રિસ્તી લોકોના આચાર સંબંધી ધાર્મિક અને સામાજિક પ્રતિકૂળતાને પરિણામે તથા એ લોકોની ધાર્મિક જડતા અને અંધશ્રદ્ધાને લીધે, મણિલાલનું મન પાછું પડે છે ને પોતે, ખ્રિસ્તી સંપ્રદાયના સભ્ય તરીકે ઝાઝો વખત રહી નહીં શકે એવો અહેસાસ પણ થાય છે. અંતે તેઓ, ખ્રિસ્તી સંપ્રદાય કે મિશન સાથેનો સંબંધ છોડી, પિતાશ્રી પાસે પુનઃ રાજકોટ આવે છે. તેમના પુનરાગમનને, આ વખતે પણ, પિતા તથા પરિવારજનો પ્રેમપૂર્વક આવકારે છે તેમજ સમાજ અને જ્ઞાતિજનો પણ સહર્ષ સ્વીકારે છે. અલબત્ત, ખ્રિસ્તી લોકોની વચ્ચે રહ્યા પછી પોતાને, 'હિન્દુત્વ' અંગેની વિશેષ સંપ્રજ્ઞતા પ્રગટી હોવા છતાં, ઇસુ ખ્રિસ્ત અંગેની મણિલાલની શ્રદ્ધા અકબંધ રહી હતી એનો એકરાર પણ તેઓ કરે છે, "વિશેષતઃ હું ખ્રિસ્તી લોકોમાં ગયા પછી વધારે પ્રમાણમાં 'હિન્દુ' બન્યો હતો. વળી અહીં મારે એ ઉમેરવું જોઈએ કે, હું આટલો ચુસ્ત હિન્દુ બન્યો હોવા છતાં શ્રી ઇસુ ખ્રિસ્ત પ્રત્યે મારી જે શ્રદ્ધા હતી તેમાં જરા પણ ફેર પડ્યો ન હતો. આમાં જ હું હિન્દુઓથી જુદો પડતો હતો. હિન્દુઓ માટે હું ખ્રિસ્તી હતો અને ખ્રિસ્તીઓ માટે હું હિન્દુ હતો."

રાજકોટ આવ્યા બાદ મણિલાલે, સમગ્ર દેશવ્યાપી કોઈ પ્રવૃત્તિ સાથે સંકળાવાનું વિચાર્યું ને એ દરમ્યાન અંગ્રેજીમાં બ્રાહ્મસમાજનો ઇતિહાસ લખવાનું આરંભ્યું, મૌલિક દૃષ્ટિબિંદુથી મંડિત આ પુસ્તક, ૧૯૨૮માં તેમણે સ્વતંત્ર રીતે જ પ્રસિદ્ધ કર્યું. આ જ અરસામાં તેમણે, મુંબઈના સ્કૉટિશ ચર્ચના પાદરી રેવરન્ડ આર. એમ. ગ્રે સાથે મળીને, અંગ્રેજી ભાષામાં, ગાંધીજીનું જીવનચરિત્ર પણ લખ્યું, જે પુસ્તક વિશ્વભરમાં સમાદર પામ્યું. આ ઉપરાંત આ સમયગાળામાં તેમણે, 'ખ્રિસ્તી ધર્મનો પ્રશ્ન ('Problem of Christianity in India') અને એ મતલબના અન્ય વિસ્તૃત અભ્યાસલેખો લખ્યા, જે મુંબઈના સુપ્રસિદ્ધ સાપ્તાહિક 'Indian Social Reformer'માં પ્રસિદ્ધ થયા. લેખન ઉપરાંત મણિલાલની, વાચન અને ચિંતનની પ્રવૃત્તિ પણ સમાંતરે થયા કરતી. વિશેષ કરીને આ સમયે તેઓએ, 'હિસ્ટરી ઑફ ક્રિશ્ચિયન મિશન્સ ઇન ઇન્ડિયા', 'હિન્દુ કસ્ટમ્સ, મૅનર્સ ઍન્ડ સેરિમનીઝ' જેવા ગ્રંથોનું પરિશીલન કર્યું, જેનાથી તેમના વૈચારિક વિકાસને વિશિષ્ટ વળાંક મળ્યો. આ ગાળો, મણિલાલને માટે મંથનકાળ હતો. આ સમયે વાંચવા, વિચારવા અને લખવાથી વિશેષ તેમની કશી જ પ્રવૃત્તિ ન હતી. પરંતુ ફરી પાછા આવેલા મંદવાડે, તેમની આ પ્રવૃત્તિને થોડા વખત પૂરતી થંભાવી દીધી.

રાજકોટમાં સ્વાસ્થ્ય સુધરતું ન હોવાથી મણિલાલ, ઈ.સ. ૧૯૨૧મા સીમલા નજીક આવેલા ધરમપુરના સૅનિટેરિઅમમાં સારવાર અર્થે જાય છે. ત્યાં તેમનું, ક્ષયરોગ વિશેનું પુસ્તક લખાય છે. જે પાંચેક વર્ષ પછી વડોદરા સ્ટેટ તરફથી પ્રકાશિત થાય છે. તબિયત સુધરી જતાં, પુનઃ રાજકોટ આવીને મણિલાલ, લેખનકાર્યમાં વિશેષ વ્યસ્ત બને છે. આ દિવસોમાં તેઓ, કેટલાંક મૌલિક પુસ્તકોનું લેખન, તો કેટલાંક પુસ્તકોનાં ભાષાંતરો પણ કરે છે, જેમાંના કેટલાંક પુસ્તકો તો કેવળ નિર્વાહ અર્થે પણ લખે છે. ઈ.સ. ૧૯૧૯થી ૧૯૨૪ સુધીનાં વર્ષો દરમ્યાન, મણિલાલ પોતે અને પોતાનાં બાળકો મંદવાડનો ભોગ બને છે, પોતે આર્થિક સંકડામણનો અનુભવ કરે છે ને અપેક્ષિત કાર્ય ન થઈ શકતાં, અણગમતું કામ પણ કરવું પડે છે. આમ, આ પાંચેક વર્ષ, મણિલાલને માટે કસોટી અને કટોકટીનો કાળ બની રહે છે.

૧૯૨૪ના જુલાઈ માસમાં મણિલાલે, પુનઃ પ્રચારયાત્રા આદરી અને ખ્રિસ્તી મંડળીઓના આશ્રયે વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં. પ્રચારકાર્યના આ તબક્કા અંતર્ગત તેઓએ, મુખ્યત્વે સોલાપુર, રાણીપેટ, ચિતુર, બેલોર, મદ્રાસ, કોઈમ્બતુર, તીરુવલ્લા, ત્રિવેન્દ્રમ, લાહોર, બરેલી, દિલ્હી, આગ્રા, કાનપુર જેવાં અનેક સ્થળોની મુલાકાત લીધી અને 'હિન્દુ સિવિલિઝેશન ઍન્ડ કલ્ચર', 'મૉડર્ન રિલિજસ મુવમેન્ટ્સ ઇન ઇન્ડિયા', 'જીસસ ક્રાઈસ્ટ ઍન્ડ ક્રિશ્ચિયાનિટી ઇન ઇન્ડિયા' જેવા વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં. તો પ્રચારકાર્ય માટે થઈને, ૧૯૨૫માં તેઓ, સીલોન ગયા, જ્યાં કોલમ્બો, જાફના, કેન્ડી વગેરે શહેરોમાં પણ વ્યાખ્યાનો આપ્યાં અને વિવિધ સ્થળોની મુલાકાત લઈ, પ્રેરણા પણ મેળવી. સીલોનથી પાછા ફરીને મણિલાલ, મદ્રાસમાં વ્યાખ્યાનો કરી મુંબઈ આવ્યા. રાજકોટમાં એ વખતે, પ્લેગનો રોગ ફેલાયેલો હોવાથી પરિવાર સાથે કેટલોક સમય મુંબઈમાં રહ્યા. દરમ્યાનમાં થોડો વખત તેમણે, હૈદરાબાદ, પૂના અને સોલાપુરનો પ્રવાસ પણ કર્યો, તો ૧૯૨૭માં તેમણે ફરી વખત હિમાલયની યાત્રા કરી.

પશ્ચિમની પ્રજા સમક્ષ આધુનિક ભારતનું સાચું ચિત્ર પ્રસ્તુત કરવાનો મનોરથ પણ મણિલાલના ચિત્તમાં ઊગેલો, ને એને સાકાર કરવાના શુભાશયથી તેઓ, ઈ.સ. ૧૯૨૯ના જુલાઈ માસમાં અમેરિકા જવા નીકળેલા. અમેરિકા જતાં પૂર્વે તેમણે, ચીન અને જાપાનનો પ્રવાસ પણ ખેડેલો. પશ્ચિમની યાત્રા

દરમ્યાન સૌપ્રથમ તેમણે સીંગાપોર, હૉંગકૉંગ, શાંઘાઈ વગેરે સ્થળોની મુલાકાત લીધી, ત્યાંથી જાપાન આવ્યા. અહીં, શિમોનોશેકી તથા કોબે બંદર તેમજ યોકોહામા અને ટોકિયોમાં ત્રણ-ચાર દિવસ વીતાવી, અમેરિકા જવા નીકળ્યા. ઑગસ્ટ માસમાં અમેરિકા પહોંચીને મણિલાલ, બે-એક વર્ષ ત્યાં રહ્યા. અમેરિકા-નિવાસ દરમ્યાન તેમણે, બર્કલી, લૉસ ઍંજલ્સ, પોર્ટલૅન્ડ, શીકાગો, ન્યૂ યૉર્ક, બોસ્ટન જેવા શહેરોમાં કેટલોક વખત ગાળ્યો. ત્યાંથી ઈંગ્લંડ અને ફ્રાન્સનો પ્રવાસ ખેડ્યો. પશ્ચિમના દેશોનાં અનેક નગરોમાં મણિલાલે, વિવિધ વિષયો પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં, ત્યાંની પ્રજા અને અંસ્કૃતિનો તાગ મેળવ્યો, ક્યારેક વળી, પૌર્વસ્ત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિને બાજુબાજુમાં મૂકીને, ઉભય સંસ્કૃતિનો ઝીણવટભર્યો અભ્યાસ પણ કર્યો. ૧૯૩૩માં, અમેરિકાના શીકાગો શહેરમાં ભરાયેલી, 'Fellowship of Faith' નામની પરિષદમાં, અનેક દેશોના વિદ્વાન પ્રતિનિધિઓને નિમંત્રણ આપવામાં આવેલું. આ પરિષદમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરીને મણિલાલે, 'હિંદુ સંસ્કૃતિ અને અહિંસા' વિશે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. બીજી વખતના અમેરિકાપ્રવાસ દરમિયાન ત્યાંનાં નગરો-મહાનગરોની મુલાકાત લીધી અને પ્રસંગોપાત્ત પ્રવચનો પણ આપ્યાં.

ઈ.સ. ૧૯૩૪થી ૧૯૩૭નાં વર્ષોમાં, બ્રાહ્મસમાજની પ્રવૃત્તિઓને મિષે મણિલાલ, સાતેક વખત સિંધ-હૈદરાબાદના પ્રવાસે ગયા હતા અને ત્યાં જુદી જુદી સંસ્થાઓમાં અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં અનેક ભાષણો આપ્યાં હતાં. ૧૯૩૭ની આખરમાં મણિલાલને, તેમના પુત્રના લગ્ન માટે રંગૂન જવાનું બન્યું હતું. બ્રહ્મદેશ જોવાની ઇચ્છાને કારણે અહીં તેઓ ત્રણ-ચાર માસ રહ્યા હતા અને આ દેશનાં લોકોની કેટલીક વિલક્ષણતાઓનો અભ્યાસ પણ કર્યો હતો, તો સમાંતરે તેમની વ્યાખ્યાન-પ્રવૃત્તિ તો ચાલુ રહેલી જ.

જીવનની ઉત્તરાવસ્થામાં મણિલાલનું મન, ખ્રિસ્તીધર્મ અને વૈષ્ણવધર્મ પ્રત્યે ઢળે છે, એ બંને વચ્ચે રહેલું સામ્ય શોધે છે; તો સ્વામિનારાયણના જીવનમાં ઈશ્વરનું અવતરણ પણ નિહાળે છે ને એમ સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે અભિમુખ પણ બને છે. વળી, બ્રાહ્મસમાજ અને ખ્રિસ્તીધર્મના દીર્ઘકાળના અનુભવને અંતે તેઓ, એવા તારણ ઉપર પણ આવે છે કે, ધર્માંતર કરવું કે કરાવવું એ ઇચ્છનીય નથી. આખુંયે આયખું ધર્મમંથન કરનાર મણિલાલ, ધર્મસંબંધી પોતાની મૌલિક માન્યતા દર્શાવવા માટે એવા કોઈક શબ્દની શોધ આદરે છે, જે કોઈ ચોક્કસ ધર્મવિશેષના સાંકડા સીમાડાને જ લક્ષતો ન હોય, બલકે બૃહદ્ ફલક પર એની અર્થચ્છાયા વિસ્તરતી હોય. કેટલાંક ચિંતન-મનને અંતે તેમને 'શ્રી ભાગવતધર્મ' શબ્દ સૂઝે છે. આ શબ્દને આગવા અર્થસંકેતો સાથે યોજીને, 'મારે મન જે ધર્મ ઈશ્વરમાં માને છે તે સર્વ ભાગવતધર્મ ગણી શકાય છે. આ રીતે હું ઇસાઈ ધર્મ, યહુદી ધર્મ, ઇસ્લામ ધર્મ, ઝરથુસ્તી ધર્મ વગેરે સર્વ ઈશ્વરને માનતા ધર્મોનો એમાં સમાવેશ કરું છું.'-એમ કહીને, તેઓ, પોતાને અભિપ્રેત એવી, વ્યાપક ફલક પર વિસ્તરતી 'શ્રી ભાગવતધર્મ મિશન'ની સંકલ્પના પણ સ્પષ્ટ કરે. પછીથી મણિલાલ, 'શ્રી ભાગવતધર્મ મિશન'ના નેજા હેઠળ અનેક પુસ્તકોનું પ્રકાશન કરે છે તથા પોતાને અભિમત એવી ધર્મભાવનાના પ્રસારમાં પણ પ્રવૃત્ત રહે છે. આમ, જીવનભર અનેક ધર્મોના સારાસારને નિમિત્તે ચિંતન-મનન-મંથન કરનારા મણિલાલના વ્યક્તિત્વનું પ્રમુખ પાસું, એક પ્રખર ધર્મતત્ત્વચિંતક તરીકેનું જ ઊપસે છે.

ઈ.સ. ૧૯૫૧ની છઠ્ઠી નવેમ્બરને ગોપાષ્ટમીને દિવસે, મણિલાલનાં સુશીલ, ઘરરખ્ખું ને પ્રેમાળ પત્નીનું અવસાન થાય છે. મણિલાલની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં, તેમનાં પત્નીનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહ્યો હતો અને તેમની સફળતાનાં તેઓ ખરા અર્થમાં સહભાગી હતાં.

મણિલાલનું મૃત્યુ પણ, એક પરમ ભાગવતને છાજે એવું ભવ્ય અને મંગલમય હતું. ઈ.સ. ૧૯૬૭ની ૧૭મી જૂન ને ભીમ-અગિયારસના રોજ મણિલાલનું દેહાવસાન થયું. જીવનના અંતિમ દિવસોમાં મણિલાલ, સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રદ્ધા ધરાવતા હતા અને પૂજ્ય યોગીજી મહારાજના કૃપાપાત્ર પણ બન્યા હતા. મણિલાલની આધ્યાત્મિક પ્રવૃત્તિનો વારસો આજે પણ, 'દીદી'ના બહાલસોયા નામથી ઓળખાતાં તેમનાં નાનાં પુત્રી વિમાબહેન પારેખ સંભાળે છે ને તેઓ 'શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ'ના નેજા હેઠળ અનેક સામાજિક સેવાકાર્યો કરે છે, તો મણિલાલના પૌત્ર શ્રી ગૌતમભાઈ પારેખ તથા પૌત્રીઓ સર્વશ્રી ઉષાબહેન, રેણુકાબહેન તથા નયનાબહેને પણ, મણિલાલના ચિંતન-મનન ને શિક્ષણના ઉજ્જવળ વારસાને અકબંધ રાખ્યો છે.

સમાજચિંતન અને ધર્મમંથનની સમાંતરે, મણિલાલની લેખનપ્રવૃત્તિ પણ વણથંભી ચાલ્યા કરતી હતી. 'આટલાં વર્ષ સુધી હું લેખક છું કે થઈશ એવો મને સ્વપ્નેય ખ્યાલ ન હતો. પ્રથમતઃ મને સંસ્કૃતનું જરાય જ્ઞાન ન હતું અને અત્યારે પણ નથી. આ કારણે મારું ગુજરાતી ભાષાનું જ્ઞાન પણ અધૂરું છે એટલે ગુજરાતીમાં લેખક થવાની મને કોઈ દિવસ ઉમેદ હતી નહિ.' એ મતલબની કેફિયત આપતાં મણિલાલ, લેખક હોવાની કે થવાની કશી જ સજગતા વિના લેખનકાર્ય આરંભે છે ને પછી તો અનેક મૌલિક ગ્રંથો અને ભાષાંતરો પણ આપે છે. ત્યાર બાદ મણિલાલે, સ્વતંત્ર રીતે કેટલાંક પુસ્તકો લખ્યાં, જેમાં 'Shri Swami Narayan', 'Shri Vallabhacharya', 'The Gospel of

Zoroaster', A Hindu's Portrait of Jesus Christ', 'Brahmarshi Keshub Chunder Sen', 'Rajarshi Ram Mohan Roy', 'The Brahma Samaj', 'Christian Proselytism in India', 'Christianity and Vegetarianism in India' વગેરે અંગ્રેજી ભાષામાં લખાયેલાં પુસ્તકોનો સમાવેશ થાય છે, તો 'બ્રહ્મબોધ', 'જીવનવેદ', 'પ્રાર્થનાનું રહસ્ય', 'મહાત્મા એમર્સનના નિબંધો', 'ઇસુ ખ્રિસ્તનું પૂર્ણ મનુષ્યત્વ', 'સાચો વિશ્વાસ', 'પ્રભુ ઉપર પ્રેમ', 'પ્રભુના સાન્નિધ્યનો અભ્યાસ', 'સામર્થ્યનું વિજ્ઞાન', 'સ્ત્રીઓનો કાર્યપ્રદેશ', 'શ્રી ઝરથુસ્તનો ધર્મ', 'ઇસુનો માર્ગ', 'માનવપ્રકૃતિ વિશે' જેવા અનેક અનુવાદો પણ તેઓ આપે છે. આ ઉપરાંત તેમની પાસેથી 'યોહાનની સુવાર્તા ઉપર ટીકા', 'ખ્રિસ્તી મંડલીનો ઇતિહાસ' કે 'હિન્દુસ્થાનમાં ક્ષય રોગ' જેવા ગુજરાતી ગ્રંથો પણ સાંપડે છે. મણિલાલની લેખનપ્રવૃત્તિની એક મૂલ્યવાન ઉપલબ્ધિ છે 'એક ભાગવતની આત્મકથા' શીર્ષકથી લખાયેલી પોતાના આત્મકથા. આપણે ત્યાં, ધર્મમંથનની આવી સળંગ અને સત્યનિષ્ઠ કેફિયત સાચે જ અદ્વિતીય છે.

બહુશ્રુતતા, સ્પષ્ટવક્તાપણું અને નીડરતા એ મણિલાલની વ્યક્તિમત્તાના ધ્યાનાર્હ ગુણો હતા. વિશાળ વાચન એ તેમની મહામૂલી મૂડી હતી. આથી જ કવિશ્રી મકરંદ દવેએ તેમને આપેલું 'વૃદ્ધ સ્કૉલર'નું બિરુદ યથાર્થ ઠરે છે.

જીવનની ઉત્તરાવસ્થામાં મણિલાલને ત્યાં, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોનો મેળો જામતો. સ્વામિનારાયણ સંપ્રદાયના મહાત્મા યોગીજી મહારાજ, પ્રખર રામાયણી શ્રી ભાનુભાઈ પોબારુ, શ્રી મેંહદી નવાઝ જંગ, શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી ગોલવાલકર, મીનુ મસાણી, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર રાવળ, વિજયરાય વૈદ્ય, ઉમાશંકર જોશી, સુન્દરમ્, ચુનીલાલ મડિયા, મકરંદ દવે, ત્રિભુવન વ્યાસ જેવા દેશના ટોચના નેતાઓ, અગ્રણી આગેવાનો અને મૂર્ધન્ય સાહિત્યકારો સાથે સત્સંગ થતો રહેતો અને પ્રસંગોપાત્ત એ બધાં સાથે ધર્મ, સમાજ, રાજકારણ કે સાહિત્યને વિષે સ્વસ્થ એવી સંગોષ્ઠિ પણ થતી રહેતી.

આવા એક આજીવન ધર્મમંથનનિમગ્ન પુરુષ, મૂલગામી વિચારક અને સમર્થ ભાગવત મણિલાલ છોટાલાલ પારેખ, સમાજમંથન અને ધર્મચિંતન કરનારી આપણી પરંપરાનું અત્યંત ઉજ્જ્વળ અનુસંધાન છે. તેમની વિરલ અને વિલક્ષણ વ્યક્તિમત્તા સદાય સ્મરણીય રહેશે. □

ઍન્ટિક

સુરેશ ઓઝા

મારા મિત્ર ગુણવંતભાઈ પત્રકાર છે. તેઓ મારાથી મોટા છે ને વડીલ છે એટલે તે મારા વડીલ મિત્ર છે એમ કહેવાય. પણ મારો અને એમનો સંબંધ ચાલીસ વર્ષ પહેલાંનો છે તે તેઓ જાણતા હશે જ. અને હું પણ જાણું છું.

પણ મારે અહીં કંઈ ગુણવંતભાઈની વાત કરવી નથી. વાત કહેવાની છે કુંજાની.

કુંજાની ઘણી જાત છે. પણ પહેલાં જ્યારે ટ્રેઈનમાં મુસાફરી થતી ત્યારે કુટુંબકબીલા સાથે નીકળ્યા હોઈએ તો છોકરાઓને પાણીની જરૂર પડે. ગાડી તો આઠ-દસ સેકંડ ઊભી રહે ને ચાલવા માંડે. એટલા સમયમાં કંઈ નીચે ઊતરીને પાણી લવાય નહીં અને એ જમાનામાં માટલાઓ લઈને પાણીવાળા ડબેડબે બૂમો પણ ન પાડતા એટલે કુંજો કુટુંબ માટે ફરજિયાત બની જતો. ભલે પછી તેનો ઉપયોગ પાંચ વર્ષે એકાદ વખત થાતો હોય.

કુંજાનો આકાર પણ એવો ઘાટીલો કે તે નાના છોકરા જ ઉપાડે ને ઉપાડવા માટે છોકરાઓ વચ્ચે યુદ્ધ પણ થવાની શક્યતા પૂરેપૂરી.

આંકડિયાથી પકડી નાનું છોકરું પિત્તળનો કુંજો ઝૂલાવતું પ્લૅટફૉર્મ પર તેમનાઁ બા-બાપુજીએ બૅગ-બિસ્તરા ઉપાડ્યા હોય ને ચાલમાં ઝડપ હોય એ દૃશ્યમાં આ કુંજાનું મહત્ત્વ ઓછું ન આંકી શકાય. જોકે આ દૃશ્ય અત્યારે જોવા જવલ્લે જ મળે ને આવો પિત્તળનો કુંજો તો જોવા ન જ મળે. અથવા ભાગ્યે જ મળે.

અમારા ઘરનાં તાંબાપિત્તળનાં જૂનાં વાસણો અમે જ્યારે વેચ્યાઁ ત્યારે તેમાં આવો કુંજો હતો; ને મને બરાબર યાદ છે કે છેલ્લાં ત્રીસ વર્ષમાં તે કુંજાનો ક્યારેય ઉપયોગ થયેલો નહીં. અંતે તે ભંગારમાં પિત્તળના ભાવમાં વેચાઈ ગયો. મને તેનો અફસોસ પણ નથી.

પણ આવો કુંજો ગુણવંતભાઈ પાસે તે હજી આજે પણ છે. ભંગારમાં ગયો નથી તેની મને ખબર પડી. કુંજો મારે જોઈતો નહોતો. પણ મને આશ્ચર્ય જરૂર થયું કે જેનું ચલણ જ નથી એવી વસ્તુ તેમણે કેમ હજી રાખી હશે ?

હું મોટો થયો પછી તે મને સરખી રીતે ઓળખતા થયા. અમદાવાદ જવાનું બને ત્યારે તેમના ઘરે પણ ચક્કર મારું. અમારો સંબંધ ઘનિષ્ઠ ખરો, અને અહીં પણ - એવું હતું. પણ જ્યારે મારી પત્ની બીમાર હતી ને તેને લઈને મારે અમદાવાદ મારી બહેનને ત્યાં રહેવું પડેલું ત્યારે તેમને ખબર પડી એટલે મારા બનેવીને તેમણે કહેલું - આમ તો તે અવારનવાર મારે ત્યાં આવે છે ને આવી ગંભીર બાબત છે ત્યારે જ આવતા નથી ? મોકલજો એમને.

મારી પત્નીની માંદગી જીવલેણ હતી ને તે જ માંદગીમાં તેનું છ મહિનામાં મૃત્યુ થયું. ઉપરની વાત મારી પત્નીના અવસાન પછી તેમણે મારા બનેવીને કરી હતી. અનાયાસ તેમની વચ્ચે આ વાત થઈ ગઈ હતી અને તે વખતે તેમનાં પત્નીને પણ દુઃખ થયેલું મારી વાત જાણીને.

મારી પત્નીના અવસાન પછી તો ન છૂટકે મારે અમદાવાદ રહેવાનું થયું. ત્યાર પછી પણ છ-આઠ મહિના નીકળી ગયા, ને એક સાંજે અમથો રસ્તા પર ચાલતો જતો હતો ત્યારે મારા પગ કંઈ જ આયાસ વગર ગુણવંતભાઈની સોસાયટી તરફ વળ્યા. તે ઘરે હતા. મને જોઈને તેમને કંઈ આશ્ચર્ય ન થયું.

ખુરસીમાં બેઠા પછી મારું ધ્યાન તેમનાં પત્નીના ફોટા સામે ગયું. ફોટાની ફ્રેમ પર સુખડનો હાર પહેરાવેલો હતો. ત્યાં અગરબત્તી ભરાવવા માટેનું નાનું સાધન હતું. તે બોલ્યા, 'અત્યારે તો આપણે બંને એક જ નાવના મુસાફર છીએ.'

'ક્યારે આમ બન્યું ?'

'ચાર મહિના થયા.'

'મારી પત્નીને ગુજરી ગયાને આઠ મહિના થયા.'

'ભલા માણસ, તમે કબર પણ પડવા ન દીધી !'

'શું ખબર પડવા દેવાની ?'

પછી તો માંદગીની વાત થઈ. તેમના પત્નીને ગર્ભાશયનું કૅન્સર હતું. મારી પત્નીને મગજનું. છેલ્લેછેલ્લે તેમનાં પત્નીએ એકેએક વ્યક્તિને યાદ કરી હતી. ને જેને જે કંઈ આપવાનું હતું તેનું લિસ્ટ બનાવેલું. એની વિગતોની વાત તેમણે મને કરી, બહુ જ હળવા મને. તેમાં સોસાયટીમાં વાળનાર બહેનને રૂપિયા એક સો એક, કૂતરાને આઈસ્ક્રીમ એક મહિનો ખવરાવવાનો, કામવાળીને આટલા ને જૂની કામવાળી કોકિને કુંજો - ને બોલતા તે અટકી ગયા. મને થયું કે આ કુંજો કંઈક મહત્ત્વનો હશે.

અને તેમનાથી હું છૂટો પડ્યો કલાકેક પછી.

મને કોઈ બાબતમાં નવાઈ નહોતી લાગતી. બધું જ મળે છે ને બધું જ છૂટે છે. તો પછી આપણે કોણ છીએ ? આપણને આપણી સાથે શું સંબંધ છે ? આપણને બીજા સાથે શો સંબંધ છે ? બીજી વસ્તુનું મહત્ત્વ કેટલું ? બીજી વસ્તુમાં માણસ પણ આવી જાય. જો કુંજો આપવાનો જ હતો તો પોતાની જાતે પોતાના હાથે ગુણવંતભાઈનાં પત્નીએ પંદર વર્ષ પહેલાં કામ કરી ગયેલ કોકિને કેમ ન આપ્યો ? અત્યારે કોકિ ક્યાં હશે ? શું કરતી હશે ? તેને ખબર હશે કે જેને ત્યાં પંદર વર્ષ પહેલાં કામ કરતી હતી તે

શેઠાણી ગુજરી ગયાં ને તેને કુંજો આપતાં ગયાં છે ? કુંજા સાથે રૂપિયા એક સો એક પણ આપ્યા છે. કોકિને કુંજો અને રૂપિયા એક સો એક મળશે ખરા ? અને મળશે તો કેવા સંજોગોમાં ?

આ બધું ન સમજાય તેવું છે.

પણ કોકિ જ્યારે તેમને ત્યાં કામ કરવા આવી ત્યારે ખરેખર તો કોકિની મા કામ કરવા આવેલી અને કોકિ તો તેની સાથે આવેલી. એ વખતે તે આઠ વર્ષની હતી. એટલે તેની મા કપડાં ધોતી હોય ત્યારે કોકિ કચરો વાળે. ને પછી થાકી જઈને ઊભી રહે ત્યારે તેની મા કહે, 'હવે પોતાં કરવા માંડ', ને કોકિ પોતા કરે ને તેની મા તેને કહે પણ ખરી, 'હજી તો બે ઘર બાકી છે.'

કોકિના નાકમાંની વાળી ગોળ અર્ધચંદ્ર જેવી મોઢા પર ચમકે. તે કામ કરે ત્યારે તેનું મો સુંવાળું સુંવાળુ ને કૂણું કૂણું . આંખો મુગ્ધ નહીં પણ થોડી વ્યગ્ર, માથાના વાળમાં તેલ ઓછું, પણ ઓળેલા વ્યવસ્થિત હોય ને કામ કરતી ત્યાંથી મળેલું ફ્રોક પહેરેલું.

તે કામ કરતાં કરતાં ઊભી રહી જતી ને શેઠાણી શું કરે છે તે જોયાં કરતી. આમ ઘરમાં જોયા કરવાનો ક્રમ કાયમનો હતો. કારણ કે તેનું ઘર આવું મજાનું ને વ્યવસ્થિત ગોઠવેલું નહોતું, શણગારેલું નહોતું.

શેઠાણીને ખબર કે છોકરીને કામ કરવું ગમતું નથી ને ફાવતું નથી. શેઠાણી જોયાં કરે પણ બોલે નહીં. શેઠાણી તેને જુએ ત્યારે તે પણ શેઠાણી સામે જોઈ શરમાઈ જાય ને કામ કરવા માંડે. શેઠાણી વઢશે એવું એના મનમાં ન થતું. પછી કોકિની મા કોકિને ન કહે તો પણ પોતાની જાતે જ કામ કરવા લાગે. વસ્તુઓ ચીવટે, સરખી ગોઠવે – જાણે પોતાના ઘરને કેમ સજાવતી હોય !

પછી તો શેઠાણી ને કોકિ ધીમેધીમે વાતો પણ કરવા માંડ્યાં. શેઠાણી પૂછે, 'તને શું ભાવે, કોકિ ?'

'કંઈ નહીં.'

'કંઈ ભાવે નહીં ?'

કોકિ માથું હલાવી ના પાડે.

શેઠાણીએ જોઈ લીધું કે છોકરીની નજરમાં ક્યાંય લાલચ નથી. શેઠાણી તેને ઘણી વખત ખાવાનું આપે. ઘરમાં કંઈ મિજબાની હોય ત્યારે તો કોકિ સવારથી સાંજ સુધી શેઠાણીના ઘરે જ રહે. શેઠાણીના ઘરે હવે તેને ખાવાપીવાની કંઈ જ તકલીફ નહોતી. 'હું આટલું કરી નાખું તું ત્યાં સુધીમાં આ કરી નાખ,' શેઠાણી પોતાની દીકરીને સમજાવતાં હોય તેમ બોલે.

'ભલે.' કોકિ, જવાબ આપે.

'કોકિ દિવાળીનાં વાસણો સાફ કરશું ને ?'

કોકિ હા પાડે.

તેની મા શેઠાણીને ત્યાં કામ કરતી બંધ થઈ ને કોકિ તેની જગાએ ફુલટાઈમ થઈ ગઈ. તે મોટી પણ થતી જતી હતી. દસ વર્ષની થઈ... અગિયારની થઈ...

દર દિવાળીએ જૂનાં બધાં જ વાસણો ઉટકાય, જે ત્યાર પછી વરસમાં ક્યારેય વપરાતાં નહીં, ને ઉટકાતાં પણ નહીં. આ વાસણોમાં કુંજો હોય – વચ્ચેથી ગોળ, નીચે બેઠકવાળો ને ઉપર આંટા ફેરવીને વાસી શકાય તેવા ઢાંકણાવાળો ને ઢાંકણા પર કુંજો ઉપાડવા માટે આંકડિયો. કુંજાનું ઢાંકણું ખોલો કે અંદર નાનો પ્યાલો. આ બધું પિત્તળનું. આવો કુંજો કોકિના હાથમાં ઊટકાવા માટે આવે ત્યારે આંબલીના પાણીમાં બરાબર ઊટકી ઝગારા મારતો હોય તેવો બનાવે. ને કુંજાના ગોળ સુંવાળા પેટ પર હાથ ઘસ્યા કરે.

કુંજો ઊટકતા તેને વાર લાગતી તેના કરતા કહેવું જોઈએ કે તે જાણીજોઈને વાર લગાડતી. તેના હાથમાંથી કુંજો બાજુ પર મુકાતો ત્યારે રમકડું મૂક્યું હોય તેમ તેને કોકિ જોયા કરતી. કુંજાનું ઢાંકણું, પ્યાલો ને ગોળાકાર બધું જ છૂટુંછૂટું ઊટકીને સુકાવવા મુકાતું ને પછી બધું ભેગું પણ કોકિ જ કરતી.

શેઠાણીને આ કોકિના કુંજાની ખબર તો પડી ગઈ હતી. ત્રણ-ચાર દિવાળી ગઈ પછી એક દિવાળીએ શેઠાણી પણ સાથે બેઠેલાં એટલે જેવો કુંજા આવ્યો કે તરત જ શેઠાણી બોલ્યાં, 'કોકિ, તને આ કુંજો બહુ ગમે છે ?'

'હા.'

'તને આપી દઉં તો ?'

'જાવ જાવ.'

'પણ તને દિવાળીની બોણીમાં આવો જ કુંજો આપું તો ?'

કોકિ સમજી ગઈ. બોલી, 'અસલ આવો જ ?'

'તને બહુ ગમે છે ને કુંજો ?'

કોકિએ હા ન પાડી કે ના પણ ન પાડી.

'દિવાળીમાં જ તને કુંજો આપીશ. બસ ને ?'

આ કુંજો પહેલી દિવાળીએ કોકિને ન મળ્યો. બીજીએ પણ ન મળ્યો. તેની જગ્યાએ રોકડા પૈસા મળ્યા. પછી તો દિવાળી પર દિવાળી જવા માંડી. દર દિવાળીએ કુંજો ઉટકાય ને મુકાઈ જાય.

ગુણવંતભાઈનાં પત્નીએ ગુણવંતભાઈને વાત કરી. પણ બજારમાં તેવો કુંજો હવે મળતો નથી. આવા કુંજાનું ચલણ જ નથી. આવા કુંજા મળે તો લોકો પુરાણી વસ્તુઓ સંઘરે તેમ સંઘરી રાખે શૉખ માટે, ને જ્યારે લેવા જઈએ, જો મળી જાય તો તેની કિંમત આપણાથી સાંભળી ન શકાય એટલી મોટી હોય. ને મોટા ભાગે તો તે જૂની - ઍન્ટિક વસ્તુઓ વેચવાવાળા પાસે જ મળે ને ત્યાંથી પરદેશીઓ કે મ્યૂઝીઅમવાળાઓ કે મોટા માલેતુજાર શેઠિયાઓ આવી વસ્તુ ખરીદે - માત્ર શૉખ માટે.

'તેને કંઈક બીજી વસ્તુ આપીશું. કુંજાનો કિંમતની જ થાળી-

વાડકાનો સેટ.'

'ના'. તેમનાં પત્નીએ ભારપૂર્વક કહેલું, 'એવી મુફલિસ વસ્તુ મારે મારી કોકિને નથી આપવી.'

'તો શું કરીશ, તું ?'

'નહીં આપું.'

'તો ન આપતી. પૈસા આપજે.' પછી બોલ્યા, 'તને ખબર છે. ગામડાના ગાદલાં ભરવાના પટારા આજે શેઠિયાઓ હજારો રૂપિયા આપીને ખરીદે છે, ઘરમાં શોભા કરવા ?'

'હજારો એટલે કેટલા ?'

'દસ હજાર, પંદર હજાર.'

'તો આપણો આ કુંજો કિંમતી છે, એમ થયું ને ?'

'હાસ્તો.'

'ભલે.'

'પણ બજારમાં આવા કુંજા મળતા જ નથી તેનું શું ?'

આ કોકિએ તે યુવાન થઈ પરણી ત્યાં સુધી ગુણવંતભાઈને ત્યાં કામ કર્યું. દર દિવાળીમાં કુંજો ઉટકાય છતાં તેણે બોણીમાં કુંજાની માગણી સામેથી નથી કરી. કોકિને તો કુંજાનો આકાર ને ગોળમટોળ પેટ બહુ ગમતાં. પરણીને ગઈ ત્યાં સુધી ખૂબ જ જતનથી તેણે કુંજો દિવાળીએ ઊટક્યા કર્યો. ને શેઠાણીએ મૂંગામૂંગા તેને ઊટકતી જોયા કરી. બંને વચ્ચે કુંજો કોઈ જ પ્રકારનો અંતરાય બન્યો નહોતો.

કદાચ કોકિ તો ભૂલી પણ ગઈ હશે કે તેને કુંજો મળવાનો છે. તે મળે તો પણ તેનું ઘર કુંજાને લાયક ક્યાં હતું ! ક્યાં રાખે તે કુંજાને ? ને રાખીને કરેય શું ? શોભામાં પડ્યો રહે.

તે પરણીને ગઈ. શેઠાણીનું મન અને તેમના મનમાં રમતા કુંજાને તે સાથે લેતી ગઈ - જાણ્યેઅજાણ્યે.

આ શેઠાણીને ત્યાં તેણે દસ વર્ષ કામ કર્યું. પછી કામવાળી બદલાઈ. કુંજો એનો એ જ રહ્યો. શેઠાણી એનાં એ જ રહ્યાં.

દર વર્ષે શેઠાણી કોઈ પણ કામવાળીને કુંજો ઊટકવા નથી આપતાં, દિવાળીમાં હવે, પોતે જ કુંજો ઊટકીને વ્યવસ્થિત મૂકે છે ઠેકાણે. કોકિને પરણીને ગયાંને પણ ચૌદપંદર વર્ષ થઈ ગયાં. તે ઘરમાંથી ભુલાઈ પણ ગઈ. તેની વાત પણ ક્યારેય નીકળતી નથી.

પંદર વર્ષ પછી મૃત્યુશય્યા પર જ્યારે ગુણવંતભાઈનાં પત્ની હતાં ત્યારે તે સંપૂર્ણ ભાનમાં હતાં. તેમની પથારી આસપાસ માણસો પ્રભુસ્મરણ ને સ્તવન બોલતા હતા. અગરબત્તીની મીઠી સુગંધ ફોરી રહી હતી. એકદમ શાંતિ હતી. દેહ છોડતાં આત્માને બહારની, તેની આસપાસની દુનિયાથી જરા પણ ખલેલ ન પહોંચે એટલી સાવચેતી, ધીરજ ને ખામોશી પથરાઈ ગઈ હતી. ત્યારે ગુણવંતભાઈ સાંભળતા હતા પત્નીના મોં પાસે કાન માંડીને. ને પત્ની તૂટકતૂટક ભાષામાં બોલતાં હતાં. દાનપુણ્યધર્માદાનું લાંબું લિસ્ટ થયું. તેમનાં પત્નીએ પોતે જ બોલીને બનાવરાવ્યું.

'હવે કંઈ ?'

'હા.'

'બોલો - જે કહેશો તે થશે.'

'કોકિને, કામવાળી કોકિને ગમે ત્યાંથી ગોતીને પેલો કુંજો ને એક સો એક રૂપિયા આપજો.'

'ભલે.'

'એને એ કુંજો બહુ વહાલો લાગતો'તો, એટલે કોઈને હું અડવા દેતી નો'તી.' વાક્ય પૂરું થયું ને બધું પતી ગયું.

કાળા કૂતરાને આઈસ્ક્રીમ, સોસાયટીમાં ઝાડુ મારવા આવતાં ગૌરીબહેનને સાડલો ને એકાવન રૂપિયા – આ બધું ઘુમરાવા માંડ્યું પત્નીની ગેરહાજરીમાં ભૂતકાળ બનીને.

ગુણવંતભાઈની બેઠકની સામે સુખડના હારથી શોભતા તેમના પત્નીના રંગીન ફોટા સામે જોઈ, મેં ફરી વખત જ્યારે તેમને મળ્યો ત્યારે પૂછ્યું, 'તમે તે કુંજો આપ્યો પછી ?' એ વખતે છબીમાંથી નીકળી ઘરમાં સદેહે તેમનાં પત્ની ફરતા હોય તેવો મને ભાસ થયો.

'ના, હજી છે મારી પાસે.'

હું મૂંગો રહ્યો. ગુણવંતભાઈ બોલ્યા, 'તે અત્યારે અહીં નથી. વાઘરી કોમની તે હતી.'

'અત્યારે ક્યાં છે ?'

'જમ્મુ કાશ્મીરમાં, આ સ્થિતિમાં પણ તે ત્યાં રહી શકે છે.'

'એમ ?'

'વાઘરી જિપ્સી જાતિની એક પેટા જાતિ છે. આપણે સૌરાષ્ટ્રમાં દાતણ વેચે છે તે કોમ.' પછી તેમણે ઊમેર્યું, 'તેની મા અહીં છે.'

'તેને આપશો કુંજો ?'

'ના રે, એ તો બહુ ખેપાની છે. વેચી મારે.'

'તો ?'

'એ છોકરી અહીં આવશે, ને તેને ખબર પડશે કે તેનાં શેઠાણી ગુજરી ગયાં છે ત્યારે રહી નહીં શકે.'

'આવશે ખરી ?'

'અહીં જ તે કામ કરતાં કરતાં ઘણું શીખી છે. દીકરીની જેમ રાંધતાં પણ શીખી ગઈ છે.'

'અચ્છા !'

આ વાતને હવે આગળ લંબાવવી નથી. અહીં હું અટકી જાઉં છું. આ કુંજાની અને કોકિની વાત પૂરી થઈ એમ જ માની લઈએ.

પણ હું ?

મારી પત્નીના મગજનો સી.ટી. સ્કેન લેવરાવ્યો બીજી વખત, ત્યારે બહાર નીકળતા મેં પૂછ્યું, 'આઈસ્ક્રીમ ખાઈશું ?'

'મને પેટમાં કંઈક થાય છે. ઘરે જતાં રહીએ.'

રાતે જ્યારે અમે સૂવાનાં હતાં ત્યારે તેને કંઈ જ ખાવાની ઈચ્છા નહોતી છતાં મેં પૂછ્યું, 'ચીકુ સમારી આપું ?'

'લાવો', તે અતિશય ઝીણા અવાજે બોલી. તેની સ્થિતિ અતિશય નાજુક વળાંક પર હતી.

છેલ્લાં પાંચ વર્ષથી અમે બંને તેની છાતીના કેન્સરના ઑપરેશન પછી તે ક્યાંયે બીજે દેખા ન દે તેને માટે ઝઝૂમતાં હતાં ત્યાં મગજમાં તેનો ફણગો દેખાયો અને અત્યારે તો આ તેની છેલ્લી રમત શરીર સાથે શરૂ થઈ હતી. આ બધું હું જાણી ચૂક્યો હતો. તે અતિશય નબળાઈ અનુભવતી હતી. પણ શું કરું ? જીવે છે ત્યાં સુધી તો મારે તેને જીવતી રાખવાના પ્રયત્નો કરવા જ જોઈએ.

ચીકુ સમારી મેં તેને આપ્યા. તેણે અડધા ખાઈ ડિશ મને આખી પાછી આપી. અમારા બત્રીસ વર્ષના સહવાસ દરમ્યાન તે જમતી હોય ત્યારે, તેના ભાણામાંથી મેં કે મારા ભાણામાંથી તેણે કંઈ જ ખાવાની બાલિશ ચેષ્ટા અમે ક્યારેય કરી નથી. પણ અત્યારે ગમે તેમ તેણે પડતાં મૂકેલાં ચીકુ મૂંગે મૂંગો હું ખાઈ રહ્યો. હું બહુ જ સમજપૂર્વક ખાતો હતો ને સભાન હતો તેની મને પૂરેપૂરી ખબર હતી. મોં દ્વારા અન્ન હવે પછી તેના શરીરમાં નથી જવાનું એની જ માત્ર મને ખબર ન હતી ! પણ ચીકુ ખાતી વખતે તેના સતત સાંનિધ્યમાં હોઉં એવો મને ભાસ થતો હતો, ઐક્ય અનુભવાતું હતું, એની મને પૂરેપૂરી ખબર છે.

અમે સૂતાં બાજુબાજુમાં જ.

રાતના ત્રણેક વાગે બાથરૂમમાંથી આવી તે સૂઈ રહી છે પોતાની પથારી પર, એવો મને ઊંઘમાં ભાસ થયો. હું લગભગ અર્ધ જાગૃત હતો. મેં આંખો ખોલીને જોયું પણ તેને બોલાવી નહીં.

પછી વહેલી સવારે કણસવાનો અવાજ સંભળાયો હું જાગી ગયો. લાઈટ કરી જોયું તો તે ભાન ગુમાવતી હતી. મેં બહુ જ ધ્યાનથી સાંભળ્યું તો, 'પાણી' એમ તે બોલતી સંભળાઈ. મેં તેના નામની બૂમ મારી, 'પુષ્પા'. તેણે સહેજસાજ માત્ર આંખ ખોલી બંધ કરી દીધી. 'પાણી આપું,' બોલીને તેને પાણી પાવા માંડ્યું ચમચીથી. 'લે મોઢું ખોલ,' એમ બોલું એટલે તે માંડમાંડ મોઢું ખોલતી. આમ થોડીવાર ચાલ્યું ને તેને સંભળાતું સાવ બંધ થઈ ગયું. 'ગઈ આ તો !' મને ધ્રાસકો પડ્યો. તેણે સંપૂર્ણ ભાન ગુમાવ્યું.

ને તે આવી બેભાન અવસ્થામાં વીસ દિવસ સુધી મોત સામે ઝઝૂમી રહી, મોએથી કંઈ પણ ખાધાંપીધાં સિવાય.

તેણે પોતાનું શરીર છોડ્યું ત્યારે હું રૂમની બહાર ફરસ પર ખુરસી ગોઠવી છાપું વાંચતો હતો. સવારના સાત્ આસપાસનો સમય હતો. કારતક માસના પાછલા પખવાડિયાનું ઠંડું ખુશનુમા વાતાવરણ હતું. નહીં કંઈ જ ધમાલ કે દાનપુણ્ય કે વાતચીત.

શરીરનો સંપૂર્ણ કબજો મગજ સંભાળે છે. તે જ મગજનો કબજો કૅન્સર લઈ લે ત્યારે મનુષ્ય ગૌણ, અતિગૌણ ને સંપૂર્ણ રીતે પરાધીન બની જાય છે. તે જીવે છે કે મરેલો છે તે માત્ર તે પોતે જ જાણી શકે છે, બીજા નહીં.

જ્યારે ગુણવંતભાઈને ત્યાંથી હું નીકળ્યો ત્યારે રાતના નવ થયા હશે. મારી પત્ની મને યાદ નહોતી આવતી. પણ કોકિની વાત પરથી લાગ્યું કે, મને વતન અને ત્યાં રહેતી મારી પત્ની હજી યાદ આવી રહ્યાં છે.

રસોડામાં જ્યારે તે રાંધતી હોય ત્યારે સવારે દસ વાગ્યાની આસપાસ રેખા નામની કોકિના જેવડી જ આઠ વર્ષની ઉંમરની અમારી કામવાળીની દીકરીની દીકરી વાસણ માંજતી અને તે વખતે મારી પત્ની અને રેખા અત્યંત ધીમેધીમે ગુસપુસ કરતાં કંઈક મજાની મજાની વાતો કરતાં. મને પુષ્પાએ કહેલું, 'વાસણ ઊટકતાં ઊટકતાં રેખા ધીમેધીમે ગાય છે.'

'એમ !'

'તેને બિચારીને કપડાં ધોતાય ફાવતાં નથી.' પછી બોલી, 'એની દાદી કહે છે કે રેખા તમારે ત્યાં કામ કરશે. હું નહીં કરું હવે.'

'પણ આઠ વર્ષની ઉંમરમાં ?'

'હા, જુઓને !'

રેખાને મારી પત્ની રોજ દાળભાત ગરમાગરમ ખવરાવતી ને પૂછતી, 'તારે રાંધતાં શીખવું છે ?'

'ના.'

'મોટી થઈને શું કરીશ ?'

'કંઈ નહીં કરું.'

'આખી જિંદગી આમ જ રહેવું છે ?'

'ના.'

'તો ?'

'કંઈ નહીં.'

મારી પત્નીએ મને કહ્યું, 'બિચારી બહુ ગભરુ છે.' પછી આગળ બોલી, 'દિવાળીની બોણીના પૈસા તેની દાદીના હાથમાં નથી આપવા. રેખાના હાથમાં આપવા છે.'

'કેમ ?'

'રેખાને તે ન આપે.'

'આપણે કંઈક વસ્તુ ખરીદીને આપીશું, તેને કામ લાગે તેવી.'

તેના બાપા પાસે રેખા ગામડે ગઈ એક વખત, ત્યારે બાજરીનાં ડૂંડાં લેતી આવેલી ઘણાં બધાં. (અનુસંધાન પાન ૪૭૩ ઉપર)

ખગ્રાસ સૂર્ય ગ્રહણ

(લેખાંક-૩)

——ડૉ. સુધીર પંડ્યા • પ્રહ્લાદ છ. પટેલ ——

૧૯૯૫નું ખગ્રાસ સૂર્યગ્રહણ

સૂર્ય સાથે સંલગ્ન કેટલીક ઘટનાઓનો અભ્યાસ ખગ્રાસ સૂર્યગ્રહણ સમયે વધુ અનુકૂળ રહે છે, ખાસ કરીને, સૂર્યના બાહ્ય ગરમ વાતાવરણ તરીકે ઓળખાતું કિરીટાવરણ (corona) સૂર્યની, સૂર્યની દૃશ્યમાન સપાટી એટલે કે પ્રકાશમંડળ (photo-sphere) કિરીટ અને પ્રકાશમંડળ વચ્ચેનું ગતિશીલ અસમાંગ સ્તર-વર્ણમંડળ (chromosphere) અને સૂર્યમાંથી નીકળી લબકારા મારતી પ્રચંડ સૌર જ્વાલાઓ (solar flares) આ સાથે આંતર-ગ્રહીય રજ (interplanetary dust)નો પણ અભ્યાસ આવે સમયે કરી શકાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણ સમયે માણસોના ચિત્ત અને માનસ, પશુ-પંખીઓ, નાના સજીવો અને વનસ્પતિ ઉપર થતી અસરોનો અભ્યાસ રસપ્રદ બની રહે છે.

આગામી દિવાળી (૨૪, ઑક્ટોબર, ૧૯૯૫)ના દિવસે થનાર ખગ્રાસ સૂર્યગ્રહણના ટાણે આ બધાંનો વિગતવાર અભ્યાસ કરવા માટે વિશ્વભરના વિજ્ઞાનીઓ તડામાર તૈયારીઓ કરવા મંડી પડ્યા છે. વિશ્વ અને ભારતની વેધશાળાઓ ધમધમી ઊઠી છે અને વૈજ્ઞાનિક સાધનો સહિત ઠેર ઠેર અડ્ડા જમાવી દીધા છે. આ ખગ્રાસ સૂર્યગ્રહણ ૧૮૬૮ના ગ્રહણની યાદ તાજી કરાવશે. ભૂતકાળમાં થયેલા ખંડ અને ખગ્રાસ ગ્રહણો દરમિયાન કરવામાં આવેલ અવલોકનો અને પ્રયોગોનો હેતુ અને રૂપરેખા મહદંશે એકસરખાં રહ્યાં છે, એટલે કે સૂર્ય, આંતરગ્રહીય અવકાશ અને પૃથ્વીના વાતાવરણની વધુ ને વધુ જાણકારી મેળવવાનો હેતુ રહ્યો છે. આગામી દિવાળીના દિવસે અને તે પછી ભવિષ્યમાં થનારા ગ્રહણના અભ્યાસનો હેતુ તો આ જ રહેશે પણ વિકસતા વિજ્ઞાન અને સંપન્ન પ્રાદ્યોગિકીને કારણે વધુ ચોકસાઈવાળાં આધારભૂત પરિણામો સુલભ થશે અને તારણોનો પાયો વધુ મજબૂત બનશે.

૨૪ ઑક્ટોબર, ૧૯૯૫નું ખગ્રાસ સૂર્યગ્રહણ બધે સમાન દેખાશે નહીં. ભારતમાં વિવિધ સ્થળોએ કેટલા પ્રમાણમાં આ ગ્રહણ દેખાશે, તેનો ખ્યાલ આકૃતિ ૧ ઉપરથી આવી શકે તેમ છે. આગામી ખગ્રાસ સૂર્યગ્રહણ દક્ષિણ ભારતમાં કારવાર, બૅંગ્લોર અને પાંડિચેરી આગળ ૬૦ ટકા, મધ્ય ભારતમાં કંડલા (ગુજરાત), અકોલા, કોરાકટ અને શ્રીકાકુલમ આગળ ૮૦ ટકા, પશ્ચિમ-ઉત્તર ભારતમાં અલ્વર, દિલ્હી, લખનૌ, અલ્લાહબાદ, બનારસ અને કલકત્તા આગળ પૂર્ણ ખગ્રાસ ૧૦૦ ટકા અને છેક ઉત્તર ભારતમાં ગિલગિટ, કારગીલ, ઇટાનગર (અરુણાચલ) આગળ ફરીથી ૮૦ ટકા ગ્રહણ દેખાશે.

આથી વિશેષ નીચેની આંકડાકીય વિગતો ઉપરથી જાણી શકાય છે કે કયા અક્ષાંશ-રેખાંશ ઉપર કેટલા વાગે અને કેટલા સમય માટે ગ્રહણ દેખાશે :

ભારતીય સમય કલાક મિનિટ	અક્ષાંશ	રેખાંશ	ખગ્રાસનો ગાળો
૮-૨૦	૩૪° ૫૬'	૫૧° ૫'	૧૬ સેકન્ડ માટે
૮-૪૦	૨૫° ૬'	૮૨° ૧૦'	૧ મિનિટ + ૩ સેકન્ડ માટે
૧૦-૫	૮° -૦'	૧૧૩° ૫૨'	૨ મિ. + ૧૦ સે. માટે
૧૧-૩૦	૨° ૫'	૧૪૮°	૧ મિ. માટે
૧૧-૪૫	૫° ૩૯'	૧૭૧° ૪૭'	૨૦ સે. માટે

પ્રારંભિક પ્રચ્છાય-ઝડપ (umbra velocity) ૪.૨ કિમી/સે. હોય છે અને તે ઘટીને ૦.૧૫૬ કિમી/સે. થાય છે. અંતે વધીને આ ઝડપ ૪.૧ કિમી/સે. થાય છે. ભારતમાં પ્રચ્છાયા ઝડપ ૨.૨ થી ૧.૨ કિમી/સે. થનાર છે અને ખગ્રાસનો સમય ગાળો ૪૦થી ૭૦ સે. રહેશે.

રાજસ્થાનના અલ્વર આગળ પ્રથમ સ્પર્શ ૭ કલાક અને ૨૪ મિનિટે, બીજો સ્પર્શ ૮ કલાક અને ૩૩ મિનિટે ૩૦ સેકન્ડ માટે અને ચોથો સ્પર્શ ૯ કલાક અને ૫૧ મિનિટે થશે. બીજા અને ત્રીજા સ્પર્શ વચ્ચે સમયગાળો અતિ અલ્પ હોવાથી બીજો અને ત્રીજો સ્પર્શ લગભગ એક જ સમયે ગણવામાં આવે છે. તે જ રીતે કલકત્તા આગળ પ્રથમ સ્પર્શ ૭ ક. અને ૫૧ મિનિટે, બીજો સ્પર્શ ૮ ક. અને ૪૬ મિનિટે ૫૯ સેકન્ડ માટે અને ચોથો સ્પર્શ ૧૦ ક. અને ૧૮ મિનિટે થશે.

ભારતમાં નીચેનાં સ્થળોએ તેમની સામે બતાવેલા ભારતીય સમય પ્રમાણે પ્રથમ, બીજો, ત્રીજો અને ચોથો સ્પર્શ થનાર છે

સ્થળ	પ્રથમ સ્પર્શ ક.મિ.સે.	બીજો સ્પર્શ ક.મિ. સે.	ત્રીજો સ્પર્શ ક.મિ.સે.	ચોથો સ્પર્શ ક.મિ.સે
અલ્લાહાબાદ	૭ ૨૭ ૨.૨	૮ ૩૯ ૧૫.૫	૮ ૩૯ ૪૭.૭	૧૦ ૦૨ ૩.૩
અલ્વર	૭ ૨૪ ૨૮.૦	૮ ૩૩ ૧૩.૪	૮ ૩૩ ૪૬.૮	૯ ૫૧ ૪૪.૬
મદિનિપુર	૭ ૩૧ ૨૦.૨	૮ ૪૮ ૧.૮	૮ ૪૯ ૧૧.૨	૧૦ ૧૫ ૩૮.૯
પુરુલિયા	૭ ૨૬ ૧૬.૪	૮ ૪૫ ૪૭.૭	૮ ૪૬ ૪૬.૩	૧૦ ૧૨ ૪૭.૧
તામલુક	૭ ૩૧ ૫૨.૩	૮ ૪૮ ૩૦.૬	૮ ૪૯ ૩૯.૭	૧૦ ૧૭ ૫૮.૮

ઉપરના આંકડાઓ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે બીજા અને ત્રીજા સ્પર્શ વચ્ચે સમયનો તફાવત થોડીક સેકન્ડ જેટલો જ છે.


ગ્રહણ કેવી રીતે જોવું

ચંદ્ર પરપ્રકાશિત હોઈ તેને પૂર્ણિમાની રાત્રે પણ, કોઈ જાતના ઉપદ્રવ સિવાય, નરી આંખે જોઈ શકીએ છીએ એટલું જ નહીં, પણ માણસ તેનાથી આનંદ પામી ભાવવિભોર બને છે. ચંદ્રપ્રકાશ (ચાંદની) પ્રેમીઓ, પાગલો (!), કવિઓ અને વિજ્ઞાનીઓને હંમેશાં સમાજવાદી ધોરણે શીતળતા અને આહ્‌લાદકતા આપે છે. 'ચારુ ચંદ્રકી ચંચલ કિરણેં ખેલ રહી હૈં જલ ઔર થલમેં' કહીને મૈથિલીશરણ ગુપ્તજીએ તેમના કાવ્ય 'પંચવટી'માં ચાંદનીનો મહિમા ગાવામાં તેમના દિલ-દિમાગના દરવાજા સંપૂર્ણપણે ખોલી નાખ્યા છે. આવા ચંદ્રને સીધેસીધો કે ગ્રહણ વખતે જોવામાં કોઈ તકલીફ પડતી નથી. એટલે જ તો ચંદ્રગ્રહણ જોવા માટે કોઈ ખાસ સાધન કે પદ્ધતિની આવશ્યક્તા નથી. હકીકતે તો, ચંદ્રગ્રહણ ખગ્રાસ હોય ત્યારેય પણ ચંદ્ર આકાશમાં સાવ કાળા ધાબા જેવો લાગતો નથી. ચંદ્રનું લિંબ આછા પ્રકાશવાળું તો રહે છે જ. તે છતાં, ચંદ્રગ્રહણનું નિરીક્ષણ કોઈપણ હાનિ કે હરકત વિના થઈ શકે છે.

પરંતુ સૂર્ય એટલો બધો સ્વપ્રકાશિત તેજસ્વી તારો છે કે તેને સામાન્ય રીતે સીધેસીધો નરી આંખે જોઈ શકાતો નથી. સૂર્યનું ભયંકર તેજ આંખની કીકીને ભારે નુકસાન પહોંચાડે છે અને તે કદીક અંધાપો પણ લાવી શકે છે. સૂર્યની તેજસ્વિતાનો ખ્યાલ નીચેની ગણતરીથી આવી શકે તેમ છે. સામાન્ય ઓરડાની છત ઉપર તેના મધ્ય ભાગમાં એક ૧૦૦ વૉટનો વિદ્યુત ગોળો હોય અને ભોંયતળિયાથી છતની ઊંચાઈ ૩ મીટર હોય તો તળિયા ઉપર $\frac{100}{\pi\,(3)^2} \approx \frac{\text{વૉટ}}{\text{મીટર}^2}$ જેટલી પ્રકાશશક્તિ મળે છે. સૂર્ય પૃથ્વીની સપાટી ઉપર લગભગ ૧૦૦૦ $\frac{\text{વૉટ}}{\text{મીટર}^2}$ જેટલી ઊર્જા પહોંચાડે છે. આ રીતે કહી શકાય કે ૧૦૦ વૉટના વિદ્યુતગોળા કરતાં સૂર્ય એક હજારગણો વધારે તેજસ્વી છે. અધધધ!! ગ્રહણ વખતે સૂર્ય લગભગ ૯૯ ટકા ઢંકાઈ ગયો હોય અને તેની આછી પાતળી કોર જ દેખાતી હોય ત્યારે પણ એવા સૂર્યલિંબ તરફ નરી આંખે જોવું મુશ્કેલ અને જોખમકારક છે.


ખંડ કે ખગ્રાસ ગ્રહણ પામેલા સૂર્યનું પાણીમાં પ્રતિબિંબ પાડીને સમગ્ર ગ્રહણની પરિસ્થિતિનો અભ્યાસ આપણા વડવાઓ સેંકડો વર્ષ પહેલા કરતા હતા. આજનાં જેવાં સાધનો એ સમયે ન હતાં પણ વૈજ્ઞાનિક સૂઝ તો જરૂર હતી એમ કહી શકાય.

ગ્રહણ વખતે સૂર્યના લિંબને જોવા માટે આડકતરી યુક્તિઓ જ પ્રયોજવી પડે છે. સાદા ગૉગલ્સના કાચ કે તેજ ઘટાડવા માટેના રંગીન આવરણથી આંખને પૂરતું રક્ષણ મળતું નથી. બેવડી ફોટોગ્રાફિક પ્લેટ કે સંપૂર્ણ પ્રકાશમાં ધરીને વિકસાવેલી ફિલ્મ કે ક્ષ-કિરણોની ફિલ્મ આંખ સક્ષમ રાખીને વિના હાનિએ સૂર્ય જોઈ શકાય છે. પરંતુ ખરેખર સરળ, સમક્ષ અને સલામત વ્યવસ્થા તો સૂર્યનું પ્રતિબિંબિ ભીંત કે પડદા ઉપર પાડીને ગ્રહણ જોવાની છે. કોઈ એક કાળા કાગળ કે પૂંઠા ઉપર એક નાનકડું છિદ્ર પાડી તેને સફેદ પડદાથી લગભગ એક મીટર દૂર રાખીએ તો એ છિદ્રમાંથી પસાર થતો સૂર્યપ્રકાશ પડદા ઉપર સરસ પ્રતિબિંબ રચે છે. સામાન્ય દિવસે પણ સૂર્યની સપાટી ઉપર થતી હલચલ કે સૂર્યકલંકો (Sun-spots) જોવા માટે આ રીતનો ઉપયોગ કરવો હિતાવહ છે. ખાસ ધ્યાન રાખવા જેવી વાત તો એ છે કે સૂર્ય સંપૂર્ણપણે ઢંકાઈ



← અહીં ભારતના નકશા ઉપર ગ્રહણનો માર્ગ સ્પષ્ટ રીતે દેખાડવામાં આવ્યો છે. પશ્ચિમ રાજસ્થાનથી શરૂ થઈ પૂર્વ કલકત્તા ઉપરથી ખગ્રાસ ગ્રહણ પર નજર જાય છે.

→



૯ કલાકે મધ્યરેખામાંથી જોતાં દેખાતું આકાશ. ૯ કલાક અને ૦.૦૦ મિનિટે, મ્યાનમારમાં મધ્યરેખામાંથી દેખાતા આકાશમાં નજરે પડતા ગ્રહો અને તારાઓ અને તેમનાં સ્થાન પૂર્ણ (ખગ્રાસ) ગ્રહણ સમયે સૂર્યપ્રકાશના અભાવે ગુરુ, શુક્ર અને બુધ સરળતાથી દેખાય છે. અભિજિત, બ્રહ્મહૃદય, સ્વાતિ, પુરુષ, આદ્રા, મઘા, પ્રભાસ, વ્યાધ, ચિત્રા, પારિજાત જેવા તેજસ્વી તારાઓ ધોળા દિવસે દેખાશે.

જાય ત્યારે જ તેની સામે નરી આંખે જોવું, નહીંતર સહેજપણ ઉતાવળ કરવામાં હંમેશા માટે આંખને નુકસાન થવાનો સંભવ છે. સૂર્યના વિકિરણમાં પારજાંબલી (ultra-violet) અને અધોરક્ત (Infra red) કિરણો હંમેશા મોજૂદ હોય છે. ગ્રહણને સહીસલામત રીતે જોવું હોય તો સૂર્યપ્રકાશની તેજસ્વિતા એક લાખમા ભાગ જેટલી ઓછી થાય અને પારજાંબલી તથા અધોરક્ત કિરણો સંદતર છેદાઈ (cut-off) જાય તેવી પ્રયુક્તિ કરવી પડે. આર્ક વડે વેલ્ડિંગ કરતી વખતે વપરાતા કાચ આ હેતુ માટે સલામત પ્રયુક્તિ છે.

સૂર્યગ્રહણના અવલોકન પ્રત્યે સાવધાન રહેવું જરૂરી છે. પણ ૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૦ના ખગ્રાસ સૂર્યગ્રહણ દરમિયાન ભારતમાં બન્યું હતું તેમ શાળાઓ, સંસ્થાઓ અને વાહનવ્યવહાર બંધ કરીને ઘરમાં ભરાઈ જવાની જરૂર નથી.

ખગ્રાસ સૂર્યગ્રહણ પૃથ્વીના મર્યાદિત ભાગ ઉપરથી દેખાય છે જ્યારે ગ્રહણગ્રસ્ત ચંદ્ર તો ચંદ્ર ક્ષિતિજથી ઉપર હોય ત્યારે, ગ્રહણના કોઈપણ સમયે જોઈ શકાય છે. □

અનુસંધાન] **અમથો હલકારો** [પૃ. ૪૭૯ પરથી

... પછી તો અમથાલાલને ટી.બી. થયેલો એટલે નોકરીનાં ચાર-પાંચ વરસ બાકી હતાં, છતાંયે નોકરી છોડવી પડેલી. ધીમે ધીમે અમારો સંપર્ક સાવ કપાઈ ગયો.

વળી, પાંચ-સાત વરસે મફતભાઈ સાહેબ પાસેથી જાણવા મળ્યું કે, અમથાલાલ ગુજરી ગયા. ટી.બી.એ ભોગ લીધો. સમાચાર સાંભળીને હું રડી શક્યો નહોતો.

આજે ધોળી ધજા ડેમ તરફ જવાનું બન્યું. ડેમની પાછળના ભાગે જ ગોદાવરી ગામ છે. ઉનાળાની બળબળતી બપોર પછીની સાંજ. એ સંધ્યા અને સૂર્યનું ડેમનાં પાણીમાં ઠરવું. બધું જ યાદ આવવા માંડ્યું. આજે મારાથી સહજ રીતે જ રડી પડાયું. હું મારી જાત પર કાબૂ રાખી શક્યો નહીં. હૈયું હળવું થાય એટલું બધું પોક મૂકીને રડ્યો. કારણ એટલું જ હતું કે, મને કોઈ સાદ પાડતું હતું, 'કંકુબઈ, એ કંકુબઈ...!' □

અનુસંધાન] **ઍન્ટિક** [પૃ. ૪૭૦ પરથી

'કેમ લાવી ?' પુષ્પાએ પૂછ્યું.

'તમારાં માટે.'

'કેમ ?'

'પોંક કરીને ખાવા.'

થઈ રહ્યું, બસ ! માણસ પોતાની જાત પાસે કેટલો અસહાય છે ! ખેંચાયા જ કરે છે, ખેંચાયા જ કરે છે – કંઈ જ કારણ વગર. કંઈજ લેવાદેવા વગર.

આજે આ બધી જ કોકિની કે રેખાની યાદ એક ભૂતકાળની ઍન્ટિક સમાન અતિશય કિંમતી બની ગઈ છે. એની કિંમત ગુણવંતભાઈ કે હું કઈ રીતે આંકી શકીએ કે ચૂકવી શકીએ ?

અમે બંને બહુ જ ગરીબ છીએ, આની કિંમત, આનું ઋણ ચૂકવવા માટે. ગમે તેટલું આપો તો પણ ન ચૂકવી શકાય એવું છે કંઈક આ કોકિ, રેખા અને અમારી પત્નીઓના સંબંધમાં. □

સિયામીઝ હાથ

મૂ.લે. માનુએલ કોમરોફ

સિયામીઝ હાથ

અનુવાદક
અશોક હર્ષ

'હું ફરી એવું કદી નહિ કરું, માલિક! કદી નહિ, કદી નહિ; હું કસમ ખાઈને કહું છું, આ વખતે મારું માનો, માલિક! મારો એમાં જરા ય વાંક નથી!'

'વાંક નથી? તને અત્યાર પહેલાં કેટલી વાર ચેતવણી આપેલી છે? ગયા અઠવાડિયે કારતૂસોનું એક ખોખું ચોરેલું. બાદ રસોડામાંથી ચોરી કરેલી. અને હવે મારું ઘડિયાળ ચોરવાની કોશીશ કરતાં નોકરોએ તને પકડી પાડ્યો છે, ત્યારે સફાઈ કરવા બેઠો છે કે એમાં તારો વાંક નથી?'

'ઓહ, માલિક; ફરી વાર એવું નહિ કરું, કદાપિ નહિ, પણ એમાં મારો વાંક નથી.'

'તું બેશક ચોર જ હોઈને હવે તને પેલા બુઢ્ઢાને હવાલે કરવો પડશે. છેલ્લા કેટલાય વખતથી કૅમ્પમાં ચાલુ થયેલો ચોરીઓનો ઉપદ્રવ મારે અટકાવી દેવો છે.'

'હા, માલિક, તે અટકવો જ જોઈએ. હું ફરી કદી નહિ કરું' સખ્ત બન્યા વિના છૂટકો નહોતો, કેમકે એ છોકરાને આ પહેલાં બે વાર ચેતવણી આપેલી હતી.' મારું ઘડિયાળ એ કોઈ સસ્તી ચીજ નહોતી. રાતે મારા ઓશીકા નીચે જ હું તે મૂકી રાખતો. શહેરથી અમારો કૅમ્પ સો કરતાં ય વધુ માઈલ દૂર હોઈને ચોરાયેલી કોઈપણ ચીજ જલદી ખરીદીને પાછી મૂકી શકાય તેમ ન હતું.

અમારી કામગીરી હતી સિયામની સરકાર માટે સર્વેક્ષણ હાથ ધરીને જમીનમાંના ખનિજોની ભાળ મેળવવાની, અને તે માટે અમને જોઈતી સઘળી સુવિધા પૂરી પાડવામાં આવેલી. દારૂગોળાનો પણ એક નાનકડો ભંડાર અમારી પાસે રહેતો. સ્થાનિક નોકરોને લગતી તમામ બાબતોનો હવાલો અમે એક વૃદ્ધ સિયામીઝને સોંપેલો, જેના પ્રત્યે સૌને પૂરો આદરભાવ હતો અને તેનું વેણ ભાગ્યે જ કોઈ ઉથાપતું. એટલે જ મેં આ છોકરાને તેની સમક્ષ રજૂ કરવાનું નક્કી કરેલું.

મેં એ છોકરો એને યોગ્ય સજા કરવાનું કહીને સોંપ્યા બાદ થોડા જ વખતમાં ભારે કીકિયારીઓ કાને પડતાં મેં બહાર નીકળીને જોયું તો એ છોકરાને ઝાડ સાથે બાંધી ફટકા મારવામાં આવતા હતા. મારાથી એ સહન ન થતાં મેં પેલા વૃદ્ધને આ સજા અટકાવી દેવા કહ્યું.

'સો ફટકામાંથી હજી તો વીસ જ પૂરા થયા છે, અને તે પણ બહુ જોરથી નહિ,' તે બોલ્યો.

'એ જે હોય તે', કહી છોકરાને મેં મુક્ત કરવાતાં તે મારી સાથે મારે ત્યાં આવ્યો. તે ઘૂંટણ પર હાથ ટેકવી બેસી રહેતાં તેના હાથ જોઈ હું નવાઈ પામી ગયો. છોકરાના બદલે તે કોઈ વૃદ્ધના હાથ જેવા લાગતા હતા - કરચલીઓ પડી ગયેલા, નસો ઊપસી આવેલા, લાંબા નખ વળી ગયેલા.

મને તેના હાથ તરફ તાકી રહેલો જોઈ છોકરાની આંખમાંથી દડ દડ આંસુ વહેવા માંડ્યા. 'એ મારા નથી, સાહેબ,' રૂંધાતા કંઠે તે બોલ્યો, 'મારું કહ્યું તમે માનતા નથી, સાહેબ, પણ આ હાથ જ મારી પાસેથી પરાણે બધું કરાવે છે.'

'હું તો હજી ય નથી માનતો, એટલે તો તને સજા કરાવેલી.'

એણે હાથ મારી સામે લંબાવતાં કહ્યું, 'તમે જાતે જ જોઈને ખાતરી કરી લો, કે તે મારા હાથ લાગે છે? એ બધું ચોરાવતા જ આવે છે - સાબુથી માંડી છરીકાંટા સુધી, જેમાંની કેટલીક ચોરી તો કોઈ જાણતું પણ નથી.'

'અને ચોર્યા પછી શું?'

'એ જ હાથ એક જગ્યાએ તો દાટી દે છે. એ જગ્યા પણ હું બતાવી આપી શકું એમ છું. એ રીતે ચોરાયેલી અને દટાયેલી એકે ચીજ મેં આજ સુધી વેચી નથી, સાહેબ.'

'એટલે કે તું તારા નથી એવા એ બે હાથનો જ દોરવાયો દોરાતો રહ્યો છે, એમ જ ને? પણ એ હાથ તારા નથી તો કોના છે?

તેની આંખમાંથી ફરી આંસુ વહી નીકળ્યાં. શરમથી માથું બે ઘૂંટણ વચ્ચે ઘાલી દઈ ધીમા અવાજે તે બોલ્યો, 'મારા બાપાના.'

'પણ તારા બાપા તો ક્યારના ય મરી પરવાર્યા છે.'

'હા, મારા જન્મ્યાથી પણ પહેલાં. અને એમનું મોત પણ ચોરીના કારણે જ થયેલું.'

મેં ફરી પેલા બેડોળ હાથ પર નજર નાખી. સોળ વરસના છોકરાના તો તે નહોતા જ. પરંતુ એ હાથ છોકરા પાસે પોતાનું ધાર્યું કરાવે એ વાત મારા ગળે ઊતરતી નહોતી. કોઈને પણ ગળે ન ઊતરે.

'જો, હવે તારે જે પણ ચીજ જોઈતી હોય તે ચોરવાને બદલે મારી પાસેથી માગી લેજે, હું તને તે આપીશ.'

તે સંમતિમાં માથું હલાવતો ઊભો થયો, બારણા સુધી પહોંચ્યો, અને પછી પાછો વળતો બોલ્યો, 'સાહેબ મને તમારી સિગારની ખાલી પેટીઓમાંની એકાદ પેટી આપશો?'

મેં તેને તે આપી, અને તે એ લઈને દોડી ગયો - સીધો જ જંગલ તરફ.

વહેલી સવારે ઝાંપે મોટો કોલાહલ જામી પડ્યો. તેના પગ જાણે તેનું વજન વહી શકતા નહોતા. જીવનના કરતાં વધુ તો તે મૂએલો જ લાગતો હતો. તેના હાથ કપાયેલા હતા અને તેનાં બંને ઠૂંઠ પર ભીની માટીનો લેપ કરી તે પર પાટા બાંધી દીધા હતા. તેને તરત કૅમ્પની ક્લિનિક પર મોકલી દેવામાં આવ્યો. ડૉક્ટરે શક્ય એટલું બધું જ તેના માટે કરી છૂટી નવા પાટા બાંધ્યા.

સાંજે હું તેને જોવા ઊપડ્યો. કમરામાં દાખલ થતાં જ જાણે પોતે ગૌરવ અનુભવતો હોય તેમ બંને ઠૂંઠા હાથ મારી સામે ઊંચા કર્યા.

'અરે, આ તેં શું કર્યું?' મેં પૂછ્યું.

'એ સિવાય છૂટકો જ નહોતો, માલિક! મેં તમને વચન આપેલું કે ફરી હું કદી ચોરી નહિ કરું પણ તમોને તે માન્યામાં નહોતું આવ્યું. એ હાથ મારા પોતાના તો હતા જ નહિ.'

'તારા મગજમાં ઘર કરી બેઠેલા ખ્યાલ સિવાય એમાં કશું જ તથ્ય નથી. તારા શરીરનું એકેએક અંગ તારું પોતાનું જ છે. પણ કહે તો ખરો કે આ અઘોર કૃત્ય કોણે કર્યું?'

'પહાડી મંદિરના મહંતે, તેણે તો તે હાથ તરત જ ઓળખી કાઢેલા.'

'શી રીતે?'

'તે મારા બાપાને ઓળખતો હતો અને વરસોથી તેમના હાથ જોતો આવ્યો હતો.'

વહેમ અને અજ્ઞાનની કોઈ દવા જ ન હોઈને હું આગળ કશું ન બોલ્યો. તેનું લોહી ઘણું વહી ગયું હતું, નબળાઈ ખૂબ આવી ગઈ હતી, ડૉક્ટરના જણાવ્યા પ્રમાણે તેને થોડાંક અઠવાડિયાં આરામ જ લેવો પડશે. હું ખિન્ન મને પાછો ફર્યો.

એ રાતે મને બરાબર ઊંઘ ન આવી. ચિત્રવિચિત્ર અવાજો સંભળાઈ રહ્યા. મેં નોકરને બોલાવી કોઈ ચોર કે કોઈ જાનવર અંદર ઘૂસી ન આવે માટે જાગતા રહેવા જણાવ્યું.

મેં તેની પાસે બેસી તેણે ચા પૂરી કર્યા બાદ પૂછ્યું, 'હું પૂછું તેનો જવાબ આપીશ?'

'હું જાણતો હોઈશ તે બધું જ કહીશ, સાહેબ.'

'પેલા હાથનું તેં શું કર્યું?'

'એ તો મહંતે મેં તમારી પાસેથી લીધેલા સિગારના ખાલી ખોખામાં ભરી દીધેલા.'

'અને પછી?'

'અને પછી તે ભોંયમાં દાટી દીધેલા, મેં નજરોનજર તે જોએલ છે.'

મારે એ જ જાણવું હતું.

વળતી રાતે હું પડ્યો પડ્યો ઓશીકા નીચેની મારી ઘડિયાળનો ટિકટિક અવાજ સાંભળી રહ્યો હતો. કેટલા વાગ્યા એ જોવા મેં ઘડિયાળ માટે જેવો ઓશીકા નીચે હાથ નાખ્યો કે હું સફાળો ચોંકી ઊઠ્યો. એ જ બે સિયામીઝ હાથ! એમાંના એક હાથમાં ઘડિયાળ હતું, બીજાએ હાથે મારું કાંડું પકડી રાખ્યું હતું. મારાથી ચીસ નીકળી ગઈ.

ચીસ સાંભળી જાગી ઊઠેલો મારો નોકર હાથમાં ફાનસ સાથે દોડી આવ્યો. હું મારું કાંડું છોડાવવા છટપટી રહ્યો હતો પણ તેને એ કંઈ સમજાતું નહોતું.

પરંતુ પ્રકાશથી ભયભીત બની બંને સિયામીઝ હાથ ઘડિયાળ અને મારું કાંડું છોડી, મારી પથારી પરથી નીચે પડ્યા અને બારણા તરફ ધસવા માંડ્યા, ને કાળી રાતમાં અદૃશ્ય થઈ ગયા.

સવાર પડતાં ડૉક્ટરને બોલાવી બધી વાત કરી. પેલા છોકરાની તબિયત કંઈ સારી હોઈ તેને નેતરની ખુરશીમાં ઊંચકાવીને તથા પેલા સિયામીઝ વૃદ્ધને સાથે લઈ હું અને ડૉક્ટર પહાડી મંદિરે પહોંચ્યા, અને પેલા ભૂતિયા હાથ ક્યાં દાંટેલા એ બતાવવાનું છોકરાને કહ્યું.

તેણે બતાવેલી જગ્યાએ ખોદકામ શરૂ કર્યું.

અને એ તદ્દન સાચો હતો. થોડેક ઊંડેથી સિગાર-બૉક્સ મળી આવી, પણ તેનો ઉપરનો ભાગ ખુલ્લો હતો. અને અંદરથી તદ્દન ખાલી હતી.

હવે અમે બધા એ સિયામીઝ હાથની શોધમાં લાગી ગયા. તેમને પકડી પાડવા હું અવારનવાર મારું ઘડિયાળ રેઢું મૂકવા માંડ્યો પણ તે દેખાયા જ નહિ. પરંતુ ચોરીઓ તો ચાલુ રહી. કોઈકોઈ વાર કોઈકોઈને એ દેખાતા પણ ખરા, પણ જોતજોતામાં તો નજર બહાર સરકી જતા. હવે સમગ્ર કૅમ્પ એ હાથ પાછળ મંડી પડ્યો હતો.

પણ ત્યાં તો આ કૅમ્પ ખાલી કરી બીજે પડાવ નાખવાનો હુકમ મળ્યો. હકીકતમાં આ હુકમથી સૌકોઈ આનંદમાં આવી ગયા. એકેએક, નાનામાં નાની ચીજ પણ તપાસી તપાસીન પૅક કરવામાં આવી - ક્યાંક એ હાથ છૂપાઈ તો નથી રહ્યાને? નહિતર નવા કૅમ્પમાં પણ એ જ ત્રાસ ચાલુ રહેવાનો.

બે વરસ કૅમ્પ બદલ્યાને થઈ ગયા, પણ હજુ સુધી સિયામીઝ હાથ ક્યાંય કોઈની નજરે નથી પડ્યા. □



ફિલ્મનું અનુભાવન

હસમુખ બારાડી

પ્રાસ્તાવિક : ડાયરામાં ઈજન

હજારેક માણસભર્યા અંધારિયા વિશાળ ખંડમાં સામે મોટા પડદા ઉપર ત્વરિત ગતિએ ચલિત થતાં ચિત્રો અને કાન ભરી દેતા એના સુસંગત ધ્વનિ દ્વારા દર્શાવાતી એકધારી સળંગ કથા એ એક રીતે અને સમિત્રપરિવારના કૌટુંબિક વાતાવરણમાં નાના ખંડમાં પૂરતા ઉજાસમાં સામે કાચની નાની ટ્યૂબ પર ચલિત થતાં ચિત્રો-ધ્વનિઓ દ્વારા ક્યારેક સળંગ તો ક્યારેક ટુકડે ટુકડે બતાવાતી કથાઓ, તેમજ એક પછી એક અવિરત આવતાજતા કાર્યક્રમ ટુકડાઓ એમ બીજી રીતે, ફિલ્મ કહેતાં, સિનેમા કહેતાં, બોલપટ કહેતાં, ટેલિવિઝનનો આપણો પ્રાથમિક અનુભવ છે. દસેક વર્ષ પહેલાં સુધી આપણને કોઈ વડીલની (ભૌતિક રીતે જ) આંગળી પકડીને સજીધજીને ફિલ્મ જોવાનો પહેલો મોકો મળતો એવું કહી શકાતું; પરંતુ હવે છેલ્લા અર્ધા દાયકામાં, ઘરમાં સૌથી વધુ મહિમાવાળું બની ગયેલું ફર્નિચર - ટેલિવિઝનની ટ્યૂબે બદલાતાં ચિત્ર-ધ્વનિ જોવા-સાંભળવા માંડીએ, અને એને સમજવા-માણવાની વાત પછી આવે, એ સ્થિતિએ આપણે પહોંચ્યાં છીએ. એટલે કે આ ચલિત ચિત્ર-ધ્વનિનો વ્યાપ-પ્રસાર-પ્રચાર આજે એટલાં વધ્યાં છે. તત્ત્વતઃ ફિલ્મ અને ટેલિવિઝન માધ્યમો તરીકે કે એના રસાનુભવ અથવા પ્રયોગ-ઉપયોગની દૃષ્ટિએ સાવેસાવ નિરાળાં છે. તે છતાં એવી જ તાત્ત્વિક દૃષ્ટિએ એ બંનેનું વ્યાકરણ ઘણું સમાન છે. ફિલ્મ પછી અર્ધે સૈકે વિકસેલા ટેલિવિઝનના માધ્યમે દૃશ્યશ્રાવ્યભાષા ફિલ્મ પાસેથી પૂરેપૂરી લીધી, પણ પ્રસારણના માધ્યમ તરીકે એ રેડિયો બ્રોડકાસ્ટિંગની જ બહુ નજીક ગણાય. તો કાલ્પનિક કરતાં વાસ્તવિક લોકોના માધ્યમ તરીકે એ સ્વરૂપગત જે રીતે વિકસ્યું-પ્રયોજાયું છે એ દૃષ્ટિએ તે 'ચોવીસે કલાક ઉપલબ્ધ અખબાર' પણ ગણાયું છે.

- અને એટલે જ આ માધ્યમો વિશે એનાં રીત-રસમ-ઉદ્દેશ -નીતિ-પ્રમાણ વગેરે અનેક દૃષ્ટિએ ભારે ગૂંચવાડો પેદા થયો છે. એના નીતિ-ઘડવૈયાઓ, નિર્માતાઓ અને ઉપભોક્તાઓ બધામાં મૂળે આ ચારેય માધ્યમો પ્રત્યાયન/સંપ્રેષણ (કમ્યુનિકેશન)નાં હોવાથી માણસ એકનું કામ બીજાને સોંપે, એકનો અનુભવ બીજાને આપે અને એને વિકસાવે, એક જેવું બીજા પાસેથી અપેક્ષે અને પોતાની જાતને વિખેરી નાંખવા કે પછી આ બધાં દ્વારા પોતાની જાતને પૂરી પામવા, પોતાની અધૂરપ પૂરવા, એકલતા ટાળવા જે કાંઈ કરે/કરી બેસે એ સહજ પણ છે - જો એ બધું કરતાં પહેલાં એ દરેક માધ્યમની ભાષા જાણતો હોય, એનું વ્યાકરણ સમજતો હોય, એનાં રસાયણો, ભેળવી-સેળવી, એને જ સમાંતર જો એ દરેકની આગવી - નિરાળી - એક સરખી શક્તિ - શક્યતાઓ - મર્યાદાઓ પિછાણતો હોય!

- અને તો કોઈ ગૂંચવાડો રહે નહીં. ઊલટું, એ ચારેય અને માનવજાતે વિકસાવેલ બીજાં પણ પ્રત્યાયનનાં સર્વ સાધનો-માધ્યમોને મુક્તપણે માનવી ભોગવે.

એટલે આ લેખમાળામાં મુદ્દો મારે મન આ છે : પેલી ચલિતચિત્ર-ધ્વનિની, એના વ્યાકરણની, ભાષાની, એની સાક્ષરતાની વાત કરવી. - આટલા જ સરળ સહજ સંવાદની રીતે, જેનું મુખાડું ઉપરના ત્રણચાર પૅરેગ્રાફમાં બાંધ્યું છે. એના અંતરાઓમાં ક્યારેક એની ટેક્નિકલ વાતો કરીશું; ક્યારેક ક્યારેક કોઈ નટનટીના જીવનમાં ડોકિયું પણ કરીશું.

એ જ રીતે દેશવિદેશની ફિલ્મોની કથાઓ તથા એનાં નોંધપાત્ર ગુણ/લક્ષણ/રૂપ/રચનાની વાત આપણે કરવી પડશે; એના પ્રવાહોમાં તણાવું પડશે, તો ક્યારેક કાંઠે ઊભા રહીને આંગળી પણ ચીંધવી પડશે કે આ આપણે શું કરી બેઠા છીએ! એની મનોરંજનની મુદ્રા મેગ્નિફાઈંગ કાચની નીચે મૂકવી પડશે, તો 'આર્ટ ફિલ્મો'ના અરીસામાં આપણે ક્યારેક જાતને જોઈશું, કે પછી એ 'સમાંતર ફિલ્મો' કઈ સંવેદનામાં કઈ રીતે મુખ્ય પ્રવાહથી અલગ મારગ ચાતરે છે એ આપણે માઈક્રોસ્કોપથી જોઈશું.

વળી, એના ક્લોઝ-અપ, ડૉલ્બી સાઉન્ડ, એના સ્થળસમયના ખેલ, અંધારાં-અજવાળાંની રમતો, સ્લોમોશનમાં સનસનાટી સર્જતા સેક્સ અને હિંસાના અભિગમો તેમજ તેની 'કલાશાસ્ત્રીય દૂરી' (aesthetic distance) જેવાં તત્ત્વોની ચર્ચા પણ અવારનવાર એમાં ઝળકશે. કલાકારની અંગત અભિવ્યક્તિથી માંડીને રાજ્ય સરકારોથીય મોટા બજેટોવાળા આ મહાઉદ્યોગનાં કારણો-પરિણામો સુધીની એની ચડતી-પડતીના આપણે સાક્ષી બનવું પડશે.

ગેરસમજોય અનેક છે : 'દિલીપકુમાર કે માધુરી દીક્ષિત શું અભિનય કરે છે!', કૅમેરો ફરે છે.' 'અમિતાભ કાયદાને પડકારે છે.' વગેરે. ટૂંકમાં જે પડદે દેખાય છે એમને આપણે નિર્ણાયક માનીએ છીએ અને એને આપણે સત્ય માની ચાલીએ છીએ. પણ એ એનાં રંગીન ચિત્રો જેટલું રળિયામણું સરળ સહજ નિર્મળ





માધ્યમ નથી. જે દેખાય છે, એ દેખાડવા એના કલાકાર કસબીઓને એક ટકાની પ્રેરણા સામે નવ્વાણું ટકાનો પરિશ્રમ કરવો પડ્યો હોય છે. કલા કરતાં કસબ કરતાં કમાણી ઉપર મોટેભાગે એણે હંમેશા વધુ ભાર મૂકવો પડ્યો હોય છે. ફિલ્મ ખર્ચાળ માધ્યમ હોવાથી નિષ્ફળતા એને પોસાય નહીં; અને સફળતા એને એ જ **ફોર્મ્યુલાનું પુનરાવર્તન** કરીને પચાવવી પડે છે.

ભલે મોટેભાગે **શહેરકેન્દ્રી** સિનેમાઘરોમાં ફિલ્મો પ્રદર્શિત થતી હોય, તો પણ એનો પ્રભાવ કલ્પનાતીતરીતે વ્યાપક અને કાયમી છે. પડદે ચિતરાય એ 'વર્તમાનની ક્ષણ' ભલે લાગે, પણ એ અંધારે ડોળા ફાડીને બેઠેલા પ્રેક્ષકોના સંવેદનતંત્રો પર હંમેશા હાવી થઈ ગઈ હોય છે... દા.ત. એમાં 'આર્યનારી'નું ચિતરામણ જે રીતે પ્રેક્ષકો પાસે રૂમાલો નિચોવાવે છે એ જ રહસ્યોનાં દૃશ્યો પ્રેક્ષકોને ખુરશીમાં અક્કડ બનાવી દેતાં હોય છે. વાસ્તવ અને આભાસ વચ્ચે પેલા દોરડે નાચતા ડાક-બજાણિયા જેવી સતત સંતુલન કરવાની આ કલા છે. પળવાર કદાચ એ ભુલાવી પણ દે કે દોરડે ચાલવાનો તો એણે અભ્યાસ કર્યો છે. (એ પડે તો એને પોસાય નહીં) અને તે છતાં જીવ તો આપણો જ એ તાળવે ચોંટેલો રાખે. આમ, ફિલ્મ એના વાસ્તવના આભાસમાં કે એના આભાસી વાસ્તવમાં કઈ રીતે શું સિદ્ધ કરે કે કરી શકે એ સાથે મળીને નિહાળવાનો આપણે અહીં ઉપક્રમ રાખીશું.

બહુ જ આછાપાતળા એવા ક્રમિક વિકાસે આપણે આ વાત કરીશું. એમાં અભ્યાસક્રમ કે અનુક્રમનો ભાર બનશે ત્યાં સુધી નહીં રહેવા દઈએ, તો પણ એ બધું ગૂંથીશું એવે દોરે કે એના મણકા જ દેખાય.

વાત છે ચલચિત્રની, એટલ તસ્વીરો, રેખાંકનો અને ખાલી જગ્યાઓ વગેરે (જેટલી ઉપલબ્ધ થશે એટલી) આપણે એમાં મૂકીશું. પરંતુ એને 'ચલિત' કે 'ધ્વનિત' નહીં કરી શકીએ, એટલી આ મુદ્રણના માધ્યમની મર્યાદા રહેશે!

અલબત્ત, 'કુમાર' સામાયિકની શ્રેષ્ઠ પરંપરાઓ મુજબ આ લેખશ્રેણી વાચકોને સથવારે એ ઇચ્છશે એ રીતે એને વળાંકો આપશે. (ઉઠશે તો) વાચકોના પ્રશ્નોના જવાબોય આપશે અને એવો ડાયરો જમાવશે કે જેમાં બરાબર એક સદી પહેલાં માનવજાતે રમતરમતમાં વિકસાવેલ કલાના આ બળૂકા અભિવ્યક્તિના માધ્યમને આપણે સાથે મળીને માણીશું કે જેથી એ ખરેખર કેવી રીતે પમાય, કલાકાર એમાં ક્યાં ચૂક્યો, કે પ્રેક્ષકે ક્યાં ન ચૂકવું, ક્યારે એના કલાકાર-કસબીને બાથમાં લઈને છાતીમાં ભીંસવાં અને ક્યારે એમનો કાન આમળવો, કેવી રીતે આમળવો, કચકડાની આ કલાને કચડવામાં સત્તાદાસોએ કે એને મચડવામાં અર્થદાસોએ કઈ ભૂમિકા ભજવી એ પણ આપણને સમજાય...

આટલા **પ્રાસ્તાવિક કથન** સાથે અહીં માત્ર એટલું જ ઉમેરીએ કે બરાબર એક સદી પહેલાં ૧૮૯૫ની ૨૮મી ડિસેમ્બરે ફ્રાંસના લુમિયે બંધુઓએ જે પહેલી મૂંગી (એટલે ધ્વનિહીન) ફિલ્મ બનાવી હતી એ જીવતાં લોકો અંગેનું પ્રથમ દસ્તાવેજી કવરેજ જ ગણાય. અને એમાં 'રેકૉર્ડ રાખવાનો' સ્થિર તસ્વીરકલાનો ઉદેશ જ વિસ્તરતો હતો. એના છઠ્ઠે જ મહિને ૧૮૯૬ના જુલાઈમાં લુમિયે બંધુઓએ મુંબઈમાં વૉટસન હોટલમાં 'મૅજિક શો' તરીકે એને પ્રદર્શિત કરીને ભારતભરમાં સનસનાટી સર્જી હતી. એ પ્રારંભના ફિલ્મ ઉદ્યોગમાં ગુજરાતીઓ કલાકસબ અને નાણાંની કોથળી ખોલવામાં મોખરે હતા.

એ રીતે આ લેખમાળા ફિલ્મકલાની સદીના **સંભારણા** તરીકે 'કુમાર'નું નજરાણું બની રહેશે. □

આ વિષયના અભ્યાસુઓએ 'કુમાર'નો ૧૯૯૧ ઑગસ્ટનો લેખ - **'ટેલિવિઝનની શક્તિ અને શક્યતા'** તેમજ ૧૯૯૨ જુલાઈનો **'માધ્યમ સાક્ષરતા'** લેખો જોવા.

અમથો હલકારો

પંકજ ત્રિવેદી

'કંકુબઈ, એ કંકુબઈ...!' બહાર રસ્તા પરથી જ એક માણસ સાઈકલ લઈને નિશાળના પ્રાંગણમાં પ્રવેશતાં બૂમ પાડે. અવાજ સાંભળીને પાંચ-સાત વરસનો એક છોકરો નિશાળના આચાર્યના ઘરમાંથી દોડતો બહાર આવે અને એ માણસના માથે બાંધેલા ખાખી રંગના ફાળિયાને ખેંચી કાઢે. એમાંથી કાળા-કથ્થાઈ રંગના વાળ જાણે અચાનક જ ઊગી નીકળે અને હર્યા-ભર્યા ખેતરમાં લહેરાતા પાકની જેમ પવનની લહેર સાથે ફરફરી ઊઠે! એ પોતાના નાનકડા હાથથી એ માણસને મારવા લાગે. એ માણસ ખી...ખી... હસતો જાય અને ગોળ ફરીને મોકો મળતાં જ છોકરાને ઊંચકીને ફરી પાછો ગોળ-ગોળ ફરે. આ નિત્યક્રમ થઈ ગયેલો!

ખાખી રંગનો કોટ અને નીચે સફેદ લેંઘો પહેર્યો હોય. પગમાં પીળા રંગના કેનવાસના બૂટ, બિલકૂલ પહેલાંના જમાનામાં પોલીસ પહેરતા તેવા! સાઈકલમાં એકેય પૈડા પર પંખા નહીં અને ચેઈન-કવર પણ નહીં. પાછળના કેરિયર પર ટપાલનો થેલો ગોઠવ્યો હોય. સુરેન્દ્રનગરથી રાજકોટ હાઈ-વે પર પસાર થતી અમુક ચોક્કસ બસમાં કંડક્ટર ટપાલનો થેલો લઈ આવે. રસ્તાની સામેની તરફ ગોદાવરી ગામે રહેતા અમથાલાલ ટપાલી એ થેલો ત્યાંથી લઈ લે. પછી સાઈકલ પર લીમલી આવે. ચહેરા પર પાઉડરને બદલે જાણે કાળી મેશ લગાડીને આવ્યા હોય એવો રંગ! લાલ-ઝીણી આંખો, પીળા-પીળા દાંત, દૂબળુ શરીર અને માથાના અસ્તવ્યસ્ત વાળ પર બંધાયેલું પેલું ખાખી ફાળિયું.

એ વખતે મારા બાપુજી નિશાળમાં આચાર્ય હતા. સાથે-સાથે પોસ્ટનું કામ પણ કરતા. અમથાલાલ લીમલી આવે પછી મારા બાપુજી પોસ્ટના થેલા ખોલી તમામ વિધિ કરતા. એમાં નજીકના મુંજપર ગામની ટપાલ પણ હોય. લીમલીમાં ટપાલ વહેંચ્યા પછી અમથાલાલને મુંજપર જવું પડતું. એ બપોરે ત્રણેક વાગ્યે પાછા આવે. પછી નિશાળના શિક્ષકો સાથે બપોરની ચા પીવે અને થોડો આરામ કરીને ગોદાવરી તરફ નીકળી પડે.

એક વખત અમથાલાલને ખૂબ તાવ આવેલો. લગભગ પંદરેક દિવસ બીમાર રહ્યા હશે. એ દરમિયાન મારે ગોદાવરી જવાનું થયું. સાથે-સાથે અમથાલાલને મળવાની ઇચ્છા પણ ખરી! શાળામાં જ શિક્ષક તરીકે મફતભાઈ હતા. એ પણ ગોદાવરીના જ! એટલે એમની સાથે સાંજે સાઈકલ પાછળ બેસી ગયો. એ રાત્રે હું અને મફતભાઈનો ભરત ગામમાં ફરવા નીકળી પડ્યા. ગામના છેવાડે સાંકડી શેરીમાં થઈને અમે પસાર થયા. ત્યાં ખૂણા પાસે જ માટીના ઊંચા ટીંબા પર ઢાળિયા જેવું નાનકડું મકાન દેખાયું. મકાન શું, ગારા-પાણાનું ઝૂંપડું જ કહોને! માટીના ટીંબા પર ચડતી વખતે પગ ખસી ન જાય એનું ખાસ ધ્યાન રાખવું પડે એમ હતું. ઉપર આવ્યા પછી થોડી સમથળ જમીન ગોળાકારમાં પથરાયેલી હતી. એ જ એમનું ફળિયું. સામે જ બારણું હતું. બહાર ઊભા-ઊભા જ સૂતરની વાટવાળા દિવેલિયાના આછા અજવાળે મેં દૃષ્ટિને ઊંડે સુધી ધકેલી. નાનકડી ઓશરીમાં ડાબી તરફ ખાટલો ઢાળેલો હતો. એમાં અમથાલાલનાં પત્ની સૂતેલાં. એમનાં વિશે હું પહેલેથી જ 'પથારીવશ છે' એવું સાંભળતો હતો. જમણી તરફનો ખાટલો ખાલી હતો. ઓશરી પછી સીધું જ બારણું રસોડાનું હતું. અડધી ઓશરી જેવડી ઓરડી એટલે અમથાલાલનું રસોડું. અમથાલાલ ફૂંકણિયું લઈને ચૂલાને ફૂંકતા હતા. જેવી ફૂંક લાગી કે, કપાસની સાંઠીઓ સળગવા લાગી. એની અગનજ્વાળામાં અમથાલાલનો કાળો ચહેરો લાલાશ પકડી રહ્યો! થોડું ત્રાંબા જેવું લાગતું હતું એમનું શરીર! અમથાલાલે રોટલો ઘડીને તાવડીમાં મૂક્યો. એને શેકતી વખતે એ કશુંક ગણગણતા હતા.

હું અને ભરત બહાર ઊભા-ઊભા ચૂપચાપ જોઈ રહ્યા હતા. અમથલાલને આ સ્થિતિમાં જોઈને મને આશ્ચર્યમિશ્રિત દુ:ખ પણ થયું. એ વખતે જ નાના બે-ત્રણ ટાબરિયાં દોડી આવ્યાં. એમાંથી એક છોકરાને જોતાં લાગ્યું કે, કદાચ જન્મ્યો હશે ત્યારે ય મા-બાપે નવરાવ્યો હશે કે કેમ? શરીર પર એકેય કપડું નહીં. હાથ-પગ દોરડી અને પેટ ગાગરડી જેવું! એ અમથાલાલનો દીકરો હતો. ત્રણ-ચાર વર્ષનો તો હશે. અમથલાલે રોટલા શેકી લીધા એટલે મેં બહારથી બૂમ પાડી;

'કંકુબઈ, એ કંકુબઈ....?' મારો અવાજ સાંભળીને દોડતા જ અમથાલાલ બહાર આવ્યા. મને જોતાં જ હર્ષથી આંખો ભીની થઈ ગઈ. મને ઊંચકીને ગોળ-ગોળ ફર્યા. અત્યારે એમના માથા પર ફાળિયું નહોતું. એમની આંખમાં પાછલા પહોરનું ઝાકળ હજી યે અકબંધ હતું!

'તું અહીં ક્યાંથી?' એમણે પૂછ્યું.

'તમને તાવ આવે છે ને એટલે મફતભાઈ સાહેબ સાથે ખબર પૂછવા આવી ગયો. બાપુજીએ કહ્યું'તું, કામકાજ હોય તો પૂછજે.'

'કામ તો કંઈ નથી, કે'જે હજી બે-ચાર દિ' નઈં અવાય. નબળઈ બઉ છે..'

અમથાલાલના અવાજમાં ય ફેર લાગતો હતો. એમનાં

પત્ની કાયમી બીમાર. નાના છોકરાઓ અને પોતાને ગોદાવરીથી લીમલી અને ત્યાંથી મુંજપરની આવન-જાવનવાળી નોકરી. બિચારા કરે ય શું? આ બધું પેટ માટે જ છે ને? અમથાલાલની આર્થિક સ્થિતિ ખૂબ નબળી. એ જમાનામાં પગાર પણ કેટલો હશે? ઘર, વ્યવહાર અને દવાના ખર્ચને સામાન્ય માણસ કઈ રીતે પહોંચી શકે? તેમ છતાંયે મને જોઈને એ ફરી પાછા ઘરમાં ગયા.

'આવું છું, હોં! ઊભો રહેજે.'

થોડીવારે પાછા આવીને એક રૂપિયાની નોટ એમના દીકરાના સમ આપીને મારા ખિસ્સામાં સરકાવી દીધી. મેં ખૂબ ના પાડી. એમણે અતિ આગ્રહથી કહ્યું; 'મારી ગરીબીની મશ્કરી ન કરીશ કંકુબઈ, લઈ લે આ રૂપિયો. તું અહીં ફરી ક્યારેય આવીશ...'

એમની આ વાત, આ શબ્દો ને એ વખતે હું બરાબર સમજ્યો નહોતો, જે આજે સમજાય છે. અમથાલાલ ખરેખર રડી પડ્યા. એમની આ સ્થિતિને સમજ્યા વગર પણ મને થયું, અમથાલાલ રડે છે એટલે રૂપિયો લેવો જોઈએ. મેં ન છૂટકે પણ લીધો. એ વખતે હું એમની ગરીબી જોઈને દુઃખી થઈ ગયેલો એમ તો નહીં કહું; પરંતુ એ સ્થિતિમાં ય એક રૂપિયો આપીને આંસુ સારતો માણસ જોયો એનું કુતૂહલ હતું! આમાં વિચિત્રતા લાગી હતી. આવા દુઃખની દવા પણ નહીં!

થોડા દિવસમાં જ બધું રાબેતા મુજબ ગોઠવાઈ ગયું. અમથાલાલની તબિયત પણ સારી થઈ ગઈ હતી. ફરી પાછા ગોદાવરી, લીમલી અને મુંજપર વચ્ચેના ફેરા ઘાંચીના બળદ જેમ શરૂ થઈ ગયેલા.

એ દિવસોમાં એક ઘટના બની. સામાન્ય રીતે અમારા લીમલી ગામમાં ટપાલ આવવાનો સમય થાય એ પહેલાં ગામના સરપંચ અને બે-ચાર બીજા માણસો આવીને બેસતાં. ટપાલ તો બહાનું હતું; પરંતુ એ રીતે પણ મારા બાપુજીને મળતા, સત્સંગ કરતા. કોઈના પત્રો હોય તો ત્યાંથી જ પોસ્ટકાર્ડ-કવર ખરીદીને જવાબ આપતા. કેટલાક તો મારા બાપુજી પાસે જવાબ લખાવતા. કોઈ દિવસ એવો નહીં હોય કે, ટપાલના સમયે ગામનો એકાદ માણસ પણ હાજર ન હોય! એક દિવસ સરપંચ ખોડુભા બાપુ અને બે-ચાર માણસો બેઠેલા. મારા બાપુજી સાથે અલક-મલકની વાતો ચાલે. દરમિયાન અમથાલાલ ટપાલ લઈને આવ્યા. એમણે ટેબલ પર થેલો મૂક્યો.

થેલા પરના લાખના સીલને ખોલીને અંદર હાથ નાખ્યો. આ શું...? અંદરથી લીમલીના પત્રો તથા મુંજપરનો નાનો થેલો નીકળ્યા; પરંતુ ચામડાની કૅશબૅગ નહોતી! મારા બાપુજીએ અમથાલાલને પૂછ્યું. એમણે તો કહ્યું; 'શા'બ, હું તો કંડક્ટરે જેવો થેલો દીધો એવો જ લઈન્ આયો સું.'

મારા બાપુજી, અમથાલાલ અને સરપંચ સુરેન્દ્રનગરની મુખ્ય ટપાલ કચેરીએ આવ્યા. બધી વિગતે વાત કરી. પોલીસ ફરિયાદ થઈ. એ વખતના જમાદાર મંગલસિંહને આ અંગેની તપાસ સોંપાઈ. મંગલસિંહે મારા બાપુજી અને અમથાલાલની પૂછપરછ શરૂ કરી. લીમલી આવીને સૌ ગામલોકો સમક્ષ વાત કરી. એ વખતે સરપંચ ખોડુભા બાપુએ કહ્યું; 'ટપાલનો થેલો મોટા શા'બે અમારી નજર સામે જ ખોલ્યો હતો. એ વખતે જ એમાં કૅશબૅગ નહોતી. કૅશબૅગ મુખ્ય કચેરીમાંથી ગૂમ થઈ છે. બે-ચાર દિવસ અમે સૌએ ચિંતામાં વિતાવ્યા. અમથાલાલને તો જમાદાર મંગલસિંહે એવાં પ્રશ્નો પૂછેલા અને ધમકી આપેલી કે, એ રડી પડેલા. માત્ર મરવાનું જ બાકી હતું.

નિર્દોષ અમથાલાલે કહ્યું; 'શા'બ, રસ્તામાં મેં કંઈ ગોટાળો નથી કર્યો. થેલાને જેવો સીલ હતો એવો જ લઈન્ આયો સું. ગામલોકની હામે મોટા શા'બે થેલો ખોલ્યો'તો. ઈમાં પે'લેથી જ કૅશબૅગ નો'તી. હું તો ગરીબ માણાહ સું પણ પૈસા હારું આવાં કાળા કામ નો કરું.'

ગામલોકોએ પણ પોતાની સાક્ષીમાં જ થેલો ખોલાયેલો અને એમાં કૅશબૅગ નહોતી એવું લખાણ કરી આપ્યું.

છેવટે તપાસ કરતાં ચોથા દિવસે જમાદાર મંગલસિંહના સમાચાર આવ્યા. એમણે બોલાવેલા એટલે તરત જ મારા બાપુજી સુરેન્દ્રનગર આવવા નીકળી પડ્યા. એ દિવસે અમારી જનોઈનો પ્રસંગ હતો. કંકોત્રીઓ તો અગાઉથી જ મોકલેલી. એમાં આ બધો ગોટાળો થયો. હું લગભગ પાંચેક વર્ષનો જ હોઈશ! એક તરફ અમારી જનોઈવિધિ ચાલતી હતી તો બીજી તરફ મારા બાપુજી સુરેન્દ્રનગરની મુખ્ય ટપાલ કચેરીમાં હતા! જમાદાર મંગલસિંહ મુખ્ય પોસ્ટ માસ્તર પાસે બેઠા હતા. મારા બાપુજીએ પ્રવેશ કર્યો, એ જોઈને બોલ્યાં; 'આવો સાહેબ, આવો. તમારો ચોર પકડાઈ ગયો છે, હોં! જરાયે ચિંતા કરશો નહીં. આ મુખ્ય કચેરીમાંથી જ એક માણસે આખી કૅશબૅગ સેરવી લીધેલી. આવું અગાઉ બીજા બે-ત્રણ ગામમાં પણ થયેલું. આ વખતે તો એ બરાબર ઝપટમાં આવી ગયો છે.'

મારા બાપુજીને શાંતિ થઈ. પોતાની પવિત્રતાએ જ ઊગાર્યો. તરત જ એ પાછા લીમલી તરફ નીકળ્યા. અમે સૌ ચિંતાગ્રસ્ત ચહેરે બાપુજીની રાહ જોઈ રહ્યા હતા. આખી નિશાળના તમામ શિક્ષકો, સગાં-સંબંધી અને અમથાલાલ પણ ચિંતિત હોય જ ને! સરપંચ પણ દોડી આવ્યા.

આમ નોકરી દરમિયાન આવેલી આફતમાંથી પાર ઊતરેલા અને મારા બાપુજીના વિશ્વાસુ સાથીદારોમાંના એક અમથાલાલ ટપાલીને ગરીબીએ બાથ ભીડી હતી. છતાંયે પૂરી ઇમાનદારીથી નોકરી કરી હતી. થોડાં વર્ષો પછી મારા બાપુજીને પ્રમોશન મળ્યું અને અમે લીમલી છોડ્યું. [અનુસંધાન પૃ. ૪૭૩ ઉપર]

ઈ કોણ સાંકળ ખખડાવે છે?

જયંતીલાલ મહેતા

દૃશ્ય - ૧

(સાંકળ ખખડવાનો અવાજ)

ગંગા ગોરાણી : 'ઈ કોણ સાંકળ ખખડાવે છે?'

કિશનલાલ કામદાર : 'ઈ તો હું છું, ગંગાભાભી! કિશનલાલ કામદાર.' (ખડકી ખોલવાનો અવાજ)

કિ.કા. : (ફળિયામાંથી જ સાદ પાડતા હોય તેવા મોટા અવાજે) 'ગોરબાપા રામશંકર રાજગોર ઘરમાં છે કે?'

(ઠેઠ અંદરના ઓરડામાંથી રામશંકર રાજગોર આવકારવેણ ઉચ્ચારે છે.)

રા.રા. : 'એ આવો, આવો! કામદાર સાહેબ! આમ અચાનક'

કિ.કા. : 'અરે! ગોરબાપા, હું તમારી કને વળી કે' દાડાનો કામદાર સાહેબ બની ગયો? હું તમારો નાનપણનો કિશનો જ ગણાઉં. હાં! પણ તમને ટેમ હોય તો બાપુ રાજમહેલ બોલાવે છે. શગરામ લઈને આવ્યો છું.'

કિ.કા : 'હજી તો ચાર જ થયા છે. સંજ્યાટાણા મોર તમને પાછા આંયાકણે પોગાડી દઈશ, બાપલા! તમારી સંધ્યા-પૂજા પાડવાનું પાપ મારે નથી વહોરવું!'

રા.રા. : 'તો ચાલો, આવું છું.'

(બંને જાય છે. ગંગા ગોરાણી ખડકી વાસી સાંકળ ચડાવે છે તેનો આછેરો અવાજ - અને પછી શગરામ હાંકનારના હાકલા પડકારા : જે! જે! ગોરબાપા! શગરામના ધોરીડાને ડચકારતા : ઈ હાલો મારા વહાલુડાઓ - ઝટઝટ ગોરબાપાને બાપુ પાંહે પોંચાડો એટલે પછી નીરણપાણી દઉં.)

[દૃશ્ય પૂરું થયાનું સંકેત સંગીત]

દૃશ્ય - ૨

અભેસિંહ ઠાકોર : 'આવો, આવો! ગોર મહારાજ! કામદાર, તમે હવે છૂટા! (કામદાર જાય છે પછી) એક શુભ સમાચાર કહેવા તમને બોલાવ્યા છે. ગોરબાપા!'

રા.રા. (અવાજમાં થોડી આતુરતાસહ) - 'બોલો, બોલો! બાપુ, શું સમાચાર છે?'

અ.ઠા. 'રાણીસાહેબે આજે જ મને કીધું, તેમને ત્રીજો મહિનો જાય છે.'

રા.રા. : 'તમારા મોંમા સાકર. આ વખતે કુંવરસાહેબ જ પધારશે.'

અ.ઠા. : (અતિ ઉત્સાહમાં આવી જઈ) 'રામશંકર, ભઈલા!... (પછી સુધારી લેતા હોય તેવા ઠાવકા અવાજમાં) માફ કરજો, ગોરબાપા! મને નાનપણ સાંભરી આવ્યું અને આમ ભઈલા બોલાઈ ગયું.'

રા.રા : 'બાળગોઠિયા હરખના ટાણે મળે ત્યારે એમ બનવું સ્વાભાવિક છે. પણ ઈ વાતને તો હવે ત્રણ દાયકા વીતી ગયા. હવે તમે ઠાકોરસાહેબ, સો ગામના ધણી છો. અને હું તમારો ગોર છું. તમારી રૈયત છું. એટલે અરસપરસ આમન્યા રાખીએ ઈ જ શોભેને? ઠ્ઠારુ! પણ એક વાત પૂછું? મેં કહેલ બધી જ પરેજીઓ અને વિધિઓ અક્ષરશઃ પાળી છે ને?'

[દૃશ્ય બદલાય છે તેનું સંકેત સંગીત]

દૃશ્ય - ૩

(આ આખું યે દૃશ્ય ફ્લેશબૅક રૂપે ભજવાય છે)

અ.ઠા. : 'રાણી! મીરાં! આ છેલ્લી વારકું છે મને રામશંકર રાજગોરે છાતી ઠોકીને કીધું છે કે તમારું સાતમું સંતાન દીકરો જ જન્મશે. તે માટે અમુક પરેજીઓ પાળવી પડશે. ને અમુક વિધિઓં કરવાની છે. બસ એટલું જ.'

રાણીમા : 'હું તો હવે થાકી છું. છ-છ દીકરાઓ મારે પેટ પડી. પછી હવે મને દીકરાની આશા નથી. તમને કહીકહીને થાકી કે ગાદીવારસ માટે તમે બીજી રાણી લાવો. મને જરાય વાંકું નહિ પડે. હું તો મારા બાળકનૈયાની સેવામાં જ રાજી છું.'

અ.ઠા. : 'છિ! છિ! એ શું બોલી, મીરાં? આ જન્મે જ નહિ. આવતા સાત ભવ લગણ તું જ મારી એકમાત્ર રાણી રહેવાની. નહિતર ભલે વાંઢો મરી જાઉં!'

રાણીમા : 'અરે મારા રાજ! એવું તે શું ભાળી ગયા છો મારામાં? અને વાંઢા રહેવાની ફિશિયારી મારો મા! તમે? ને પાછા વાંઢા?? જાવ, જાવ! હવે! હાં! પણ પેલી પરેજી ને વિધિઓની વાત કરો!'

અ.ઠા. : 'અષાઢી પૂર્ણિમાએ ગર્ભાધન કરવાનું. તે અગાઉ બે-બે મહિના સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું. અને ગર્ભાધાન પછી કુંવરના જન્મ સુધી પાછું અખંડ બ્રહ્મચર્ય પાળવાનું. ઉપરાંત રોજ અમુક જપ કરાવવાના. દર બારશે પાંચ બ્રાહ્મણ બટુકોને જમાડવાના. ત્યારે તમારે ને મારે સામે બેસી આગ્રહપૂર્વક પિરસાવવાનું. તમારા હાથે પાંચેયને દક્ષિણા દેવાની. છેલ્લી બારશે એકાવન બ્રાહ્મણોને જમાડવાના. બસ, પછી વૈશાખ શુદિ ત્રીજ - અખાત્રીજને શુભદિને પુત્રજન્મ થશે. તમને તો ખબર છે કે રામશંકર રાજગોરની ભવિષ્યવાણી ક્યારેય ખોટી નથી પડતી.'

રાણીમા : 'તો પછી છ-છ કુંવરીઓના જન્મ વખતે એ શું બોલ્યા'તા ?'

અ.ઠા. : 'એમને હું પૂછતો ત્યારે મૂગા જ રહેતા. માત્ર એક જ વેણ ઉચ્ચારતા : ઈશ્વરેચ્છા બલીયસી! પણ આ વખતે તેમણે સામે ચાલીને મને કીધું છે કે ઠાકોરસાહેબ, હવે ગાદીવારસ જન્મવાનું ટાણું આવી લાગ્યું છે. એટલે એ સાચકલા બ્રાહ્મણનું વચન મિથ્યા નહિ જ થાય.'

(ઉપરોક્ત ફ્લૅશબૅક અહીં પૂરો થતાં અભેસિંહ ઠાકોર હવે રામશંકર રાજગોરને સ્વાભાવિક ટોનમાં કહે છે.)

અ.ઠા. : 'અને ગોરબાપા, મારો માંહ્યલો મને વળી વળીને કેતો'તો કે બ્રાહ્મણનું વચન મિથ્યા નહિ થાય એટલે આજે રાણી સાહેબે મને પાકે પાયે કીધું કે તરત જ હરખ કરવા તમને તેડાવ્યા છે. આમ તો મારે તમને વંદન કરવા આવવું જોઈએ. પરંતુ એમ કરવા જતા પાછું ગામ આખામાં હો હો થાય એટલે તમને તસ્દી આપી છે.'

રા.રા. : 'બસ, હવે બાકીના મહિના બધું બરોબર સાચવી લેજો. એટલે ઈશ્વરકૃપાથી ગાદીવારસનું મોં જોવા પામીશું. બસ! ત્યારે મને હવે રજા આપો. સંધ્યાસમય થવા આવ્યો છે.'

[દૃશ્ય પૂરું થવાનો સંકેત : શગરામના ધોરીડાઓની ઘૂઘરી રણકે છે. હાંકનારના ડચકારા સંભળાય છે.]

દૃશ્ય : ૪

ગં.ગો. : 'એ ય, સાંભળો છો? કહું છું? તમારી સંધ્યાપૂજા પતી ગઈ તો ય હજુ આપણો શંકર કેમ આવ્યો નથી? રોજ તો તમારી સાથે ભગવાન શંકરનું સ્તોત્ર કેવી હોંશથી મીઠી હલકે ગાય છે. તો આજ કેમ આટલું અસૂરું થયું છે? જરા તપાસ તો કરાવો. તમને તો તમારાં દેવલાં અને થોથાંમાં એકનો એક જુવાનજોધ દીકરો ય યાદ નથી રહેતો કે શું?'

રા.રા. : 'આમ અથરાં કાં થાવ? શંકર તો મને ય હૈયે વળગ્યો છે, હોં! ઈવડો ઈ તો મહાન પંડિત પ... (ગળામાં ખખરી આવી ગઈ હોય તેમ ગળું ખંખારી) જેવી હરિ ઇચ્છા હશે તેમ થશે. તમે નાહકની ચિંતા કરો મા. હમણાં થોડા દિ' અગાઉ ભીડભંજન મહાદેવમાં કાશીથી એક વિદ્વાન સન્યાસી પધાર્યા છે. શંકર રોજ સાંજે ત્યાં સત્સંગમાં જાય છે. ઓણસાલ મૅટ્રિક પાસ કરે એટલે એને શાસ્ત્રી બનવા કાશી મોકલવો છે ને?'

ગં.ગો. : 'ના, બાપુ! મારે શંકરિયાને ધોળે ધરમેય રેઢો નથી મેલવો. કાશી, મારા બાપ! ક્યાંનું ક્યાં આવ્યું હશે?! ત્યાં એનું કોણ? આગળ ભણવું હોય તો આપણું ભાવનગર શું ભૂંડું છે? ત્યાં કણે પણ રૂપાળી કૉલેજ્યું છે. અને ભાવનગર તો રેલગાડીમાં બે કલાકમાં પોગી જવાય. એટલે દર રવિવારે રૂપાળો ઘેર આવી મારા હાથના રોટલા ખાઈ જાય તો મારો જીવ ઠરે ને? નહિ રે! માડી! કાશી લગણ મારે એને અંતરિયાળ રેઢો નથી મેલવો. જ્યાં કણે એનું આંખ્યમાથું દુખ્યું તો કોણ મૂઈ ચાકરી કરવાવાળી ગામમાં મળશે? કો જોઉં??

રા.રા. : 'પણ એની આજ આ શી ધડપ માંડી છે? હજુ એને મૅટ્રિક તો થવા દો. ત્યાર પછી વિચારશું. બાકી એની કૂંડળી કહે છે કે એ કાશી જશે. પછી તો ઈશ્વરેચ્છા બલીયસી!'

ગં.ગો. : 'ઈ તમતમારે ગામ આખાની કુંડળિયો જોયા કરો. મારા શંકરયાની કુંડળી તો આંય મારા હૈયામાં ચીતરી રાખી છે. ભાવનગરથી કૉલેજનું ભણીને આવે એટલે એકવીસમે વરસે મારે એને પરણાવી ઘરમાં રૂમઝૂમતી વહુ લાવવી છે અને પછી એનાં પોતરાનાં બાળોતિયાં ધોઈને મરવું છે. આમાં મીનમેખ નથી. એટલે ધોળે ધરમેય મારે એને કાશી કે મુંબી કે ક્યાંય આઘે અંતરિયાળ રેઢો નથી મેલવો. આ તમને કહી રાખ્યું. શું સ...મ...જ્યા રા...જ...ના ગો....ર!'

રા.રા. : (વાતને આટોપતા હોય તેવા સૂરમાં) 'ભલે! ભ...લે! જેવી હરિ-ઇચ્છા!'

[દૃશ્ય પૂરું થયાનું સંકેત સંગીત]

દૃશ્ય - ૫

શંકર : 'મા! મા! જો તો, કોણ મારી સાથે મહેમાન આવ્યા છે!'

ગં.ગો. : (ખડકી ખોલીને જોતાં તાજ્જુબીના ભાવ સાથે) 'અરે, પધારો! પધારો!! સ્વામી મહારાજ. આપે અમ ગરીબની ઝૂંપડી પાવન કરી ઈ અમારા ધનભાગ! ધન ઘડી! પધારો, મહારાજ! પધારો.'

સ્વામી શિવાનંદજી : 'જય ભોળેનાથ! માતાજી, આપનું ઘર તો એક પવિત્ર તીર્થસ્થાન ગણાય... રામશંકર રાજગોર જેવા બ્રહ્મનિષ્ઠ પંડિતના નિવાસસ્થાનને ઝૂંપડી કેમ કહેવાય? યે તો બડે બડે રાજમહેલોંસે જ્યાદા સમૃદ્ધ ઓર સુંદર હૈ! અને આપનો આ પુત્ર શંકરલાલ તો કોઈ રાજકુંવરથી યે વધુ તેજસ્વી છે. હું તો આવા હોનહાર પુત્રની જન્મદાત્રીના દર્શને આવ્યો છું. ગોર મહારાજ ઘરમાં નથી?'

ગં.ગો. : 'ના, ઈ તો ઠાકોરસાબ કને ગયા છે. મોડુંવહેલું થશે. પણ ઘર તો છે ને! આપ પધારો ને અમારું ઘર પાવન કરો. આપની શું સેવા કરી શકું, મહારાજ? આજની ભિક્ષા આ ગરીબ બ્રાહ્મણીની સ્વીકારશોને?'

સ્વા. શિ. : 'અરે, આપ ગરીબ શાનાં ? આપ તો બ્રહ્મપુત્રની સાક્ષાત્ દેવી સરસ્વતી ગણાવ. પણ ભિક્ષા માટે માતાજી ક્ષમા યાચું છું. એક ગ્લાસ દૂધ લઈને આપનું મન રાખીશ. પરંતુ મારે તો અન્નની ભિક્ષાથી મોટી ભિક્ષા જોઈએ છે. તે આ અકિંચન સાધુને આપશો?'

ગં.ગો. : 'એ શું બોલ્યા, સ્વામીજી ? કોઈ સાધુસન્યાસી સામે ચાલીને ભિક્ષા માગે ને બ્રાહ્મણને ઘેરથી ખાલી હાથે પાછો

જાય ખરો? આપ આજ્ઞા કરો.'

સ્વા-શિ. : 'મારે તો ભિક્ષામાં આ તમારો બત્રીસ લક્ષણો પુત્ર શંકર ખપે, માતાજી! કાશી લઈ જઈ તેને મહાપંડિત બનાવીશ. પછી તો તે આદિ શંકરાચાર્યના નવા અવતાર તરીકે દેશવિદેશમાં ઝળકશે અને પૂજાશે તેટલી ગહરી અને માર્મિક તેની જ્ઞાનપિપાસા છે. આપ તો માતાજી મહા ભાગ્યવાન છો. આવા વિદ્યારત્નને જન્મ આપી આપે તો ભારતવર્ષ ઉપર ઈશ્વરના આશીર્વાદ ઉતાર્યા છે. આપણા દેવાધિદેવ ભગવાન ભોળાનાથના આદેશથી હું આપની પાસે આ એક માત્ર અને અંતિમ ભિક્ષા યાચું છું, દેવી અન્નપૂર્ણા!'

ગં.ગો. (ગદ્ગદ્ કંઠે)' અરે, સ્વામીજી! તમે તો મારું હૈયું ઊતરડી લીધું. પરંતુ રાજગોરની વાત સાચી પડી. જેવી હરિ ઇચ્છા? ધાર્યું મારા મહાદેવનું જ થાય છે. તમે કાશી વિશ્વેશ્વર દેવાધિદેવ વતી ભિક્ષા માગો અને આ બ્રાહ્મણી ઊઠીને આનાકાની કરે કે ના પાડવાનું પાપ વહોરે?! હરિ! હરિ કહો. જાવ, આપ્યો તમને મારો એકનો એક હૈયાનો હાર. પણ મહારાજ, ઇવડો ઈ સાવ બાળક જેવો ભોળો ભટાક છે. એને મેં ફૂલની જેમ સાચવ્યો છે. હવેથી તમે જ એની મા. તમે જ એના સર્વસ્વ. એને ક્યાંય ઊની આંચ આવશે તો આ પતિવ્રતા બ્રાહ્મણીના ભારે નિસાસા લાગશે. પ...ણ હજુ તો મૅટ્રિકની પરીક્ષાને બેએક મહિનાની વાર છે ને? પરીક્ષામાં મારો દીકરો પહેલે નંબરે પાસ થાય એવા આશીર્વાદ આપો, મહારાજ!'

સ્વા. શિ. 'તથાસ્તુ, માતાજી! આ સન્યાસીના તમને લાખ લાખ પ્રણામ છે, દેવી! તમારો ત્યાગ તો અનિર્વચનીય ગણાય. પુત્ર માતાને છોડે તેવું આ અસાર સંસારમાં બનતું આવ્યું છે. પણ મા પોતે પુત્રને સેંકડો જોજન દૂર અજાણ્યા પ્રદેશમાં જવા હસતે વદને સંમતિ આપે તે પુણ્યપ્રસંગ અતિ વિરલ છે. તમે ખરેખર દેવી અન્નપૂર્ણા જ છો. મારા શત શત પ્રણામ, માતાજી તમારો પુત્ર માત્ર મૅટ્રિકમાં જ નહિ, જીવનની સર્વ પરીક્ષાઓમાં સદાય દિગ્વિજયી જ નીવડશે તેવી શ્રદ્ધા રાખો, મા! કલ્યાણમ્ અસ્તુ!'

[દૃશ્ય પૂરું થયાનું સંકેત સંગીત]

દૃશ્ય - ૬

ગં.ગો. : 'એ ય સાંભળો છો? કહું છું... તમારા જોષ સાચા પડ્યા !'

રા.રા. : 'શું જોષ? કોના જોષ?'

ગં.ગો. : 'હું ય વાલામૂઈ એ સાધુ મહારાજની મધરોખી મીઠી વાણીમાં કેવી સાવ ભોળવાઈ ગઈ, હેં? શંકરે પેલા ભીડભંજનવાળા સ્વામીજીની ઘેર પધરામણી કરી હતી. મેં તેમને ભિક્ષા માટે આગ્રહ કર્યો. તો તેમણે શું માગ્યું? ખબર છે?'

રા.રા. : 'શું માગ્યું?'

ગં.ગો. : 'શંકરિયાને જ સંચોડો ભિક્ષામાં માંગી લીધો. મારા બાપ! તમે જ કો? ભગવાન ભોળાનાથ સદેહે પધાર્યા હોય અને આ ગરીબ બ્રાહ્મણીને મા અન્નપૂર્ણા કહી ભિક્ષા માંગે તો ના કેમ પડાય? મેં તો સાવ ભોળી ભટાણીની જેમ ઇમને હા પાડી દીધી! મા...ડી...રે.! ઈ સ્વામીજી શંકરિયાને કાશી લઈ જઈ મસમોટો પંડિત બનાવશે ને ઘેરઘેર ડંકા ગજવશે. પણ હાય! હવે મને મનમાં ફડકો પેઠો છે. અરે! રે! ક્યાંનું ક્યાં કાશી? અને કોણ આ સ્વામીજી?! જો કે તેમનું કપાળ સાક્ષાત્ ચંદ્રમૌલીશ્વર જેવું તેજથી ઝળહળતું હતું, હોં! અને ઇમની આંખોમાં તો શાં અમી ભર્યાં હતાં! એટલે મેં તો અંજાઈને લાગલી હા જ ભણી દીધી, હોં! તમારે તો શંકરિયાને કાશી મોકલવો'તોને, પણ મારું હૈયું બહુ ધડક ધડક થાય છે, હોં! હશે, જે મારા ભોળાનાથે ધાર્યું હશે ઈ સહુના સારાં વાનાં જ કરશે, કરુણાધાર!... કેમ કંઈ બોલતા નથી!'

રા.રા. : 'તમે મહાપુણ્યનું કાર્ય કર્યું છે, ગોરાણી. આજે મને થાય છે કે આટલાં વરસ તમારું પડખું સેવ્યું પણ આજે તમને સાચાં ઓળખ્યાં. મારાં પણ તમને શતશત પ્રણામ છે, દેવી અન્નપૂર્ણા!'

ગં.ગો. : 'બસ! કરો! આ શું ગાંડાં કાઢો છો?! કોઈ સાંભળી જશે તો શું કહેશે? મારે તો બાઈ શરમમાં મરવા જેવું જ થાય ને! મારે તો, તમે રાજી, શંકરિયો રાજી, સ્વામીજી અને ભગવાન ભોળાનાથ રાજી એટલે ભયો! ભયો!'

[દૃશ્ય પૂરું થયાનું સંકેત સંગીત]

દૃશ્ય - ૭

ગં.ગો. : 'ઈ કોણ અટાણે સંજ્યાટાણે સાંકળ ખખડાવે છે?'

કી.કા. : 'ગંગાભાભી, એ તો હું કીશન કામદાર. જરા જલદી ખોલો. ગોરબાપાનું અરજન્ટ કામ પડ્યું છે.'

ગં.ગો. : (સાંકળ ખોલવાના અને ખડકી ઉઘાડવાના અવાજો પછી) 'પણ કીશનભાઈ, તમારા ભાઈ તો સંધ્યામાં બેઠા છે. તેમને અટાણે બોલાવાય નહિ. તમે બેસો. હું ચા બનાવી લાવું. સંધ્યાપૂજા પતતાં હજુ થોડીક વાર થશે.'

કી.કા. : 'ભલે ઇમ કરો. બાકી મને ખોટીપો પોસાય તેમ નથી. બાપુએ કીધું છે, ગમેતેમ કરી ગોરબાપાને અબઘડી તેડી લાવો. રાણીમાને કુંવરશાબ જન્મ્યા છે. બાપુનો હરખ તો માતો નથી. કહેતા'તા આ બધાં રામશંકર રાજગોરનાં પુણ્યપ્રતાપનાં મીઠાં ફળ છે. મારે પહેલો હરખ એમને મોઢામોઢ કરવો છે. બાપુ કે' કુંવરશાબનો ચહેરો અસ્સલ ગોરબાપાના શંકર જેવો જ છે. જાણે એનો જોડિયો ભાઈ જ જન્મ્યો છે. મને બાપુએ બે ઘોડાની ફેટન લઈ ઘોડાધોડ મોકલ્યો છે.'

(અંદરના ઓરડામાંથી શિવમહિમ્ન સ્તોત્રનો છેલ્લા શ્લોકના શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચારણ દીર્ઘઘંટાનિનાદવત્ સંભળાય છે અને ગંગા

ગોરાણી તથા કીશનલાલ કામદાર બહારની પરસાળમાં ઊભાંઊભાં તેમાં પોતાના સૂર પુરાવે છે. ત્યાં રામશંકર રાજગોર પરસાળમાં આવી કીશનલાલ કામદારને ધીરગંભીર અવાજમાં પૂછે છે)

રા.રા. : 'બોલો, કામદાર! શું શુભ સમાચાર લાવ્યા છો?'

કી.કા. : 'તમારા આશીર્વાદથી રાણીસાહેબને કુંવરશાબ જન્મ્યા છે. તેનો હરખ કરવા બાપુએ અબઘડી તમને મહેલ લઈ જવા મને દોડાવ્યો છે.'

સ.રા. : ' આશીર્વાદ મનુષ્ય શું આપે? એ તો મારા મહાદેવના જ શોભે! પણ તમે વાવડ ઉત્તમ લાવ્યા છો એટલે ચા પીને જ નીકળીએ. તેટલીવારમાં હું તૈયાર થઈ જાઉં છું.'

ગં.ગો. : 'મારા વતી યે રાણીબાને હરખ કરજો. અને કહું છું, હજુ શંકર પહોંચ્યાનો, તાર કેમ નથ આવ્યો? ઈવડા ઈ ભગાભાઈને સેંથીયે સેંથીયે તેલ પૂરી મેં કીધેલ કે ભઈલા કાશી પોગતાંવેત એક અરજણ તાર કરી દેજે. પછેં બધું કામ કરજે. ઈની ગાડી તો પરોઢિયે પહોંચી જવાનું કેતો'તો અને અટાણે તો રાત પડવા આવી, તો ય તાર કેમ નથ આવ્યો?? મારો તો જીવ હાલકડોલક થાય છે અને તમને કોઈને ય પેટનું પાણી ય હલતું નથી. સાંભળો છો? કહું છું, વળતી વેળા જરા તાર માસ્તરને ઘેર થતા આવજોને! પીટ્યો તારવાળો પણ ઘેર વાળુ બાળુ કરીને પછેં તાર દેવા આવતો હશે. એને શું? આ ડોશી મૂઈ ભલેને આકળવીકળ થ્યાં કરે!'

રા.રા. : 'આમ અથરાં કાં થવા? આજકાલ તાર-ટપાલમાં કયાં કોઈ સમય સાચવે છે? આવશે તાર, આજ નહિ તો કાલે. ચિંતા કરો મા, અને હું તો હમણાં જ ખોટા રૂપિયાની જેમ પાછો ફરું છું.'

(કોચમૅન ઘોડાઓને ડચકારે છે. ઘોડાઓના ડાબલાના અવાજ સાથે દૃશ્ય પૂરું થયાનું સંકેત સંગીત)

દૃશ્ય : ૮

(જોરજોરથી સાંકળ ખખડવાનો કર્કશ અવાજ)

ગં.ગો. : 'ઈ પાછું કોણ આ અહૂરા ટાણે સાંકળ ખખડાવે છે? લે, માડી! હું તો કેવી ભૂલકણી મૂઈ છું! ઈ તો પેલો તારવાળો જ હશે. નહિતર રાજગોરબાપાની આમ ધડાધડ સાંકળ ખખડાવવાની કોની દેન છે? લે ખોલું, ભાઈલા! જરા ધીરો ખમ!'

(સાંકળ ખોલવાનો અને ખડકી ઉઘાડવાના અવાજો)

તારવાળો : 'ગોરબાપા છે કે નથી? તો માડી આ તાર લઈને સહી કરી દ્યો. અરજન્ટ તાર છે. માસ્તરસાબ કે 'લ્યા. રવિશંકર, ઝટઝટ જઈને પોગાડી આવ. એટલે મારતી સાઈકલે આવ્યો છું. લ્યો ઝટ સહી કરો.'

ગં.ગો. : 'બાપલા! મેં તો કાળા અક્ષર કૂટી માર્યા છે, અને ઈવડા ઈ તારા ગોરબાપા તો બા'રે ગ્યા છે. પણ, ઊભો રે. ઓલા મગનિયાને બરકું છું. મગન, એ મ...ગ...ન... બેટા' ઘોડતો આવ્ય ને આમાં મતું મારી દે... (મગનિયો સહી કરી તારવાળાને વિદાય કરે છે.) લે ભઈલા! તું જ વાંચી સંભળાવ. મારો શંકર પોંચ્યાનો તાર હશે. ઈયે સાવ કેવા છે! ખરે ટાંકણે જ ઘરમાં હોય નહિ ને!'

મગન : 'પણ માડી, દાદાજી તો હમણાં જ બે ઘોડાની ફેટનમાં બાપુને બંગલે ગ્યા ને?'

ગં.ગો. : 'તેં ઠીક યાદ દેવરાવ્યું, બટા! હું ય સાવ ભૂલકણી થઈ ગઈ છું. મેં જ તો તેમને રાણીમાને મોઢે હરખ કરવા કીધું'તું. ઠીક ઠીક! હવે તું તારે ઝટપટ તાર વાંચીને મને ફટાફટ કેને કે શંકરિયો હીમખીમ પોગી ગ્યો છે; એટલે મારે ય હરખના હાંડા ભરાશે.'

(મગન તાર ફોડી ગણગણે છે. ને ગંગામા સામું તાકીને ડોળા ફાડી મૂંગો મંતર થઈ ઊભો રહે છે)

ગં.ગો. : 'લ્યા! આમ શું ડોળા ફાડી મારી સામે ઝોડની જેમ ઊભો છે? શું લખ્યું છે તારમાં, ઈ તો બોલ? ભઈલા! કંઈ માઠા ખબર તો નથ્ય ને?'

મગન : 'બહુ માઠા ખબર છે, ગંગામા, શંકર તો રેલ અકસ્માતમાં....'

ગં.ગો : 'હેં... એ...એ...?! શું બોલ્યો? શંકરને રેલમાં વાગી ગ્યું છે? ક્યાં વાગ્યું છે? અરે! મારો કવલા કનૈયા જેવા શંકરને... મેં વાલામૂઈએ એને ક્યાં આમ આઘેના ગામતરે વળાવ્યો?! હવે, ન્યાં કણે કોણ એને પાટાપીંડી કરશે. ગરમાગરમ રાબડી પાશે? અરે, રે! હું ય સાવ હૈયાફૂટી જ નીકળી ને!'

મગન : (ગંગામાની વાત વચ્ચેથી કાપતાં) 'પણ માડી, હવે શંકર જ નથી રિયો. ઈ તો ગુજરી ગ્યો છે ઈમ તારમાં લખ્યું છે.'

ગં.ગો : 'મેર, કાળમુખા! આ સંજ્યાટાણે આવી કાળવાણી કાં બકે છે! મૂઆ! વાંચ પીટ્યા વાંચ. જરા સખણું વાંચ. મારો શંકર એમ હાલતો થાય?! મને, એની ડોશલીને આમ તણ ગામને તરભેટે તરછોડીને હાલતો થાય? લ્યા, મેં કોનું શું બગાડ્યું છે? ભગવાન ભોળાનાથ! તમે તો કેવા ખૂટલ નીકળ્યા? મેં મારો એકનો એક ખોટનો પુતર તમે માંગ્યો ને સોંપી દીધો, તે આમ એને કાંધ મારવા? તમે તો દેવ છો કે ભૂત? અને મગનિયા, મારા રોયા! તને તો મેં રોજરોજ પરશાદ ખવરાવ્યો છે. તો ય તું ય હાળા દગાબાજ નીકળ્યો?! ભાગ! સાલ્લા ભાગ! તારું કાળું મોં લઈ શું ઊભો છે? ભાગ કહું છું - નહિતર, હાળા, આ પાણકો ભાળ્યો છે? પાણકે પાણકે ટીચી નાંખીશ કાળમુખા તને, અને...'

(ગંગાડોશી શંકરના નામની મરણપોક મૂકે છે તે સાંભળી પડોશીઓ ભેગાં થઈ જાય છે.)

પડોશીઓ : 'ગંગામા, ખમૈયા કરો માડી. ધીરજ રાખો.'

ગં.ગો. : 'અલી, તમારો કોઈનો જવાનજોધ દીકરો આમ અંતરિયાળ કમોતે મર્યો છે, કોઈ દિ? તે રાંડો મને શિખામણ દેવા હાલી નીકળી છો? ભાગો, હાળાવ! મારા ગયા ભવના વેરી, બધાં ભાગો!!' (આ ક્ષણે રામશંકર રાજગોર શેરીમાં પ્રવેશે છે. તેમને તાર આપી ટૂંકમાં પરિસ્થિતિ સમજાવતાં સહુ વિખેરાઈ જાય છે. રા.રા.એ જોતાં જ) આવો! પધારો! મહાન જોષી મહારાજ! કાઢો મારી કુંડળી ને ભાખો આ ડોશલીના વિધાતાના લેખ કે પોતાના એકના એક જુવાનજોધ દીકરાને મસાણ મોકલતી આ પાપિણીને હજુ કેટલાં વરસ ઢસરડા કરવાના બાકી છે? કહો! કહો! મહાપંડિત મહારાજ! ગામ આખાનું અટળ ભાવિ ભાખનાર, તમારી આ પતિવ્રતા પત્નીનું તો સાચું જોષ જુઓ! બોલો! મારા શંકરિયાના બાપ! મને મારા શંકરિયાનો ફેર મેળાપ ક્યારે થશે? પેલો તમારો ભોળો ભગવાન મને પાપિણીને ક્યારે આ જીવતા નરકમાંથી ઉગારશે? ઇંવડો ઈ મારો ક્યારે છૂટકો કરશે? બોલો! આમ મૂંગા મૂંગા ઝોડની જેમ શું ખોડાઈને પાળિયા જેમ ઊભા છો??'

રા.રા. : 'ગોરાણી આમ શેરી વચાળે આ બધું ન શોભે. ઘરમાં ચાલો. તમને બધો ફોડ પાડું છું.'

ગં.ગો. : 'કેમ, તમે મને શેરી વચાળે થઈને આ ઘરમાં નો'તા લાવ્યા? મહાજન વચાળે તમે મારી હારે સાત ફેરા નો'તા ફર્યા? અને સપ્તપદીના પગલે પગલે મને વચનો નો'તાં આલ્યાં, સૌની વચાળે? મળે તો અબઘડી આંયા શેરી વચાળે જ તમારા જબાપ જોઈએ છે, જોષી મહારાજ! અને તમારી કને જબાપ ન હોય તો જાવ, તમારા ગુરુ કનેથી જબાપ લઈ આવો! ત્યાં લગણ તમારે માટે આ ઘર, આ ફળિયું, આ ખડકી અગરાજ છે! મારા, રા...જ...ગો...ર!' (આટલું બોલતાં હાંફતાં હાંફતાં ડોશી ભાગીને ખડકીમાં ઘૂસી જોરથી કમાડ વાસી, સાંકળ ચડાવી દે છે.)

રા.રા. : 'ગોરાણી! ખડકી ખોલો! આમ કાં કરો?'

ગં.ગો. : 'હવે તો મારા શંકરને લઈને આવો ત્યારે જ આ ખડકીની સાંકળ ખૂલશે. જાવ! ધરતીના પડમાંથી, ભગવાન ભોળાનાથ પાસેથી મારા શંકરિયાની ભીખ માંગી એને પાછો લઈ આવો! જાવ! જાવ!! કહું છું...'

રા.રા. : 'ભલે ગોરાણી, હું જાઉં છું. હવે આવતે ભવ હું ને શંકર તમને પાછા ભેટશું. ત્યાં લગણ, ૐ નમો નારાયણાય!'

દૃશ્ય - ૯

ગં.ગો. : 'ઇ કોણ સાંકળ ખખડાવે છે? (કોઈ સાંકળ ખખડાવતું નથી. શેરીમાં ગજબનો સૂનકાર છે) અરે! બોલો ને, મારા રાજગોર! તમારે સાંકળ ખખડાવવાની શીની હોય? મેં તો કોણ જાણે કેટલાંય વરહોથી અંદરની સાંકળ ભીડી જ નથી ને. ક્યાંક તમે મારા શંકરને લઈને અધમધરાતે આવી ચડો, ને હું વાલામૂઈ નીંદરમાં હોઉં તો? તમારે બા'રા શેરી વચાળે ક્યાં લગણ ઊભા રેવું પડે ઇ મને કેમ ગમે? ખડકી ખૂલી જ છે. તમતમારે બેઉ બાપદીકરો હાલ્યા આવો. હવે મારા ટાંટિયા વાથી ઝલાઈ ગ્યા છે. ખાટલીમાં ગાભો થઈને પડી છું. જુઓ, જુઓ, આ તમારી વહાલી ગોરાણીના બેહાલ જુઓ.!

(ક્યાંય કોઈ સંચળ થતો નથી. શૂનકાર પ્રગાઢ બને છે)

ઈ કોણ સાંકળ ખખડાવે છે? ઇ...કો...ણ...સાં...આ...આ (અને ગંગામા ઠૂઠવો મૂકે છે) □

[૧૯૯૬માં પાંચમા વિશ્વ ક્રિકેટ કપનું આયોજન થયું છે ત્યારે આ પૂર્વે વિશ્વ ક્રિકેટ કપની ચાર રમતો વિશે અને ભાવિ પાંચમા વિશ્વક્રિકેટ કપ વિશે સંક્ષેપમાં અહીં હપ્તાવાર રજૂઆત કરવાનો ઉપક્રમ છે. રમતશોખીનોને તે જરૂર રસપ્રદ થઈ પડશે. - તંત્રી]

પ્રથમ વિશ્વ ક્રિકેટ કપ

— કશ્યપ ધોળકિયા —


પ્રુડન્શ્યલ કપ સ્વીકારતા ક્લાઈવ લોઈડ

૧૮૭૭માં જ્યારે સૌપ્રથમ ક્રિકેટટેસ્ટ રમાઈ ત્યારે કોઈને કલ્પના પણ નહીં હોય કે ટેસ્ટક્રિકેટના અસ્તિત્વની સદી પૂરી થયા પહેલાં જ તેની નાની આવૃત્તિ એક દિવસીય ક્રિકેટ, ક્રિકેટ-ચાહકોમાં અત્યંત લોકપ્રિય બની ક્રિકેટના વિશ્વકપના આયોજન તરફ સૌને આકર્ષશે.

પ્રથમ વિશ્વ ક્રિકેટ કપના ઇતિહાસનું પ્રથમ પાનું ખોલીએ તે પહેલાં એક દિવસીય ક્રિકેટ, આંતરરાષ્ટ્રિય કક્ષાએ કેવી રીતે સ્થાન પામ્યું તેની રસપ્રદ કહાણી જાણવા જેવી છે. આમ તો સ્થાનિક કક્ષાએ ઇંગ્લિશ કાઉન્ટિમાં એક દિવસીય ક્રિકેટ ૧૯૬૨થી અસ્તિત્વમાં હતું; પરંતુ સૌપ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રિય મૅચ છેક ૧૯૭૧માં રમાઈ. વાત એમ બની કે ૧૯૭૧ની ઇંગ્લંડ - ઑસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેણીની મેલબોર્ન ખાતેની ટેસ્ટ વરસાદના વિઘ્નને કારણે પહેલા ચાર દિવસ શરૂ જ ન થઈ. જે પ્રેક્ષકો આ સાઠમારી નિહાળવા આવેલા હતા તેઓને કંઈપણ 'ઍક્શન' નિહાળવા ન મળતાં તેઓને રીઝવવા આયોજકોએ એવો નિર્ણય લીધો કે છેલ્લે દિવસે મર્યાદિત ઓવર્સની એક મૅચ બંને ટીમ વચ્ચે રમાડવી. આ મૅચ એટલે સૌપ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રિય મૅચ ! આ મૅચ પ્રેક્ષકોને ખૂબ જ પસંદ પડી અને પછી તો એક દિવસીય ક્રિકેટ એ ક્રિકેટનું અનિવાર્ય અંગ બની ગયું.

એક દિવસીય મૅચની સફળતાથી પ્રેરાઈને ક્રિકેટની રમતની મુખ્ય સંસ્થા આંતરરાષ્ટ્રિય ક્રિકેટ કૉન્ફરન્સે (ICC) એવો નિર્ણય લીધો કે ૧૯૭૫માં બધા જ દેશોને એક જ સ્થળે એકત્રિત કરી ફૂટબોલ, રુબી, હૉકી વગેરેની માફક જ ક્રિકેટનો પણ વિશ્વકપ યોજવો. આ પ્રથમ વિશ્વકપના સ્થળ માટે સ્વાભાવિકપણે જ ઇંગ્લંડની પસંદગી થઈ અને આમ ૧૯૭૫ના એક લાંબા ઉનાળામાં વિશ્વક્રિકેટ કપની શરૂઆત થઈ.

આયોજનની દૃષ્ટિએ સરળતા રહે અને વધુ બે દેશો ક્રિકેટ સંઘમાં જોડાય એ હેતુથી ICCના છ સભ્ય દેશો ઉપરાંત શ્રીલંકા (તે સમયે શ્રીલંકા ટેસ્ટ ક્રિકેટ નહોતું રમતું) અને બંગ્લાદેશને પણ વિશ્વકપમાં ભાગ લેવા આમંત્રણ અપાયું. ઇંગ્લંડસ્થિત પ્રુડન્શ્યલ ઇન્સ્યુરન્સ કંપનીએ આ વિશ્વ કપ પ્રાયોજિત કર્યો હોવાથી તેને 'પ્રુડન્શ્યલ વિશ્વ કપ' નામ અપાયું.

૭ જૂન, ૧૯૭૫ના રોજ લોર્ડ્ઝ ખાતે ઇંગ્લંડ અને ભારત વચ્ચેની ૬૦-૬૦ મર્યાદિત ઓવર્સની મૅચ સાથે ક્રિકેટવિશ્વની આ ઐતિહાસિક ઘટનાના શ્રીગણેશ થયા. પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલા લોર્ડ્ઝ પર ઇંગ્લંડના સુકાની માઈક ડેનિસ ભારતના સુકાની વેંકટરાઘવન સામે ટોસ જીત્યો અને દાવ લેવાનું પસંદ કર્યું. ઓપનિંગ બૅટ્સમેન ડેનિસ એમિસે વિશ્વકપની સૌપ્રથમ સદી ફટકારી અને ભારતની બિનઅસરકારક બોલિંગ સામે ઇંગ્લન્ડે ૪ વિકેટે ૩૩૪ રનનો જંગી સ્કોર નોંધાવ્યો. ભારત તરફથી આબિદઅલીએ બે વિકેટ ઝડપી. લોર્ડ્ઝની પિચ બૅટ્સમૅનને મદદકર્તા હતી. પરંતુ આટલા મોટા સ્કોરથી ગભરાઈને ભારતીય બૅટ્સમેનો પહેલેથી જ નકારાત્મક અભિગમ અપનાવ્યો અને ભારતના ઓપનિંગ બૅટ્સમૅન ગાવસ્કરે તો ટેસ્ટ મૅચ માફક બૅટિંગ કરી સૌની ખફગી વ્હોરી. પૂરેપૂરી ૬૦ ઓવર્સ સુધી તેણે એક છેડો જાળવી રાખ્યો અને ફક્ત ૩૬ રન જ નોંધાવ્યા ! ભારતે કુલ ૩ વિકેટે ૧૩૨ રન જ નોંધાવ્યા ! અને ભારતની ૨૦૨ રનથી હાર થઈ. એ રીતે ભારત પ્રથમ જ મૅચ હાર્યું. (એ દિવસે જ, અલબત્ત, લિડ્ઝ, બર્મિંગહામ અને માંચેસ્ટર ખાતે પણ અલગ અલગ દેશો વચ્ચે મૅચ રમાયેલી.)

ત્યાર પછી રમાયેલ લીગ સ્પર્ધાને અંતે ગ્રુપ 'અ'માંથી ઇંગ્લંડ અને ન્યૂઝીલૅન્ડ તેમજ ગ્રુપ 'બ'માંથી વેસ્ટ ઇંડિઝ અને ઑસ્ટ્રેલિયાએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. ભારત પોતાની ત્રીજી લીગ મૅચમાં ન્યૂઝીલૅન્ડ સામે હારી જતાં સ્પર્ધાની બહાર નીકળી ગયું. ભારત-ન્યૂઝીલૅન્ડ વચ્ચેની એ મૅચ ખૂબ જ રસાકસી ભરેલ બની રહી. એ મૅચમાં ભારતે તેના દાવની નબળી શરૂઆત કરેલી અને તેના પાંચ બૅટ્સમૅન ફક્ત ૯૪ રનના સ્કોર પર જ આઉટ થઈ ગયેલા, પરંતુ ઑલરાઉન્ડર આબિદઅલીએ ૭૦, મદનલાલે ૨૦ અને વેંકટરાઘવને ૨૬ રનનો ફાળો આપી ભારતીય સ્કોરને ૨૩૦ સુધી પહોંચાડ્યો. ન્યૂઝીલૅન્ડના સુકાની ગ્લેન ટર્નરે પોતાની ટીમને જિતાડવા ભવ્ય પુરુષાર્થ કર્યો. ટર્નર ઓપનિંગમાં આવી છેક સુધી અણનમ રહ્યો અને છેક છ બોલ બાકી હતા ત્યારે વિજયી ફટકો લગાવી ૧૧૪ રનનું યોગદાન આપી 'મૅન ઑફ ધ

મૅચ'નો હકદાર પણ બન્યો.

બીજી તરફ વેસ્ટ ઇંડિઝનો સેમિફાઈનલ પ્રવેશ નાટ્યાત્મક રહ્યો. પાકિસ્તાન સામેની છેલ્લી લીગ મૅચ સ્પર્ધાની શ્રેષ્ઠ મૅચ રહી. પાકિસ્તાને તેના દાવમાં ૬૦ ઓવર્સમાં ૨૬૬ રન નોંધાવ્યા. વેસ્ટ ઇંડિઝની શરૂઆત પણ નબળી રહી તેમજ મિડલ ઑર્ડર પણ નિષ્ફળ ગયો. સરફરાઝ નવાઝની કાતિલ બોલિંગ સામે બૅટ્સમૅનો ઝીંક ન ઝીલી શક્યા અને ૧૬૬ રનમાં આઠ વિકેટ ગુમાવી. પરિણામે વેસ્ટ ઇંડિઝની જીત લગભગ નક્કી થઈ ગઈ. આ સમયે વેસ્ટ ઇંડિઝના ડૅવિડ મુરે સાથે વાન હોલ્ડર જોડાયો અને બંનેએ ૩૭ રન ઉમેરી એવો અણસાર આપ્યો કે હજી તેમની ટીમ હિંમત હારી નથી. ૨૦૩ રને હોલ્ડર આઉટ થયો. નવમી વિકેટ પડતાં બાજી ફરી પાકિસ્તાન તરફ પલટાઈ. છેલ્લી વિકેટના રૂપમાં એન્ડી રૉબર્ટ્સ ડૅવિડ મુરે સાથે જોડાયો. બંનેએ ખૂબ જ ધીરજથી કામ લીધું. ચોક્કસ ગતિએ રનનો આંક વધતો જતો હતો, તો બીજી તરફ પાકિસ્તાનના બોલર્સ ઉશ્કેરાટમાં તેમની લયબદ્ધતા ગુમાવી બેઠા. એક દિવસીય ક્રિકેટ કેટલું અનિશ્ચિત છે તેનું આ સર્વશ્રેષ્ઠ ઉદાહરણ રહ્યું. મુરે-રૉબર્ટ્સે ટીમના સ્કોરને ૫૯ ઓવર્સમાં ૨૬૨ સુધી પહોંચાડ્યો – ૬ બોલ, ૫ રન અને એક વિકેટ ! રહસ્ય અને રોમાંચના સંગમની પરાકાષ્ઠા વચ્ચે બે બોલ બાકી હતા ત્યારે વેસ્ટ ઇંડિઝે એક વિકેટે આ મૅચ જીતી લેતાં વેસ્ટ ઇંડિઝનો સેમિફાઈનલમાં પ્રવેશ થયો. આ એક દિવસીય મૅચ આજે પણ કેટલીક શ્રેષ્ઠ મૅચોમાં સ્થાન પામે છે.

પ્રથમ સેમિફાઈનલમાં ઇંગ્લૅંડ અને ઑસ્ટ્રેલિયાનો મુકાબલો થયો, જ્યારે બીજી સેમિફાઈનલમાં વેસ્ટઇંડિઝ અને ન્યૂઝીલૅન્ડ ટકરાયાં. લીલી-થૉમ્સનની ઝડપી ગોલંદાજની જોડીથી ડરતા ઇંગ્લૅંડના બૅટ્સમૅન આ વખતે તેને બદલે ઑસ્ટ્રેલિયાના નવા ડાબોડી બોલર ગૅરી ગિલમોર સામે શરણે થઈ ગયા. બોલર્સ માટે સ્વર્ગ સમી હેડિંગ્લીની વિકેટ પર ઇંગ્લૅંડની ટીમ ફક્ત ૯૩ રનમાં જ ઑલઆઉટ થઈ ગઈ. ગિલમોરે ફક્ત ૧૪ રનમાં ૬ વિકેટ ઝડપી. ઑસ્ટ્રેલિયાએ જીત માટે જોઈતા રન ૬ વિકેટના ભોગે બનાવી લેતાં યજમાન ટીમનો પરાજય થયો અને ઑસ્ટ્રેલિયાએ ફાઈનલમાં પ્રવેશ કર્યો. બીજી તરફ વેસ્ટઇંડિઝે ન્યૂઝીલૅન્ડને ૫ વિકેટે હાર આપી ફાઈનલમાં આસાન પ્રવેશ કર્યો.

વર્ષના લાંબામાં લાંબા દિવસ ૨૧ જૂનના 'ક્રિકેટના કાશી' ગણાતા લૉર્ડ્ઝના મેદાન પર પ્રથમ વિશ્વકપની પ્રથમ ફાઈનલની શરૂઆત થઈ. લૉર્ડ્ઝ ૨૬,૦૦૦ પ્રેક્ષકોથી છલકાઈ ગયું. એક દિવસીય ક્રિકેટની લોકપ્રિયતાનું આથી વિશેષ શું ઉદાહરણ હોઈ શકે ? આયોજકોએ ટિકિટ-વેચાણના સ્વરૂપમાં ૬૦,૦૦૦ પાઉન્ડની આવક કરી.

ટૉસ જીતી ઑસ્ટ્રેલિયાએ વેસ્ટઇંડિઝને દાવમાં ઉતાર્યું. વેસ્ટઇંડિઝે તેની ત્રણ વિકેટો ફક્ત ૫૦ના સ્કોર પર જ ગુમાવી, પરંતુ સુકાની ક્લાઈવ લૉઈડ અને કન્હાઈએ ચોથી વિકેટની ભાગીદારીમાં ૧૦૦ મિનિટમાં ૧૪૯ રન ઉમેરી સ્થિતિ મજબૂત કરી લીધી. કન્હાઈએ ૫૫ અને લૉઈડે ૮૫ બોલમાં ૧૦૨ રન ફટકારી 'કૅપ્ટનસ ઇનિંગ્સ' રમી વેસ્ટઇંડિઝના સ્કોરને ૨૯૧ સુધી પહોંચાડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

આ સ્કોર સુધી પહોંચવા ઑસ્ટ્રેલિયાએ પ્રયત્નો જરૂર કર્યા, પરંતુ ઇયાન ચૅપલ સિવાય કોઈ પણ ખેલાડી વિકેટ પર ઝાઝું ટક્યો નહિ. નિયમિત અંતરે ઑસ્ટ્રેલિયાએ વિકેટો ગુમાવી. અલબત્ત, છેલ્લી વિકેટની ભાગીદારીમાં ૪૧ રન ઉમેરી લીલી-થૉમ્સને મરણિયો પ્રયાસ કર્યો, પરંતુ ૧૭ રન બાકી હતા ત્યાં જ થૉમ્સન રન આઉટ થતાં લૉર્ડ્ઝ પર આથમતા સૂર્યની વચ્ચે સાંજે પોણાનવે વેસ્ટઇંડિઝનો પ્રથમ વિશ્વકપમાં ઝળહળતો વિજય થયો. સુકાની લૉઈડ 'મૅન ઑફ ધ મૅચ' બન્યો; અને જ્યારે પ્રુડન્શયલ કપને ડ્યૂક ઑફ ઍડિનબર્ગ તરફથી ક્લાઈવ લૉઈડે લૉર્ડ્ઝની વિખ્યાત બાલ્કનીમાં સ્વીકાર્યો ત્યારે સૌએ અનુભવ્યું કે એક દિવસીય ક્રિકેટની આ સર્વોત્તમ સ્પર્ધા કાયમ સફળતાની ચરમ સિમાએ રહેશે. □





ઉપર • જાવેદ મિંયાદાદ
જમણી બાજુ • પ્રથમ વિશ્વકપમાં સૌથી ધીમો જુમલો કરનાર સુનીલ ગાવસ્કર



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ (૧૪)

કનુભાઈ જાની

'હૈયાની ધાર પર માથાનું દાન' કરનારને એની સભાનતા નથી હોતી. મેઘાણીએ એવી ફનાગીરી સાથે એકી સામટાં બે ક્ષેત્રે પ્રવેશ કર્યો : ઘર અને 'સૌરાષ્ટ્ર.' પ્રાયોરિટી? અગ્રતાક્રમ? કલમને! આમ કહેવું પડે એટલું બધું આ ૧૯૨૨ થી ૧૯૩૨ના દસકામાં લખ્યું. એમની સમગ્ર લેખનકારકિર્દીમાં વધુમાં વધુ સર્જન આ ગાળાનું. એમની વિવિધ શક્તિઓમાંનું કેટલુંક સર્વોત્તમ પ્રદાન પણ આ ગાળાનું. કથા-આલેખન, કવિતા, લોકસાહિત્યસંશોધન, લોકસાહિત્ય-વિવરણ, ક્ષેત્રકાર્ય ને સમાજકાર્ય, - સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ અને સમાજકાર્ય (રાષ્ટ્રકાર્ય) એમ ચતુર્વિધ ક્ષેત્રે એમની શક્તિઓનું શતદલપદ્મ જેવું આ ગાળામાં મ્હોરી ઊઠ્યું એવું પછી ક્યાં-ક્યારે મળે છે? જીવનની દૃષ્ટિએ પણ સુખ-શાન્તિ ને કીર્તિનો કાળ. કાર્યની દૃષ્ટિએ ભરચક પ્રવૃત્તિ ને દોડધામનો ય કાળ. શી રીતે પહોંચી વળ્યા? એક, મહીંની પૂર્વતૈયારી બધી થઈ ગઈ હતી; બીજું, જીવનની દિશા ને કામ જડી ગયાં હતાં.

બે લક્ષણો તો પોતે જ બતાવે છે : 'વાતડાહ્યાપણું' અને 'ઘરછાડાપણું':

'અરધી જિંદગી સુધી જોયેલું જાણેલું જે સંચિત જ્ઞાન, તેને પહેલદાર વાતકૌશલ દ્વારા નવી પેઢીને આપતા જવું એ તો એક આશીર્વાદ છે.' 'વાત- ડાહ્યાપણું એ સૌરાષ્ટ્રનો એક સંસ્કાર છે.' ('પરકમ્મા', ૧૯૮૧; પૃ. ૧૧૬)

garrulousness - વાતડાહ્યાપણું એમની એક સજ્જતા. અનેક વિષયો પર કેવી કેવી વાતો માંડે છે!! ટ્રેનમાં કે બીજે પણ ક્યાંક કશુંક કહેવા જેવું સાંભળ્યુ કે ટપકાવ્યે ગયા છે - ખાસ તો લોકવિદ્યાની સામગ્રી. એમની એવી નોંધપોથી લગભગ ત્રણેક હજાર પાનાંની છે. એમાંથી આપવાની શરૂઆત એમણે કરી, ને બે પુસ્તકો થયાં ત્યાં તો ઉપરવાળાએ (વાત સાંભળવા?) બોલાવી લીધા. પણ 'પરકમ્મા', 'છેલ્લું પ્રયાણ', 'સોરઠને તીરે તીરે'ને 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં' એ નોંધોનો શબ્દેશબ્દ સજીવ હોય, ને એ સામે બેસીને સંભળાવતાં હોય, એમ કાને પડે છે. ને, મુંબઈમાં ચિત્રો જોયાં તો તેની વાતો પણ કરી ગયા. આ 'ગૅર્યુલસનેસ' - વાતડાહ્યાપણું એમની એક મજા છે. વાંચનાર સાંભળનાર બનીને સીધો જાણે સંપર્કમાં ઊતરે છે. એમણે મન મૂકીને ગૂજરાત સાથે નિરંતર વાતો કર્યે રાખી છે.

'પણ 'ઘર'નું શું?' એમ પૂછશો તો એનો જવાબ પણ તૈયાર જ છે :

'આપણા જીવનમાં ઘર નામે એક બંદીખાનું છે. ઘરસંસાર એ એક સોનાની શૃંખલા છે. ગળામાં એક રસી પડી છે. રસીનો એક છેડો પકડીને મોહાસુર બેઠો છે. જરાક દૂર જાઓ ત્યાં રસી ખેંચાય છે. ટાગોર જેને 'ઘરછાડા' કહી ઓળખાવે છે તે બન્યા વિના સાહસ શું? સાહિત્યસર્જન શું?

આ 'ઘરછાડા' સાહસબુદ્ધિની શું એકલા વેપારમાં, ઉદ્યોગમાં કે વિજ્ઞાનશોધમાં જ જરૂર પડે છે ને સાહિત્યમાં નહિ? વાણી-વ્યાપાર એ શું આરામખુરશીની વસ્તુ છે? એથી કદાચ ઊલટું જ છે. વાણી તેજ પકડતી નથી કારણ કે વાણીને આપણે ઘરના એકાદ શીતળ સુંવાળા ખૂણામાં મેજ કે ગાદીની જોડે જકડી રાખી છે. શારદાનું વાહન મોર કે હંસ છે એ વાત જ આપણે વીસરી બેઠા. ગામભાગોળ સુધીનાં પર્યટનોથી મોરલા ને હંસલા સંતોષાતા નથી.' ('પરકમ્મા', ૧૯૮૧; ૧૯૩)

મેઘાણી ફરતા રહ્યા. ઘર માંડ્યું ત્યારથી જ 'ઘરછાડા' પણ થયા!

મેઘાણીએ વ્યવસ્થિત રીતે ૧૯૨૨માં કલમ ઉપાડી ત્યારે પાંત્રીસની વયના મુનશી એમની યશોદાયી નવલો સાથે સોળે કલાએ તપે; ત્રીસના ધૂમકેતુ પણ ધ્યાન ખેંચી ચૂકેલા; પાંત્રીસના રામનારાયણ પાઠક વકાલત છોડી સાહિત્યક્ષેત્રે વિવેચનથી જાણીતા થતા આવતા હતા; 'કાન્ત' ૫૫ના; બ૦ક૦ઠા૦, આ૦બા૦, રમણભાઈ ૫૦-૫૫ની વચ્ચેનાં; નરસિંહરાવ ને કે૦હ૦ ધ્રુવ ૬૩ના! આવા વિદ્વાન વિવેચકો ને ધરખમ કલમબાજોએ '૨૨થી '૨૭ની - છ જ વર્ષની જેની ત્યારે કામગીરી થઈ હતી એવા બત્રીસ વર્ષના જવાનિયાને, ત્યારે તો જે ખરેખર સોનાનો જ ને પહેલી જ વાર અપાતો હતો તે 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' (૧૯૨૮) આપ્યો ત્યારે ગુણવત્તા ને ઇયત્તાને પુરસ્કારવા ઉપરાન્ત પ્રોત્સાહનનો પણ ખ્યાલ રાખ્યો જ હશે! (એમાંના પોતે કોઈ એ સ્પર્ધામાં ન પડ્યા, એ કેવી આશ્ચર્યજનક ખેલદિલી કહેવાય?) ગમે તેમ, મેઘાણીકલમ પ્રવેશ સાથે જ પોંખાઈ એ નોંધવું જ રહ્યું. He came, he saw, he conquered.

જો કે પત્રકારી કામગીરી સાથે સાહિત્ય અને લોકસાહિત્યને ક્ષેત્રે આટલા ટૂંકા ગાળામાં જેટલું કામ મેઘાણીએ કર્યું એટલુ કોઈએ કર્યાનું જાણ્યું નથી. ૧૯૨૮નાં પુસ્તકો બાદ કરતાં ('૨૨થી '૨૭ સુધીનાં) વીસ જેટલાં પુસ્તકો થાય. (લોકકથાનાં ૯: 'ડોશીમાની-' ને 'દાદાજીની વાતો', 'રસધાર' પાંચભાગ, 'સોરઠી બહારવટીઆ' ૧, 'કંકાવટી-૧'), લોકગીત ૩ ('રઢિયાળી રાત' ત્રણભાગ), નાટ્યાનુવાદો ૩ ('રાણા પ્રતાપ,' 'રાજારાણી, 'શાહજહાં') ઇતિહાસ વગેરેનાં ચાર ને રૂપાન્તર ૧. એકસાથે

જાણે વિવિધ શક્તિઓનો વિસ્ફોટ!

મેઘાણીજીવનનો બધી પાંતીનો ઉત્તમ ગાળો આ -- ગૃહજીવન ને શબ્દજીવન બન્ને માટેનો. એમાં દમયન્તીબહેનના મૂંગા ત્યાગની મૂંગી નોંધ પણ લેવી જ રહી. અઠવાડિયાના ત્રણ દિ' તો વિ-યોગ જ ને! બાકીનામાં કાગળ-કલમની દોડ ને હોડ! આ ગાળામાં મેઘાણીજીવનની ઘણીબધી વિશેષતાઓ એકસામટી પ્રગટ થાય છે. કોઈને મેઘાણીજીવનનો કૉસસેક્શન લઈને ગુણલક્ષણો તારવવાં હોય તો આ '૨૨થી ૩૨નો ગાળો જ લેવો પડે! એક વાત નક્કી : એમને વાતો સૌથી વધુ ફાવી છે. ને બીજી એક વાત પણ : દરેક વાતને મેઘાણીનો રંગ લાગે છે. રૂપાન્તર કહેવાને બદલે કહી શકાય કે દરેકનું 'ઝવેરાન્તર' થાય છે!

આરંભે દક્ષિણબાબુની વાતો હાથે ચડી, તો એનું રૂપાન્તર પણ નહિ, માત્ર પ્રકાર જ પકડ્યો. કલકત્તાવાસનો એક મોટો ફાયદો એ થયો કે રવીન્દ્ર-દ્વિજેન્દ્ર જેવાની શિષ્ટ સંસ્કૃતમય આલંકારિક બંગાળીનો પરિચય થયો, એ તો પ્રમાણમાં સહેલું પણ હતું, પણ બીજી તરફથી કારખાનાના કારીગરોની ઘરેલૂ બંગાળીનો અને દક્ષિણબાબુએ દૂરદૂરનાં નાનકડાં ગામડાંઓમાં વૃદ્ધ દાદા-દાદીઓને મુખે પરંપરાથી કહેવાતી આવેલી કથાઓની જૂની ગામઠી (તળપદી) બંગાળીનો પણ સારો પરિચય થયો. 'સ્વદેશી'ના એ જુવાળને ટાણે કલકત્તામાં હોવું ને આ કથાઓ હાથે ચડવી, સુખદ અકસ્માત! એમાં રવીન્દ્રનાથનો મત વાંચવો : 'બાંગાલીર છેલે રૂપકથા શોને તખન કેવલ જે ગલ્પ શુનિયા સુખી હોય, તાહા નહે, - સમસ્ત બાંગ્લાદેશેર ચિરન્તન સ્નેહેર સૂરટિ તાહાર તરુણ ચિત્તેર મધ્યે પ્રવેશ કરિયા, તાહારે જેન બાંગ્લાર રસે રસાઈયા લય'. (એ બંગાળી બાળકથાથી માત્ર વાર્તાનો આનંદ જ બાળકને મળતો નથી, સમસ્ત બંગાળના ચિરન્તન સ્નેહસૂરો એના ચિત્તને બંગાળી રસથી તરબતર કરી મૂકે છે.) બધી જ સાચી લોકકથા (મૂળની ભાષા જ જેમાં ઝિલાઈ હોય એવી લોકકથા)નો આ મોટો ફાયદો : કથારસ ઉપરાંત એ નાગરિકો જેનાથી વંચિત હોય છે તે મીઠી સબળ તળપદી ભાષાના સંસ્કારો આપે છે.

'ઠાકુરમાર ઝુલિ'ને આરંભે જ દક્ષિણબાબુ સમસ્ત બંગાળનાં બાળકોને આ ચિરન્તન સ્નેહસૂરે ડાકે છે : 'આવો તો ખરાં, દોસ્તો! જુઓ તો ખરા આ ઝોળી! અરે, આમાં તો અવનવી દુનિયા છે! એની નાની વહુ ને મોટી વહુ, ને ચાંદાસૂરજનો દેશ! ને આ?

'હાજાર જુગેર રાજપુત્ર રાજકન્યા સબે,
રૂપસાગરે સંગ્ તાર દિયે આબાર એલ કબે!'
ને આ તો - બાપ રે! - આખું રાક્ષસનગર!
'હાંડ માંડ કાંડ શબ્દ શુનિ રાક્ષસેરિ પુર
ના જાનિ સે કોન્ દેશે ના જાનિ કોન્ દૂર!'

નવે જ દેશે જવાની આવી જ હાકલ (ડાક) મેઘાણી પણ કરે છે :


'હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં!'

પણ એ ગીત જેમ સીધું રૂપાન્તરે નથી, કેવળ મૂળને ઈશારે પ્રગટેલું નવું ગીત છે તેમ જેને પોતે જ 'અર્ધબંગાળી - અર્ધસોરઠી' કહીને ઓળખાવી તે વાતો પણ બંગાળીનું અનુ-સરણ કે રૂપાન્તર નથી; વાર્તાનાં કેટલાંક ઉપકરણો - ઊડતા ઘોડા, મણિમાલા, રાજપુત્ર ને રાજકન્યા, રાક્ષસો, મયૂરપંખી વગેરે-પૂરતી એ અસર

[મેઘાણીનાં પુસ્તકો]







છે. ત્યાં સ્વતન્ત્ર રંગપૂરણીની સારી જીત દેખાય છે. જોકે 'બાલવાર્તા' કરતાં 'લોકવાર્તા' તરીકે રજૂ કરવાની લેખકની નેમ પાર પડી કે નહિ, 'શુદ્ધ બલદાયી કલ્પનાવિહાર' કેટલા લેખકના ને કેટલા મૂળ લોકકથાના તે તો તુલનાત્મક અભ્યાસ પછી જ તારવી શકાય.


'સૌરાષ્ટ્ર'માં જોડાવા ગયા ત્યારે જ 'ડોશીમાની વાતો'ની હસ્તપ્રત પણ સાથે હતી. ઇ.સ. ૧૯૨૩માં એણે પુસ્તકાકાર લીધો. પણ એમાંની વેદનાભરભૂર વાતો કિશોરમાનસને અનુકૂળ નથી, એવી ટીકા એમના જ પુત્રે કરી તેથી, ને સ્વાનુભવે એ વાત સાચી લાગવાથી, સાતમી આવૃત્તિ વખતે જ એ પુસ્તકને નામશેષ બનાવવાનું સ્વીકાર્યું. વેચાતા-વંચાતા પોતાના પુસ્તકને, આમ, વાચકહિતાર્થે શેષ કરવાની હિંમતે ભાગ્યે જ કોઈ દર્શાવે. આ નિર્ણયને કારણે એની આઠમી આવૃત્તિ ન થઈ. પણ, પછી, મહેન્દ્રભાઈને જ એમાંની પાંચેક વાતો 'ઉગારવા જેવી' લાગ્યાથી 'દાદાજીની વાતો'ની નવમી આવૃત્તિમાં, છેક ૧૯૫૬માં 'ડોશીમાની વાતો'-માંથી પાંચ લઈને મૂકી. આજે એ પાંચ જ નમૂનારૂપે મળી શકે છે; બાકી, આખી કૃતિ હવે નામશેષ. તેથીસ્તો, એની વિગત અહીં જાળવી લઈએ. ચરિત્રે ઇતિહાસની આવી નોંધવહી પણ બનવું પડે ને?


'ઠાકુરમાર ઝૂલિ'નો એક ઉલ્લેખ નોંધપાત્ર છે. 'પરકમ્મા'માં (૧૯૪૭; પૃ. ૭૭), પોતાની એક જૂની નોંધમાં આ બંગાળી પુસ્તકનું નામ ને પ્રકાશકનું નામ મળી આવતાં, અનુમાન કરે છે કે પોતે ૧૯૨૬થી આવો તુલનાત્મક અભ્યાસ કરતા હશે; પણ અન્ય સંદર્ભોથી સ્પષ્ટ થાય છે કે આ બંગાળી પુસ્તક બહુ વહેલું, ૧૯૨૦-૨૧ના અરસામાં, વાંચ્યું છે. એની અસર 'ડોશીમાની વાતો' શીર્ષક પર, પરોક્ષ રીતે એમાંની વાતો પર, ને પેલું ગીત - 'હાં રે દોસ્ત!' પર છે. મેઘાણીએ ઠીક ઠીક બંગાળી બાળકથાઓ પણ અહીં આવતાં પહેલાં વાંચી હોય એમ લાગે છે એની ગવાહી 'ડોશીમાની વાતો' પૂરે છે. 'દાદાજીની વાતો'ની પ્રસ્તાવનામાં બંગાળી લોકકથાઓ હાથવગી કરવાનો આ સહુથી પહેલો પ્રયાસ છે, એ વિધાનના અનુસંધાનમા યાદ આવે છે ઠક્કુર નારાયણ વિશનજીની ૧૯૧૪માં ઘડીને તૈયાર રાખેલી, પણ વિશ્વયુદ્ધ નડતાં ૧૯૧૮થી અમલી બનેલી ભારતભરની લોકકથાઓ ગુજરાતીમાં ઉતારી આપવાની એક મહાયોજના : 'ભારત લોકકથા.' એના દસેક ભાગ તો જોયા છે. આમાંના પાંચ ભાગમાં ૧૮૨ બંગાળી કથાઓ ગુજરાતીમાં છે. કઈ કઈ કથા ક્યાં-ક્યાંથી લીધી એની માહિતી પણ છે.

ખેર! મૂળ વાત પર આવીએ : 'ડોશીમાની વાતો.' એમાં સોળ વાર્તાઓ છે. એમાંથી ગુજરાતી ડોસાડોસી-દીધી તો ચાર જ : 'સોનબાઈ', 'રાજકુમાર...', 'નિર્દય આસરા' અને 'નીતિવાન ચોર'. કોણે આપી? કશી માહિતી ન-મળે! ('અન્વેષક' હજી 'અડબંગ' છે!) બાકીનીમાંથી ત્રણ બંગાળી કોની-ક્યાંથી ખબર નથી; પણ નવ વાર્તાઓ સુખલતા રાયના બે બંગાળી સંગ્રહોમાંથી છે : 'આરોગ ૯૫' અને 'ગલ્પેર બઈ.' પહેલાની છ ('ફૂલરાણી', 'સોનાની પૂતળી', 'મયૂર રાજા', 'ગૌરી', 'ચન્દ્ર અને બુનો' અને 'લક્ષ્મી') અને બીજાની ત્રણ ('ભાઈ-બહેન', 'દેડકો રાજકુમાર' અને 'મનહર' શ્રીમતી રાયે મૂળ બંગાળીમાં લખ્યા પરથી મેઘાણીએ, સુખલતાનાં જ દોરેલાં સુંદર ચિત્રો સાથે, મૂકી છે ગુજરાતીમાં - એમાં મેઘાણીરંગ ઝાઝા નથી; થોડાકેય ન હોય એમ તો શેનું બને જ?!

'કમળનું ઝાડ' ('ફૂલરાણી'); 'એક દિન'નું થાય 'રોજ' ('ફૂ૦'); 'વાઘ' હોય ત્યાં 'શિયાળ' થાય ('ભાઈબહેન'); 'દેડકો રાજકુમાર'ની કથામાંના એક ચિત્રની નીચે બંગાળીમાં છે 'બ્યાંગ્ આર રાજાર મેયે' તેનું કર્યું 'હું તારો દડો કાઢી દઉં તો મને શું આપીશ?', પણ દડો તો દેડકાના મોમાં જ છે! આવા ફેરફાર કે પ્રયોગો ખટકે. પણ 'તાખન હીરાર મને ભારિ ભય હલે'નું 'ત્યારે પછી હીરાના પેટમાં ફાળ પડી' ('સોનાની પૂતળી'), કે 'મનહર'માં 'ભાત-ભાતનાં ભોજન'ને સ્થાને થતું ગુજરાતીકરણ 'જુવારનો રોટલો' કે 'દેડકો રાજકુમાર'માં લગ્ન-ટાણે 'બાજના બેજે ઉઠલ'માં 'શરણાઈ વાગી ઊઠી' - જેવું સહજ-સરળ બોલાતી ભાષાના

[મેઘાણીનાં ગ્રંથો]





પ્રયોગો ગમે છે. 'દેડકો રાજકુમાર'માં દેડકાને પછાડવાને બદલે છોકરી પંપાળે - કે દેડકો રાજકુમાર થઈ જાય એ ફેર બાબતમાં બેમત રહેવાના. પણ અહીં કોઈ મોટા ને ઝાઝા ફેરફારો નથી. બંગાળીમાં લખાયેલી આ કથાઓમાંથી કેટલીક વિશ્વવિખ્યાત છે; એટલે અંગ્રેજીમાંથી બંગાળીમાં ગઈ હોય, ને અંગ્રેજીમાં મૂળ ભારતમાંથી જ સ્થળાન્તર કરી ગઈ હોય, એ સંભવ છે. દાખલા તરીકે 'દેડકો રાજકુમાર' ઠીક ઠીક ચર્ચાએલી કથા છે. આવી અભ્યાસ-સામગ્રી માટે પણ આ સંગ્રહ કામનો હજી આજેય ગણાય. હા, કથાઓ બધીયે બાળ માનસને અનુરૂપ નથી. વળી, કાળદેવતાની ચાળણીમાંથી કશુંયે ન ચળાય, કશુંયે નામશેષ ન થાય, એવું તો બને જ ક્યાંથી? કાળનો કાટ લાગે એ પહેલાં વિવેકની કાતર ચલાવાય એ તો કેવું રૂડું!

'કુરબાનીની કથાઓ' અને 'ડોશીમાની વાતો' બન્ને વાર્તાસંગ્રહો અલગ અલગ સ્વરૂપો રજૂ કરે છે, છતાં બન્નેનું એક લક્ષણ છે કથનપ્રધાનતા, તેમાં ય 'છટાદાર ચારણી જોશ' અને 'શુદ્ધ બલદાયી કલ્પનાવિહાર'. 'ડોશીમાની વાતો'માં એ ઓછો છે. આ જ અરસામાં લોકકથાઓ પણ એકઠી કરાતી હતી, 'સૌરાષ્ટ્ર'માં છપાતી હતી, એના પ્રથમ સંગ્રહની તૈયારી પણ

મેઘાણીના ઘડતર સાથે સંકળાયેલાં સ્થળો

સ્થળક્રમ : નામ : પ્રદેશ - જિલ્લા : નોંધ



૧. ચોટીલા : ઝાલાવાડ : સુરે૦ જન્મસ્થળ (૨૮-૮-'૯૬)
૨. દાઢા : ગોહિલવાડ : ભાવ૦ શિશુઅવસ્થા : ૧૮૯૬
૩. બગસરા : સોરઠ : અમરેલી : વતન
૪. અમરેલી : ગાયકવાડી : અમરેલી : મૅટ્રિક ૧૯૧૨.
૫. રાજકોટ : ગોહિલ૦ રાજકોટ : પ્રાથમિક શાળાપ્રવેશ : ૧૯૦૧-૨
૬. લાખાપાદર : ગા૦ ભાવ૦ : અભ્યાસકાળ
૭. ઝિંઝુવાડા : ઝાલા૦ સુરે૦ : અભ્યાસકાળ
૮. વઢવાણ : ઝાલા૦ સુરે૦ : અભ્યાસકાળ
૯. ચોક : ગોહિલ૦ ભાવ૦ : અભ્યાસકાળ
૧૦. ભાવનગર : ગોહિલ૦ ભાવ૦ કૉલેજ : ૧૯૧૭ : B.A. ૧૯૧૮ : M.A.નું પ્રથમ વર્ષ. (૧૯૨૬થી ૨૮ દરમિયાન ૧૯૧૩ થી ૧૯૧૭. વસવાટ પણ)
૧૧. જૂનાગઢ : સોરઠ – કૉલેજ - એકસત્ર - ૧૯૧૫.
૧૨. રાણપુર : અંગ્રેજી હકુમત અમ૦ 'સૌરાષ્ટ્ર' પત્રનું મથક : ૧૯૨૨ થી ૧૯૨૬.
૧૩. બોટાદ : ગોહિલ૦ ભાવ૦ : પોતાનું ઘર. મૃત્યુ : ૯ માર્ચ ૧૯૪૭.

© કનુભાઈ જાની

મે ૧૮૮૬માં Gazetteer, Bombay Presidency, Vol. VIII: "KATHIAWAR" માં પ્રસિદ્ધ થયેલ નકશા પ્રમાણે.

ત્યારે કુલ ૧૭ એજન્સી-થાણાં હતાં : કૌંસમાં ગામડાંસહિત : ૧ વઢવાણ (૩૧), ૨ ચોટિલા (૧૦૧), ૩ પાળિયાદ (૪૫), ૪ ભોજકા (ભોઈકા) (૩૧), ૫ દસાડા (૨૨), ૬ વિઠ્ઠલગઢ (૫), ૭ બગસરા (૧૧), ૮ લાખાપાદર (૨૮), ૯ રફાળા (૧૫), ૧૦ માળિયા (૧૨), ૧૧ પ્રાફા (૩૬), ૧૨ લોધિકા (૫૮), ૧૩ બાબરા (૫૭), ૧૪ સોનગઢ (૨૪), ૧૫ ચમારડી (૧૬), ૧૬ દાઠા (૨૪), ૧૭ ચોક (૨૪). - રાજકોટ મુખ્ય એજન્સીમથક હાલારમાં હતું. કાઠિયાવાડનો જે મોટો ભાગ પોલિટિકલ એજન્ટના તાબામાં હતો તેના ચાર વિભાગો (પ્રાન્તો) પાડેલા : ઝાલાવાડ (કા૦નો ઉત્તર તરફનો ભાગ. એમાં થાણું ચોટિલા. ઝિઝુંવાડા એજન્સીના વહીવટતળે હતું ને ઝાલાવાડમાં ગણાતું.) હાલાર (કા૦નો પશ્ચિમ ભાગ. રાજકોટ વ૦) સોરઠ (દક્ષિણ ભાગ : બગસરા. લાખા૦વ૦) ગોહેલવાડા (પૂર્વનો ભાગ : દાઠા, ચોક વ૦)

ચાલતી હતી, ને જોડાજોડ કથાઓ કહી સંભળાવવાના પ્રયોગો પણ ચાલતા હતા. કથનપ્રધાનતા એ મેઘાણીના લેખનનું એક લક્ષણ ઊપસતું જતું હતું. એમનાં આ કાળનાં અન્ય સ્વરૂપો - નિબંધ, લેખો, ચર્ચા, વગેરેમાં પણ કથાની અસર દેખાશે.

એક રીતે જોઈએ તો મેઘાણીની લેખનકારકિર્દીમાં સ્વરૂપ પરત્વે જાણે કે ચોક્કસ ઋતુઓ આવી છે! ૧૯૨૨થી ૧૯૨૭ સુધી લોકકથાનું જ પ્રભુત્વ છે; ૧૯૨૮થી ૧૯૩૫નાં આઠ વર્ષોમાં નવ કાવ્ય સંગ્રહો; પછી નવલકથા. સમગ્ર સાહિત્ય જોતાં કથા ને કથન એમને સૌથી વધુ ફાવ્યાં છે એમ લાગશે. જોકે ઇતિહાસ જેવા વિષયનું આલેખન કલાત્મક શૈલીએ થાય એ કેટલાકોને કહ્યું છે. (જુઓ, 'યુગધર્મ' જેઠ ૧૯૭૯, પુસ્તક ૨, અંક ૩માંનો 'મરણિયું આયર્લેન્ડ' પરનો લાંબો સારો સમીક્ષાલેખ.) છતાં આ વિષયમાં વધુ લોકોને રસ લેતા કરવાનો પત્રકારી આદર્શ આને કારણે પાર પડ્યો છે - એ પણ ભૂલવા જેવું નથી.

વળી, ચોક્કસ વિગતોવાળો વિષય આલેખવાનો હોય તો કથનમાં વાર્તાત્મક પ્રવાહીતાની સાથે વિગતોની યે સારી ચીવટ મેઘાણી રાખે છે. આ જાતનું એમનું પહેલું પુસ્તક, એ વિષય પરનું આજ સુધીનું એક માહિતીપ્રદ પુસ્તક રહ્યું છે - કોરિયા પર લખાયેલું 'એશિયાનું કલંક.' પ્રસિદ્ધિ-તારીખ ૧૮-૧-૧૯૨૩. રાજ્યશાસ્ત્ર આપણી યુનિવર્સિટીને ઉંબરે ય હજી નવું-સવું હતું, ને કલમનો વિષય બનાવતાં ભારે પડે એમ હતું, ઘણું વાંચીને શ્રમપૂર્વક લખવું પડે એમ હતું ત્યારે એક નાની પ્રજાની સ્વાતંત્ર્યતમન્નાને કેવા કાવાદાવા ને કેટકેટલા અત્યાચારોથી જાપાને દબાવી દીધી, ને અમેરિકા જેવા રાષ્ટ્રોએ પણ એમાં કેવા આંખ આડા કાન કરી પરોક્ષ રીતે તો અત્યાચારીને જ થાબડ્યે રાખ્યા, અને છતાં એ તમન્ના કેવી વણદબી રહી, કેવકેવે રૂપે એ કોરિયનોમાં કાળેકાળે પ્રગટતી રહી એના હૃદયદ્રાવક પ્રસંગોવાળી તવારીખ મેઘાણીએ આપી છે. મેઘાણીની કરુણા પક્ષ લે છે ત્યારે કોઈને છોડતી નથી. રવીન્દ્રનાથની પણ ટીકા કરે છે : 'જાપાનની તારીફ કરવામાં આપણે જરા યે સંયમ નથી દાખવ્યો. કવિવર ટાગોર સરખા પણ પ્રથમ તો જાપાન પર મુગ્ધ બનેલા. ઠેરઠેર, હરેક વાતમાં, જાપાનને આદર્શ ગણીને આપણે એની પાછળ પાગલ બનેલા.' ('એશિયાનું કલંક', પહેલી આવૃત્તિ; નિવેદન) અમૃતલાલભાઈએ એને પ્રકાશિત કરતાં લખ્યું છે. 'ભારતની સ્વાધીનતાઅર્થે ચાલતા... અહિંસાત્મક યુદ્ધમાં સહાયરૂપ થવા દેશોદેશના સ્વતંત્રતાના ઇતિહાસો ભારતની પ્રજા સમક્ષ રજૂ કરવાના અમારા મનોરથનું આ પ્રથમ પુષ્પ છે.' એમાંના 'અહિંસાત્મક યુદ્ધમાં સહાયરૂપ થવા' શબ્દોને આ પુસ્તક ચરિતાર્થ કરે છે. અહિંસાત્મક યુદ્ધોનો ઇતિહાસ લખાશે ત્યારે - અથવા એમાં જે કોઈને રસ હોય તેમને - આ કથા વિના નહિ ચાલે.

હજારોના જાન લઈને દેશ પર છાકો જમાવીને બેઠેલી સેનાની વચ્ચેથી ઊઠતો પેલો તેર વર્ષનો કિશોર! શીઉલ નગરની એ નિશાળ. રાજભક્તિનાં ભાષણોનો ને હડતાલ ખોલવા બદલ સર્ટિફિકેટોની વહેંચણીનો મેળાવડો છે. સોપો પડી ગયો છે! ત્યાં પેલો બાળક 'આભારદર્શન'ની પઢાવેલી વાત પોપટની જેમ ઠાવકી રીતે પઢતોકને, ઓચિંતો જ માગે છે આઝાદી! ડગલાની અંદર છુપાવેલો રાષ્ટ્રધ્વજ કાઢીને ફરકાવે છે! ત્યાં તો ત્યાં બેઠેલાં બધાં જ બાળકોનાં ખિસ્સામાંથી નીકળીને ખડું થઈ જાય છે રાષ્ટ્રધ્વજોનું વન! ને એક જ અવાજ પથરાઈ જાય છે : 'મેં સે ઈ' - 'વન્દેમાતરમ્'! ને સરકારી નિશાળોનાં સર્ટિફિકેટોનાં ચીરાડિયે ચીરાડિયાં બોલે છે! (આવૃત્તિ ચોથી, ૧૯૪૭; ૪) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાંનો પેલો પરવાનાની હોળીવાળો પ્રસંગ યાદ આવે! એથી યે વધુ ખૂનામરકી આ લોકો સહે છે. ચારસો બાળકો પકડાયાં. અનેક ઘવાયાં, મર્યાં. ત્યાં લશ્કર ખડકાયું. છાકો પાછો બેઠેલો લાગ્યો. ત્યાં પેલી રાણીના વિપ્લવનું ચિત્ર અપાય છે (૨૯). ખૂપ લડી..! આખરે કપાઈ (૩૧). ત્રીજું અવિસ્મરણીય ચિત્ર ખડું થાય છે : જેસોઈને શરૂ કરેલું 'સ્વતંત્ર' નામે વર્તમાનપત્ર. ચોથું ચિત્ર : રશિયન અમલદારોની ભરતી કરવાના કરારપત્રને ફાડી નાખવાની અરજી કરવા રાજમહેલની બહાર આવેલું દશહજારનું નિઃશસ્ત્ર લોકદળ! જ્યાં સુધી એ કરારનામાના પોતાની નજર સામે જ ટુકડા ન થાય ત્યાં સુધી નહિ ખસવાના શપથ લઈને આવેલું એ લોકદળ. ત્યાં સોલ્જરોની સંગીનો નાકામિયાબ બની. 'ચૌદ દિવસને ચૌદ રાત્રિઓ હજારોએ ત્યાં ને ત્યાં ગુજારી'એ સત્યાગ્રહનું ચિત્ર (૪૨), સાચા સમાચારોની ખેપે નીકળેલા એક પત્રકારના સાહસનું ચિત્ર (૬૦), લાચાર બનીને આત્મહત્યાથી વિરોધ દર્શાવતા વિદ્વાનો (૭૮), અણનમ રહી મોત સ્વીકારતો રાજા (૯૫), સ્વતંત્રતા ખાતર સ્વેચ્છાએ એવા અત્યાચારો સહતી રમણીઓ કે જેનો 'ચિતાર આપવા સેંકડો દ્રૌપદીને સેંકડો વાર જન્મવું પડે' (૧૦૭), સેનાના અનેક ધમપછાડા છતાં પ્રજાનિર્ધારની અડગતાની પ્રતીતિ કરાવતું 'સ્વાધીનતા-પત્ર' ને એનું રોજેરોજ પ્રગટવું, ને ક્યારેક ખુદ ગવર્નર જનરલના ટેબલ પર પહોંચી જવું (૧૨૯), ૧૯૧૯ના માર્ચથી જૂન સુધીમાં પોણા બે લાખ લોકોનું સ્વેચ્છાએ જેલ જવું ને બે હજારનાં પ્રાણાર્પણ (૧૨૮), એ સાલનો વીસ લાખ કોરિયનોનો અહિંસક બળવો (૧૫૩), સેનાનીઓની વચ્ચે પેલી હોટેલમાં સ્વાતંત્ર્યની થયેલી જાહેરાત - આવાંઆવાં ચિત્રો આને રસકથા, સાહસકથા, પ્રેરકકથા, કરુણકથા બનાવે છે. પ્રજાની નબળાઈઓ નોંધવી લેખક ભૂલ્યા નથી : 'ઊંડાણમાં પેલી મહા-જાપાન બનવાની મુરાદ કોરિયાની ગુલામીનું સબળ કારણ છે? છતાં એકંદર છાપ તો આ જ ઊઠે છે : 'બહાદુર પ્રજાનો પ્રાણ

જન્મપત્રિકા



મેઘાણી પર આવેલા પત્રો શ્રી મહેન્દ્રભાઈએ વાંચવા આપેલા. એમાંનો એક, 'મુ. નીકોરા વાયા-નબીપુર, તા. ભરૂચ'નો તારીખ વિનાનો શ્રી મોતીરામ મંછારામ જોશીના નામનો હતો. એમાં કેવળ કુંડળી ને નીચે પ્રમાણેનું લખાણ હતું :

સં. ૧૯૫૨ શાકે ૧૮૧૮ શ્રાવણ વદ ૫, શુક્રવાર ઘ. ૩૫, પળ ૩૦, અશ્વિની ઘ. ૩૭, પળ ૧૧, વૃદ્ધિયોગ ૩૯ ઘ, ૩૨ પળ. કૌલવ ૩૮૪ મેષના ચન્દ્ર. તા. ૨૮-૮-૧૮૯૬ બપોરે. રવિ ૪, ૧૨ ઇષ્ટ ૧૫, ૩૨ લગ્ન ૭/૧૧.

[સં.ક.]

તલવારથી નથી જતો. તલવાર ચલાવીને દુશ્મન ચાહે તેટલું લોહી ચૂસી શકે છે, વસતીની ગણતરીના આંકડા ઓછા કરી શકે છે, પણ એ લોહીના ઊંડાણમાં,ને એ આંકડાઓથી છેક અગમ્ય, એક એવો પ્રાણ પ્રજાને હોય છે કે જેને જાલીમનાં શસ્ત્રો સ્પર્શી જ ન શકે.' (૮૪)

ભલે અનેક પુસ્તકોના અભ્યાસથી છતાં, એક રીતે, મેઘાણીનું આ પહેલું સ્વતંત્ર પુસ્તક ગણાય - અનુકરણ, રૂપાન્તર કે આધાર લઈને એ લખાએલું નથી. એ લખાયું ૧૯૨૨માં, ને પ્રસિદ્ધ થયું ૧૯૨૩માં. ત્યારે માત્ર ત્રણ પુસ્તકોનો આધાર લઈ, ૧૯૧૯-૨૦ સુધીની હકીકતો લખી. બીજી આવૃત્તિ માત્ર બે જ માસ પછી (૧૮-૩-૧૯૨૩) કરવી પડી! ત્યારે ચોથું એક પુસ્તક વાંચીને '૨૦-'૨૧ સુધીની વિગતો લીધી. ૧૯૨૯ની ત્રીજી આવૃત્તિમાં વળી વચમાંનાં સાત વર્ષોની વિગતો મેળવીને ઉમેરી. ચોથી આવૃત્તિ તૈયાર થઈ ૨૬-૧૨-૪૬ને રોજ પ્રસિદ્ધ થઈ જાન્યુઆરી ૧૯૪૭માં - મેઘાણીના આયુષ્યને શેષવર્ષે. ત્યારે તો ઘણુંઘણું મેળવીને ઉમેર્યું. એમ એ છેલ્લી આવૃત્તિમાં કોરિયાની ૧૯૪૫ સુધીની સ્થિતિનું ચિત્ર છે. લેખનમાં શ્રમની વાત એમણે કરી છે એનું એક સારું ઉદાહરણ. એમની લેખનકારકિર્દીના આરંભ અને અંતનાં વર્ષોનાં બે બિન્દુઓને અકસ્માતે જોડી આપનાર એક કૃતિ તરીકે ય એ, યાદ રહે. પછીયે વર્ષો સુધી કોરિયાનો પ્રશ્ન સળગતો જ હો. એ પણ આ પુસ્તક કેવળ ઇતિહાસરસનું નથી બન્યું. નહિ તો આ જ વર્ષે - ૧૯૨૩માં - બહાર પડેલ 'મરણિયું આયર્લેન્ડ'ની જેમ આ યે દીર્ઘકાળ સુધી ન વંચાત.

જો કે એ જ વિષયનું પુસ્તક ૧૯૩૧માં 'સળગતું આયર્લેન્ડ' નામે પ્રસિદ્ધ કર્યું, એ કારણે પણ આના અલગ અસ્તિત્વની જરૂર ન રહી. 'સૌરાષ્ટ્ર સાહિત્યશ્રેણી'માંના ક્રમાંક ૪ તરીકે બહાર પડેલ 'મરણિયું આયર્લેન્ડ'નું વિગતે અવલોકન કરતાં 'યુગધર્મે' (પુસ્તક ૨, અંક ૩; જેઠ ૧૯૭૯; પૃ. ૨૪૧) જે ટીકા કરી છે તે વત્તેઓછે અંશે આને પણ લાગુ પડે છે : 'ત્યાંનો સમાજ, ત્યાંની રીતભાત, એ ઉપર કંઈક વધારે લખ્યું હોત તો સારું હતું... પણ લેખકનો વિચાર તેની માત્ર હાલની રાજકીય પ્રવૃત્તિનો જ ખ્યાલ આપી, આપણી હાલની સ્થિતિમાં તેને બોધપ્રદ કરવાનો હોય એમ લાગે છે; માટે જ કદાચ આ પુસ્તકની ભાષા પણ ઇતિહાસના પુસ્તક કરતાં મતપ્રવર્તક પત્રની હોય એવી જણાય છે.' આરંભને એ વર્ષે કોરિયા-આયર્લેન્ડની માફક હંગેરી વિષે પણ લખેલું.

એ બધાંની સાથે સાથે થતો હતો કટકે કટકે દ્વિજેન્દ્રલાલના બંગાળી નાટક 'રાણા પ્રતાપસિંહ'નો અનુવાદ. એ પુસ્તકરૂપે પ્રગટ થયો ૨૧-૭-૧૯૨૩ને રોજ. વિષય અને સ્વરૂપની દૃષ્ટિએ મેઘાણીના આરંભના પુસ્તકને સહેજ વિગતે જોવાનો ઉપક્રમ રાખ્યો છે, જેથી લેખક તરીકે એ શું કરતા હતા, અને સાહિત્યક્ષેત્રે એથી શું થતું હતું એ બેય બાબતોનો ખ્યાલ આવે. એ દૃષ્ટિએ હવે પહેલો નાટ્યાનુવાદ જોઈશું - વિગતે.

(ક્રમશઃ)

અનુસંધાન] કંકાવટી [પૃ. ૫૦૭ પરથી

વટાણા તથા અન્ય કઠોળને રાંધતાં પહેલાં એક રાત હવાચુસ્ત ડબામાં ખૂબ ગરમ પાણીમાં રાખી મૂકવાથી રાંધતી વખતે ઓછો સમય લાગશે અને કઠોળ સરસ ચડી જશે.

* * *

વિશ્વસુંદરી સ્પર્ધા વિશે તો પ્રતિવર્ષ જાણકારી મળે છે. પણ અમેરિકામાં અસુન્દર મહિલાઓની એક સ્પર્ધા યોજાઈ હતી, જેમાં જુલિયા પાસ્તાના પ્રથમ ક્રમે આવી હતી. તેની ઊંચાઈ આશરે ચાર ફૂટ હતી અને સમગ્ર શરીર પર લાંબી રુંવાટી હતી. તેના કાન પ્રમાણમાં મોટા હતા અને દાંત વાંકાચૂંકા હતા. ☐

વિન્ડોઝ-૯૫

તરલિકા આચાર્ય

આખા 'ઇન્ફાટેક' વિશ્વમાં ૨૪મી ઑગસ્ટ ૧૯૯૫નો દિવસ યાદગાર બની ગયો છે. અમેરિકાના બિલ ગેઈટ્સ નામના ૩૯ વર્ષના યુવાને કમ્પ્યૂટર યુગમાં એક અદ્ભુત શોધ કરી છે અને કમ્પ્યૂટરની દિશામાં એક ડગલું આગળ ભર્યું છે. આ સંશોધન એણે ૨૪મી ઑગસ્ટ ૧૯૯૫ના દિને સવારે વિશ્વ સમક્ષ મૂકી પૂર્ણ સફળતા હાંસલ કરી છે. અમેરિકા અને ભારત વચ્ચેના સમયના તફાવતને લઈને, અમેરિકાથી પહેલા આ સિદ્ધિનાં દર્શન ભારતમાં થયાં. લોકોએ તાળીઓના ગડગડાટથી બિલ ગેઈટ્સની આ સિદ્ધિને બિરદાવી અને જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે વિન્ડોઝ-૯૫ વિશ્વમાં અને ભારતમાં રજૂ પણ થઈ ગયું. ઈન્ફૉર્મેશન ટેકનોલૉજિ ક્ષેત્રે જેને ક્રાન્તિકારી સિસ્ટિમ માનવામાં આવે છે તે વિન્ડોઝ - ૯૫ અને તેના જનક તથા વિશ્વના સૌથી ધનવાન બિલ ગેઈટ્સ આ નવી સિસ્ટિમ દ્વારા તેમનું સ્વપ્નું સાકાર કરી શકશે?

વિન્ડોઝ-૯૫ની સાથે આઈ બી એમ, ઓ એસ-૨ અને એપલની મેકિનટોસ જેવી કંપની પણ સ્પર્ધામાં છે. પરંતુ બિલ ગેઈટ્સ આ બધી કંપનીને મ્હાત કરીને પોતાના વિચારોને દીર્ઘદૃષ્ટિથી, તનતોડ મહેનત કરીને મૂર્તિમન્ત કર્યા છે. આને માટે ખરેખર બિલ ગેઈટ્સ અભિનન્દનને પાત્ર છે. વર્ષો સુધી વિશ્વ એનું ઋણી રહેશે.

બિલ ગેઈટ્સે કમ્પ્યૂટરના પ્રયોગો પોતાની કંપની માઈક્રોસૉફ્ટ કૉર્પોરેશન દ્વારા કર્યા. એની પોતાની કંપની માઈક્રોસૉફની પી.સી. ઑપરેટિંગ સિસ્ટિમમાં પૂર્ણ પ્રભુત્વ મેળવી વિશ્વના બજારમાં વર્ચસ મેળવ્યું છે. માઈક્રોસૉફટની પકડ એટલી મજબૂત છે કે આજે વાસ્તવમાં બધાં જ પી.સી. નિકાસ થાય છે એ પહેલેથી જ વિન્ડોઝથી ભરેલાં હોય છે. એની કંપની માઈક્રોસૉફટની સ્થાપના ૧૯૭૫માં થઈ. આજે ૧૯૯૫ કમ્પ્યૂટર સૉફટવેર ક્ષેત્રે તેને એક માસ્ટર માઈન્ડ ગણવામાં આવે છે. આ ટ્રિલિયન ડૉલર (દશ પરાર્ધ, ૧૦૦૦૦૦૦^{૩}) ટર્ન ઓવર ધરાવતા આ ઇન્ફાટેકના ઉદ્યોગના આ વિન્ડોઝ ઑપરેટિંગ સિસ્ટિમને બજારમાં મૂકવાથી કંપનીને અને બિલ ગેઈટ્સને ખૂબ પ્રતિષ્ઠા મળશે. આનું પૃથક્કરણ કરનારા અર્થશાસ્ત્રીઓ કહે છે કે વિન્ડોઝ-૯૫ બજારમાં આવવાથી માઈક્રોસૉફટની આવકમાં પહેલાં બે વર્ષમાં જ ૭ બિલિયન ડૉલરનો વધારો થઈ જશે.

૧૯૮૫માં જ્યારે વિન્ડોઝનું પહેલું સંસ્કરણ બહાર પડ્યું ત્યારે એને કંપનીએ 'કલજ' તરીકે ઓળખાવ્યું હતું. મોઈક્રોસૉફટને વિન્ડોઝ ૩.૦ની સફળતા ૧૯૯૦માં મળી. ત્યાં સુધી એને બજારમાં મૂકવા માટે એને ખૂબ ઝઝૂમવું પડ્યું હતું. સાધારણ રીતે દીર્ઘદૃષ્ટિથી કામ કરનારા ઘણા હોય છે, પણ વચ્ચે કાંટાઝાંખરાં આવતાં એ લીધેલું કાર્ય છોડી દે છે. આ શોધ માટેની બિલ ગેઈટ્સની ધીરજ-મહેનત-ભેજું દાદ માગી લે છે.

જ્યારે આ શોધ માટેના પ્રયોગો બિલ ગેઈટ્સ કરી રહ્યો હતો ત્યારે લોકોને કહેતો હતો કે : 'જો જો, એક સમય એવો આવશે કે દરેકના ટેબલ પર અને કારમાં કમ્પ્યૂટર હશે. 'બારી ખોલો' (પ્રોગ્રામિંગ કરો) અને જવાબ તૈયાર' ત્યારે લોકો એની મશ્કરી કરતા હતા. આજે વિન્ડોઝ-૯૫ની સિદ્ધિ જોઈ સહુ મોંમાં આંગળાં નાખી ગયાં છે.

બિલ ગેઈટ્સ આ અખતરા કરતા કરતા ખૂબ કમાયો. અને ખૂબ ધગશથી કરેલા અખતરા, જે સફળ થયા છે, તેનાથી હજી પણ ખૂબ ખૂબ નામ અને ધન કમાશે.

બિલ ગેઈટ્સે એક જ કામ કર્યું છે. કમ્પ્યૂટર ચલાવવા માટે સૉફટવેર જોઈએ, જે ડિજિટલ કોર્ડ, વિવિધ લૅંગ્વેજ અને પ્રોગ્રામ ધરાવતું હોય. મશીન અને આપણી વચ્ચે આ સૉફટવેર જ કડી રૂપ હોય છે. બિલ ગેઈટ્સ આવું સૉફટવેર વેંચે છે. કમ્પ્યૂટર ચલાવવા માટેની ઑપરેટિંગ સિસ્ટિમ વેચે છે. આ સિસ્ટિમ માણસના મગજમાંથી તૈયાર થાય છે જે કામ બિલ ગેઈટ્સે કર્યું છે. એટલે હવે કમ્પ્યૂટરના વર્ગ ભર્યા વગર 'બારી ખોલો' અને જવાબ હાજર.

આ વિન્ડોઝ-૯૫માં એવું શું છે? અને એનો ઉપયોગ કેમ કરાય? આજકાલ ઘણાબધા કમ્પ્યૂટર વર્ગો ચાલે છે. એમાં પ્રોગ્રામિંગ કેમ કરવું, કેવી રીતે કમ્પ્યૂટર ઓપરેટર કરવું વગેરે શીખવાડાય છે.



એપલની મેકિનટૉસ અને આઈ બી એમની ઓ એસ-૨ની સરખામણીમાં માઈક્રોસૉફટની વિન્ડોઝ-૯૫ સિસ્ટિમ હેઠળ એક જ વખતે ઘણાંબધાં પ્રોગ્રામ લઈ શકાય છે. તે જ આ

સિસ્ટિમનું જમા પાસું છે. હાર્ડ ડ્રાઈવથી માંડીને નેટવર્ક સુધી માત્ર એક જ વખત ક્લિક કરવાથી પ્રોગ્રામ અન્યત્ર લઈ જવાય છે. ટૂંકમાં, આ મલ્ટિફંકશનલ અને ઝડપથી કાર્ય કરતી સિસ્ટિમ છે.

આને માત્ર 'માઉસ' થી જ ઓપરેટર કરવાનું છે. કમ્પ્યૂટર ડિસ્ક ઑપરેટિંગની મૂળ પદ્ધતિ કરતાં આ ઘણી જ સરળ પદ્ધતિ છે. વિન્ડોઝ-૯૫, કમ્પ્યૂટરના બધા જ જટિલ પ્રશ્નોનો ઝડપથી ઉકેલ આણે છે.

સામાન્ય રીતે કમ્પ્યૂટર ઓપરેટ કરવા માટે સી ચાલુ કર્યા પછી, બ્લિન્ક થવાની રાહ જોવાની હોય છે. પછી ગ્રાફિકલ યુસર ઇન્ટરફેસ ઑપરેટિંગ સિસ્ટિમ (ઓ.એસ.) ચાલુ કરવી પડે છે. એને ઑપરેટિંગ કરવા માટે તાલીમ લેવી પડે છે. જ્યારે વિન્ડોઝ-૯૫, ટૂંકમાં વિન-૯૫, પળવારમાં જ આ કરી નાખે છે. બટન દબાવો કે જવાબ તૈયાર, કોઈ ભય નહીં, કોઈ પણ જાતની રાહ જોવાની નહિ, કોઈપણ જાતનું મંથન નહિ. એન્ટર થાવ અને કોઈપણ જાતની છેકછાક વગર કમ્પ્યૂટર વાપરો.

માઈક્રોસૉફ્ટનું એક કંટાળાભરેલું કામ હતું. એ પણ એણે સરળ બનાવ્યું. એના ફાઈલનેઈમને આઠ કૅરેક્ટરમાં જ ગોઠવી દીધાં છે. આ નવી ઑપરેટિંગ સિસ્ટિમ માણસો સરળતાથી વાપરી શકે છે. તમારી પાસે સાચી હાર્ડવેરની આકૃતિ હોય એ વિન-૯૫માં ભરાઈ જાય એટલે એની તરત જ લાઈટ તરફ ગતિ થાય છે. આ ઈ.ટ. (ઇન્ફર્મેશન ટેકનોલૉજિ તમને એની પહેલી જાહેરખબરમાં જ કહે છે કે 'હવે તમે અંધારામાં નહીં રહી શકો.'

વિન-૯૫, એના વાપરનારા સાથે એકદમ એકરૂપ થઈ જાય છે. એની સો હો સિસ્ટિમ ઘણી જ આવકારદાયક છે. (સો હો એટલે નાની ઑફિસ કે ઘરની ઑફિસ) એટલે સો હોમાં પણ કમ્પ્યૂટર રાખી એકથી વધારે પ્રોગ્રામ ઓપરેટ કરી શકો છો.

અત્યારે આ આખી સિસ્ટિમ લેવી હોય તો ૬૨૦૦ થી ૬૩૦૦ રૂપિયા જેટલો ભાવ છે. આમ, આ સિસ્ટિમ ખર્ચાળ ન કહી શકાય.

પણ એક વાત નક્કી છે કે વિન્ડોઝ-૯૫એ, એ વાત સાબિત કરી છે કે માઈક્રોસૉફ્ટના ભાવિનો આધાર મલ્ટિમીડિઆ છે. હવે રમત, પિક્ચર, વીડિયો, ટેલિફોન, સમાચાર, વ્યાપાર, ઈ. મેઈલ શૉપિંગ વગેરે તમામનું ડિજિટલ કોર્ડમાં રૂપાંતર કરી શકવાથી એક નવી દિશા ખૂલી ગઈ છે.

અને તેથી જ કદાચ બિલ ગેઈટ્સ સી એન એનના ટેક ટર્નર સાથે કે સ્ટીવન પિલબર્ગ સાથે કે સોની તથા કોમ્પેક સાથે વિવિધ પ્રોજેક્ટો માટે વાટાઘાટો કરી રહ્યા છે. જો આમ થશે તો બિલ ગેઈટ્સ ક્યાં જઈને પહોંચશે? (સંકલિત)

અશોક હર્ષ



ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય વિપ્લવને 'સિપાઈઓના બળવા' તરીકે ઓળખાવી અંગ્રેજ ઇતિહાસકારોએ તેને આપેલી પ્રસિદ્ધિ તો આપણે જાણીએ છીએ, પરંતુ ત્યારની ભારત પરની અંગ્રેજ સરકાર સામે ખુદ આ દેશમાંના અંગ્રેજોએ જે ઉઠાવેલા બળવા પર ઇતિહાસે જાણે પડદો જ પાડી દીધેલ છે. ઈ. ૧૮૮૩ના 'વ્હાઈટ મ્યૂટિનિ' ('ગોરા બળવા') તરીકે ઓળખાયેલી એ ઘટના પર મેરીલેન્ડ યુનિવર્સિટીના ઇતિહાસના અધ્યાપક ડૉ. હિશમેને ભારે શ્રમપૂર્વક માહિતી પ્રાપ્ત કરીને છેલ્લે છેલ્લે જે પ્રકાશ પાડ્યો છે એ ખરેખર નોંધપાત્ર છે.

અંગ્રેજોએ આ દેશ પરના શાસન દરમિયાન ભારતીયોને કોઈ પણ મહત્ત્વના પદે ન મૂકવાની નીતિ અપનાવેલી, પરંતુ એની નીચેનાં પદો પર પણ તેમને સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પાસ થયા પછી મૂકવામાં આવતા, જે 'ઇન્ડિયન સિવિલ સર્વિસ' તરીકે ઓળખાતી. આવા પહેલા જ ભારતીય આઈ.સી.એસ. હતા સત્યેન્દ્રનાથ ટાગોર. પરંતુ જેમ આ પરીક્ષામાં વધુ ભારતીયો પસાર થતા ગયા તેમ અહીંના ગોરા અધિકારીઓના પેટમાં તેલ રેડાતું ગયું. તેમાં યે આ દેશ પર વાઈસરોયપદે આવેલા લૉર્ડ રિપને તેના ઇ. ૧૮૮૦ થી ૧૮૮૪ સુધીના અમલ દરમિયાન ભારતીયોને અમુક પ્રમાણમાં રાજવહીવટમાં પણ ભાગ આપવાની નીતિ અપનાવતા હવે આ ગોરાઓના ધૂંધવાતા ક્રોધે સંગઠિત સ્વરૂપ પકડ્યું અને ઇ. ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૨૮મીએ કલકત્તાના ટાઉન હૉલમાં સભા ભરીને તેમણે આઈ.સી.એસ.ની ભરતીની તથા ત્યારની અંગ્રેજી હકૂમતની પેટ ભરીને નિંદા કરી.

તે વખતનાં 'અમૃત બઝાર પત્રિકા', 'ઇન્ડિયન સ્પેક્ટેટર' વગેરે પત્રોએ ગોરાઓના આ બંડને ઝાટકી કાઢ્યું. એ બંડના એક જ વર્ષ પહેલાં નિવૃત્ત થયેલા ગોરા અધિકારી એલન ઑક્ટેવિઅન હ્યુમે આ સામે એક પત્રિકા બહાર પાડીને ભારતીયોને રાષ્ટ્રિય પ્રશ્નોની ચર્ચાવિચારણા માટે સંગઠિત થવા જણાવ્યું. એવો જ અનુરોધ આ બંડની સમીક્ષા કરતાં ઇંગ્લન્ડમાંથી હેનરી કૉટને કર્યો. પરિણામે ઈ. ૧૮૮૫માં 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ' અથવા ભારતીય રાષ્ટ્રિય મહાસભા અસ્તિત્વમાં આવી. ઈ. ૧૮૮૨માં ઉદ્ભવેલું ગોરાઓનું બંડ તો કાળપ્રવાહમાં આગળ જતાં વિલીન થઈ ગયું, પણ કૉંગ્રેસ તો ઉત્તરોત્તર પોતાનું બળ જમાવતી ગઈ અને છેવટે આ દેશને વિદેશી ધૂંસરી નીચેથી મુક્ત કર્યો.

*

વિદેશી શાસનની ધૂંસરી અહીંની પ્રજાને કેટલી ખૂંચતી હતી એ તો ૧૮૫૭ના ખુલ્લા વિદ્રોહ પહેલાં જ આંતરિક રીતે એના વિરોધનો વ્યાપ દર્શાવી આપે છે. બુંદેલખંડના લોકગાયકોની એક જાતિ 'હરબોલે' તરીકે ઓળખાય છે. અંગ્રેજોના દમનચક્ર સામે ચરખારી રિયાસતમાં કેટલાક રાજવીઓએ એકત્ર થઈને અંગ્રેજો સામે લડી લેવાનું નક્કી કર્યું, પરંતુ ઈ. ૧૮૪૦-૪૨ના યુદ્ધમાં માત્ર જેતપુરના રાજા પારીછત એકલાએ અંગ્રેજો સામે ટક્કર લીધી એ પ્રસંગને પોતાની કવિબાનીમાં વણી લઈ હરબોલેએ ગાયું, 'સબ રાજા દગા દે ગયે, નૃપ લડે અકેલે.'

આ કવિજમાતમાં આ ઘટનાએ એવું શૌર્ય પ્રગટાવ્યું કે એ જમાતે જ અંગ્રેજો સામે લડવા કેડ કસી ગાવા માંડ્યું -

'કાહૂ ને સૈર ભાખે, કાહૂ ને લાવની,
અબ કે હલ્લા મેં ફૂંકી જાત છાવની.'

એમણે કોઈ છાવણી ફૂંક દીધી હોય કે નહિ એ તો કોણ જાણે, પણ જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ જઈ તેમણે પ્રજામાં રાષ્ટ્રચેતના જગવવાનો પ્રયત્ન ઈ. ૧૮૪૦ થી ૧૮૫૭ સુધી ચાલુ રાખ્યો. 'હર ગંગા, હર ગોપાલ'થી શરૂ થતાં તેમનાં સીધાં અને સહજ ગીતોમાંથી આગળ જતાં આગની ચિનગારીઓ ઊડવા માંડતી. એમને નામ કે દામની કશી પડી નહોતી. અંગ્રેજો વિરુદ્ધ જનજાગરણ એ જ તેમનું લક્ષ્ય હોઈને તેમનું સ્મરણ આપણા રાષ્ટ્ર માટે એક ગર્વનો વિષય છે.

*



અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કાઢવા માટે તમામ રાજવીઓને સંગઠિત કરવા મ્હૈસુરના સિંહ ટીપુ સુલતાને પણ ઓછા પ્રયાસો નહોતા કર્યા, પણ એ શક્ય ન બનતાં તેણે એકલપંડે એ યુદ્ધ જારી રાખ્યું. યુદ્ધ માટે ઘોડાઓની ખાસ જરૂર રહેતી, અને કચ્છના ઘોડા ત્યારે દેશભરમાં પ્રખ્યાત હોઈને

તેણે કચ્છના રાઓ રાય ધણજીની રજા મેળવી મુંદ્રા અને માંડવી એ બંદરોએ ઇ. ૧૭૯૭માં પોતાનાં બે ખાસ મથકો સ્થાપ્યાં. આ મથકોએ થતી ઘોડાખરીદીમાં જેમને પૈસા જોઈએ તેમને પૈસા અને જેમને અનાજ જોઈએ તેમને સસ્તાં ભાવે અનાજ આપવામાં આવતું.

કચ્છના રાઓની આ ઉદારતા બદલ ટીપુ સુલતાને 'હૈદરી' નામની તોપ તેના તોપચી પધુ ગુલામદાર સાથે મોકલી આપી તેમના માટે તેમ જ તેમના સેનાપતિ જમાદાર ફતેહમહમદ માટે બે રાજવંશી પોશાકો પણ મોકલી આપેલા. તોપ પરના અરબી લખાણ મુજબ એ તોપનું નિર્માણ કારીગર ગુલામ અસ્સદે શ્રીરંગપટ્ટમ્ મુકામે કરેલું. હિજરી સંવત ૧૨૨૬માં તૈયાર થયેલી એ તોપનું વજન ૧૦૦૦ રતલ હતું.

*

ભારતમાંના અનેક સૂફી સંતોમાં જેમનું નામ લગભગ અજાણ્યું છે એ બીબી ફાતિમા બાબા ફરીદ ગંજશકર અને નિઝામુદ્દીન ઓલિયાનાં જ સમકાલીન હતાં, જેમની ઉપેક્ષિત કબર આજે પણ દિલ્હીમાં બાપાનગર મુકામે છે અને ફેબ્રુઆરી માસમાં દર વરસે ભરાતા ઉર્સમાં અનેક સ્ત્રીપુરુષો ત્યાં એકઠા થઈ તેમની દૂઆ માગે છે. એ ક્યારે ભારત આવ્યાં અને ત્યારે અવસાન પામ્યાં તે કોઈ જાણતું નથી. પણ તે ઈરાક-ઇરાનની સરહદે આવેલા સામનાં વતની હોવાનું કહેવાય છે. નિઝામુદ્દીન ઓલિયા તેમને 'અપ્પા' તરીકે સંબોધતા જ્યારે બાબા ફરીદ તેમને પોતાની નાની બહેન ગણતા. એમનાં મુરીદ સ્ત્રીપુરુષોની સંખ્યા આજે પણ નાનીસૂની નથી. આખી જિંદગી અપરિણીત રહી તદ્દન સાદું અને અલ્લાહમય જીવન ગાળી ગયેલાં બીબી ફાતિમા આ દેશમાં એકલાં આવેલાં કે એમના કુટુંબ સાથે એ પણ કોઈ જાણતું નથી. એમની જીર્ણ બનતી જતી કબરના જીર્ણોદ્ધારની આપણા પુરાતત્ત્વખાતાની ફરજ નથી? □

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૫૧૯ પરથી

લોકલીલા : આખ્યાન શૈલીનું દીર્ઘકાવ્ય છે. 'ઊર્મિ કાવ્યાંક'માં એનો કેટલોક ભાગ પ્રકાશિત થયો હતો. પ્રેમાનંદે જ્યાં કૃષ્ણ-સુદામા ચરિત્ર પૂરું કર્યું ત્યાંથી સુંદરમ્ આગળ લંબાવ્યું છે અને કાલ્પનિક કથા કરી ચિત્ર (કૃષ્ણચિત્ર) પૂર્ણ કર્યું છે. ડૉ. ભોળાભાઈ પટેલ અને ડૉ. રમણલાલ જોશીએ ઘણી જહેમતથી સંપાદન કર્યું છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ડિમાઈ ૧૦૭; રૂ. ૩૮.)

'હૃદયરેખ' : લિથુઆનીઅન ભાષાના અગ્રગણ્ય કવિ એક્યુઅઝડૉસ મિઝેલાઈટીસના અનુવાદિત કાવ્યોનો સંગ્રહ. એના અનુવાદક હસમુખ મઢીવાળાએ મૂળ કવિની કાવ્યવિભાવના પણ કાવ્યો સાથે સુપેરે રજૂ કરી છે. 'આંખો', 'પાટો છોડ', 'સંગીત', 'એક ક્ષણ' અને 'જવનો દાણો' કાવ્યો ઉત્તમ છે. (પ્રકા : ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ડેમાઈ ૯૫, રૂ. ૪૦.)

'લોકસાહિત્યમાં કથનશૈલી' : લોકસાહિત્ય રજૂ કરવાની કથનશૈલી વિશે વિવિધ વિદ્વાનોના લેખોનું સંપાદન. એમાં વિશેષતઃ આખ્યાન અને પદ્યવાર્તાઓના સ્વરૂપને મહત્ત્વ આપ્યું છે. સંપાદક ડૉ. શાંતિભાઈ આચાર્યની વિવેચનાત્મક દૃષ્ટિ પરખાય છે જ. (પ્રકા. : ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ડિમાઈ ૧૨૮; રૂ. ૩૦.)

'નાયિકાભેદ' : રંગભેદ, સ્વભાવભેદ, ગુણભેદ વગેરેની જેમ નાયિકાભેદ પણ છે. આ પુસ્તકમાં, નાટ્યશાસ્ત્ર અને કથાસાહિત્યમાં રસને અનુરૂપ નાયિકાઓના સ્વભાવનું આલેખન થતું હોય છે; એનો અહીં સર્વેક્ષણાત્મક આલેખ આપ્યો છે. જીતુદાન ગઢવીએ એક મોટા વ્યાપ પર આ અભ્યાસ કર્યો છે, એમાં નવી દૃષ્ટિ લાગે છે. (પ્રકા : ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ડિમાઈ ૩૮૪, રૂ. ૧૧૦.)

'પરિદર્શના :' વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા લેખોનો સંગ્રહ, જેમાં વિવેચન કરતાં માહિતીનું પ્રમાણ વધુ છે. (લેખક : વિનાયક રાવલ; પ્રકા : પોતે, 'તત્સત્', બ્રાહ્મણ શેરી, ઊંઝા; કાચું પૂઠું, પૃ. ક્રાઉન ૧૬૦, રૂ. ૫૨.)

'શમણાંના ભરચક આકાશમાં' : વિનાયક રાવલનાં ગીતગઝલોને કાવ્યસંગ્રહ. કાવ્યેકાવ્યે કોઈ ને કોઈ ભાવક પાસેથી લીધેલા અભિપ્રાયો અહીં જોડ્યા છે. (પ્રકા : લિબર્ટી પબ્લિકેશન્સ, ૩૪૫, ટેમલા પોળ, હાથી પટેલની પોળ પાસે, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧; કાચું પૂઠું, પૃ. ડિમાઈ-૧૦૦, રૂ. ૩૫.)

'સત્તાવીસ સૉનેટ' : સૉનેટ વિશે વ્યાપ અને ઊંડાણથી અભ્યાસપ્રદ લેખ અને જે તે સૉનેટના પાઠ સાથેનો સંગ્રહ. (સંપાદક : વિનાયક રાવલ; પ્રકા : પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧; કાચું પૂઠું; પૃ. ક્રાઉન ૧૨૭; રૂ. ૩૦.)

'મહોત્થાન' : જૂની ઢબનાં કાવ્યોનો લઘુસંગ્રહ. તનસુખ ઓઝા; પ્રકા. સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બૉ. નં. ૬૪, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ક્રાઉન ૨૮.)

'વેણીભાઈ પુરોહિતનાં કાવ્યો' : વેણીભાઈ પુરોહિતનાં કાવ્યો અભ્યાસલેખ સાથે નીતિન વડગામાએ સંપાદિત કરી આપ્યાં છે. વેણીભાઈનાં કાવ્યોની સાહજિકતા અને નજાકત અહીં જોવા મળે છે. (પ્રકા. આદર્શ પ્રકાશન, ૧૭૬૦/૧૭, ગાંધી માર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧; કાચું પૂઠું, પૃ. ક્રાઉન ૮૭, રૂ. ૨૦.)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

નૈનિતાલ

તા. ૧૭-૧૦-૮૨ : નૈનિતાલ સમુદ્રસપાટીથી ૨૦૦૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. ભૂસ્તર ઉપર બે જુદા જુદા ખડકો જ્યાં મળે ત્યાં દરાર (તિરાડ) પછી જાય. તેને geological fault (ભૂસ્તરીય સ્ખલન) કહે છે. હિન્દુસ્તાનની બધી મોટીમોટી નદીઓ બંગાળના ઉપસાગરમાં પડે છે. ફક્ત નર્મદા અને તાપી જ અરબી સમુદ્રમાં પડે છે. કારણ કે અરબી સમુદ્રને કાંઠે નક્કર ખડકો આવેલા છે. તેમાં બે જ જગ્યાએ મોટા ફૉલ્ટ (fault તિરાડો) છે, જેમાંથી તાપી અને નર્મદા વહે છે.

આવા એક ફૉલ્ટ ઉપરથી નદી વહેતી હતી તેમાં હજારો વર્ષ પૂર્વે તિરાડનો એક બાજુનો ખડક ઊંચો થઈ આવ્યો અને વચલા ફૉલ્ટમાંથી વહેતી નદીનાં વહેણમાં રુકાવટ ઊભી થઈ અને આમ ત્યાં સરોવર ઊભું થયું. આ સરોવર તે નૈનિતાલ (તાલ - તળાવ) વચ્ચે વિશાળ સરોવર અને તેની ચારે બાજુ ટેકરીઓ ઉપર ગામ વસેલું છે. આજે પણ સરોવરનો એક છેડો મલ્લીતાલ અને સામો છેડો તલ્લીતાલ કહેવાય છે. ભૂસ્તરશાસ્ત્રની પરિભાષામાં નૈનિતાલ tectonic lake (ભૂસ્ખલન - સરોવર) કહેવાય છે.

ઈ. ૧૮૩૯માં એક અંગ્રેજ રખડતો રખડતો આ સરોવરને કિનારે પહોંચ્યો અને પછી તેણે ત્યાં ઘર બાંધ્યું. આમ, 'સુધરેલાં લોકો'ની નજરે આ પ્રદેશ પડ્યો. ત્યારથી સરોવરમાં પ્રદૂષણ શરૂ થયું. આજે ૧૯૮૦ સુધીમાં તો નૈનિતાલ દુનિયાનાં જે પાંચ-છ ખૂબ પ્રદૂષિત તળાવો છે તેમાં આવી ગયું છે! પણ વિજ્ઞાનીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓમાં જ આ પ્રદૂષણની વાત થાય છે બહાર નહિ, કારણ કે નહિતર તો ગામની આવક અને રોનક બંધ થઈ જાય. રોજના હજારો ટૂરિસ્ટ (સહેલાણીઓ) નૈનિતાલ આવે છે. આવે જ ને? આજે અમદાવાદમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન છે. જ્યારે નૈનિતાલમાં બપોરે ગરમ કોટ પહેરીને ફરતા હતા.!

કૉન્ફરન્સમાં અને પરિષદોમાં તો ઘણી વાર ગયો છું. પણ રસ્તા ઉપર ડેલિગેટોને આવકારતા બૅનરો ઠેરઠેર લટકાવેલાં તો નૈનિતાલમાં જોયાં - વડાપ્રધાન આવવાના હોય અને જેમ રસ્તા વચ્ચે બૅનર લગાડે છે તેમ. ટૂરિસ્ટોનું ગામ છે ને? તેને મન તો અમે બધાં ટૂરિસ્ટો જ તો!

ટૂરિસ્ટો સિવાય ગામની વસ્તી ૨૭,૦૦૦ની. ગામમાં કૉલેજ છે, યુનિવર્સિટી છે, ખગોળની વેધશાળા છે. છતાં તળ ગામ હજી જૂના રિવાજ પાળે છે. ગાંધીજયંતી નિમિત્તે ખાદીભંડારમાં ૩૦ ટકા વળતર આપે છે તેની માહિતી ઢોલની ડાંડી પીટીને કરતો એક માણસને સાંભળ્યો. આપણે ત્યાં તો રિક્ષામાં માઈક્રોફોન લઈને બૂમ પાડીને જાહેરાત થતી સાંભળી છે. પણ ઢમઢમ ઢોલ વગાડીને માણસ ઊભો રહે અને પછી, 'સૌ સાંભળ જો...' કહીને માહિતી આપે તેવું ૧૯૨૪ થી ૧૯૩૦ના ગાળામાં ભાવનગરમાં જાણ્યું હતું. તે પછી પચાસ વર્ષે નૈનિતાલમાં સાંભળ્યું!

હિમાલયની પર્વતમાળા ઉપર જંગલો આવેલાં છે. આ જંગલોમાં ૧૫૦૦ થી ૩,૦૦૦ મીટરની ઊંચાઈ સુધી ઓક અને પાઈનનાં વૃક્ષો જોવા મળે છે. ઓક (oak)નું ગુજરાતી તો ખબર નથી (કારણ કે ગુજરાતમાં ઓક થતાં નથી!) પણ હિન્દીમાં તેને બાડ કહે છે. પાઈન (pine) - ચીડ. ૩૦૦૦ મીટરથી વધુ ઊંચાઈએ ચીડને બદલે દેવદાર જોવા મળે છે. નીચલા હિમાલયમાં ઓક અને પાઈન વચ્ચે હરીફાઈ છે અને જંગલોમાંથી ઓક ઓછાં થતાં આવે છે અને પાઈન વધતાં આવે છે અને માણસ તેમાં પાઈનને મદદ કરે છે! ઓકનું ઝાડ બળતણ માટે ખૂબ કપાય છે. હવે ઓકનું ઝાડ ઘટાદાર પાંદડાંવાળું છે. તેથી ઝાડની નીચે ખૂબ કચરો પડે છે. વરસાદ પડે ત્યારે આ પાંદડાંનો કચરો પાણીને ઢોળાવ પરથી વહી જતું રોકી રાખે છે અને તેથી જમીનમાં પાણી ટકી રહે છે. ઓકનાં વનમાંથી બારે માસ નાનાંનાનાં ઝરણાં વહેતાં રહે છે. પાઈન વૃક્ષ ઘટાદાર નથી. તેને ઝાઝો કચરો પડતો નથી. જેમજેમ ઓક કપાતાં જાય છે તેમ તેમ પાઈન વધતાં જાય છે અને હિમાલયનાં ઝરણાં સુકાતાં જાય છે!

આથી જ ત્યાં એક ભાઈએ 'ચિપકો' આન્દોલન ચલાવ્યું. ઓકનું વૃક્ષ કાપવા આવે ત્યારે વૃક્ષને કાપવા ન દ્યો. વૃક્ષને ચિપકીને, બાથ ભીડીને ઊભા રહો. આ આન્દોલન ગઢવાલમાં ઘણું વ્યાપક છે અને હવે ત્યાં ઓક અને પાઈનની લડાઈમાં ઓક તરફ જીત દેખાવા લાગી છે.

આ 'ચિપકો' આન્દોલનના પ્રણેતા શ્રી સુંદરલાલ બહુગુણાને આ વર્ષનો રેમન મેગસેસે એવૉર્ડ એનાયત થયો છે.

જમણા હાથનાં કરતૂતથી ડાબો હાથ અજાણ

તા. ૬-૬-૮૨ : રેડીઓ ઉપર ભારતીય ભાષામાં સમાચાર અપાય ત્યારે 'યહ આકાશવાણી હૈ અબ આપ ફલાણાએ સમાચાર સુનિયે' એમ શરૂ થાય. પણ અંગ્રેજીમાં સમાચાર આવે ત્યારે 'This is All India Radio' એમ શરૂ થાય. હવે ટેલિવિઝન માટે અંગ્રેજી તેમ જ હિન્દીમાં એક જ શબ્દ વપરાય છે. 'દૂરદર્શન' પણ રેડીઓ માટે અંગ્રેજીમાં 'ઑલ ઇન્ડીઆ રેડીઓ' અને દેશીભાષામાં 'આકાશવાણી'. રેડીઓની હિન્દી સલાહકાર સમિતિમાં કોઈએ ધ્યાન ખેંચ્યું એટલે માહિતી અને પ્રસારણ મંત્રાલયે નક્કી કર્યું કે

હવેથી અંગ્રેજી સમાચારમાં પણ 'This is Akashvani' એમ કહેવું અને તે પ્રમાણે પહેલી તારીખથી શરૂ પણ થઈ ગયું અને તે વિષે છાપામાં કે અન્ય કશે નોંધ પણ લેવાઈ નહિ.

પણ આજે છાપાંમાં એક ખૂણે સમાચાર છે કે પ્રધાનમંત્રીએ ખાસ આદેશ આપીને અંગ્રેજી સમાચાર બુલેટિનમાં આકાશવાણીને બદલે 'ઑલ ઇન્ડિયા રેડીઓ' શબ્દ વાપરવાનો હુકમ કર્યો છે! શું કારણ? કોણ જાણે! કેટલી નાની બાબત અને તે માટે કેટલા મોટા માણસોના આદેશો અને હુકમો!

કદાચ એવું કારણ હોય કે પરદેશ માટેના આપણા સમાચારમાં 'આકાશવાણી' શબ્દ પરથી ભારતથી આ સમાચાર આવે છે તેમ ખબર ન પડે. પણ ઑલ ઇન્ડિયા રેડીઓ કહેવાથી ભારતથી સમાચાર આવે છે તેની ખબર પડે. દરેક દેશ માટે રેડીઓ એ મોટું પ્રચાર માધ્યમ છે અને રેડીઓ સ્ટેશન સાથે દેશનું નામ આવે તેમ જ ગોઠવવામાં આવે છે. રેડીઓ મોસ્કો, બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન, વૉઈસ ઑફ અમેરિકા, રેડીઓ પાકિસ્તાન... તેથી જ આકાશવાણીને બદલે અંગ્રેજી સમાચારમાં 'All India Radio' ફરી ચાલુ કર્યું હોય!

પણ તો આવી સરળ દલીલ સરકારના પ્રસારણ ખાતામાં કોઈના ધ્યાનમાં ન આવી? કે પછી કોઈના ધ્યાન પર તો આવી હોય પણ પ્રસારણ ખાતાના મિનિસ્ટરે તે દલીલ સાંભળવાનો ઇન્કાર કર્યો હોય એટલે વાત વડાપ્રધાન સુધી પહોંચી હોય!

ભારતનું સરકારી તંત્ર અત્યારે કેટલું ઢીલું થઈ ગયું છે તેનો કેવો સુંદર નમૂનો!

એવો જ બીજો નમૂનો દાણચોર સુકર નારાયણ બખિયાનો છે. બખિયાની દાણચોરી-વિરોધી કાયદા નીચે અટકાયત કરી હતી. તે દમણનો તેથી તેને ગોવાની જેલમાં રાખ્યો હતો. હવે અટકાયતના હુકમમાં કોઈક ટેક્નિકલ ખામી હશે એટલે કોર્ટે તેને છોડવાનો હુકમ કર્યો. પણ આવા કિસ્સામાં બને છે તેમ ટેક્નિકલ ખામી દૂર કરી ફરી અટકાયત કરવા ભારત સરકારના કસ્ટમ અધિકારી જેલને દરવાજે તૈયાર ઊભા હતા. પણ બખિયા દરવાજેથી નીકળ્યો જ નહિ. કેમ ભાઈ, તો કહે ગોવાની સરકારે તેને છોડીને જેલને પાછલે બારણેથી જવા દીધો! ભારત સરકારનું કસ્ટમ-ખાતું આગલે બારણે વાટ જુએ અને ગોવા સરકારનું જેલખાતું પાછલે બારણેથી બખિયાને છોડી મૂકે!!

બાઈબલમાં કહ્યું છે કે તારો જમણો હાથ શું કરે છે તે તારા ડાબા હાથને ખબર પડવા દેતો નહિ. ભારત સરકાર અને રાજ્યની સરકારો આ નિયમ બરાબર પાળે છે!

આ પાનાંનું ઉગમબિન્દુ

તા. ૩૦-૧૦-૮૨ : હમણાં હું અમેરિકન વાર્તાઓ વાંચું છું. 'પ્રાઈઝ સ્ટોરીઝ-ઓ હેન્રી ૧૯૮૧' ૧૯૭૯-૮૦ના વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલી, O Henry ઇનામ મેળવેલ વાર્તાઓનો સંગ્રહ છે. એમાંની બે-ત્રણ વાર્તા વાંચતાં મને મનમાં થયું કે હું જે અઠવાડિક પત્રો લખું છું તેમાંના કેટલાક પત્રો જેવી જ આ વાર્તાઓ છે! એટલે મને વિચાર આવ્યો કે પત્રોને આધારે હું પણ નિબંધિકાઓ જેવી વાર્તાઓ લખું અથવા તો વાર્તાઓ જેવી નિબંધિકાઓ લખું અને મનમાં એક યોજના પણ ઘડી કાઢી.

ઘેર રાત્રે ચોર આવ્યા હતા અને તેમને કાગળિયાં સિવાય કાંઈ જ હાથમાં ન આવ્યું ત્યારે મેં બાપ-બેટા વચ્ચેનો સંવાદ પત્રમાં લખ્યો હતો. તેનાથી શરૂઆત કરવી અને એક લેખમાળા લખવી એમ વિચાર્યું છે. તે સંવાદમાં બાપ બેટાને કહે છે - આ બધા તો નકલી શેઠીઆ, પસ્તીના શેઠીઆ, એ ઉપરથી લેખમાળાનું શીર્ષક રાખવું છે. 'પસ્તીનાં પાનાં' અને લેખક તરીકે તખલ્લુસ રાખવું છે 'પસ્તીનો શેઠીઓ'. બે-ત્રણ લેખનાં શીર્ષક પણ વિચારી રાખ્યાં છે - 'ગુજરાતી તો ભઈ બહુ ગંદા', 'B. Com. M.M. P.'

પસ્તીની વાત નીકળી છે ત્યારે યાદ આવ્યું કે ગુજરાતની શિક્ષિત પ્રજાના મોટા ભાગના લોકો કરતાં ગુજરાતના પસ્તીના વેપારીઓ વધુ સમજદાર છે! ગુજરાત ગણિતમંડળ તરફથી પ્રો. એ.આર. રાવ સન્માનનિધિ મારફત દર વર્ષે ગણિત-વિષયક કોઈક કાર્યક્રમ યોજાય છે. તેમાં આ વર્ષે 'સુગણિતમ્' વાચન સ્પર્ધા યોજાઈ હતી. ૧૯૮૦ તથા ૧૯૮૧ના સુગણિતમના લેખો ઉપર આધારિત એક પ્રશ્નપત્રની પરીક્ષા. આ સ્પર્ધાનો ધાર્યા કરતાં ઘણો વધારે પ્રચાર થયો અને ખૂબ મોટી સંખ્યામાં ગુજરાતભરની શાળાઓએ ભાગ લીધો. અમારી પાસે હતા તે સઘળા જૂના અંકો વેચાઈ ગયા અને તોયે જૂના અંકોની માંગ તો ઊભી રહી. ત્યારે અમદાવાદની એક શાળાના શિક્ષકને તુક્કો સૂઝ્યો. રવિવારે સાબરમતીની રેતમાં મળતી ગુજરી બજારમાં તે ગયા, તો ત્યાં 'સુગણિતમ્'ના જૂના અંકો મળતા હતા!

હવે 'સુગણિતમ્'ના ગ્રાહકો તો મુખ્યત્વે ગણિત-શિક્ષકે તેમને 'સુગણિતમ્' સંઘરવા જેવું ન લાગ્યું, એટલે જૂના પસ્તીમાં કાઢી નાખ્યા હશે. પણ પેલા પસ્તીના વેપારી સમજદાર! તેમને થયું કે આ સામયિકનાં પાનાં ફાડીને ચેવડા પડીકાં બનાવવાને બદલે ગુજરી બજારમાં આખું ને આખું સામયિ વેચીએ તો વધુ કિંમત ઊપજશે! અને તે કેટલો સાચો હતો!

જે સામયિકોની જૂની નકલો ગુજરી બજારમાં વેચાતી તેની સાહિત્યની દૃષ્ટિએ કેટલી બધી કિંમત ગણાય અને તે મૂળ વાચકની 'કિંમત' કેટલી બધી ઊતરતી ગણાય?

આમ ગુજરાતમાં પસ્તીના શેઠીઆ પણ સાહિત્યની કિંમત આંકી શકે છે એટલે હવે આવી પસ્તીનું સાહિત્ય પેદા કરવાનો સમય પાકી ગયો છે. 'પસ્તીનાં પાનાં' લખવા માટે બરાબર

સુયોગ થયો છે.

સુબ્રહ્મણ્ય ભારતી

તા. ૧૫-૧-૮૩ : વિખ્યાત તામિલ કવિ સુબ્રહ્મણ્ય ભારતની શતાબ્દી ૧૯૮૨માં ઉજવાઈ.



સુબ્રહ્મણ્ય ભારતી [૧૮૮૨-૧૯૨૧]

૧૮૮૨માં જન્મેલો આ ક્રાન્તિવીર કવિ ૪૦ વર્ષ પૂરાં કરે તે પહેલાં તો ગુજરી ગયો. પણ તેનો મિજાજ જાણવો હોય તો એક જ પ્રસંગ બસ થઈ પડશે. ૧૯૨૧માં ગાંધીજી મદ્રાસ ગયા હતા. ત્યારે એક દિવસે આ યુવાન કવિ ગાંધીજી જ્યાં રહેતા હતા ત્યાં પહોંચ્યો અને તે દિવસે સાંજે એક સભામાં પોતે ભાષણ કરવાનો હતો તે સભાનું પ્રમુખસ્થાન લેવા તેણે ગાંધીજીને વિનંતી કરી. ગાંધીજીનો આખા દિવસનો કાર્યક્રમ તો ગોઠવાઈ ગયો હતો એટલે તેમણે પ્રમુખસ્થાન લેવાની અશક્તિ દર્શાવી. 'તેમાં નુકસાન તમને જ છે, મારું ભાષણ સાંભળવાનો તમને લાભ નહિ મળે' એમ કહીને ભારતી વિદાય થયો!!

ગુજરાતીમાં ન્હાનાલાલે 'અપદ્યાગદ્ય' કવિતા રચવાનું શરૂ કર્યું હતું; પણ ત્યાર પછી આપણી ભાષામાં તે શૈલીનો વિકાસ નહિવત્ થયો. અપદ્યાગદ્ય એટલે અપદ્ય-અગદ્ય, નહિ પદ્ય કે નહિ ગદ્ય - પ્રોઝ નહિ, કે વર્સ નહિ. ભાષા અને ભાવ કવિતા જેવા પણ તેમાં પ્રાસ નહિ કે ગેય તત્ત્વ નહિ. તામિલમાં સુબ્રહ્મણ્ય ભારતીએ ૧૯૧૮ના ગાળામાં અપદ્યાગદ્ય કાવ્યો રચ્યાં હતાં. અને ત્યાર પછી તો એ રીત તામિલમાં ખૂબ વિકસી છે. અને ૧૯૬૦-૭૦ના ગાળામાં સઘળી ભારતીય ભાષાઓમાં 'નવી કવિતા'નો યુગ શરૂ થયો છે તેનાં મૂળ ભારતીના આ અપદ્યાગદ્યના પ્રયોગોમાં રહેલાં હશે? જોકે ન્હાનાલાલ કે ભારતી બન્નેએ અપદ્યાગદ્યની પ્રેરણા અમેરિકન કવિ વોલ્ટ વ્હિટમૅન (Walt Whitman)નાં લખાણોમાંથી મેળવી હતી અને સુબ્રહ્મણ્ય ભારતીએ તો આ વાત સ્પષ્ટ રીતે લખી છે.

૩૯ વર્ષના જીવનકાળમાં તેણે થોકબંધ રચનાઓ કરી છે. તેની કવિતામાં હિન્દુ દેવ-દેવીની પ્રાર્થના આવે તો અલ્લાહ, બુદ્ધ કે જીસસ ક્રાઈસ્ટમાં પણ ગીતો આવે, દેશ અને સમાજના પ્રસંગોનાં વર્ણન આવે તો રશિયન ક્રાન્તિ, પહેલાં વિશ્વયુદ્ધમાં બેલ્જિયમનું પતન કે ઇટાલીનાં જુદાં જુદાં રાજ્યોનાં એકીકરણ વિષે પણ કાવ્યો આવે.

લાલા લજપતરાય, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી, ગુરુ ગોવિંદસિંહ, છત્રપતિ શિવાજી એમ જાત જાતના વિષયો ઉપર તે કવિતા લખી ગયો છે, જે આજે પણ તામિલ સાહિત્યમાં પુષ્કળ વંચાય છે.

આવો પ્રખર બુદ્ધિશાળી અને દેશપ્રેમી કવિ અંગ્રેજ શાસકોની નજરે ચઢ્યા વગર ન રહે. તે જમાનો તો ગાંધી આવ્યા તે પહેલાંનો. વાતાવરણમાં બંડ, બૉમ્બગોળા અને ક્રાન્તિની વાતો. સુબ્રહ્મણ્ય ભારતીને બગાવતી તાલીમ માટે મૅક્સિકો કે જર્મની મોકલવો તેવો ક્રાન્તિવર્તુળોમાં વિચાર ચાલતો હતો ત્યારે તેના છાપાંના લેખો ઉપરથી અંગ્રેજ સરકારે તેની ધરપકડ કરવાનું નક્કી કર્યું. અને ભારતી મદ્રાસ છોડી ફ્રેન્ચ તાબાના પોંડીચેરી નાસી ગયો.

પણ દેશપ્રેમી કવિને આમ દેશનિકાલ થઈ વસવાનું ફાવ્યું નહિ અને ૧૯૧૮માં પાછો મદ્રાસ આવ્યો. સરકારે તરત જ તેને જેલમાં પૂર્યો. પણ તેના સાહિત્યપ્રેમી મિત્રોએ છેવટે એક માસના કારાવાસ પછી છોડાવ્યો.


૧૯૨૧માં એક હાથીને રમાડવા જતાં (હાથી પાળીતો હતો) હાથીએ તેને પકડ્યો અને ઊંચેથી અફાળે તે પહેલાં તેને બચાવાયો. પણ હાથીની પકડને લીધે શરીરની અંદર ઇજાઓ થઈ, જેમાંથી તે બચ્યો નહિ. ઉંમરનાં ૩૯ વર્ષ પૂરાં કરવામાં બે માસ બાકી હતા અને તે અવસાન પામ્યો.

આપણા આવડા મોટા દેશમાં અનેક ભાષાઓમાં અનેક રત્નો પાક્યાં છે અને તેથી જ તો દુનિયાના અન્ય દેશો કરતાં આપણે જુદા તરી આવીએ છીએને! □


અનુસંધાન] પૂર્વ આફ્રિકા [પૃ. ૫૦૪ પરથી

તેના બદલામાં ત્યાંની પેદાશોમાં મુખ્યત્વે હાથીદાંત - વિનિમય દ્વારા લઈ જતી. ઉદાહરણ તરીકે ઈ.સ. ૧૮૯૧માં, લેક વિક્ટોરિયાના કિનારે આવેલા સ્ટેશન ઉકુમ્બીમાં શિવા હાજીના પોતાના સ્ટોરમાં એક હજાર બંદૂકો, દસ હજાર રતલ દારૂગોળો, સાઠ હજાર રતલ કરતાં વધારે સુતરાઉ કાપડ અને પંદર હજાર ગન કૅપ્સ વગેરેનો આયાત કરેલો મોટો જથ્થો હતો. ૧૮૮૦ અને ૧૮૯૦ના દાયકામાં - ૧૮૯૭માં શિવા હાજી અવસાન પામ્યો ત્યાં સુધી - બાગામોયોમાં કચ્છી ખોજા શિવા હાજી પ્રતિષ્ઠિત સ્થાન ધરાવતો હતો. ત્યાંના ભારતીયો તથા ખાસ કરીને તેની ઇસ્માઈલિયા ખોજા કોમના સભ્યો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ દરમિયાનના, બાગામોયોના તથા વ્યાપકપણે ટાન્ગાનિકાના અત્યંત પ્રભાવશાળી ભારતીય વેપારી તરીકે હજી પણ પ્રેમ અને સદ્ભાવપૂર્વક તેને યાદ કરે છે. (ચાલુ)

કલાવાર્તા



છગનલાલ મિસ્ત્રી



લટકતો આત્મા

વર્ષો પૂર્વે અમદાવાદમાં વાવાઝોડાને કારણે ઊખડી પડેલાં વૃક્ષોને નિહાળી એક ચિત્રકારને નવ્ય અનુભવ થયો. વૃક્ષના વિવિધ ટુકડાઓમાં એમને માનવ શરીરનાં અંગોનું દર્શન થયું. શરીરશાસ્ત્રના પોતાના અભ્યાસને લીધે આ ઊખડેલાં વૃક્ષભાગોને પોતાના કલ્પનામઢ્યા ચિત્રમાં ગૂંથી લઈ પ્રકૃતિ દ્વારા માનવ-આકૃતિ સર્જી. (જુઓ અહીં ઉપર આપેલું ચિત્ર.) આ ચિત્રકાર તે અમદાવાદની શેઠ ચી. ન. કોલેજ ઑફ ફાઈન આર્ટ્સમાંથી અધ્યાપક તરીકે નિવૃત્ત થનાર વિદ્યાર્થીપ્રિય કલા-શિક્ષક છગનલાલ મિસ્ત્રી. મૂળ તો દક્ષિણ ગુજરાતમાં આવેલાં ચીખલી ગામના એ વતની. ૧૯૩૩માં એમનો જન્મ. એમની કલાસાધના વિવિધ માર્ગે સક્રિય રહી છે. શરૂઆતમાં તેમણે પારદર્શી જલરંગોમાં ચિત્રસર્જન કર્યું.

ધનલક્ષ્મી



સરસ્વતી



ભારતનાં વિવિધ પ્રાકૃતિક ધામોમાં ફરી એમણે પ્રકૃતિને ધરાઈને પીધી અને તેના સુન્દર જલરંગી ચિત્રો કર્યાં. તેજસ્વી રંગોવાળાં જીવંત પ્રાકૃતિક દૃશ્યો તેમની વિશેષતા છે. અનેકોની તે પ્રશંસા પણ પામ્યા છે.

એમણે પછી ભારતીય લઘુચિત્રકલા અને આદિવાસી લોકકલાનો વિગતે રસપૂર્વક અભ્યાસ કર્યો, જેનાં પરિણામરૂપ ડ્રાઈ-બ્રશથી કરેલાં તૈલરંગી ચિત્રો આ શૈલીએ પ્રાપ્ત થાય છે. એવી એક ચિત્રશ્રેણી એમણે તૈયાર કરી તેણે એમને આપણા દેશમાં નોંધપાત્ર કલાકાર તરીકે સ્થાપી આપ્યા. એ શ્રેણીથી એમને રાષ્ટ્રિય ઍવોર્ડ પણ પ્રાપ્ત થાય છે.

તેમણે યુ.કે., બેલ્જિઅમ, ઑસ્ટ્રિઆ, જર્મની, ફ્રાન્સ, ઇટાલી, અમેરિકા આદિ વિદેશોની પણ મુલાકાત લીધી છે અને તેમનાં ચિત્રો ત્યાં પણ ખૂબ પ્રશંસા પામ્યાં છે. ડ્રાઈ-બ્રશથી કરેલાં તેમનાં તૈલરંગી ચિત્રોનું પોત એવું મુલાયમ લાગે છે કે તેને સ્પર્શવાનું મન થઈ જાય. તેમના એક ચિત્રપ્રકારમાં તેમણે રામાયણ-મહાભારત-પુરાણોમાંથી પ્રસંગપાત્રો લઈ રંગપૂર્ણ ચિત્રસૃષ્ટિ ખડી કરી છે. વળી, લોકકલાના અભ્યાસે તેમને આપણા પ્રશિષ્ટ પાત્રોને લોકશૈલીએ આલેખવા તરફ દોર્યા છે. સૌરાષ્ટ્રની ભરતગૂંથણ કળાની રીતે તેમણે ચિત્રમાં રુંવાંટી જેવી અને ભરતમાંના દોરાના ટાંકા જેવી અસર ઊભી કરી છે. અહીં આપેલાં લક્ષ્મી, સરસ્વતી, સૂર્યદેવ, રામવિવાહ, નાગદમન વગેરેનાં ચિત્રો જોતાં આ વાતની પ્રતીતિ થશે. તેમણે સર્જેલી આકૃતિઓની ધારો તીક્ષ્ણ અને કઠણ નહિ, પણ પ્રસરી જતી દોરેલી હોવાથી મુલાયમતાનો અનુભવ કરાવે છે. આ પ્રકારનાં તૈલચિત્રોમાં આપણી આદિવાસી કલાની ઢબે રંગો તેજસ્વી રાખ્યા છે.

વિવિધ ઢબે ચિત્રસર્જન કરતા છગનભાઈને અનેક માન-અકરામો પ્રાપ્ત થયાં છે. ૧૯૭૨માં હૈદરાબાદની આર્ટ્ સોસાયટી તરફથી સુવર્ણચંદ્રક મળેલો તો ૧૯૭૪માં ઉજ્જૈનમાં કાલિદાસ સમારોહમાં કલાપ્રદર્શનમાં ભાગ લઈ પુરસ્કૃત થએલા. ૧૯૭૬માં 'બૉમ્બે આર્ટ સોસાએટી' તથા દિલ્હીમાં 'ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી' તરફથી પુરસ્કાર પામેલા. ૧૯૭૫માં 'મિનિસ્ટ્રિ ઑફ ઇન્ફૉર્મેશન', નવી દિલ્હી તરફથી મુદ્રણ અને સુશોભનના રચયિતા તરીકે શ્રેષ્ઠતાનો ઍવોર્ડ મળ્યો હતો; જ્યારે ૧૯૮૫ અને ૧૯૮૮માં એમને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી ઍવોર્ડ મળેલા. ૧૯૮૯માં નવી દિલ્હીની નૅશનલ અકાદમી તરફથી તો ૧૯૯૦માં ઉજ્જૈનની નૅશનલ કાલિદાસ અકાદમી તરફથી ઍવોર્ડ મળેલો. ૧૯૮૯માં નવી દિલ્હીના 'કલ્ચર ઍન્ડ હ્યુમન રિસોર્સીસ' વિભાગ તરફથી 'સિનીઅર ફેલોશિપ' એનાયત થએલી. અમદાવાદ, મુંબઈ, નવી દિલ્હી, લંડનમાં એમનાં ચિત્રોનાં વ્યક્તિગત પ્રદર્શનો યોજાવાં ઉપરાંત સામૂહિક પ્રદર્શનોમાં પણ એમની ચિત્રકૃતિઓ પ્રદર્શિત થઈ છે.

તેમની આ કલાસિદ્ધિને કારણેં તેમને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી અને લલિતકલા અકાદમી નવી દિલ્હીના 'સર્વે ઍન્ડ ડોક્યુમેન્ટેશન કમિટિ'નું સભ્યપદ પણ પ્રાપ્ત થએલું છે. આવા તેજસ્વી કલાકાર અને કલાશિક્ષકની સાધનાના પરિપાકરૂપે કેટલાંક ચિત્રો અહીં પ્રકટ કર્યાં છે, જે અચૂક આસ્વાદવા ગમશે. મૂળ તો આ રંગીન ચિત્રોમાં એમણે તળ પરંપરાની શૈલીએ પોતાની કલ્પનાના ઉમેરણથી પ્રયોગો કર્યા છે તે પણ આવકાર્ય અને આસ્વાદ્ય છે.

- બંસીલાલ દલાલ

સૂર્યદેવ




રામવિવાહ



નાગદમન





પૂર્વ આફ્રિકામાં ગુજરાતીઓ

(ઓગસ્ટ ૧૯૯૫ના અનુસંધાને લેખાંક-૨)

ડૉ. જયકુમાર ર. શુક્લ

સ. ૧૮૮૬માં પૂર્વ આફ્રિકાનું વિભાજન થયું તથા યુરોપીય વહીવટ હેઠળ આંતરિક પ્રદેશોમાં જવાનું ને શરૂ કર્યું. ઝાંઝિબાર રાજ્યમાં તો ઘણાં વરસોથી તીઓની આર્થિક પ્રવૃત્તિઓ સારી પેઠે વિસ્તરી હતી. ાદ યુરોપીય વહીવટીતંત્ર હેઠળ મળેલ સંરક્ષણનો લાભ ખાસ કરીને ગુજરાતી પેઢીઓએ આંતરિક વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર કર્યો. ઝાંઝિબારના બ્રિટિશ ાની કચેરીના સ્ટાફમાં ગુજરાતના પારસી, ગોવાનીઝ તથા ભારતીયોનો સમાવેશ થતો હતો.

ઇમ્પિરિયલ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કંપનીની પ્રવૃત્તિઓને કરીને કેનિયાના બંદર મોમ્બાસામાં ગુજરાતી વેપારીઓ ારતીય કારીગરોની હાજરીથી લાભ થયો. ઈ.સ. ૧૮૯૦માં ુજરાતી વેપારીએ કંપનીના પ્રદેશોમાં નોકરી માટે ભારતીય રો તથા પોલીસોની ભરતી કરવાનું કામ કોન્ટ્રેક્ટથી રાખ્યું. રેયલ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કંપની પણ ભારતીયોને તેના ટીતંત્રમાં નીમતી હતી. આ કંપનીએ તેના લશ્કરમાં પણ ીયોની ભરતી કરવા માંડી. તે માટે ભારતની બ્રિટિશ રની પરવાનગી લેવામાં આવી. ઈ.સ. ૧૮૯૧માં યુગાન્ડાના ન-પ્રવાસમાં કૅપ્ટન લુગાર્ડ પાસે ભારતીય સૈનિકો હતા. ૧૮૯૧-૯૨માં યુગાન્ડા રેલવે માટેના સર્વેક્ષણ દરમિયાન મૅકડોનાલ્ડ પાસે સૈનિકો, મજૂરો, સર્વેયર, ડ્રાફ્ટ્સમેન અને ટલ મદદનીશ તરીકે ૪૬ ભારતીયો હતા.

મોમ્બાસાથી રબાઈ, મચાકોસ, નૈરોબી, નૈવાશા, નુકુરુ થઈને ડાના પાટનગર કમ્પાલા સુધીની યુગાન્ડા રેલવે બાંધવાનો નિર્ણય ૧૮૯૫માં કરવામાં આવ્યો; ત્યારે જ તે માટે ભારતીય કારીગરો તથા કામદારોનો ઉપયોગ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો. ભારતીય કારીગરો અને કામદારોની ભરતી કર્યા વિના તે રેલવે બાંધવાનું કાર્ય સમયસર તથા નિશ્ચિત ખર્ચમાં પૂર્ણ થશે નહિ, એમ જણાયું. તેથી ભારતની બ્રિટિશ સરકારે ઇન્ડિયન ઇમિગ્રેશન ઍક્ટમાં આવશ્યક સુધારા કર્યા. ત્યારબાદ રેલવે સમિતિએ ભારતમાંથી કારીગરો તથા કામદારોની ભરતી કરવા માટે તાત્કાલિક વ્યવસ્થા ગોઠવી. એક અનુભવની ઇજનેર, મેડિકલ ઑફિસર અને હૉસ્પિટલનો સ્ટાફ ભારતની બ્રિટિશ સરકાર પાસેથી લોન પર લીધો. તે અધિકારીઓએ પસંદ કરેલા લુહાર, સુથાર, કડિયા વગેરે સહિત એક હજાર, કરાર કરેલા – ઇન્ડેન્ચર્ડ ભારતીય કારીગરો જાન્યુઆરી ૧૮૯૬ સુધીમાં કેનિયાના પૂર્વ કિનારાના મોમ્બાસા બંદરે ઊતર્યા. ફેબ્રુઆરી મહિનામાં ભારતીય મોજણીદારો, ડ્રાફ્ટ્સમેન, હિસાબનીશો, કારકુનો તથા ઓવરસિયરોની બનેલી બીજી ટુકડી પણ મોમ્બાસા પહોંચી. ભારતની બ્રિટિશ સરકારે માન્ય રાખેલ શરતો મુજબના કરારથી આ ભારતીયો પૂર્વ આફ્રિકા ગયા હતા. ત્યારબાદ લાહોરને ભરતીનું મુખ્ય મથક રાખીને વાયવ્યના વિસ્તારોમાંથી પણ યુગાન્ડા રેલવે માટે કરાર કરેલા કારીગરોની ભરતી, ખાનગી ભારતીય કૉન્ટ્રાક્ટરો કરવા લાગ્યા. તેમાંના સૌથી વધારે મહત્ત્વના મુંબઈ અને કરાંચીમાં પેઢીઓ ધરાવનાર અલિભાઈ મુલ્લા જીવણજી તથા હુસેનબક્ષ હતા. યુગાન્ડા રેલવેના મુખ્ય ઇજનેર સર જ્યૉર્જ વ્હાઈટ હાઉસનો ૨૮ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીને મુંબઈ ખાતે લખેલો પત્ર હુસેનબક્ષ પાસે હતો. તે પત્રના આધારે તેને ભરતીનું કામ સોંપવામાં આવ્યું હતું.

ભારતની અંગ્રેજ સરકારે જૂન ૧૮૯૬માં કૉન્ટ્રેક્ટની શરતોમાં સુધારા સૂચવ્યા. તે મુજબ સપ્ટેમ્બર મહિનાથી નવું ફોર્મ તૈયાર કરવામાં આવ્યું. પાછળથી ભરતીનું કામ હુસેનબક્ષ પાસેથી પરત લઈને, મુંબઈની મેસર્સ ગ્રિન્ડલે ગ્રુમ ઍન્ડ કંપનીને તે સોંપવામાં આવ્યું. આમ છતાં, ખાનગી કૉન્ટ્રાક્ટરો પણ રેલવેની ભરતી કરતા હતા.

આ દરમિયાન પશ્ચિમ ભારતમાં પ્લેગ થવાને કારણે કારીગરોની ભરતીના કાર્યને અસર થઈ. મુંબઈ તથા કરાંચી બંદરોએથી કારીગરો મોકલવાનો પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો



નાનજી કાળિદાસ મહેતા

ઈ.સ. ૧૮૯૭માં કરાંચીથી કારીગરો પૂર્વ આફ્રિકામાં મોકલવાની સરકારે પરવાનગી આપી. ગુજરાતની ઉત્તરે આવેલા કરાંચીમાં ભરતીનું કાર્ય સૌથી વધારે થયું. ત્યાંથી મોટી સંખ્યામાં ગુજરાતીઓ તથા પંજાબીઓ સહિત અનેક ભારતીય કારીગરોને વહાણોમાં મોમ્બાસા લઈ જવામાં આવ્યા: આ ભરતીનું કાર્ય ઈ.સ. ૧૯૦૧ પર્યંત ચાલ્યું. આ દરમિયાન ૩૨,૦૦૦ ભારતીય કારીગરોને યુગાન્ડા રેલવે માટે ત્રણ વર્ષના કૉન્ટ્રેક્ટથી ભરતી કરવામાં આવ્યા. તેમાં ગુજરાતીઓની સંખ્યા પણ નોંધપાત્ર હતી. તેઓને માસિક રૂપિયા ત્રીસનો પગાર આપવામાં આવતો હતો. કરાંચીના પ્રોટેક્ટર ઑફ ઇમિગ્રન્ટ્સનો ૧૮૯૯-૧૯૦૦નો હેવાલ દર્શાવે છે કે, ૧૮૯૫ અને ૧૯૦૦ વચ્ચેના સમયગાળામાં મુંબઈ બંદરેથી ૫૨૮૦ કારીગરો વહાણોમાં ગયા, તેમાં ઘણા ગુજરાતીઓ હતા. એવી રીતે તે સમયગાળામાં કરાંચીથી ૨૦,૮૩૫ ભારતીયો મોમ્બાસા ગયા. તેમાં પણ ઘણા ગુજરાતીઓ હતા. ભારતમાં તે સમયે જે આવક કારીગરોને થતી, તેનાથી વધારે આવક પૂર્વ આફ્રિકામાં થતી અને બેકારોને નોકરી પણ મળતી. ત્યાં જવાનાં આ બંને આકર્ષણ મુખ્ય હતા.


મોમ્બાસાથી નૈરોબી, નૈવાશા, નુકુરુ, એલ્ડોરટે અને જિન્ની થઈને તે રેલવે યુગાન્ડાના પાટનગર કમ્પાલા સુધી બાંધવાની હતી. રેલવેનું બાંધકામ કરતા કારીગરો રાત્રે તંબૂમાં ઊંઘી ગયા હોય ત્યારે કેટલીકવાર સિંહ આવીને એકાદ જણને તાણી જઈને મારી નાખતો. આવો ભય હોવા છતાં, ૧૫ ટકા કારીગરોએ પોતાના કૉન્ટ્રાક્ટ રિન્યુ કરાવ્યા હતા. પૂર્વ આફ્રિકામાં જુદાં જુદાં કામ માટે ભારતીયોની આવશ્યકતા રહેતી હતી. આવશ્યક ચીજ-વસ્તુઓ તથા રેશન આયાત કરવું, આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવી, રેલવે બાંધવાના તથા રેલવે ચલાવવાને લગતાં અનેક કાર્યો માટે, વેપારીઓ તરીકે અનેક ગુજરાતીઓ, પોતાની જાતે કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી કેનિયા, યુગાન્ડા અને ટ્રાન્ઝાનિયા ગયા હતા. પોતાની જાતે આવેલામાંના કેટલાકે રેલવેના નાનામોટા કૉન્ટ્રાક્ટ રાખ્યા અને કેટલાકે રેલવે ચાલુ થતાં તેમાં વિવિધ કક્ષાની નોકરીઓ લીધી. તે સમયે આવા ૪૦થી ૫૦ કૉન્ટ્રાક્ટરોમાં ઘણાખરા ગુજરાતીઓ હતા. દરેક કૉન્ટ્રાક્ટર તેના કામની આવશ્યકતા અનુસાર ૨૦૦ મજૂરોને રોજી પૂરી પાડતો હતો.

પૂજ્ય ઠક્કરબાપાએ (અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર) શરૂઆતના જીવનમાં યુગાન્ડા રેલવેના એક કૉન્ટ્રા જાહેરખબર વાંચીને માસિક રૂપિયા ત્રણસોના પગારથી તરીકે પૂર્વ આફ્રિકામાં નોકરી મેળવી હતી. એ વખતે અને પોરબંદરથી સૌરાષ્ટ્રના ઘણા વેપારીઓ આફ્રિકા જત એમાંના કેટલાક તો લોહાણા જ્ઞાતિના જ હતા. આ કિસુમુમાં (કેનિયા) વસતા ભારતીયોમાં લગભગ ૬૦ ટકા જામનગર જિલ્લાના લોહાણા જ્ઞાતિના લોકો છે. વળી લોહાણા તો દાયકાઓ પહેલાંથી દરિયો ખેડતા આવ્યા હ આફ્રિકામાં રહીને લાખો રૂપિયાનો વેપાર ખેડતા હતા. ઘણાએ તો ત્યાં જઈ ઇતિહાસ સર્જ્યો હતો.

ગુજરાતના સાહસવીર ઉદ્યોગપતિ પોરબંદરના નાન કાલિદાસ મહેતા ઈ.સ. ૧૮૯૮માં એક સામાન્ય વહાણ (dh ટાંગાનિકા ગયા અને ત્યાં સામાન્ય જીવનની શરૂઆત કરી ૧૯૦૨માં નાનજીભાઈ યુગાન્ડા ગયા અને કામુલી નાનકડી દુકાન કરીને વેપારી સાહસનું મંગલાચરણ કર્યું

યુગાન્ડા રેલવે બાંધવા માટે ભારતમાંથી ૩ કારીગરો તથા કામદારોને પૂર્વ આફ્રિકા લઈ જવામાં હતા. તેમાંથી ૧૬,૩૧૨ જણા કૉન્ટ્રાક્ટ પૂરો થયા બાદ પાછા ફર્યા; ૨,૪૯૩ પૂર્વ આફ્રિકામાં મરણ પામ્યા અને જણા માંદગી અથવા અકસ્માતને કારણે કામ કરવાને લા

• ઠક્કરબાપા





પૂ. આ. માં કોન્ટેક્ટર તરીકે ઠક્કરબાપા

ન હતા, જ્યારે ૬,૭૨૪ કારીગરો ત્યાં કાયમ માટે રહી ગયા.

ઇમ્પિરિયલ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કંપનીએ સૈનિક તરીકે તથા ત્યાર બાદ વહીવટીતંત્રમાં વિવિધ હોદ્દા પર ભારતીયો નીમ્યા હતા. ભારતની લશ્કરની ટુકડીઓ પણ પૂર્વ આફ્રિકામાં જરૂર પડી ત્યારે, ઈ.સ. ૧૮૯૫ તથા ૧૮૯૬માં બોલાવવામાં આવી હતી. ૧૮૯૫ના છેલ્લા મહિનાઓમાં મઝરૂઈ બળવો તથા ૧૮૯૭માં યુગાન્ડામાં સુદાનના સૈનિકોએ કરેલ બળવો દબાવી દેવામાં ભારતથી બોલાવેલા લશ્કરે યશસ્વી કામગીરી બજાવીને બળવો દબાવી દીધો હતો.

ખાસ કરીને પૂર્વ આફ્રિકાના વહીવટીતંત્રમાં ગોવાનીઝ કારકુનો નીમવામાં આવતા હતા. ઈ.સ. ૧૮૯૯થી પૂર્વ આફ્રિકા એટલે કે કેનિયા, યુગાન્ડા, ટાંગાનિકા તથા ઝાંઝિબારની સરકારોમાં વિવિધ નિમણૂકો માટે ભારતીયોની ભરતી ક્રમશઃ વધવા લાગી. ટાંગાનિકા (હાલનું ટાન્ઝાનિયા)માં ભારતીયો વસવાટ કરે એ માટે ત્યાંના જર્મન સત્તાધીશો પ્રયાસો કરતા હતા. તેના પરિણામે ટાંગાનિકામાં દરજી, મોચી, ધોબી, રસોઈઆ, દુકાનદારો જેવા વ્યવસાયી કારીગરો ૧૮૯૬થી જવા માંડ્યા હતા. તેમાં સૌરાષ્ટ્રના લોકોની સંખ્યા વિશેષ હતી. ઈ.સ. ૧૮૯૬ના એક સરકારી હેવાલમાં જણાવ્યા મુજબ, ભારતીયો-મુખ્યત્વે ગુજરાતીઓ પોતાના ખર્ચે અને સ્વેચ્છાથી સારી તક પ્રાપ્ત થવાની આશાથી, મોટી સંખ્યામાં આફ્રિકા જાય છે. તેમાં જુદા જુદા વર્ગના તથા વ્યવસાયના લોકો હોય છે. તેઓ વિદેશમાં વસવાટ કરનાર ઇમિગ્રન્ટ્સ તરીકે નહિ, પરંતુ સાહસિકો તરીકે જાય છે.

સ્વૈચ્છિક ઇમિગ્રેશનના આધારભૂત આંકડા પ્રાપ્ત થતા નથી, પરંતુ ૧૮૯૮માં ૬૦૦થી વધીને ૧૯૦૧માં પૂર્વ આફ્રિકામાં જનારાની સંખ્યા ૨,૦૦૦ જેટલી થઈ હતી. સાંસ્થાનિક સમયગાળાનાં શરૂઆતનાં વરસોમાં ખાસ કરીને પૂર્વ આફ્રિકાના આંતરિક પ્રદેશોમાં ગુજરાતીઓનો પ્રવેશ મુખ્યત્વે વેપારીઓ તરીકે થયો હતો. તેમાંના કેટલાક બિલ્ડર્સ અને રેલવેના કોન્ટ્રાક્ટર્સ બન્યા. બાકીના મોટા ભાગના અંદરના પ્રદેશોમાં જઈને દુકાનો શરૂ કરનારા હતા. તેઓ આજે પણ ત્યાં 'Duka Walla' તરીકે ઓળખાય છે. કચ્છ અને સૌરાષ્ટ્રથી તથા કેટલાક મુંબઈથી જઈને ઝાંઝિબાર તથા પૂર્વ આફ્રિકાના કિનારાના ગામોમાં વસવાટ કરનારા ગુજરાતી વેપારીઓ ખાસ કરીને ભાટિયા, લોહાણા તથા ઇસ્માઈલી ખોજા જ્ઞાતિના હતા.

ઓગણીસમી સદીના અંતિમ વરસોમાં ઝાંઝિબારે તેનું વ્યાપારી પ્રભુત્વ ગુમાવ્યું અને ૧૮૯૯માં ત્યાંની સરકારે મુક્ત બંદર તરીકેની નીતિનો ત્યાગ કર્યો. આ દરમિયાન મોટી સંખ્યામાં ગુજરાતી વેપારીઓએ બાગામોયો, પંનગની, ટાંગા, મોમ્બાસા, માલિન્દી વગેરે પૂર્વ આફ્રિકાનાં કિનારાનાં બંદરોમાં જરૂરિયાતની બધી વસ્તુઓ વેચવાની દુકાનો શરૂ કરી દીધી હતી. આ કિનારાની વસાહતોમાંથી તેઓમાંના કેટલાક સાહસિક વેપારીઓ વણઝારાના જૂના માર્ગો દ્વારા આંતરિક પ્રદેશોમાં પોતાના વેપારનો વિકાસ કરવાના હતા.

ઝાંઝિબારમાં ઘણાં વરસોથી વેપાર ખેડનાર ભારતીયોમાંનો એક ગુજરાતી (કચ્છી) ઇસ્માઈલી ખોજા - શિવા હાજી પારુ હતો. તેણે પૂર્વ આફ્રિકાના આંતરિક પ્રદેશોમાં વેપાર વિસ્તારવાની શરૂઆત કરી. શિવા હાજી પારુના વિસ્તૃત વેપારની ઘણી વિગત જર્મન ભાષાનાં પુસ્તકો, જે. એ. કિરણની યુનિવર્સિટી ઑફ લંડનની પીએચ.ડી.ની થીસિસ 'ધ હોલી ઘોસ્ટ ફાધર્સ ઈન ઈસ્ટ આફ્રિકા ૧૮૬૩-૧૯૧૪' તથા દારેસલામમાં આવેલ ટાન્ઝાનિયા આર્કાઇવ્ઝની એક ફાઈલમાંથી પ્રાપ્ત થાય છે. બર્લિનથી પ્રગટ થયેલાં જર્મન ભાષાનાં કેટલાંક પુસ્તકોમાં કચ્છી સાહસવીર શિવા હાજીને જર્મન પૂર્વ આફ્રિકાના આગેવાન વેપારી તરીકે ઓળખાવ્યો છે. તે ટાન્ઝાનિયામાં આવેલા બાગામોયો બંદરેથી મુખ્યત્વે જર્મન પૂર્વ આફ્રિકાના પ્રદેશોમાં વિસ્તૃત વેપાર કરતો. શિવા હાજીએ યુરોપીય પ્રદેશ-શોધકોને આવશ્યક માલ પૂરો પાડનાર અને તેઓના પ્રવાસ માટે મજૂરોની ભરતીના કાર્યથી, ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ધંધાની શરૂઆત કરી હતી. પાછળથી તેણે ઝાંઝિબારની તેની પેઢીની શાખા બાગામોયોમાં શરૂ કરી અને આંતરિક પ્રદેશોમાં તેની પોતાની વણઝારો લઈ જવા માંડી. તેણે તેના વેપારનો વિકાસ બધા જૂના વણઝાર માર્ગોએ કરીને ટાવેટા અને સરોવરના પ્રદેશ સુધી તેની પેઢીની શાખાઓ-દુકાનો શરૂ કરી. તેણે કેટલોક સમય સ્ટોક્સ નામના શસ્ત્રોના વિદેશી વેપારી સાથે ધંધામાં ભાગીદારી પણ કરી હતી.

બાગામોયોથી નીકળતી શિવા હાજીની વણઝારો આંતરિક પ્રદેશોની તેની દુકાનોને વિવિધ જાતનું કાપડ, બંદૂકો, દારૂગોળો, મણકા, પિત્તળના તાર વગેરે સહિત વિવિધ પ્રકારનો માલ આપીને,

(અનુસંધાન પાન ૪૯૯ ઉપર)

સમુદાય ને સર્જક

પ્રીતિ સેનગુપ્તા

હાન્ગજો અને સુજો એટલે ચીનનો પૂર્વ તરફે, બરાબર મધ્યમાં પડતો પ્રદેશ. નકશામાં તો સાવ નાનો લાગે. ચીનની બેમાંની એક મહાનદી યાંગ્ત્સેનો આ મુખ-ત્રિકોણ છે. નાની-મોટી બીજી કેટલીયે નદીઓ અને અસંખ્ય તળાવો આ પ્રદેશને હર્યોભર્યો રાખે છે. 'તાઈ હુ' નામનું ખૂબ જ મોટું સરોવર નકશામાં દેખાય છે. કદાચ એ જોવાનો વારો આવશે. પણ હાન્ગજો અને સુજોની વાત શરૂ કરીએ ત્યારે જ એક અગત્યની બિનાનો ઉલ્લેખ કરવો પડે. જાણીને મેં આ ઉલ્લેખ અત્યારને માટે બાકી રાખ્યો હતો. એકસામટું કેટલું ગ્રહણ કરવું, ને વર્ણન કરવું!

આ બિના તે એમ્પેરર કેનાલ, કે ગ્રાન્ડ કેનાલ, તરીકે ઓળખાતો જળ-પ્રકાર. સૌથી પહેલાં એનું બાંધકામ ઈ.પૂ.ની સાતમી સદીમાં શરૂ થયું હતું, ને ત્યારે તો એની લંબાઈ ૮૫ કિ.મી. જ હતી. તે પછીના રાજવંશો દરમ્યાન (સૉન્ગ, તૅન્ગ, વુ, સુઈ, યુઆન ઈત્યાદિ) જુદા જુદા સમ્રાટો આ મહા-નેહરનું ખોદકામ વધારતા ગયા. જેમ જેમ ગામો એની સાથે જોડાતાં ગયાં તેમ તેમ વેપાર-વણજ વધતો ગયો, અને સામ્રાજ્યો વધારે વિકાસ અને સામર્થ્ય પામતાં ગયાં. તેરમી સદી સુધીમાં તો આ નેહર હાન્ગજોથી નીકળીને પાટનગર બેજિન્ગ સુધી પહોંચતી થઈ ગઈ હતી. ૨,૦૦૦ કિ.મી.થી પણ લાંબી. આથી તો જાણે 'દુનિયા' જ બદલાઈ ગઈ. દૂરના ભાગોનું બહુ જ અગત્યનું જોડાણ થયું, રાજ્ય-કર ભેગો કરાઈને પાટનગર પહોંચવા માંડ્યો, ચોખા જેવી જરૂરિયાતની વસ્તુ ઉપરાંત, રાજ્ય-દરબાર માટે પણ રેશમ, 'ચીની' માટી વગેરે ઉત્તરમાં અપ્રાપ્ય એવી વસ્તુઓ દૂર સુધી જવા માંડી. બેજ્જિગના સમ્રાટના પ્રાસાદ માટેની ઈંટો અને ઉત્કૃષ્ટ, દુર્લભ કાષ્ઠનું વહન પણ આ જ જળ-માર્ગ વાટે થયું હતું.

ફરી એક વાર મારા પ્રેરણાદાતા માર્કો પોલોના શબ્દો જ ટાંકું, (બીજા કોના લખેલા ૧૩મી સદીના ચીન માટેના શબ્દો સચવાઈ રહ્યા હશે?) એમણે લખ્યું, 'મહા-સમ્રાટે નદીથી નદીને તળાવથી તળાવને જોડતી, ખૂબ પહોળી ને ઊંડી એક મહા-નાલિકાની રચના કરાવી છે. એમાં થઈને એટલું બધું પાણી વહે છે કે જાણે કોઈ મોટી સરિતા જ જોઈ લો. એમાં થઈને છેક પાટનગર સુધી જવું શક્ય છે.' પણ એ જમાનો હવે ક્યાં? ને નથી રહી આ નેહર એટલી પહોળી, ઊંડી કે એવા લાંબા પ્રવાસને યોગ્ય. ઐતિહાસિક મહત્ત્વ તો રહે જ છે, કારણ કે ચીનમાં ઉત્તર અને દક્ષિણને જોડતો એક આ જ જળ-પ્રવાહ છે. દેશની બધી નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે અને એમ તો હજી આ પ્રાચીન મહા-નેહરમાં થઈને, ઊંડાણ વગરની, શઢ અને મોટરથી યુક્ત એવી, અનેક નૌકાઓની અવરજવર સતત ચાલે જ છે. કૃષીય કેન્દ્રોમાંથી અનેકવિધ ઉત્પાદન નજીકનાં ગામો અને શહેરો સુધી આજે પણ પહોંચાડાય છે.

સુજો શહેરની ફરતે આ ગ્રાન્ડ કેનાલ જાય છે, અને બીજી નાની નેહરો દ્વારા શહેરની અંદર ભુલભુલામણી રચાયેલી છે. જ્યાં ને ત્યાં પુલો આવ્યા કરે. પુલ વળોટવા મને બહુ ગમે! ટૂંકા સમય માટે આવેલા પ્રવાસીને તો ઘણું બધું રોમાંચક લાગે, પણ સ્થાનિક પ્રજાનું શું? આ જળ-પથ અને એમાંથી ઊભાં થતાં લાગતાં ઘર - ફોટા લેવા જેવું ચિત્ર ખરું, પણ પાણી લીલાશ પડતું, ને ઘર રંગ ઊખડી ગયેલાં. ક્યાંક ગૃહ-નૌકાઓ નાંગરેલી પણ જોઈ. એ પણ વપરાશની અસર બતાવે; જૂની ને થાકેલી જેવી લાગે. એમાં રહેનારાં ગ્રામજનો પોતાનાં તરતાં ઘરના નાનકડા તૂતક પર બેઠાં હોય. ઘર એટલે હોડી પર બાંધેલી એક નાની ખોલી. વીજળી પણ નહીં. એટલે તૂતક પર જ વીતે એમનો દિવસ. પણ અમારી સાથે નજર મળે કે હસે.

ચીનમાં આ તો રોજ જોઈએ છીએ, કે લોકોનાં મુખ પર તરત સ્મિત આવી જાય છે. સારું લાગે છે મારા મનને. મને કાંઈ લાગે નહીં વળગે નહીં, છતાં સાંત્વન મળે કે સામ્યવાદી શાસનમાં ચીની

માર્કો પોલો



જીવન કઠોર ને કઠિન હશે, પણ મુખ પર હાસ્ય આવે એટલું સુખ તો લોકો અનુભવે છે. ઉપરાંત, એ પણ સ્પષ્ટ છે કે આખી પ્રજા આરોગ્યમય અને ખડતલ છે. કોઈ રોગીલું કે માંદલું દેખાય નહીં. પાછી તબીબી ચિકિત્સા મફત છે એ કેટલી મોટી સગવડ.

આ બધા વિચારોને પુષ્ટિ મળી જ્યારે એક કૃષિ-સમુદાય જોવા ગયાં. એનું નામ 'એવરગ્રીન પીપલ્સ કમ્યૂન' ચિરહરિત લોક-સમુદાય?! એની સાથે વીસ હજારેક જણ જોડાયેલાં છે, ને છતાં એ સૌથી મોટો નથી ગણાતો. આવા સમુદાયના કૉમ્પાઉન્ડમાં જાઓ એટલે લાગે કે જાણે એક આખું શહેર જ છે. દરેક આત્મનિર્ભર હોય છે. પોતાની શાળાઓ, હૉસ્પિટલ, દુકાનો વગેરે. મને વિચાર આવ્યો, દરેકનો પોતાનો સિનેમા-હૉલ પણ હશે કે? ચીનમાં સિનેમાનો બહુ મોટો શૉખ છે. જો કે કમ્યૂનમાં એવો હૉલ મેં જોયો નહીં. કદાચ મનોરંજન માટે બધાં ભેગાં થઈ બેસતાં હશે, વાતો કરતાં હશે, ચીની શતરંજ જેવી રમતો રમતાં હશે. ચીનની ૮૦ ટકા પ્રજા આ રીતે, શહેરની બહાર વસાવેલાં સમૂહ-કેન્દ્રોમાં રહે છે. એની રચના સરકાર કરી આપે છે. તે પછી એ બધાં સહકારી બની જાય છે. ખોટ થાય કે નફો - સદસ્યો એનાં ભાર ને વહેંચણી સરખે ભાગે પામે છે.

મોટે ભાગે ચીની ચ્હાને માટેનાં સુગંધી ફૂલો ઉગાડાય છે - મોગરો, નારંગી, ગાર્ડેનિયા. બીજી ઉપજ ચોખાની થાય છે. આ પછી, સમય મળે તે પ્રમાણે લોકો પોતાને માટે શાકભાજી, ફળ વગેરે ઉગાડી શકે છે. જગ્યા તો પૂરતી છે. કમ્યૂન પાંચસો જેટલા એકરોમાં પથરાયેલું છે... એક શાળામાં ગયેલાં. કેટલાક વર્ગોમાં બાળકોને અંગ્રેજી શિખવાડાતું હતું-ચોપડીઓમાંથી. એટલે વાક્યો ગોખેલાં લાગે, ને વાંચન પોપટિયું લાગે. પણ બાળકો ગોળમટોળ, ગોરાં, ચોખ્ખાં ને સરસ. દરરોજ સવારે શાળાના ચોગાનમાં બધાંને ભેગાં કરી પંદર મિનિટ સમૂહ-કવાયત કરવાનો નિયમ છે.



બાળ-મંદિરનાં છોકરાં તો એટલાં સરસ! ઠંડી માટેનાં કપડાંને લીધે બધાં ગચ્ચાં જેવાં ને ઠીંગુજી લાગે. બધાંનાં મોઢાં હસતાં. એકેય તોફાન કરતું ના દેખાય. હજી મેં એક પણ રોતલ કે કજિયાળું છોકરું અહીં ક્યાંયે જોયું નથી. એ સ્પષ્ટ છે કે દરેક બાળક મા-બાપનો ખૂબ પ્રેમ પામે છે, ને ખૂબ સારી રીતે ઉછેરાય છે. સરકારની લોખંડી નીતિ દંપતી દીઠ એક જ બાળકની છે એનો અમલ પ્રજાને કરવો જ પડે છે - શહેરોમાં તો ખાસ, ને અપવાદ વગર. પણ પછી પતિ-પત્ની આ એકના એક બાળકને ખૂબ ધીરજ અને વ્હાલથી ઉછેરે છે. સ્ત્રી ને પુરુષ ફરવા નીકળે ત્યારે મેં આટલા દિવસમાં હંમેશાં નોધ્યું છે કે ઠંડીને લીધે કપડાંના થરમાં સરસ રીતે ગોટમોટ કરાયેલું બાળક પુરુષે જ ઊંચકેલું હોય છે. પુરુષ આવું ધ્યાન રાખતા હોય તે જોવું સારું લાગે. કેટલાયે પુરુષોને પોતાના હાથમાં બાળક હલાવતા, ગોદમાં લઈ વ્હાલ કરતા, ધીરેથી ઉછાળતા પણ જોયા છે. પિતા ને બાળકના આ મીઠા, સહજ સંબંધને નિરખવાનો એક લ્હાવો છે.

કમ્યૂનની હૉસ્પિટલમાં ચિકિત્સા તો બધા રોગોની થતી હશે, પણ ઍક્યુપંક્ચરમાં બધાંને ખાસ રસ હતો. નાનકડી સોયથી થતી રોગ-ચિકિત્સાની પહેલ ચીનથી થઈ, ને હવે પશ્ચિમના દેશોમાં પણ પહોંચી છે. રોગીઓને જોવા મને કાંઈ ગમે નહીં, પણ ઍક્યુપંક્ચરની સોયોવાળો એકાદ જણ એક સેકંડ માટે જોઈ લીધો. પશ્ચિમના ધોરણ પ્રમાણે જોઈએ તો આ હૉસ્પિટલમાં કશું નવું કે આધુનિક ના દેખાય. પણ સ્વચ્છતાનું ધોરણ તો સચવાતું જ હશે, એવી ધારણા આપણે રાખીએ.

કમ્યૂનની વાતોમાં સુજો શહેર તો જાણે ભુલાઈ જ ગયું, નહીં? સદીઓથી જેમ જેમ આ શહેર ધનવાન થતું ગયું તેમ તેમ એ નવાં ઉદ્યાન બનાવવા પાછળ પૈસા ખરચતું ગયું. મિન્ગ અને ચિન્ગ રાજવંશો દરમિયાન - સત્તરમી, અઢારમી સદીઓ દરમિયાન - સુજોમાં દોઢસો જેટલા બાગ-બગીચા હતા. સુંદર શહેર તરીકેની એની નામના આજે પણ આ બાગોને આભારી છે. ચીની ઉદ્યાન-રચનાનો સિદ્ધાંત છે નાની જગ્યામાં પણ સમષ્ટિ હોય તેવું માયા-દર્શન ઊભું કરવું. શાંઘાઈના આનંદ-બાગમાં એ દર્શન કર્યું હતું - વનસ્પતિ, પુકુર, પથ્થર, સેતુ, ચલનપથ - પૃથ્વી પરનાં બધાં જીવતત્ત્વોનો સમન્વય. સુજોના ઉદ્યાનો પણ આ જ સિદ્ધાંત પર આધારિત છે. 'લિઉયુઆન' નામનો બાગ ચિન્ગ કાળના ચીની ઉદ્યાનના મહત્ત્વના ઉદાહરણ સમાન છે, અને રાષ્ટ્રિય સાંસ્કૃતિક સ્મારકનો ખિતાબ પામ્યો છે. એનું ભાષાંતર 'વિહરણ માટેનો ઉદ્યાન' થાય છે. ખૂબ સુંદર અને સુચારુ કેન્દ્રમાં એક પુકુર, નાલિકાઓ, ને બીજાં નાનાં પુકુર; એમની ફરતે અમળાતી જતી કેડીઓ; નાના પુલો, અને છત્ર તથા સ્તંભથી યુક્ત લાંબો, મુખ્ય

[અનુસંધાન પાન ૫૦૯ ઉપર]

કંકાવટી

સદ્‌ગત હીરાબહેન



૧૯૧૬ના એપ્રિલની ૧૨મી તારીખે સંપન્ન પરિવારમાં મુંબઈમાં જન્મેલાં, પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચ કેળવણી ત્યાં જ પ્રાપ્ત કરી પ્રથમ મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૯૩૬માં એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે જી.એ. તથા રા.વિ. પાઠકના માર્ગદર્શન નીચે 'આપણું વિવેચન સાહિત્ય' એ વિષય પર સંશોધન કરી એ જ યુવનિવર્સિટીની પી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી માતૃસંસ્થાનામાં પ્રથમ ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાઈ, 'રીડર' બની આખરે વિભાગના અધ્યક્ષ તરીકે ૧૯૭૧માં સ્વૈચ્છિક વ્યાવસાયિક નિવૃત્તિ લેનાર હીરાબહેન પાઠકનું ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ કેન્સરની બીમારીથી મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયું છે. વિદ્યાર્થીકાળથી સર્જન-વિવેચનમાં રસ દાખવી આગળ જતાં 'આપણું વિવેચન સાહિત્ય' (૧૯૩૯), 'કાવ્યભાવન' (૧૯૬૮), 'વિદ્યુતિ' (૧૯૭૪), 'પરિબોધના' (૧૯૮૦) આદિ વિવેચનસંગ્રહો, 'ચંદ્ર-ચંદ્રાવતીની વાર્તા' (૧૯૬૮) જેવું સંશોધનાત્મક સંપાદન, 'કાવ્યસંચય' (૧૯૮૧) જેવું ચયનસંપાદન, 'સાહિત્ય-આસ્વાદ' (૧૯૭૩) અને 'ગવાક્ષદીપ' (૧૯૭૯) જેવાં ભાવન-આસ્વાદનમૂલક ગ્રંથો અને 'પરલોકે પત્ર' (૧૯૭૦) જેવો કાવ્યસંગ્રહ આપી તે તે ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર હીરાબહેનનું કવયિત્રી તરીકે ન્હાનાલાલ પારિતોષિક, નર્મદ ચંદ્રક તથા ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક (૧૯૭૨), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૪)થી ઉચિત સન્માન થયું હતું. એમણે ૧૯૭૦-૭૧માં 'ગુજરાતીનો અધ્યાપકસંઘ'નું તથા તે જ વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિવેચનવિભાગનું પ્રમુખપદ શોભાવ્યું હતું. ૧૯૪૫માં પોતાના વિદ્યાગુરુ રા. વિ. પાઠક સાથે લગ્નગ્રંથિથી જોડાઈ મૃત્યુપર્યન્ત એમણે પાઠકસાહેબનાં જીવન અને સાહિત્યસંગિનીનું કામ સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવી સદ્‌ગત પાઠકસાહેબના પ્રકટ-અપ્રકટ સાહિત્યનાં સંપાદન-માવજતમાં નિઃશેષ સમય આપ્યો હતો. એમના હૃદયના અતલ માતૃવાત્સલ્યનો એમણે અનેકોને સુખદ અનુભવ કરાવ્યો હતો. ઊંડી અને સૂક્ષ્મ વિવેચનદૃષ્ટિ તથા સરાહનીય સિસૃક્ષાથી તેઓ પોતાની શક્તિઓનો સમુચિત હિસાબ આપતાં ગયાં છે. આવાં વિદુષી સન્નારીના જવાથી લાંબા સમયની ખોટ વર્તાશે. ધી.પ.

પ્રથમ ભારતીય મહિલાઓ

વિજયાલક્ષ્મી પંડિત • યુનોના પ્રથમ મહિલા અધ્યક્ષ.

સી. વી. મુપબ્બા • પ્રથમ ભારતીય મહિલા રાજદૂત.

શાન્તાદેવી • વિધાનસભાનાં પ્રથમ મહિલા સ્પીકર.

ઇન્દિરા ગાંધી • ભારતનાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રી.

પી. કે. દેસિયા • પ્રથમ મુખ્ય ઇજનેર.

કિરણ બેદી • પ્રથમ આઈ.પી.એસ. (ઇન્ડિયન પોલીસ સર્વિસ) અધિકારી.


અન્ના જ્યૉર્જ • પ્રથમ આઈ.એ.એસ. (ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) અધિકારી.

સુરેખા ભોંસલે • ભારતનાં પ્રથમ મહિલા રેલવે એન્જિન ડ્રાઈવર.

કેલ્ડા શેઠ • પ્રથમ મુખ્ય ન્યાયાધીશ.

પૌંઆના દહીંવડાં • પ્રથમ એક વાડકી જાડા પૌંઆ લઈ બે-ત્રણ વાર તેને ધોઈ નાખી થોડો સમય કોરા પડવા દેવા. સામાન્ય કદના એક બટાટાને બાફી તેનો માવો પૌંઆમાં ભેળવી દેવો. તેમાં બે-એક ચમચી ચણાનો લોટ ભેળવવો. આ રીતે તૈયાર થએલા માવામાં સ્વાદ અનુસાર મીઠું, મરચું, લીંબુનો રસ અને દળેલી ખાંડ નાખવાં. આદું પણ પ્રમાણસર ઉમેરવું. આ બધાને બરાબર મસળી સામાન્ય કદનાં ચપટાં વડાં કરવાં. ત્યાર બાદ આછો બદામી રંગ પકડે ત્યાં સુધી તેલમાં પકવવાં. હવે તે વડાંને તાસકમાં મૂકી તેના પર મોળું દહીં રેડી, ખાંડેલું મરચું, જીરામરીનો ભૂકો, કોથમીરનાં પાંદડાં વગેરે ભભરાવવાં. આ રીતે પૌંઆના સ્વાદિષ્ટ દહીંવડાં તૈયાર થઈ શકશે. * * *

(અનુસંધાન પાન ૪૯૨ ઉપર)



મોરની આ શોભન આકૃતિનો રંગોળી, અભિનંદન કાર્ડ, ભરતગૂંથણ વગેરેમાં ઉપયોગ થઈ શકશે.

અતીતમાં
અવગાહન

ભારહુતની ગજલક્ષ્મી

ડૉ. ગોપાલ પુરુષોત્તમ બારોટ

લક્ષ્મીનાં નાનાવિધ સ્વરૂપોમાંના એક ગજલક્ષ્મીનાં અનેક શિલ્પાંકનો જોવા મળે છે. વિશ્વપદ્મ પર બેઠેલી અને ગજયુગ્મ દ્વારા જલાભિષેક પામતી સૌંદર્ય અને સમૃદ્ધિની આ દેવીના અંકનમાં હાથીની કલ્પનાનો ઊગમ કઈ રીતે અને ક્યારે થયો એ નિશ્ચિત નથી. શ્રીસૂક્તમાં 'હસ્તિનાદ પ્રબોધિનીમ્' (હાથીના નાદથી જાગૃત થએલી) એવું એનું એક વિશેષણ છે. સમુદ્રમંથનમાં લક્ષ્મી પ્રકટ થઈ ત્યારે દિગજ્જોએ સુવર્ણકલશથી તેનો જલાભિષેક કર્યો એવું વર્ણન વિષ્ણુપુરાણમાં છે. હાથી એ દિગજ્જનો પ્રતીક પણ મનાય છે. વળી, લક્ષ્મી જેમ સમૃદ્ધિની દેવી છે તેમ હાથી વૈભવનો સૂચક છે. હાથી વર્ષાના દેવ ઇન્દ્રનું વાહન પણ મનાય છે. એ રીતે વર્ષા સાથેનો એનો પ્રતીકાત્મક સંબંધ પણ કલ્પી શકાય. કૃષિજન્ય સમૃદ્ધિ અને વર્ષાનો સંબંધ સાંકળીને વિશ્વપદ્મ પર આસનસ્થ લક્ષ્મી પર જલાભિષેક કરતા હાથીની કલ્પનાનું અર્થઘટન થઈ શકે.



ગજલક્ષ્મીનાં શિલ્પાંકનો તો બહુ પ્રાચીન કાળથી થએલાં છે. અન્ય દેવતાઓનાં મંદિરોમાં દ્વાર પર અનેક સ્થળે એનું અંકન જોવા મળે છે. પણ લક્ષ્મી એ હિંદુ દેવી ગણાય છે. બૌદ્ધ શિલ્પાંકનોમાં સૌપ્રથમ એ ઈ.સ. પૂર્વેના સુમારે બીજા શતકના ભારહુતના સ્તૂપમાં જોવા મળે છે. ત્યાં સ્તૂપનાં દ્વાર તથા છતમાં ગજલક્ષ્મીનાં ત્રણ અંકનો છે જેમાંનું એક અહીં આપ્યું છે. પૂર્ણ ઘટમાંથી ઉદ્દ્જનિત કમલ પર ઊભેલી લક્ષ્મીને તેમાં કમલગર્ભ પર ઊભેલા ગજયુગ્મ દ્વારા જલાભિષેક પામતી દર્શાવી છે. ઘટમાંથી નીકળતી બે કમળનાભ પર પદ્મપત્રનું અંકન પણ તેમાં છે. (સળંગ અંક ૫૮૬)

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

૧ (૧૮૫૪) 'સિંધ ડાક'ની સફળતાથી પ્રેરાઈ તથા હિંદ પર પોતાની સત્તા હવે પાકી જામી ગઈ હોઈ કંપની સરકારે ટપાલનો ખાસ કાયદો ઘડીને ખાનગી ખેપિયાઓની બધી વ્યવસ્થા બંધ કરાવી, હિંદ આખામાં કોઈ પણ સ્થળે અર્ધા આનામાં (આજના ત્રણ પૈસામાં) કાગળ મોકલી શકાય એવી વ્યવસ્થા કરી. ઇંગ્લંડમાં કંપનીના ડાયરેક્ટરોએ ત્યાંથી એ માટેની ટપાલ-ટિકિટો છાપી મોકલવાની ના પાડતાં સરકારી મોજણીખાતાના છાપખાનામાં લિથોગ્રાફીથી હિંદની એ પહેલી ટપાલટિકિટો છપાઈ હતી. ૦ા તોલા સુધીના વજન માટે ૦ા આનાની, ૦ા તોલા સુધીના માટે ૧ આનાની, ૧ થી ૨ તોલા માટે ૨ આનાની અને એથી વધુ કિંમતની ૪ આનાની એ પ્રથમ હિંદી ટિકિટો (ફર્સ્ટ્સ) દુનિયાની પ્રાચીન ટિકિટોમાં બહુ જ મહત્ત્વની લેખાતી હોઈ એની કિંમત ઘણી ઊંચી અંકાય છે.

૮ (૧૮૫૩) ભારતીય ફિલસૂફીના તત્ત્વજ્ઞ યોગી તરીકે વિવેકાનંદ પછી એટલો જ આદર પામનાર સ્વામી રામતીર્થનો ગુજરાનવાલા (પંજાબ)ના એક ગોંસાઈ હીરાનંદજીને ત્યાં જન્મ. મૂળ નામ તીર્થરામ. અનેક મુશ્કેલીઓ ને ગરીબી વેઠી એમ.એ. થઈ તેઓ લાહોરમાં ગણિતના પ્રોફેસર બન્યા, પણ મન વૈરાગ્ય તરફ ઢળી જતાં ૨૨ વર્ષની વયે પત્ની તથા બાળકોને છોડી હિમાલયમાં ચાલ્યા ગયા. વચ્ચે ત્રણેક માસ 'અલેફ' નામે વેદાંત વિષયક માસિક ચલાવી ફરી હિમાલયમાં જઈ સંન્યાસ લઈને સ્વામી રામતીર્થ બન્યા. મથુરાના ધર્મોત્સવ પ્રસંગથી એમનાં તેજ ને વ્યાખ્યાનનો પ્રભાવ પ્રસરવા લાગ્યો. એથી પ્રભાવિત થઈ તેહરીના રાજાએ એમને જાપાન અને અમેરિકા મોકલ્યા. ત્યાં પણ એમણે અઢી વર્ષ સુધી ભારતીય તત્ત્વજ્ઞાનના મહત્ત્વને પ્રસાર્યું. પાછા ફરતાં મિસરમાં પણ એમણે પોતાના ફારસીના જ્ઞાન વડે સૌને ચકિત કર્યા. ૧૯૦૫માં દેશમાં આવી તેઓ હરદ્વાર ગયા જ્યાં તબિયત બગડતાં પોતે વધુ નહિ જીવે એમ જાણી પોતાના જન્મદિવસે ગંગામાં જળસમાધિ લીધી.

તા. ૭ (૧૮૯૫) મુંબઈમાં ગૅસલાઈટના દીવાનો પ્રથમ ઉપયોગ શરૂ થયો.

તા. ૯ (૧૮૬૭) યુનાઈટેડ સ્ટેટ્સે ૭૨,૦૦,૦૦૦ ડૉલરની કિંમત આપી રશિયા પાસેથી આલસ્કા ખરીદ્યું. ઈ.સ. ૧૯૫૮માં એને અમેરિકાના ૪૯મા રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો, પણ મૂળ જ્યારે રાજ્યમંત્રી વિલિયમ સીવર્ડે આ

સોદો કર્યો ત્યારે કેવળ બરફ આચ્છાદિત અને તદ્દન નિરુપયોગી એવા આ પ્રદેશની ખરીદીને નરી મૂર્ખાઈ ગણવામાં આવી હતી. આજે ત્યાંથી મળતું સોનું, ફર, પ્લૅટિનમ, તાંબું, લાકડું વગેરેની સરખામણીમાં એને માટે આપેલી કિંમત તો તદ્દન નિર્માલ્ય ગણાય.

તા. ૧૪ (૧૯૨૦) ઑક્સફર્ડ યુનિવર્સિટીએ સ્ત્રી સ્નાતકોને પણ ઉપાધિ આપવાનો આરંભ કર્યો.

તા. ૨૫ (૧૪૦૦) 'કેન્ટરબરી ટેઈલ્સ'ના સર્જક ને જાણીતા અંગ્રેજ કવિ ચોસરનું અવસાન.

૨૫ (૧૮૫૪) 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ'. ઇંગ્લન્ડના ઇતિહાસને લાગેવળગે છે ત્યાં સુધી ક્રિમિયાનું યુદ્ધ, કદાચ, ખરાબમાં ખરાબ વ્યવસ્થા અને યુદ્ધમાં જુદાંજુદાં રાષ્ટ્રોના શંભુમેળાના ગેરલાભનો એક અચ્છો બોધપાઠ આપતું યુદ્ધ હતું. કેટલાક ગ્રીક પાદરીઓના ઝગડાનું બહાનું ઊભું કરીને, 'કૉન્સ્ટેન્ટિનોપલ અને કાળા સમુદ્ર પર અધિકાર સ્થાપવા માટે આદરેલા એ યુદ્ધમાં તુર્કસ્તાનનો પક્ષ લઈને ઇંગ્લન્ડ અને ફ્રાંસ રશિયા સામે યુદ્ધમાં ઊતર્યાં અને આલ્મા તથા બાલાક્લાવા જીતી લીધાં. રશિયાએ આની સામે સેબાસ્ટોપોલમાં મોટું સૈન્ય ઉતારી 'સેન્ડબેગ બેટરી'નું તોપખાનાનું એક મથક કબજે કર્યું. બ્રિટિશોએ તે પાછું



જીતી લીધું. વધુ મદદ મેળવી રશિયાએ તે ફરી કબજે કર્યું. અંગ્રેજ સેનાપતિએ એ ફરી હાથ કરવા હુકમ આપ્યો. હુકમમાં ગફલત થઈ છે તેમ જાણવા છતાં અને પોતાનું સંખ્યાબળ તદ્દન નજીવું હોઈ હાર અને મોત નિશ્ચિત હોવા છતાં ઉપરીનો હુકમ માથે ચડાવી 'લાઈટ બ્રિગ્રેડે' સાંકડી નેળમાં ચારે બાજુની રશિયન ગોલંદાજી સામે કેસરિયાં કર્યાં. વ્યૂહાત્મક રીતે આ હુમલો તદ્દન નિરર્થક હતો, પણ તેની મર્દાનગી અને આજ્ઞાંકિતતાને 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ' કાવ્યમાં કવિ ટેનિસને બિરદાવી છે.

લાઈટ બ્રિગેડનાં એ કેસરિયાં, અને આ યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારવાર-સેવા કરવાની ફ્લોરેન્સ નાઈટિંગલની પ્રવૃત્તિનો આરંભ એ ક્રિમિયાના યુદ્ધમાં અંગ્રેજ પક્ષનાં બે સ્મરણીય પાસાં છે. બાકી પોતાના બહાદુર સૈનિકોના ભોગ સાથે ૩,૩૦,૦૦,૦૦૦ પાઉન્ડના ગંજાવર ખર્ચ પછી યે ઇંગ્લન્ડને એમાં કંઈ પણ દેખીતો લાભ થયો નહોતો. (સળંગ અંક ૫૮૬)

અનુસંધાન] સ્થિર નદી, સરતાં નીર [પૃ. ૨૫૦ પરથી

ચલન-પથ. વૃક્ષો પર કળીઓ દેખાય છે ફૂલો થઈ ખીલી જશે ત્યારે કેટલુંયે સુન્દર લાગશે આ સ્થાન. કલાકો સુધી વિહરી શકાય અહીં, ખરે જ.

સામેની તરફ 'શિયુઆન' નામનો બીજો બાગ છે. એક કાળે આ બંને એક ઉચ્ચાધિકારીની સંપત્તિ હતા. આ બીજા બાગમાં એક મંદિર છે. 'કરુણાની દેવી'ની મોટી મૂર્તિ મૂકેલી છે, અને બુદ્ધના અનુયાયીઓનાં પાંચસો પૂતળાં પ્રદર્શિત થયેલાં છે.

આવી રમણીય જગ્યાઓએ બાગ ને મંદિરો જ નહીં, પણ બૌદ્ધ વિહારો પણ બનતા. આ સૌંદર્ય અને શાંતિની પાછળ કવિઓનાં હૃદય પણ ખેંચાતાં. કેટલાક કવિઓ પોતાને માટે ખાસ ઉદ્યાન બનાવડાવતા, અને સુંદર કુટિરની રચના કરાવતા. ચીની કવિ, કે અભ્યાસી, માટેનો સર્જન-કાર્ય-કક્ષ કેવો હોવો જોઈએ એનું વર્ણન લિ રિહુઆ નામના, ૧૮મી સદીના એક સર્જકે કર્યું છે: 'જ્યાં ટેકરીઓની વચ્ચેથી ઝરણું વહેતું હોય ત્યાં આ કક્ષ હોવો જોઈએ. હવાની મૃદુ લહેરીઓને આવકારવા એની ચોતરફ વાંસનાં કૃશ તરુ હોવાં જોઈએ. જેની વક્ર-વૃદ્ધ શાખાઓ બારીમાંથી અંદર ડોકિયાં કરતી હોય તેવું જીર્ણ એક સરુવૃક્ષ બહાર ઊભેલું હોવું જોઈએ. પથ્થરની દીવાલોની આસપાસ સુગંધી જડીબુટ્ટી અને સુંવાળું ઘાસ ગીચ ઊગેલાં હોવાં જોઈએ. સવારે ને સાંજે સફેદ ભાત, માછલી, સ્વાદિષ્ટ મદિરા ને ચીની ચા મળે, અને દ્વાર પર એક શક્તિમાન પુરુષ હોય જે મુલાકાતીઓને આવવા ના દે.' વાહ, કવિ!

પ્રસંગપરાગ

શ્રદ્ધેય સંસ્કારિતા

મુંબઈ-અંધેરી. ભારતીય વિદ્યાભવનની કૉલેજોનો વિસ્તાર તે વખતે વસ્તીથી દૂર ચોપાસ મોકળો વિસ્તાર લાગતો. તેમાં મહિલા છાત્રાલયના મકાનનું ઉદ્‌ઘાટન અને સાથે સાથે ભવનની સંસ્કૃત વિદ્યાપીઠ પરીક્ષાઓનાં પ્રમાણપત્રોનું વિતરણ - એમ બેવડો સમારંભ. અતિથિવિશેષ તરીકે મુનશીજીના નિમંત્રણથી તે વખતના મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન ખેરસાહેબ પધારેલા.

મુનશીજી દ્વારા ઔપચારિક સ્વાગત-પ્રવચન બાદ ખેરસાહેબે પોતાના વક્તવ્યોનો હિંદીમાં આરંભ કરતાં, સૌજન્યપૂર્વક મુનશીજીની ઐતિહાસિક નવલકથાઓના ઉત્તમ સર્જક તરીકે પ્રશંસા કરી. બધે અને બધા સમયમાં વિદ્યાર્થી એટલે વિદ્યાર્થી. પ્રશંસા સાંભળી એક ટીખલી બોલી ઊઠ્યો : 'વગર વાંચ્યે વખાણ !' શ્રોતાસમુદાય નાનો એટલે નજીકમાં જ ઉચ્ચારાયલો વ્યંગ ખેરસાહેબ સાંભળી ગયા. બોલતા અટકી ગયા. પેલા વિદ્યાર્થી સામે જોઈ સ્હેજ સ્મિત કર્યું, અને પછી ગુજરાતીમાં વક્તવ્ય શરૂ કરી મુનશીજીની 'ગુજરાતનો નાથ', 'પૃથિવીવલ્લભ' વગેરે કૃતિઓની સવિગત સમાલોચના કરી. પંદરેક મિનિટ પછી અટકીને ફરીથી પેલા વિદ્યાર્થી સામે સસ્મિત નજર કરીને પોતાનું મૂળ હિંદી વક્તવ્ય શરૂ કર્યું!

પછી કાર્યક્રમનો બીજો ભાગ શરૂ થયો. ત્યારે સંસ્કૃત વિદ્યાપીઠના આચાર્ય મહામહોપાધ્યાયએ તો સંસ્કૃતમાં જ સ્વાગત-પ્રવચન કર્યું. હવે પેલા વિદ્યાર્થી મહાશયને મોકો મળી ગયો. તે ખાસ વક્તાને સંભળાય તેમ બોલ્યો. 'હવે જવાબ આપો!' અને સૌના આશ્ચર્ય વચ્ચે ખેરસાહેબે પોતાનું પ્રવચન સંસ્કૃતમાં શરૂ કર્યું! પંદરેક મિનિટ પછી પેલા મિત્ર સામે જાણે તેની રજા માગતા હોય તેમ સસ્મિત જોઈ સૌના લાભાર્થે હિંદીમાં પ્રવચન આગળ ચલાવ્યું!

સમારંભના અંતે ખેરસાહેબને વિદાય દેતા વિદ્યાર્થી-સમુદાયના પ્રણામમાં આરંભના ઔપચારિક વિજયમાં ભરપૂર આદર ઉમેરાયાં હતાં!

આ મુખ્ય પ્રધાને એ યુવાન હૃદયોમાં પોતાની સંસ્કાર-સમૃદ્ધિથી કેટલી શ્રદ્ધા પ્રેરી હશે!? - **વિનોદ અધ્વર્યુ**

ધોળો વાવટો

ઈ.સ. ૧૯૩૨ કે ૩૩માં ગુજરાત કૉલેજના 'પ્રેમભક્તિ મંડળ'ના આશ્રયે 'નર્મદ-દલપત ઝઘડો' એ વિષય ઉપર સ્વ. કેશવલાલ ધ્રુવના પ્રમુખપણા નીચે સ્વ. ડાહ્યાભાઈ દેરાસરીએ સંભાષણ કરતાં આ પ્રમાણે કહ્યું હતું :



'વૃદ્ધાવસ્થામાં દલપતરામ ઝઘડાથી કેવા કંટાળ્યા હતા એ મને એમણે એક સચોટ દૃષ્ટાંતથી સમજાવ્યું હતું. હું એક દિવસ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં જઈ ચઢ્યો ત્યારે દલપતરામ ત્યાં બેઠા હતા. મેં એમને પૂછ્યું કે તમારા ઉપર હવે તો ખૂબ ટીકાઓ થાય છે. તમે એનો જવાબ કેમ નથી આપતા ?

દલપતરામે માથે હાથ ફેરવીને કહ્યું : 'ડાહ્યાભાઈ, આ જુઓ છો ?'

મેં કહ્યું, 'હા, પણ એ તો ચોટલી છે !'

'કેવા રંગની ?'

'ધોળા રંગની ?'

દલપતરામે કહ્યું : 'લડાઈમાં સુલેહ કરવી હોય ત્યારે ધોળો વાવટો ચઢાવવામાં આવે છે. એટલે બન્ને સૈન્યો યુદ્ધશાન્તિ કરે છે. પ્રભુએ આ ધોળો વાવટો મોકલ્યો છે. હવે શાન્તિ રાખવી જોઈએને ?' - **નટવરલાલ પટેલ**

અનુસંધાન] **વાચકો** [પૃ. ૪૫૮ પરથી

વાંકની ટૂંકી વાર્તા 'ચમત્કાર' ખરેખર અદ્‌ભુત લાગી. અગાઉની પણ તેમની વાર્તાઓ માણેલી. આવી સુંદર વાર્તા આપવા બદલ તમને અને બહાદુરભાઈને અભિનંદન.

- ખુમાણ જી. બી. (જેતપુર)

ગ્રહણનો લેખ ખૂબ જ રસપ્રદ રહ્યો. યાદગાર રહેશે. બાકીના લેખોને ચિત્રોથી ખૂબ શણગારજો. ૧૬-૨-૮૦ના રોજ થયેલા ગ્રહણનો મારા મુલુંદના મિત્ર બાબુભાઈ જોઈસરે ફોટો પાડેલ. એમની ફોટો પાડવાની ખૂબીને જોઈને વિદેશના કૅમેરા મૅગેઝીને એ ફોટો છાપેલ તથા એમના વિશે લખેલું. ઝ્યૂસના નામ સાથે અંગ્રેજી સ્પેલિંગ zeus આપ્યો છે એમ બધે જ આપજો. ખાસ તો ઈન્સાઈક્લોપીડિઆમાં સંદર્ભ શોધવામાં સરળતા રહે.

(* Earnst Junger)

- રમેશ શાહ (સૂરત)

બિલાડીના પગમાં ઝાંઝર

— હર્ષદ ત્રિવેદી —



મિતેષના ઘરમાં ઘણા ઊંદરો હતા. મિતેષ અને નાની બહેન હેતલને આ ઊંદરો જોવા બહુ ગમે. આખો દહાડો ઘરમાં દોડાદોડી કર્યા કરે. ચૂંચૂંચૂં અવાજો કરે ને ક્યારેક તો અંદરોઅંદર લડેઝગડે પણ ખરા! બેય ભાઈ-બહેન ઘણીવાર તો ભણવાનું બાજુ પર મૂકીને આ ઊંદરોની રમત જોવામાં મશગૂલ થઈ જાય. મિતેષ-હેતલને તો મજા પડે, પણ મમ્મી આ ઊંદરોથી કંટાળી ગઈ. એક વખત તો બધા ઊંદરોએ ભેગા મળીને મિતેષની ચડ્ડી જ કાપી ખાધી. બીજું ય કેટલુંક નુકસાન કર્યું એટલે મમ્મીએ એક યુક્તિ કરી. ઊંદર હોય એટલે બિલાડી તો ઘરમાં આવે જ. મમ્મીએ બિલાડીને એક દિવસ દૂધ પાયું. એક વખત દૂધ મળ્યું એટલે બિલાડી તો રોજ ઘરમાં આવે ને જવાનું તો નામ જ ન લે! મિતેષ-હેતલને તો બિલાડી સાથે રમવામાં ય ખૂબ મજા પડી.


ઘરમાં બિલાડી આવી એટલે ઊંદરોની દોડાદોડી ઓછી થઈ ગઈ. કેમ કે ઊંદરો જેવા દરમાંથી બહાર નીકળે કે તરત બિલાડી તરાપ મારે અને અચૂક એકાદ ઊંદર ઓછો થઈ જાય. બીકમાં ને બીકમાં બિચારા ઊંદરોને આખો દિવસ દરમાં ભરાઈ રહેવું પડતું. પણ એમ તે ક્યાં સુધી ચાલે? ભૂખ્યાં-તરસ્યાં મરી ન જવાય? દરમાં રહે તો ભૂખે મરવાની બીક અને બહાર આવે તો બિલાડીની બીક! બધા ઊંદરોમાં એક ઘરડો ઊંદર હતો એણે કહ્યું કે આપણે બધા ઊંદરો એકસાથે મળીએ અને આ બિલાડીથી બચવાનો કંઈક ઉપાય શોધી કાઢીએ.

નક્કી કર્યા મુજબ બધા ઊંદરો મળ્યા. ઘરડા ઊંદરે વાત કરી કે બિલાડીને અહીંથી ભગાડી મૂકવા માટે આપણે કંઈક વિચારવું જોઈએ. તરત જ એક ઊંદર બોલ્યો, 'રાત્રે બિલાડી સૂતી હોય ત્યારે આપણે બધા એકસાથે જ એના પર હુમલો કરીએ. મિતેષભાઈની ચડ્ડી કાપી નાંખીએ છીએ તો બિલાડીની ચામડી કાપી કાઢતાં કેટલી વાર? આ સાંભળીને બીજો ઊંદર બોલ્યો, 'ભાઈ! તારી વાત બરાબર નથી. કેમ કે બિલાડી ખરેખર ઊંઘતી જ નથી હોતી, ઊંઘવાનો ડોળ કરતી હોય છે. આપણે એની પાસે જઈએ કે તરત જ એ આપણી ઉપર હુમલો કરી બેસે. એટલે આ રસ્તો સલામત નથી.'

એક યુવાન ઊંદર હતો એ ઉત્સાહમાં આવી ગયો અને બોલ્યો, 'મિતેષભાઈ અને હેતલબહેન તો આપણાં મિત્રો છે, આપણે એમને જ વાત કરીએ કે આ બિલાડીને કાઢી મૂકો ને! એ આપણી દોસ્તી ખાતર બિલાડીને ઘરમાં આવવા જ નહીં દે!' અત્યાર સુધી ચૂપ બેઠો હતો એ ઘરડો ઊંદર બોલ્યો, 'તારી વાત સાચી છે. મિતેષભાઈ અને હેતલબહેન આપણું કામ કરે જ, પણ એમની મમ્મી આગળ એમનું કેટલું ચાલશે? એ કરતાં કંઈક બીજું વિચારીએ તો સારું.'

અચાનક એક ઊંદરને વિચાર આવ્યો. એણે તો કહ્યું કે 'આપણે બિલાડીના પગમાં ઝાંઝર પહેરાવી દઈએ. ઝાંઝરનો અવાજ આવે કે તરત જ આપણને ખબર પડે કે

અડકો દડકો



બિલાડી આવી. બધાએ તરત જ દરમાં ભાગી જવાનું !' ઘરડા ઊંદરે કહ્યું, 'વર્ષો પહેલાં આપણા બાપ-દાદાઓએ બિલાડીને ગળે ઘંટ બાંધવાનો પ્રયત્ન કરેલો એ યાદ છે કે ભૂલી ગયા ?' વળી બધા ઊંદરો વિચારમાં પડી ગયા.

પેલા યુવાન ઊંદરે કહ્યું કે, આપણા બાપ-દાદાઓ ભલે સફળ ન થયા, પણ જો તમે બધા મને મદદ કરો તો હું બિલાડીના પગમાં ઝાંઝર પહેરાવવાનું કામ કરી શકું તેમ છું.' બધા રાજી થઈ ગયા અને હા પાડી.

હવે યુવાન ઊંદરે પોતાની વાત શરૂ કરી. એણે કહ્યું, 'હું વેશપલટો કરીને બિલાડી પાસે જાઉં, જેથી એને ખબર ન પડે કે હું ઊંદર છું. વેશપલટો કરવા માટે મને એક મૂછ, સુંદર મજાનાં કપડાં અને ઝાંઝર જોઈએ.' એક ઊંદર કહે, 'હું હમણાં જ ચોકીદારની ઓરડીમાં જાઉં છું. ચોકીદાર ઊંઘી જાય એટલે એની લાંબી લાંબી' મૂછો કાપી લાવીશ.' બીજો ઊંદર કહે, 'હું જે ઘરમાં જાઉં છું ત્યાં એક દરજી રહે છે, એને ત્યાં જુદી જુદી ભાતનાં કપડાંનો પાર નથી, એ હું લેતો આવીશ.' તરત જ એક ઊંદરડી બોલી, 'હું એને સરસ રીતે સીવી આવીશ, મને સીવતાં પણ આવડે છે ! કંઈ એકલું કાપતાં જ નથી આવડતું !!' બધું બરાબર ગોઠવાઈ ગયું, પણ ઝાંઝર ક્યાંથી લાવવું ?

ત્યાં તો હેતલબહેન બહારથી આવ્યાં. આજે વ્રત હોવાથી એમણે ખૂબ ઠઠારો કર્યો હતો. ડોકમાં મોતીની માળા, કાનમાં મમ્મીની કડીઓ, પગમાં ઝાંઝરીઓ, ચણિયા-ચોળી, હાથમાં મેંદી ને મોઢા ઉપર પાછી ઝરી પણ લગાડેલી ! એમનો તો કંઈ વટ ! ન પૂછો વાત ! ક્યારે હેતલબહેન ઝાંઝરીઓ કાઢે એની બધા ઊંદરો વાટ જોવા લાગ્યા.

એમ કરતાં રાત પડવા આવી. હેતલબહેનની મમ્મી કહે, 'સૂતી વખતે આવું બધું પહેરી ન રખાય.' હેતલબહેન તો બહુ જ ડાહ્યાં. તરત જ માની ગયાં. બધાં ઘરેણાં કાઢીને પલંગ પાસેની ટિપોય પર મૂક્યાં ને થોડીવારમાં તો ઘસઘસાટ ઊંઘી પણ ગયાં. એક ઊંદર કહે, 'હવે લાગ છે. લાવ જઈને ઝાંઝર લઈ આવું...!' પણ ટિપોય પરથી ઝાંઝર લાવવું કેવી રીતે ? ઊંદરે તો પલંગ પર ચડીને સીધો કૂદકો જ લગાવ્યો, ટિપોય પર. તરત જ ઝાંઝર નીચે સરી પડ્યું. ઊંદર તો ઝાંઝર લઈને સીધો જ દરમાં આવી ગયો. જોયું તો યુવાન ઊંદર માટે મૂછ અને કપડાં પણ તૈયાર જ હતાં ! ઊંદર તો ફટાફટ તૈયાર થઈ ગયો, મિતેષભાઈ સ્કૂલે જવા વખતે તૈયાર થાય છે ને એમ ! એણે તો સરસ મજાનાં કપડાં પહેરી લીધાં, મૂછો પણ ચોંટાડી દીધી ને માથે ટોપી પણ ખરી ! કોઈ ઓળખી પણ ન શકે એવો વેશપલટો કર્યો. બધા ઊંદરો બિલાડીની રાહ જોવા લાગ્યા.

આજે તો બિલ્લીબાઈ આવ્યાં કે તરત જ બધા ઊંદરોને ખબર પડી ગઈ, કેમ કે એ તો ક્યારના ય રાહ જોતા હતા. બિલાડી આવીને એક ખૂણામાં લપાઈને બેસી ગઈ. બિલાડીને એમ કે એકાદ ઊંદર બહાર નીકળે કે તરત તરાપ મારું ! પણ આજે કોઈ ઊંદર બહાર આવે ખરો ? બિલાડી તો મીટ માંડીને રાહ જોતી રહી. ત્યાં એની સામે નાનું એવું વિચિત્ર પ્રાણી આવ્યું.



એની મોટી મોટી મૂછ અને દમામદાર કપડાં ! બિલાડી તો એને જોઈને આભી જ બની ગઈ. કાન ઊંચા કરીને વાંકી ડોકે ક્યાંય સુધી જોયા કર્યું. એને થયું કે આ વળી કોણ ? ત્યાં તો યુવાન ઊંદર અવાજ બદલીને બોલ્યો :

બિલ્લીમાશી બિલ્લીમાશી,
ચાલો તમને લઈ જાઉં કાશી.

બિલાડી કહે, 'ના ભાઈ ના !
અહીંયા રહેવું સારું છે,
શીદને છોડું હું આ ઘર,
રોજ મળે છે ઊંદર.
ભલે કહે તું માશી,
નથી આવવું કાશી.



ઊંદર સમજી ગયો કે બિલાડી ઝટ દઈને માને એવી નથી. બહુ પાકી છે, એટલે એણે ફરી વાર આગ્રહ કર્યો અને બોલ્યો : 'બિલ્લીમાશી... બિલ્લીમાશી...' પણ આ વખતે એનાથી ભૂલ થઈ ગઈ. એ અવાજ બદલવાનું જ ભૂલી ગયો ! ભારે થઈ ગઈ ! બિલાડીને ખબર પડી ગઈ કે આ તો ઊંદર છે. એણે તરાપ મારીને ઊંદરને પંજામાં પકડી લીધો. ઊંદરભાઈને થયું કે માર્યા ઠાર ! હવે બિલાડી છોડશે નહીં... પણ એ તો હિંમતવાળો હતો. એણે વળી એક યુક્તિ લડાવી. બિલાડીને હાથ જોડ્યા. પગે લાગ્યો. પછી કહ્યું, 'મારી એક વાત સાંભળો ! પછી તમે મને ખાઈ જજો. હું સામે ચાલીને તમારા મોઢામાં આવી જઈશ, બસ ! બિલાડીને થયું કે આવડો અમથો ઊંદર આમે ય ક્યાં જવાનો છે ? એણે ઊંદરને છોડ્યો.

ઊંદર કહે, 'માશી...માશી...! હું તમારા માટે સુંદર મજાની ભેટ લાવ્યો છું. તમે જુઓ તો ખરાં !' એમ કહીને એણે કપડામાં સંતાડેલું હેતલબહેનનું ઝાંઝર કાઢ્યું. બિલાડી તો જોઈને ખુશ થઈ ગઈ. ઊંદર કહે, 'મારી એવી ઇચ્છા છે કે તમે આ ઝાંઝર પહેરો. તમને બહુ શોભશે. ઝાંઝર પહેરીને પછી મને ખાઈ જાવ...! બિલ્લીમાશી જલદી કરોને મને બહુ ભૂખ લાગી છે... હું ભૂખ્યો ભૂખ્યો મરી જઈશ તો મને ખાવામાં તમને મજા જ નહીં આવે !'

બિલાડીએ આગળના એક પગથી અને મોઢાથી ઝાંઝર પહેરવાનો બહુ પ્રયત્ન કર્યો. પણ ઝાંઝર પહેરવાનું એને ફાવતું નહોતું. દરેક વખતે કડી છટકી જાય ને ઝાંઝર લબડી પડે ! બિલાડી તો થાકી ગઈ. હવે ઊંદરે લાગ જોઈને વાત મૂકી. કહે, 'બિલ્લીમાશી ! તમને આવડાં મોટાં થયાં ને કેટલાય ઊંદરોને હોઈયા કરી ગયાં તોય ઝાંઝર પહેરતાં નથી આવડતું ? લાવો હું તમને પહેરાવી દઉં !' બિલાડીએ જેવો પગ લાંબો કર્યો કે તરત ઊંદરે સટ દઈને ઝાંઝર પહેરાવી દીધું !! બિલાડી તો ખુશ થઈ ગઈ, એટલે ઊંદર તાળીઓ પાડવા લાગ્યો. એની તાળીઓનો અવાજ સાંભળીને બધા ઊંદરોએ દરમાંથી મોઢાં બહાર કાઢ્યાં ને જોવા લાગ્યા. વાહ રે વાહ ! બિલાડીના પગે ઝાંઝર ! બિલાડી તો ઝાંઝર પહેરીને ઠુમક... ઠુમક... ચાલવા લાગી. એ જ વખતે ઊંદરભાઈ ચૂંચૂંચૂં કરતા સડસડાટ ભાગ્યા ને સીધા જ દરમાં ઘૂસી ગયા. બિલાડી તો જોતી જ રહી ગઈ !!! બધા ઊંદરો એક સાથે ગાવા લાગ્યા :

બિલ્લીના પગમાં ઝાંઝર !
બિલ્લીના પગમાં ઝાંઝર !
અમે કેવા મોટા ઊંદર !
અમે કેવા મોટા ઊંદર !

સવારે ઊઠીને હેતલબહેન એક ઝાંઝર શોધે. પણ મળે ક્યાંથી ? બહુ શોધ્યું, પણ ના જડ્યું તે ના જ જડ્યું. અચાનક ઝાંઝરનો અવાજ સંભળાયો. જોયું તો બિલાડી દૂધ પીવા આવી હતી ને એના પગમાં ઝાંઝર !




તોતડી નથ્થી/હરિકૃષ્ણ પાઠક

હું કાંઈ તોતડી નથ્થી !
માયા ફઈને માઈ કહું
ને કોકી ફઈને કિયા,
ત્રંબકકાકા આવ્યા ત્યારે
કેવાં શરબત પીયાં ?
મારા પપ્પા બ્હાર ગયા છે
હું કાંઈ રોતી નથ્થી,
હું કાંઈ તોતડી નથ્થી !

આટલું ચોક્ખું બોલું છું
પણ મને જ સમજણ પડે
સમજે નંઈ ને ચાળા પાડે
ડાહી દીકરી શું કરે !
મારી મમ્મી વ્હાલી કરશે,
ગાલે ભરશે પપ્પી,
હું કાંઈ તોતડી નથ્થી !



ચિત્ર: હરિકૃષ્ણ પાઠક



એક ચાડિયો રે લોલ...

મારા ખેતરમાં ઊભો એક ચાડિયો રે લોલ,
એ તો જાડો જાડો કેવો જાડિયો રે લોલ !
વાયરાની વાંસળી
ધીમે વગાડતો,
સૂતેલા મોલને
હળવે જગાડતો,
એના માથે આવી બેસે હાડિયો રે લોલ,
મારા ખેતરમાં ઊભો એક ચાડિયો રે લોલ.
ચકલાં-કાબર ' ને
આંખો બતાડતો,
થનક થનકારે એ
મોરલા નચાડતો,
કરે મલક આખાની એ તો ચાડિયો રે,
મારા ખેતરમાં ઊભો એક ચાડિયો રે.
ઠંડી-વરસાદ હોય
થરથરતો કાંપતો,
જાગે એ રાત-દિન
પ્રભુનામ જાપતો,
નથી પારકું માણસ એ, નથી દાડિયો રે લોલ,
મારા ખેતરમાં ઊભો એક ચાડિયો રે લોલ.

—રમેશ ત્રિવેદી—

સાહિત્યસંપર્ક

તસલિમા નસરિનની 'લજ્જા'



'સેતાનિક વર્સિસ'ને કારણે વિશ્વવિખ્યાત બનેલા સલમાન રશ્દી પછી 'લજ્જા'ને લીધે વિવાદોના વમળમાં ફસાઈ દેશનિકાલ થયેલ તસલિમા નસરિનનો જન્મ બાંગ્લાદેશના મયમનસિંહ ગામમાં ૨૫ ઓગસ્ટ ૧૯૬૨ના રોજ થયો હતો. તેમણે મયમનસિંહ મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ.ની પદવી પ્રાપ્ત કરી હતી. તબીબ તરીકેનો વ્યવસાય સ્વીકારનાર તસલિમાને ભ્રમણનો શોખ છે અને લેખનને તેમણે જાણે જીવનકાર્ય તરીકે અપનાવ્યું છે. કાવ્યસર્જન દ્વારા સાહિત્યજીવનનો પ્રારંભ કર્યા પછી તેમણે વિભિન્ન સામયિકોમાં ગદ્યલેખન પણ કર્યું. તેમના નિબંધો તેની ધારદાર ભાષા અને ઉગ્ર મતવાદને કારણે લોકપ્રિય થયા છે.

તસલિમાના કાવ્યસંગ્રહો છે 'નિર્વાસિત બાહિરે અંતરે' (૧૯૮૯), 'આમાર કિછુ જાય આસે ના' અને 'અતલે અંતરીન' (૧૯૯૦). ૧૯૯૨ના મે માસમાં તેમના લેખો-નિબંધોનો સંચય 'નિર્વાચિત કલામ' પ્રગટ થાય છે. ફેબ્રુઆરી ૧૯૯૩ સુધીમાં ભારતમાં જ તેની સાત આવૃત્તિઓ થયેલી અને ૪૩,૦૦૦ નકલો વેચાઈ ગયેલી ! બાંગ્લાદેશની વાત જુદી ! આ પુસ્તકમાં નારીમુક્તિને કેન્દ્રમાં રાખી લખાયેલા ચિંતનાત્મક લેખો છે. પુસ્તકના મુખપૃષ્ઠ પર અગ્નિબાણ જેવી પંક્તિ છે : 'તબે કિ એઈ-ઈ સત્ય જે નારી ના મરે મુક્તિ નેઈ ?' (અર્થાત્ શું છેવટે એ જ સાચું છે કે સ્ત્રી મરે નહીં ત્યાં સુધી એને મુક્તિ નથી ?) બાંગ્લાદેશ જેવા ઇસ્લામિક રૂઢિચુસ્ત સમાજ માટે આ એક આઘાત હતો. વ્યવસાયે સરકારી ડૉક્ટર તસલિમાની પછી તો સરકાર બદલીઓ જ કરતી રહી. આખરે તસલિમાએ નોકરી છોડી દેવી પડી.

'નિર્વાચિત કલામ'માં નારીજાતિના વિદ્રોહની વાત કરીને તસલિમાએ મૌલવીઓનો આક્રોશ વહોર્યો જ હતો પણ જ્યારે તેમની 'અપરપક્ષ' (૧૯૯૨) પછીની દ્વિતીય નવલકથા 'લજ્જા' (૧૯૯૩)નું પ્રકાશન થાય છે ત્યારે બાંગ્લાદેશનો રૂઢિચુસ્ત સમાજ છંછેડાઈ જાય છે, લેખિકાને મોતની ધમકીઓ મળે છે અને આપણે જાણીએ છીએ તેમ તેમણે દેશ ત્યજવો પડે છે.

જે નવલકથાને બાંગ્લાદેશના કટ્ટરપંથીઓ ઇસ્લામ-વિરોધી ગણી જપ્ત કરાવે છે, ભારતમાં પશ્ચિમ બંગાળ સરકાર જેને પ્રતિબંધિત કરે છે અને ભાજપ જેને પ્રોત્સાહન આપે છે એ વિવાદાસ્પદ રચનામાં છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ ભારતમાં બાબરીધ્વંસ થયા પછી બાંગ્લાદેશમાં જે પ્રત્યાઘાતો પડ્યા અને તેમાં એક હિન્દુ પરિવારને જે યાતનાઓ સહેવી પડી એની વાત છે. બાંગ્લાદેશને પોતાની માતૃભૂમિ માની અન્ય હિન્દુ પરિવારોથી જુદા પડી જે પરિવાર અનેક આપત્તિઓ સહીને પણ વર્ષો સુધી ભારત જવાનું વિચારતો નથી એ દેશપ્રેમી હિન્દુ પરિવારને આખરે બાપ-દાદાઓની એ ભૂમિ છોડી ભારતમાં હિઝરત કરવા તૈયાર થવું પડે છે તેની મર્મભેદક કથા આ નવલમાં છે. આવું બને છે એ જ શરમની, લજ્જાની વાત છે એમ લેખિકા સ્થાપિત કરે છે.

૧૯૯૩ના ફેબ્રુઆરીમાં 'લજ્જા' ઢાકામાં પહેલીવાર પ્રગટ થાય છે ત્યારે તે માત્ર ૭૩ પૃષ્ઠની હતી. ભારતમાં નવેમ્બર '૯૩માં તેનું પ્રથમ પરિવર્ધિત સંસ્કરણ આનંદ પબ્લિશર્સ પ્રગટ કરે છે, જે ૧૫૦ પૃષ્ઠનું છે. એક મહિનામાં ૧૦,૦૦૦ નકલની ત્રણ આવૃત્તિઓ પ્રગટ થાય છે ! બુદ્ધદેવ ગુહને અર્પણ કરવામાં આવેલી આ કૃતિનું અર્પણવાક્ય છે : 'ધર્મેર અપર નામ આજ થેકે મનુષ્યત્વ હોક.'

છઠ્ઠી ડિસેમ્બરે બાબરીધ્વંસ થયો તે પછીની સાતમી ડિસેમ્બરની સવારથી આ નવલકથાનો પ્રારંભ થાય છે. ડૉ. સુધામય દત્તનો નાનકડો પરિવાર છે. પુત્ર સુરંજન, પુત્રી નીલાંજના (જેનું નામ 'ડાક'નામ - હુલામણું નામ માયા છે) અને પત્ની કિરણમયી. સુધામયની ઉંમર અત્યારે ૬૪ વર્ષ છે. આ દેશમાં મયમનસિંહ ગામમાં

'લજ્જા'



એક સમયે તેમનાં વાડીવજીફા હતાં, બંગલા, જમીન - ખૂબ સમૃદ્ધિ હતી પણ હવે સુરક્ષા માટે તેઓ ઢાકા શહેરના એક ભાડાના નાના ફ્લેટમાં રહે છે. બાંગ્લાદેશની ધરતી માટે એમને એટલો પ્રેમ છે કે અનેક ત્રાસ વેઠ્યા પછી પણ તેઓ ભારત જઈ વસ્યા નથી. તેમનો પુત્ર સુરંજન ભણી રહ્યો છે પણ તેને હજુ નોકરી મળી નથી, કદાચ હિંદુ હોવાને લીધે. તેના મિત્રોમાં સૌથી વધારે મુસલમાનો છે. એક મુસ્લિમ મિત્રની બહેન પરવીનને તે ચાહતો પણ હતો, લગ્ન કરવા પણ તૈયાર હતો. પરંતુ તે મુસલમાન ન બન્યો તેથી લગ્ન ન થઈ શક્યું. પરવીન કોઈ મુસલમાનને પરણી ગઈ. વામપંથી વિચારધારાથી પ્રભાવિત સુરંજન ધર્મમાં માનતો નથી.

સાતમી ડિસેમ્બરની સવારે માયા તેના મોટાભાઈ સુરંજનને જગાડી વારંવાર કહે છે, 'મોટાભાઈ, કશીક વ્યવસ્થા કરો.' આ વ્યવસ્થા એટલે કોઈ મુસલમાન મિત્રના ઘરે નામ બદલીને ઉંદરની જેમ સંતાઈને રહેવાનું. પરંતુ સુરંજન વિચારે છે શા માટે સંતાઈ જવું પડે ? પોતાનું ઘર છોડી શા માટે ભાગવું પડે ? તે નક્કી કરે છે કે પોતે ક્યાંય નહીં જાય, પોતાના ઘરમાં જ રહેશે. તે બાબરી ધ્વંસ અને તેની પ્રતિક્રિયા પર વિચાર કરે છે.

લેખિકાએ યુવાન સુરંજનની જ નહિ તેના વૃદ્ધ પિતા સુધામયની માનસિકતાને પણ આલેખી છે. ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા તે વખતે પણ સુધામયે હિજરત કરી જતા હિન્દુ મિત્રોને કહેલું કે તમારે જવું હોય તો જાઓ, પણ હું મારો દેશ (એ વખતે પૂર્વ પાકિસ્તાન) છોડીને ભાગીશ નહીં. આ દેશભક્ત ડૉ. સુધામય રાષ્ટ્રભાષા બાંગ્લા માટેના આંદોલનમાં પણ જોડાયા હતા. ૧૯૭૧માં પાકિસ્તાનના સૈન્યે હુમલો કરેલો ત્યારે લડવાનું નક્કી કરી મુક્તિવાહિનીમાં જોડાવા જતાં સુધામય દત્ત પાકિસ્તાની સૈનિકોના હાથે પકડાયેલા. સૈનિકોએ મિલિટરી કેમ્પમાં તેમના પર અત્યાચાર ગુજારેલો. મુક્તિયુદ્ધમાં ત્રીસ લાખ બંગાળીઓનું લોહી રેડાયા પછી મળેલી સ્વાધીનતાએ જાણે પુરવાર કર્યું કે ભાષા, સંસ્કૃતિ, ઇતિહાસ જ ભિન્નભિન્ન જાતિઓનાં સંગઠનનો મૂળ આધાર છે, ધર્મ નહીં. પણ કેવો ભ્રમ હતો એ ! - સુધામય વિચારી રહ્યા.

મયમનસિંહનાં વાડીવજીફાને પાણીને મૂલે વેચવાં પડેલાં એ ઘટના પણ લેખિકાએ માર્મિક રીતે નિરૂપી છે. નાની છ વરસની નીલાંજનાને મુસ્લિમ છોકરાઓ ઉઠાવી જાય છે, બે દિવસે તે પાછી આવે છે ! ગુમસુમ બની જાય છે. ધમકીઓની ચિઠ્ઠીઓ આવ્યા કરે છે. કૉલેજમાં નવો દાખલ થયેલો સુરંજન મુકાબલો કરવા તૈયાર થાય છે પણ તીવ્ર મનોમંથન પછી સુરક્ષા ખાતર સુધામય વેચાણનો નિર્ણય કરે છે. પણ સુરક્ષા ક્યાં છે ? લેખિકા સુધામય, કિરણમયી અને સુરંજનની સ્મૃતિઓ દ્વારા તેમનાં બાપદાદાના ઘરની, ખજૂરની વાડીઓની અને બ્રહ્મપુત્રાના કિનારાની યાદ અપાવી nostalgic મનઃસ્થિતિને તાદૃશ કરી ઊંડી વ્યથા અંકિત કરે છે.

ઢાકા આવ્યા પછી સુધામય ધીરે ધીરે એકલા થતા જાય છે. હિન્દુઓ તેમના દેશપ્રેમના વિચારો સાથે સહમત થઈ શકતા નથી અને જેમને સુધામય પોતાના ગણતા હતા એ મુસલમાન મિત્રો મોં ફેરવી લે છે. સતત થતાં અપમાન, અન્યાયથી ઊંડો વિષાદ અનુભવી તેઓ પોતાના જ દેશમાં પોતાને ઇતરજન - outsider મહેસૂસ કરે છે. તેમ છતાં તેઓ પત્નીના ભારત ચાલ્યા જવાના પ્રસ્તાવને નકારે છે. પરંતુ સુધામય વિચારે છે. બાબરીનો ધ્વંસ થયો એ પાપનું પ્રાયશ્ચિત્ત હિંદુઓને કરવું પડશે, ઉંદરના દરમાં છુપાઈ જવું પડશે. પુત્રી નીલાંજના તો ફિરોજાબેગમનું નામ ધારણ કરી એક પરિચિત મુસલમાન પરિવારમાં સંતાઈ પણ જાય છે.

ક્યાંય સંતાવા ના ઇચ્છતો સુરંજન વિચારે છે, પોતે શું પોતાના દેશમાં જ નિર્વાસિત છે ? શું મારો દેશ ભારત છે ? બાંગ્લાદેશ નહીં ? જે સુરંજન સૌનો માનીતો હતો તેની પાછળ ચૌદ-પંદર વર્ષની વયના છોકરાંઓનું ટોળું 'પકડો, પકડો, હિન્દુ' કહી દોડે છે.

ભણવાની સ્થિતિમાં ડૉ. સુધામય પર હૃદયરોગનો હુમલો થાય છે. તેત્રીસ વર્ષની વયે પણ વૃદ્ધ બીમાર પિતાને પોતે કમાઈને કશું આપી શકતો નથી એની વેદના અનુભવતો સુરંજન કફોડી આર્થિક સ્થિતિમાં ઘરમાં પણ દૂરતા અનુભવે છે. આધુનિક યુવાનની કરુણ માનસિક સ્થિતિ લેખિકાએ એનાં વિદ્રોહ અને વક્રતા દ્વારા વ્યક્ત કરી છે. પરવીનના પરણી ગયાં પછી બે-ત્રણ માસથી પરિચયમાં આવેલી રત્ના પાસે સુરંજન જાય છે પણ તેને લગ્ન કરવાનું તો કહી શકતો નથી.

સુરંજન બહાર ને બહાર ઘૂમ્યા કરે છે. ઢાકાની શેરીઓમાં તોફાનો વચ્ચે તે ફરતો રહે છે. પણ બીજી બાજુ તેનું ઘર લૂંટાઈ જાય છે, વૃદ્ધ પિતા ઊંધા પડીને કણસી રહે છે. તે ઘરે જઈ જુએ છે તો ખબર પડે છે કે માયાને તોફાની જુવાનિયાઓ ઉઠાવી ગયા છે અને માતા કિરણમયી પાછળ દોડતી ગઈ છે. સુરંજન મિત્ર હૈદરના ઘરે જઈ કહે છે, 'તમે લોકો માયાને પાછી આપી દો.'

લેખિકા દર્શાવે છે કે અહીં ભેદ પડી ગયો. 'અમે' એટલે હિન્દુ, 'તમે' એટલે મુસલમાનો. કોમી રમખાણોની આ પ્રક્રિયા છે, પ્રતિક્રિયા છે. હૈદર તેને કહી દે છે, 'મારી સાથે તારું હોવું હવે સલામત નથી.' સુરંજન વિચારે છે. મધરાતે માયાને ક્યાં શોધવી ? માયા પર અત્યારે સામુહિક બળાત્કાર થતો હશે એ વિચાર માત્રથી તે થરથરી જાય છે. તેને મરી જવાની ઇચ્છા

થાય છે.

કિરણમયી પણ હવે ભાંગી પડે છે. તેને એક જ ચિંતા છે. દીકરી માયા ક્યારે પાછી ફરશે ? ભાંગી પડેલો સુરંજન દારૂ પીવાનું અને બાંગ્લાદેશને ગાળ આપવાનું શરૂ કરે છે. કશાક વિચાર સાથે બહાર નીકળેલો સુરંજન શમીમા નામક એક સ્ટ્રીટ ગર્લને રિક્ષામાં બેસાડી ઘરે લાવે છે. છોકરી સ્વેચ્છાથી આવી હોવા છતાં પોતે મુસલમાન છોકરી પર પ્રતિશોધ લેતો હોય એમ માની, બળાત્કાર કરતો હોય એમ ખૂબ રગદોળે છે. તેને માયા યાદ આવે છે. તેના પર કેટલાય લોકોએ બળાત્કાર કર્યો હશે ! માયા ક્યાં હશે ?

શમીમા સાથેના વ્યવહારથી પહેલાં તો સુરંજન રાહત અનુભવે છે પણ પછી શરમથી વ્યાકુળ થાય છે. તેને લાગે છે કે આ દેશે એને જાણીબૂઝીને કોમ્યુનલ બનાવ્યો છે. પાગલની પેઠે તે પુસ્તકો બાળે છે. ઘરમાં સહુ પથ્થર જેવાં બની ગયાં છે. સુધામયને જૂનાં સ્મરણો સતાવે છે. આ દેશને પોતાનો દેશ માની તેઓ જીવનમાં છેવટ સુધી હારતા ગયા છે. સુરંજન પિતાને કહે છે : 'ચાલો, આપણે જતા રહીએ.'

'કોથાય ?'

'ઇન્ડિયા.'

સુધામય કહે છે : 'આ ધરતીમાં મારાં મૂળિયાં છે હું નહીં આવું. તારે જવું હોય તો જા.'

સહનશીલતાની મૂર્તિસમી કિરણમયી ભાંગી પડી પોતે સંતાડી રાખેલા રાધાકૃષ્ણના ફોટા આગળ ઝૂકી પડી પ્રાર્થના કરે છે. સુરંજન આખી રાત દુઃસ્વપ્નમાં ગાળે છે. જાણે નદીના વમળમાં પોતે સપડાયો છે ! ત્યાં કોઈના હાથનો સ્પર્શ તેને જગાડે છે. માનો ટેકો લઈ સુધામય એને ઓશીકે આવી ઊભા છે. તેઓ કહે છે :

'સુરંજન, ચાલ આપણે જતા રહીએ.'

આશ્ચર્યચકિત થઈ સુરંજન પૂછે છે : 'ક્યાં ?'

સુધામયે કહ્યું : 'ઇન્ડિયા.'

સુધામયને કહેતાં શરમ આવે છે, છતાં તે જવાની વાત કહે છે, અંદર તો મજબૂત પહાડ ધીરે ધીરે ધસી પડ્યો છે.

નવલકથા અહીં પૂરી થાય છે. એક હિન્દુ પરિવારનો દેશપ્રેમ ક્રમશઃ કેવી રીતે ઓસરતો જાય છે એ તસલિમાએ આ નાનકડી વિચારપ્રેરક નવલકથા દ્વારા વેધક રીતે બતાવ્યું છે. 'લજ્જા' શીર્ષક કેટલી બધી રીતે યથાર્થ છે એ જોઈ શકાય છે.

- ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

—— અવલોકન ——

એક મિથ : 'યુગદ્રષ્ટા ઉમાશંકર'



અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં મોટામાં મોટું 'મિથ' બની ચૂકેલું નામ ઉમાશંકર જોશીનું છે. તેમના સર્જનની છોળો ખૂબ ઊંચે ઊઠેલી છે. એટલે જ 'યુગદ્રષ્ટા' જેવો ગ્રંથ ઉપલબ્ધ થઈ શક્યો છે. ભાગ્યે જ કોઈ વિવેચક હશે જેણે ઉ. જો.ના સર્જન વિશે કંઈક ન આલેખ્યું હોય.

ઉમાશંકરની વૈચારિક ભૂમિકા માટે એવું કહી શકાય કે, 'Everything is in flux.' 'યુગદ્રષ્ટા'માંથી એ પ્રકારની ગુંજાશ સ્પષ્ટ થાય છે. ઉમાશંકરના ઐતિહાસિક સ્થાન અને સ્થાપના વિશે કોઈને ભ્રાંતિ હોય તો આ ગ્રંથથી દૂર થશે. ઉમાશંકર = ગુજરાતી સાહિત્ય એમ સમીકરણ મૂકવું ખૂબ સરળ છે. ગાંધીયુગથી પ્રતિબદ્ધ થયેલા ઉમાશંકર એ પછી પણ એમના સાહિત્યકર્મને વિસ્તારે છે. તેઓની દૃષ્ટિ છેક આધુનિક યુગને સ્પર્શતી લાગી છે.

જીવનચરિત્રની ગરજ સારતા 'યુગદ્રષ્ટા ઉમાશંકર' ગ્રંથમાં ઉમાશંકર જોશીના તમામ સાહિત્યિક પાસાં સમાવતા લેખો સંપાદિત થયા છે, જે અહીં ત્રણ વિભાગમાં સંપાદકોએ વહેંચી દીધા છે : (૧) સર્જન (૨) વ્યક્તિ-કૃતિ અને (૩) જીવનક્રમિકા અને વાઙ્મય સૂચિ. ત્રીજો વિભાગ 'જીવનક્રમિકા અને વાઙ્મયસૂચિ'નો ચંદ્રકાન્ત શેઠ અને શ્રદ્ધાબહેન ત્રિવેદીએ સંકલન કરીને આપ્યો છે.

સર્જનમાં એમના કાવ્યસર્જનને વિશેષ મહત્ત્વ અપાયું છે. પ્રથમ લેખમાં વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ એમને વૈશ્વિક હૃદયના મહાન કવિ તરીકે ઓળખાવ્યા છે. ખાસ કરીને એમને ટાગોરની નાતના ગણ્યા છે. તેઓએ ટાગોરનાં લક્ષણો ઉમાશંકરમાં શોધ્યાં છે. પરંતુ વિશ્લેષણ અને શિસ્તબદ્ધતાની રીતે અનુસંધાન જળવાતું નથી. એની સામે બીજો લેખ 'ઉમાશંકરનો સંસ્કૃતિવિચાર અને યુગધર્મ'માં ઉશનસે કવિના વિચારોની ઊંડી ગુફામાં જઈને સાચું બળ પ્રગટાવ્યું છે અને સ્થળની અખિલાઈને આંબવા મથતા કવિને આલેખ્યા છે. 'ઉમાશંકરનાં સૉનેટ'માં ધીરુ પરીખે ઉ.જો.નાં સૉનેટોમાંથી ઉદાહરણો આપીને તેઓને રોમેન્ટિક, પ્રશિષ્ટ, બૌદ્ધિક પ્રયોગવાદી અને પરંપરાવાદી તરીકે સચોટ રીતે ઓળખાવ્યા છે. હરીન્દ્ર દવેએ ઉમાશંકરના એક ગીત

વિશેની આધ્યાત્મિક ભૂમિકાની સાંકેતિક વાત કરી છે. જયન્ત પાઠકે 'આત્માનાં ખંડેર : યથાર્થનો સેતુબન્ધ' દ્વારા આ સૉનેટમાળાનું રૂપ આસ્તિક-વાચક, મૂલ્યોદ્‌બોધક આધ્યાત્મિકતા તરફ લઈ જનાર આત્મપ્રીતિના ઉદ્‌ગાર તરીકે ઓળખાવ્યું છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ઉ. જો.ની 'રહ્યાં વર્ષો' અને 'ગયાં વર્ષો' બે રચનાઓની લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ ચીંધીને કવિકૌશલનો ખયાલ આપ્યો છે.

સુરેશ દલાલે ઉમાશંકરનાં ગીતોમાં પ્રાસયોજનાનો આયાસ દર્શાવીને એક રોમૅન્ટિક અભિગમ આપ્યો છે. ચંદ્રકાન્ત શેઠ ઉમાશંકરનો વિશ્વસંવાદધર્મ બરાબર ઝડપી શક્યા છે, જ્યારે સાધકધર્મ પ્રમાણમાં વિસરી ગયા છે.

કાન્ત અને કલાપીના સંવાદોથી ઉમાશંકરના સંવાદકાવ્યો કે પદ્યનાટકો અલગ પડી જાય છે અને મહાકાવ્ય પ્રતિનું લક્ષ્ય સિદ્ધ થતું લાગે છે, આવો કંઈક અભિગમ દિનેશ કોઠારીના લેખમાંથી પ્રગટ થાય છે. એમાં 'કર્ણ-કૃષ્ણ' અને 'મંથરા'ને વિશેષ ફોકસ કર્યું છે. ત્યાર પછી 'કર્ણ કૃષ્ણઃ એક આસ્વાદ' મનુભાઈ પંચોળી અને 'મંથરા' વિશે રઘુવીર ચૌધરીના લેખો મુકાયા છે.

ધીરુભાઈ ઠાકરે 'એકાંકીકાર ઉમાશંકર'માં ઉમાશંકરને એકાંકી નાટ્યસર્જક તરીકે ઠીક મૂલવ્યા છે. એમાં 'ઊડણ ચરકલડી', 'કડલાં', 'ખેતરને ખોળે' અને 'સાપના ભારા' નાટકોનો નકશીદાર પરિચય કરાવ્યો છે. ત્યારબાદ વિનોદ અધ્વર્યુએ 'સાપના ભારા' વિષે રંગદર્શી આસ્વાદ અને રાધેશ્યામ શર્માએ એમની આગવી રીતે નવા દૃષ્ટિકોણથી ઉ. જો.ની વાર્તા 'છેલ્લું છાણું'નું રસદર્શન કરાવ્યું છે. ધીરેન્દ્ર મહેતાએ ઉમાશંકરની વાર્તાકળામાં મનોવિશ્લેષણાત્મક અભિગમ દર્શાવ્યો છે. જયંત કોઠારીએ 'પારકાં જણ્યાં'ને ત્રણ પેઢીના કૌટુંબિક ઇતિહાસની નવલકથા ગણી છે. એમણે એના દોષો વિશેષ દર્શાવ્યા છે. નલિન રાવળે 'મારી ચંપાનો વર'માં ઉમાશંકરની ભાષાકીય ઉત્તમતાને ઇંગિત કરી છે.

પ્રવીણ દરજીએ 'ગોષ્ઠી' અને 'ઉઘાડી બારી'ના નિબંધો દ્વારા ઉમાશંકરને સ્વસ્થ વિચારક અને કરુણાર્દ્ર વ્યક્તિ તરીકે ઓળખાવ્યા છે. શિરીષ પંચાલે 'ઉમાશંકરની કાવ્યવિચારણા'માં તેમને વિવેચક તરીકે મૂલવીને એમના કૃતિનિષ્ઠ અને સર્જકનિષ્ઠ અભિગમો દર્શાવ્યા છે. રમણ સોનીએ એ જ રીતે ઉ.ના વિવેચન-કર્મને તપાસ્યું છે. મધુસૂદન પારેખ, રમણલાલ જોશી, ગુલાબદાસ બ્રોકર અને અમૃતલાલ યાજ્ઞિકે ઉ.જો.નાં વ્યાપક પાસાં લઈ આલેખન કર્યું છે. એ પાસાં આગળના લેખોમાં સુપેરે ચર્ચાઈ ગયાં છે.

મોહનલાલ પટેલે ઉમાશંકરે કરેલા 'ગુલે પોલાંડ' અને 'ઉત્તરરામચરિત'ના અનુવાદો દ્વારા અનુવાદકર્મ બીજા સર્જનકર્મ જેવું દર્શાવ્યું છે. કૃષ્ણવીર દીક્ષિતે 'સંસ્કૃતિ' સામયિકના તંત્રી-સંપાદક તરીકે ઉ.ને ઓળખાવ્યા છે. ૧૯૪૭થી શરૂ થયેલા 'સંસ્કૃતિ' સામયિકનો ગુજરાતની કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક અસ્મિતા ઘડવામાં કેવો ફાળો રહ્યો છે એનો કૃષ્ણવીરે સુંદર આલેખ આપ્યો છે. ઉ.ના અધ્યયન અને સંશોધન ગ્રંથ 'અખાના છપ્પા'ના શોધકાર્યની ચર્ચા નરોત્તમ પલાણે કરીને અન્યના મતમતાંતરો પણ રજૂ કર્યા છે. અહીં સુધી આ ગ્રંથમાં તમામ લેખો દ્વારા ઉ.ના તમામ સર્જનની વિવિધલક્ષી મુદ્રાઓ પ્રગટી છે; જે એક યુગદ્રષ્ટાની સાબિતી પૂરી પાડે છે.

હવે વાત આવે છે 'વ્યક્તિ-કૃતિ'ના ભાગની. આ લેખોમાંથી સ્નેહરશ્મિ, શિવકુમાર જોશી, નિરંજન ભગત, ચન્દ્રવદન મહેતા અને લાભશંકર ઠાકરના લેખો સર્જન વિભાગમાં જોડી શકાયા હોત. બાકીના લેખો બાકાત રાખી શકાયા હોત. ત્રીજો વિભાગ 'જીવનક્રમિકા અને વાઙ્‌મયસૂચિ'નો છે. જે કોઈ ઉમાશંકરનું જીવનચરિત્ર લખશે એને તો તે ખૂબ જરૂરી થઈ પડશે ઉપરાંત ઐતિહાસિક ક્રમ માટે પણ સહાયક નીવડશે.

['યુગદ્રષ્ટા ઉમાશંકર', સં : ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, ધીરુ પરીખ, પ્રકાશક : મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, અમદાવાદ-૯, પ્ર. આ. જાન્યુઆરી - ૧૯૯૫, ડિમાઈ પૃ. ૩૬૦, મૂલ્ય : રૂ. ૧૫૦]

- ડૉ. નલિન પંડ્યા

૧૯૯૫નું સાહિત્યનું નૉબેલ-પારિતોષિક

ઑક્ટોબરની પાંચમીએ સ્વિડિશ અકાદમીએ સાહિત્ય માટેનું ૧૯૯૫નું નૉબેલ-પારિતોષિક ૫૬ વર્ષના આયરિશ કવિ સીમસ હિનીને (seamus Heaney) આપવાની જાહેરાત કરી. પારિતોષિક ૭.૨ મીલિયન ક્રોનરનું, લગભગ એક મીલિયન ડૉલર જેટલું ગણાય. પારિતોષિકપ્રદાનવિધિ દસમી ડિસેમ્બરે છે. હિની પોતે આયરિશ કૅથૉલિક છે. ઉત્તર આયર્લેન્ડ પર થયેલા બળપ્રયોગને એ નિંદ્ય ગણે છે. એટલે કદાચ એ આ વિધિથી દૂર પણ રહે.



હિની જેવાને કવિતા માટે પારિતોષિક મળે છે એ. એક રીતે કાવ્યન્યાય ને કાંઈક કાળવ્યંગ પણ

ગણાય. આ સદીમાં કવિતાની જરૂર નથી, ફમે તે કવિતા કરી શકે, કિવતાનો કાળ ગયો - એવા બધા ચાળા-નારા થયા. સાર્ત્ર-ઑડન જેવા પણ એમાં ભળ્યા; એજ સદિ કવિતા માટે સર્વોચ્ચ કાવ્યપુરસ્કાર આપે છે. તે પણ એવા કવિને જેને કવિતામાં, એના દર્શનની હૃદયપરિવર્તનક્ષમતામાં શ્રદ્ધા છે, જે મૂલ્યપરસ્ત છે, સામ્પ્રત જીવનમાં પણ જે ચમત્કાર તારવે છે, ને રસભર છે એને કવે છે. એની કવિતા, આમ, યુગવંદના બને છે ! રાષ્ટ્રમાં એને રસ છે; એના ભૂતકાળની વાતો એ ઉલ્લેખી લે છે ખરો; પણ એની શ્રદ્ધા તો છે કવિતાના 'દર્શન'માં "The vision of reality which poetry offers should be transformative" એમ એ કહે છે, કવિતાને એ ઉગરવાનો આરો ગણે છે. એમની કવિતા માટે કહેવાયું છે કે તે ઊર્મિસૌન્દર્ય અને નીતિના ઊંડાણભરી છે.

૧૯૮૪ થી ૧૯૯૦ દરમિયાન એ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં કવિતાનો પ્રોફેસર હતો ત્યારે એણે આપેલાં વ્યાખ્યાનો હમણાં જ, સપ્ટેમ્બરમાં પ્રગટ થયાં. શીર્ષક છે "The Rederss of poetry" (કાવ્યોત્કર્ષ). બજારુ ચમકદમકવાળી સંસ્કૃતિનો પ્રભાવ હોય ત્યારે જ કવિતાના પ્રભાવને જે પ્રમાણી જાય - એ સત્યે વહેણે તરવાની તાકાતવાળો હોય, તેજ કરી શકે. ૧૯૯૧ના એના કાવ્યસંગ્રહનું શીર્ષક છે. "Seein Thins" (વસ્તુદર્શન). અનુવાદ દ્વારા ઊતરતી ઊતરતી એની આ કાવ્યરૂપ શ્રદ્ધા આપણા સુધી પ્રહોંચે ને આપણાં અભિનંદન હિની ને એનાં પત્ની મૅસ બન્ને સુધી-એની રાહ જોઈએ ! (કo)

ગઝલના ગગનમાં-૧૦



નયન હ. દેસાઈ

નયન હ. દેસાઈ એટલે જે ગઝલકારોની આપણે માણસ ઉર્ફે દરિયો ઉર્ફે ડુબી જવાની ઘટના ઉર્ફે ભૌમિતિક ગઝલ કર્ણપ્રિય સ્વરાંકનમાં સાંભળેલી છે કે ગાયેલી છે તે જ ગઝલકાર. નયનની એક બીજી વિશેપતા છે ગઝલ રજૂઆત કરી વખતે આંખ બંધ કરીને ગઝલ સર્જાતી હોય તેવી પલોમાં સરકી જવાની ભાવસ્થિતિ.

સૂરત જિલ્લાના વાલોડના વતની એના નયન હ. દેસાઈનો જન્મ તા. ૨૨-૨-૧૯૪૬ના રોજ સૂરત જિલ્લાના કઠોદરા ગામે થયો હતો. અભ્યાસ એસ.એસ.સી. સુધી અને ૧૯૮૦થી 'ગુજરાત મિત્ર'ના તંત્રીવિભાગમાં સેવા આપી રહ્યા છે. ગઝલ ઉપરાંત એકાંકી નાટકોનું પણ તેમણે સર્જન કરેલું છે. 'ગુજરાત મિત્ર'માં કટાર પણ લખે છે.

'માણસ ઉર્ફે રેતી ઉર્ફે દરિયો' - ઈ.સ. (૧૯૭૯) 'મુકામ પોસ્ટ માણસ' (૧૯૮૨), 'આંગળી વાઢીને અક્ષર મોકલું' (૧૯૮૮), 'સુખનવર ગઝલ શ્રેણી'માં ગઝલો (૧૯૯૧), 'ધૂપકા સાયા' (ઉર્દૂ ગઝલ સંગ્રહ (૧૯૯૩), 'અનુગુંજ' (કાવ્ય કેસેટ સંગ્રહ - (૧૯૮૨) વગેરે તેમના મહત્ત્વનાં પ્રકાશનો છે. સંબંધોનું કોણમાપક શોધવાની અને સુંદર પંક્તિ મળી હોય અને છતાંય ભુલાઈ જાય એવું પોતાનું સર્વસ્વ ગુમાવ્યાની વાત કરતાં આ ગઝલકારના થોડાક શેરો જોઈએ :

ચાલ સંબંધોનું કોઈ કોણમાપક શોધીએ,
કે, હૃદયને કેટલા અંશો સુધી છેદાય છે.

* * *

પ્રૂજતા હાથે પૂર્વજ પૂછવા તરભાણું લઈ ચાલ્યા,
એક એક પગલે પર્વત જેવા પરમાણું લઈ ચાલ્યા.

* * *

તું યાદ અચાનક આવે છે,
વરસાદ પડે એમ લાગે છે.

* * *

સાદ પાડી કોઈને એકાંતના તળિયે અમે,
લ્યો, હવે આવી ઊભા આંખોના ઝળઝળિયે અમે.

* * *

આખી એ વાત આમ તો વિશ્રંભ હોય છે,
હૈયામાં યાદ અશ્રુનો આરંભ હોય છે.

* * *

ભીની આંખે અશ્રુનું અજવાળું કરવા બેઠા,
હાલત નરસૈયા જેવી મોસાળું કરવા બેઠા.

* * *

આજ ભાષાને કસોટીએ ચઢાવી જોઈએ,
આજ શબ્દે શબ્દનો કાંઈ મર્મ બદલી જોઈએ.

* * *

એ દરેક ફકરે, દરેક પાને રડેલી સુજ્ઞ વાચક,
આ કથા છે એટલી રસથી ભરેલી સુજ્ઞ વાચક.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પ્રાપ્ત પ્રકાશનો

અમૃતા પ્રીતમ : જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા પંજાબીનાં જાણીતાં કવયિત્રી અમૃતા પ્રીતમના વ્યક્તિત્વ અને કવિત્વનો પરિચય અહીં ડૉ. જયા મહેતાએ સરળ ભાષામાં કરાવ્યો છે. (પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, અભિષેક બિલ્ડિંગ, પ્રથમ માળ, 'ચ' રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૭; કાચું પૂઠું; પૃ. ક્રાઉન ૩૨, રૂ. ૧૦)

'ઈશ' : સુન્દરમ્‌નાં આધ્યાત્મિક કાવ્યોનું સુંદર સંપાદન ડૉ. રમણલાલ જોશી તથા ડૉ. ભોળાભાઈ પટેલે કર્યું છે. આ પૂર્વેનાં અપ્રગટ કાવ્યો અહીં પ્રગટ કરવામાં આવ્યાં છે. આ તમામ કાવ્યોમાંથી ઈશ્વર વિશેના રહસ્યવાદી સંકેતો સાંપડે છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું પૃ. ડિમાઈ ૧૪૩, રૂ. ૫૫.) (અનુસંધાન પાન ૪૯૬ ઉપર)



મધુકરી

પરાગ જો અંતરમાં હશે તો
એ પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે તો
સિદ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે.

ઉમાશંકર જોશી

ભારત-યુરોપ વચ્ચેનું ૧૨૫ વર્ષ જૂનું ટેલિગ્રૅફિક જોડાણ

૧૮૭૦માં સાઈમેન્સ બ્રધર્સ દ્વારા ધી ઇન્ડો-યુરોપિયન ટેલિગ્રૅફિક લાઈનની સ્થાપના થતાં ઇંગ્લન્ડ અને ભારત વચ્ચેનો તાર-વ્યવહાર શરૂ થયો. બેઉ દેશો વચ્ચેનું એ અંતર ૧૧૦૦૦ કિલોમીટર જેટલું હતું અને તેનો ઉપયોગ ૧૯૩૧ સુધી ચાલુ રહ્યો હતો.

ઈ.સ. ૧૬૦૫ના વર્ષથી ઈસ્ટ ઇન્ડિયા કંપની ઇંગ્લન્ડની સૌથી વધુ મહત્ત્વ ધરાવતી વસાહત બની ગઈ હતી. ભારત સાથેના વ્યાપારને કારણે બ્રિટનને સત્તા અને સમૃદ્ધિ બેઉની ઉપલબ્ધિ અનાયાસે થઈ હતી. આમ છતાંય વસાહતી સત્તા અને વસાહત વચ્ચે માહિતીની આપ-લે કરવાનો પ્રશ્ન ગહન બની ગયેલો. લંડનથી લખાયેલા પત્રને કલકત્તા પહોંચતાં લગભગ ૩૦ દિવસો લાગતા. આથી અંગ્રેજ સરકારે ભૂમાર્ગી ટેલિગ્રૅફિક લાઈનની વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો.


આવી ટેલિગ્રૅફિક લાઈનની રચના કરવા સાઈમેન્સ બ્રધર્સે એક કૉર્પોરેશનની રચના કરી. આ ઇન્ડો-યુરોપિયન ટેલિગ્રૅફિક કંપનીની વ્યવસ્થા ઇંગ્લન્ડના કાયદાકાનૂનોનુસાર થતી હતી. તેની કચેરીઓ લંડનમાં હતી. મૂડીની અડધોઅડધ રકમ (૪૫૦,૦૦૦ પાઉન્ડ) યુરોપખંડમાંથી ઊભી કરવાની હતી. ઇંગ્લન્ડ કરતાં આ ભરણું જર્મની ખાતે વધારે ઝડપથી ભરાઈ ગયેલું. અહીંથી બ્રિટિશ-ઇન્ડિયન ટેલિગ્રાફ કંપનીએ લાલ સમુદ્ર દ્વારા નવી કેબલ લાઈન નાખવાનો નિર્ણય કરેલો, આથી ભરણું ઝટપટ છલકાઈ ગયેલું. અગાઉ સંમત થયા મુજબ સાઈમેન્સ બ્રધર્સ દ્વારા ઊભી કરાયેલી મૂડીમાં પાંચમા ભાગનો હિસ્સો આપ્યો હતો. સામે પ્રુશિયન, રશિયન અને પર્શિયન લાયસન્સો આ કંપનીને અપાયાં હતાં. આની સાથો સાથ ૪૦૦,૦૦ પાઉન્ડ જેટલા મૂલ્યનો ઠેકો તેમજ વાર્ષિક ૩૪,૦૦૦ પાઉન્ડના ખર્ચે તેની જાળવણી કરવાનું કામ પણ તેને જ અપાયું હતું.

આ અગાઉ પ્રુશિયાએ ઇંગ્લિશ ટેલિગ્રાફ કંપનીને ઇંગ્લન્ડ અને જર્મની વચ્ચે કેબલ રોપવાના સુવાંગ અધિકારો આપી દીધા હોવાથી પ્રુશિયન કિનારે કેટલાંક વર્ષો સુધી કામ થઈ શક્યું નહિ. અગાઉના હેનોવર રાજ્યના પ્રદેશમાંય આવો કરાર રોઈટર ટેલિગ્રાફ બ્યુરો સાથે થયેલો હતો. આથી ઇલેકટ્રિક કંપની અને રોઈટર વચ્ચે થયેલા કરાર મુજબ નવી કંપનીને ઇંગ્લન્ડના લોવસૉફટથી માંડીને જર્મનીના એમદેન સુધીના કેબલોનો ઉપયોગ કરવાની રજા અપાઈ હતી.

ઉત્તર જર્મનીમાં નૉર્થ જર્મન કૉન્ફેડરેશને પોતાના ખર્ચે

શ્વાનસૃષ્ટિ

પ્રાણીવિજ્ઞાનની દૃષ્ટિએ શ્વાન કંઈ બહુ પ્રાચીન પ્રાણી નથી. આમ તો શ્વાનને મળતું પ્રાણી ૨,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે અસ્તિત્વ તો ધરાવતું હતું. પ્લેસ્ટોસીન યુગના ઉત્તરકાળથી પહેલાં અંશતઃ પાલતૂ શ્વાન અસ્તિત્વમાં હશે કે કેમ એ શંકાસ્પદ ગણાય છે. આનો અર્થ એ થયો કે બહુ બહુ તો દસેક લાખ વર્ષો પૂર્વે આવા શ્વાસ અસ્તિત્વમાં આવ્યા હશે.



પરન્તુ પ્રાણીસૃષ્ટિના પ્રલંબ કાલીન ઇતિહાસમાં આ દસ લાખ વર્ષો કંઈ બહુ ન કહેવાય. આથી જેને આપણે આજે શ્વાન તરીકે ઓળખીએ છીએ તે પ્રાણી ઘણે મોડેથી આવ્યું છે. આમ છતાંય, એ ઉત્ક્રાન્તિના કયા તબક્કે અસ્તિત્વમાં આવ્યું હશે તે સ્પષ્ટપણે તો કહી શકાય તેમ લાગતું નથી.

શ્વાનને લૅટિનમાં કૅનિસ (Canis) કહે છે. આ પરથી એમ લાગે છે કે આ કૅનિસ તેને મળતા આવતા સિનોડેસમસ (Cynodesmus) નામક પ્રાણીમાંથી ઊતરી આવ્યું હોય. આ પણ એનાય પૂર્વજ સિનોડિક્ટિસ (cynodictis)માંથી આવ્યું હોવું જોઈએ એમ મનાય છે. પરંતુ આ સિનોડિક્ટિસ તો ૨,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે અસ્તિત્વમાં હતું અને એના પૅરિસ નજીકથી મળી આવેલા અવશેષો જોતાં જણાય છે કે જેને આજે આપણે શ્વાસન-dog- કહીએ છીએ તે તો આ નહિ જ હોય. સિનોડેસમસ એ દક્ષિણ અમેરિકાના જંગલી શ્વાન કે એશિયા અને આફ્રિકાના શિકારી શ્વાન કરતાં, જેને આપણે સામાન્ય અર્થમાં શ્વાન કહીએ છીએ તેને વધારે મળતું આવતું પ્રાણી છે. કાળક્રમે આ સિનોડેસમસમાંથી તોમારક્તોસ (Tomarctos) નામનું પ્રાણી ઊતરી આવ્યું, જે આજના શ્વાનની વધુ નજીક હતું. આમાંથી ઊતરી આવેલા શ્વાનને માણસે વશ કર્યાં અને આમ તે પાલતૂ પ્રાણી બન્યો. માણસના શ્વાન પરના આધિપત્યની આ વાત દસેક હજાર વર્ષ પુરાણી હશે. શ્વાન અને માણસ વચ્ચે આમ સંબંધ સ્થપાયો. □

કેબલ લાઈન નાખીને ઇન્ડો-યુરોપિયન ટેલિગ્રાફ લાઈનને અર્પણ કરી હતી. કોકેસસ અને પર્શિયામાંથી પસાર થતી કેબલ લાઈનની જાળવણી કરવાની જવાબદારી 'ધી ઇન્ડો- યુરોપિયન ટેલિગ્રાફ કંપની'એ ઉપાડી લીધી હતી.

કેબલલાઈનનું રચનાકાર્ય સાઈમેન્સની વિવિધ શાખા કંપનીઓને વહેંચી દેવાયું હતું. ભૂમાર્ગી કેબલકાર્યના બાંધકામનું નિરીક્ષણ બર્લિન અને પીટ્સબર્ગની શાખાઓને સોંપી દેવાયું હતું. જ્યારે કાળા સમુદ્રમાં કેબલ રોપણીનું કામ લંડનની કંપનીને સુપરત કરાયું હતું. તે માટેની સાધનસામગ્રી પૂરી પાડવાનું કામ પણ લંડનની કંપની કરતી હતી. જરૂરી સાધનોને યોગ્ય સ્થળે બેસાડવાની અને તે માટેના બાંધકામની વધારાની જવાબદારી બર્લિનની શાખાએ ઉપાડી લીધી હતી.

ઈ.સ. ૧૮૬૮ના ઉનાળામાં કેબલ લાઈનની રચના કરવાનું કામ એકીસાથે શરૂ કરવામાં આવ્યું હતું અને એક વર્ષમાં તો છૂટાછવાયા વિભાગો કાર્યરત પણ થઈ ગયા હતા. ભેજ એકઠો થતો હોય અને જંગલઝાડી ન હોય એવા વિસ્તારોમાં લાકડાને બદલે લોખંડના થાંભલા બેસાડવા પડ્યા. પોલેન્ડ અને મધ્યરશિયામાં બાંધકામ કરવાની શક્યતા ફક્ત ઉનાળાના દિવસો દરમિયાન જ ઉપલબ્ધ થતી હતી. જ્યારે પર્શિયાની માથું ફાડી નાખે એવી ગરમીને કારણે ત્યાં શિયાળાનો સમય હોય ત્યારે જ કામ થઈ શક્યું. કોકેસસ પર્વતો પર બાંધકામ કરીને કેબલ પસાર કરવાનું કામ મોટા પડકાર સમાન હતું. ૧૮૭૦ની શરૂઆતના દિવસોમાં એ કાર્ય પૂરું થયું. કેબલ લાઈનનું ઉદ્‌ઘાટન કરીને તેને કાર્યાન્વિત કરવામાં જો કે વિલંબ થયો હતો, કારણ કે ફરીફરી, ઠેરઠેર, જોડાણો છૂટાં પડી જતાં હતાં અને બે કેબલ સ્ટેશનો વચ્ચેનું અંતર લાંબુ હોવાને કારણે સમારકામમાં વિલંબ થતો હતો. આમ છતાંય વેરનર સાયમેન્સે ૧૨મી એપ્રિલ ૧૮૭૦ના દિવસે 'ઇન્ડો-યુરોપિયન કેબલ લાઈન'ને જનતાના લાભાર્થે ખુલ્લી મૂકી દીધી હતી. લંડનથી મોકલાયેલા પહેલા સંદેશાને કલકત્તા પહોંચવામાં માત્ર ૨૮ મિનિટ લાગી હતી.

૧લી જુલાઈ ૧૮૭૦ના દિવસે થયેલા એક ધરતીકંપમાં સમુદ્રમાંના કેબલના બે ભાગ છૂટા થઈ ગયા હતા અને ત્યારે એ લાઈનને પર્વતો પરથી લઈ જવાનો નિર્ણય લેવાયો હતો. છએક માસ પછી ૧૮૭૧માં ઇન્ડો-યુરોપિયન ટેલિગ્રાફનું કામકાજ પુનઃ શરૂ થયું હતું. ૧૯૧૪થી ૧૯૧૮ના પહેલા વિશ્વયુદ્ધના ગાળા સિવાય, ૧૯૩૧ સુધી, આ કેબલ લાઈન કાર્યરત રહી હતી. વધારે ઝડપી, સલામત અને સસ્તાદરે કેબલ સંદેશા મોકલવાની મહત્તા આ લાઈનને જ મળી હતી. (વૃત્તશકુન)


નેહરનો માર્ગ બદલતી ટપાલ ટિકિટ

આટલાંટિક મહાસાગર અને પૅસિફિક મહાસાગરને જોડતી વિખ્યાત પનામા નેહરનું નામ કોણે નહીં સાંભળ્યું હોય! આ નેહરને બાંધવામાં નડેલી મુશ્કેલીઓ અને તેમાં એક ટપાલ ટિકિટે ભજવેલા ભાગનો રોચક ઇતિહાસ પણ જાણવા જેવો છે.

મધ્ય અમેરિકામાં પનામા નામનો નાનકડો સાંકડા પટાનો દેશ આવેલો છે. તેની ઉત્તરે કોસ્ટારિકા અને આટલાંટિક મહાસાગર અને દક્ષિણે કોલંબિયા અને પૅસિફિક મહાસાગર આવેલા છે. ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં જવા આવવા માટે હજારો માઈલનો પ્રવાસ ખેડવો પડતો. તેનો ગાળો ટૂંકો થઈ શકે તે માટે સને ૧૮૮૩માં ફ્રેંચોના એક જૂથે, આંટલાંટિક અને પૅસિફિક મહાસાગરને જોડતી પનામામાંથી એક નેહર ખોદી કાઢવાની યોજના તૈયાર કરી અને પનામા કેનાલ કંપનીની સ્થાપના કરી. બહુ મોટું શેરભંડોળ ઊભું કર્યું.

પ્રાથમિક સરવે કરી, કૅનાલના અંદાજો તથા ડિઝાઈન્સ તૈયાર કર્યાં. પ્રાયોગિક ખોદકામ કર્યું. આ બધાં કાર્યો પાછળ દસેક કરોડ જેટલા ડૉલર ખર્ચાઈ ગયા. પ્રાથમિક તબક્કામાં જ ઘણો ખર્ચ થઈ ગયો. નેહરને પૂરી કરવા માટે ખૂબ જ ધનની જરૂર પડવાની હતી. હવે કંપની માટે એટલું ધન એકઠું કરવું શક્ય ન હતું. તેથી કંપનીએ આ યોજનાને અમેરિકાની સરકારને તમામ અસ્કયામતો સાથે વેચી દેવાનો નિર્ણય કર્યો. અમેરિકી સરકાર પણ આ બંને મહાસાગરને જોડવા માટે યોજના વિચારતી હતી.

સને ૧૯૦૨માં કંપનીના એક ફ્રેન્ચ એન્જિનિઅર આ અંગે રજૂઆત કરવા વોશિંગ્ટન ગયા. અમેરિકી કૉંગ્રેસમાં આ યોજના વિગતવાર રજૂ કરવામાં આવી. કૉંગ્રેસે આ માટે એક પેટા-સમિતિની રચના કરી. નેહર પનામામાંથી કાઢવી કે નિકારાગુઆમાંથી કાઢવી તે અંગે રજૂઆતો-ચર્ચાઓ થઈ. નિકારાગુઆ મધ્ય અમેરિકામાં આવેલો નાનકડો દેશ છે. તે પનામાની ઉત્તરે કોસ્ટારિકાને અડીને આવેલો છે.



જો અમેરિકી કૉંગ્રેસ આ નેહર નિકારાગુઆમાંથી કાઢવાનો નિર્ણય કરે તો ફ્રેન્ચ કંપનીને ભારે નુકસાની સહન કરવી પડે. તેથી તેમણે નેહરને પનામામાંથી કાઢવા માટે જોરદાર રજૂઆતો કરી, નેહર જો નિકારાગુઆમાંથી કાઢવામાં આવશે તો ખર્ચ ઘણો વધી જશે અને નિકારાગુઆમાં જ્વાળામુખી પર્વતો આવેલા છે તેથી નેહરના બાંધકામમાં પણ નુકસાની થવાનો ભય રહેશે, તેથી નેહર પનામામાંથી કાઢવામાં આવે તો ખર્ચ ઓછો થશે અને માર્ગ સલામતીભર્યો થશે.

નિકારાગુઆ સરકારે પોતાના પ્રદેશમાં જ્વાળામુખી પર્વતો આવેલા છે તે વાત ખોટી ઠેરવી અને નહેર નિકારાગુઆમાંથી જ કાઢવી જોઈએ એવી જોરદાર રજૂઆત કરી. છેવટે પેટા-સમિતિએ આ નહેર નિકારાગુઆમાંથી કાઢવી જોઈએ એવી ભલામણ કૉંગ્રેસને કરી.

દરમિયાન એક ટિકિટ સંગ્રાહકે તે સમયની નિકારાગુઆની ટપાલ ટિકિટ જોઈ, જેમાં મોમોટોમ્બે નામના જ્વાળામુખી પર્વતનું ચિત્ર અંકિત હતું, અને તેમાંથી ધુમાડો નિકળતો હતો. આની જાણ ટિકિટ સંગ્રાહકે ફ્રેન્ચ એન્જિનિઅરને કરી. ફ્રેચ એન્જિનિઅર આ જોઈને એકદમ ખુશ થઈ ગયો. તરત જ ટપાલ ઑફિસે જઈ આવી થોડી ટિકિટો ખરીદ કરી. આ અંગે આખરી મતદાન થાય તે પહેલાં કૉંગ્રેસના દરેક સેનેટરને એકેક ટિકિટ મોકલી દીધી. સાથે એક નાનકડો પત્ર મૂક્યો જેમાં લખેલું હતું કે, 'નિકારાગુઆમાં જ્વાળામુખી પર્વતો આવેલા છે તેનો અધિકૃત પુરાવો.'

મતદાન વખતે આ પુરાવો રજૂ થવાથી, આઠ મતની સરસાઈથી, અમેરિકન કૉંગ્રેસમાં નિકારાગુઆની માંગણી નામંજૂર થઈ ને નહેરનો માર્ગ પનામામાંથી કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો. એક નાનકડી ટપાલ ટિકિટે નહેરનો માર્ગ નિકારાગુઆમાંથી પનામામાં ફેરવી, ફ્રેન્ચ કંપનીને કરોડોની નુકસાનીમાંથી ઉગારી, ઐતિહાસિક કામ કર્યું.

– આર. એ. માલવિયા


બ્લૅક બૉક્સ

'બ્લૅક બૉક્સ' એ વિમાનની અંદર મશીન કે પાઈલટ દ્વારા થતી દરેક પ્રકારની હરકતોની ક્ષણે ક્ષણે નોંધ માપતું એક પ્રકારનું માપકયંત્ર છે. વિમાનના અકસ્માતના સમયથી ૩૦ મિનિટ પહેલાંની દરેક બનેલ ઘટનાની માહિતી તેમાં ટેપ થયેલ હોય છે. 'બ્લૅક બૉક્સ' તેના નામ પ્રમાણે બ્લૅક નથી અને બૉક્સ જેવું પણ નથી! વાસ્તવમાં 'બ્લૅક બૉક્સ' સ્ટેઈનલેસ સ્ટીલનું નારંગી રંગનું રહસ્યમય સાધન છે.

બ્લૅક બૉક્સનો ઈતિહાસ

બ્લૅક બૉક્સની રચનામાં ડોકિયું કરતા પહેલાં તેના રોમાંચક ઈતિહાસ પર થોડો દૃષ્ટિપાત કરવા જેવો છે. ૧૯૫૨માં બ્રિટને કોમેટ નામનાં ઉતારુ વિમાનો બનાવ્યાં હતાં, જેની બ્લૂપ્રિન્ટ તૈયાર કરાઈ ત્યારે ઘણું કરીને કાળ ચોઘડિયું હોવું જોઈએ. આ વિમાનો ખરેખર તો કોમેટ (ધૂમકેતુ)ની જેમ છટાપૂર્વક ઊડવા માટે સર્જાયાં હતાં, પરંતુ મુસાફરોના દુર્ભાગ્યે તેઓ ઊડતી શબપેટી પુરવાર થયાં. એક પછી એક કોમેટ ભેદી રીતે તૂટી પડવા લાગ્યું. જતે દહાડે મુસાફરો તો ઠીક, પાઈલટો સુધ્ધાં તેમાં બેસવા માટે આનાકાની કરવા માંડ્યા. લોકોએ કૉમેટને ધૂમકેતુ કહેવાને બદલે ઉલ્કાનું બિરુદ આપ્યું. ત્યારે બ્રિટિશ સરકારને એ નામોશી વધુ પડતી જણાઈ અને તેણે બાકી રહેલાં કોમેટ વિમાનોને ભંગારવાડે નાખી દીધાં. બ્લૅક બૉક્સની શોધ એ જમાનામાં થઈ ન હતી. એટલે હોનારતગ્રસ્ત વિમાનને શું વાંકું પડયું તે હંમેશાં જાણી શકાતું ન હતું.

કૉક્પિટમાં બેઠેલો પાઈલટ વિમાનની રીતભાત અને ચાલચલગત વિશે લૉગબુક રાખતો હતો. ઊંચાઈ, ઝડપ, દિશા વગેરેની નોંધો તે છાશવારે લૉગબુકમાં કરે જતો હતો. પરંતુ વિમાન અચાનક જ બેકાબૂ થઈ જાય ત્યારે પાઈલટ તેના કંટ્રોલ્સ સંભાળે કે હાથમાં પેન લઈને ઇમરજન્સીનું વર્ણન લખવા બેસે? આ ઉપરાંત વિમાન જો આગ પકડે તો લૉગબુકને ઠેકાણે તેની રાખ જ હાથમાં આવતી હતી.


જૂના મૉડલનું બ્લૅક બૉક્સ

અકસ્માતની કડી શોધવા માંગતા નિષ્ણાતોએ ત્યાર પછી એરપોર્ટ તથા પાઈલટ વચ્ચેના સંવાદોનું રેકૉર્ડિંગ સાંભળીને જ રહસ્ય ઉકેલવું પડતું હતું. આમ છતાં વિમાન શા માટે તૂટી રહ્યું છે તેનો ખ્યાલ પાઈલટને જ ન આવ્યો હોય તો, વાયરલેસ દ્વારા તે શો ઘટસ્ફોટ કરી શકે? ખ્યાલ આવ્યો હોય તો બયાન આપવાનો સમય મળવો તે જુદી વાત છે. સંખ્યાબંધ કોમેટ વિમાનો ખુવાર થયાં પછી નિષ્ણાતોને એવી લૉગબુકની આવશ્યક્તા જણાઈ કે જેમાં પાઈલટે કશું લખવાપણું હોય નહિ. વળી, તે લૉગબુક હજારો ફૂટ નીચે પટકાય તો પણ તેના ફૂરચા ઊડે નહિ. પ્રહ્લાદની માફક આગમાં શેકાવાનો વારો આવે તોપણ ભડથું થાય નહિ. આ જરૂરિયાત પ્રમાણે મિડાસ નામના પ્રથમ બ્લૅક બૉક્સનું સર્જન કરવામાં આવ્યું. મિડાસ નામ 'મેઝરમેન્ટ ઇન્ફરમેશન ડેશ એનાલિસિસ સિસ્ટિમ' એ શબ્દોના પ્રથમાક્ષરો વડે બનેલું હતું.

બ્લૅક બૉક્સ એ મુખ્ય બે ભાગનું બનેલ યંત્ર છે

(૧) ફલાઈટ ડેટા રેકૉર્ડર (એફ.ડી.આર.)

(૨) કૉક્પિટ વૉઈસ રેકૉર્ડર (સી.વી.આર.)

(૧) ફલાઈટ ડેટા રેકૉર્ડર : આ યંત્ર ૧૮ ઇંચ લાંબું અને ૯ ઇંચ જાડાઈ ધરાવતું કેસરી રંગનું ખાસ પ્રકારની મિશ્ર ધાતુનું બનેલું હોય છે, જે ગમે તેવા હવા તથા પાણીનાં તોફાન કે જબ્બર ચોટ સામે અંદરનાં યંત્રો ને રક્ષણ આપે છે. એફ.ડી.આર. વિમાનના છેવાડાના ભાગમાં ગોઠવેલું હોય છે. આ એફ.ડી.આર.માં વિમાનની ગતિ, ઊંચાઈ, મૅગ્નેટિક હેડિંગ, વર્ટિકલ એક્સીલરેશન અને પિચ એટિટ્યૂડ એમ પાંચ પ્રકારની માહિતી નોંધાય છે. વિમાન ચાલુ થાય કે તરત જ તેના એન્જિનની ક્રિયાઓની વિગતો તથા તે કઈ દિશામાં, કેટલે ઊંચે કે નીચે

ઊડ્યું, દિશાપલટ કરી વગેરે વિગતો કમ્પ્યૂટર વડે તેમાં આપોઆપ ટેપ થાય છે. ફ્લાઈટ તથા એન્જિન અને વિમાનના સંચાલન વિષેની ૯૫ પ્રકારની વિગતોની નોંધ એ રીતે આપોઆપ અંકિત થતી રહે છે. અમુક કલાક અને મિનિટે વિમાન કેટલી ઝડપે, કઈ દિશામાં, કેટલે ઊંચે ઊડતું હતું તેની અંદરનાં વિવિધ માપક યંત્રો (હવાનું દબાણ, બળતણ, વીજળીના પ્રવાહની સ્થિતિ વગેરે)ના આંકડાની નોંધ પણ અંકિત થયા કરે છે. ચોવીસે કલાકની નોંધ તેમાં સંઘરાયેલી રહે છે. પાઈલટો વચ્ચેની વાતો તથા ઉતારુઓના અવાજ નોંધાય છે તથા વિમાને વાયરલેસ વડે અન્ય વિમાનો તથા જમીન પરનાં હવાઈ મથકો સાથે કરેલો સંદેશાવ્યવહાર ટેપ થાય છે.

(૨) કૉક્પિટ વૉઈસ રેકૉર્ડર : ૩૬ પાઉન્ડ વજનનું આ સાધન ગમે તેવા આંચકા ખમી શકે તેવું 'શૉકપ્રૂફ' હોય છે. તેને ફાયરપ્રૂફ બનાવવા ઈન્સ્યૂલેશન મુકાયાં હોય છે. આ સાધનને ભઠ્ઠીમાં નાખી અર્ધા કલાક સુધી તપાવવામાં આવે તો પણ અંદરના રેકૉર્ડિંગને હાનિ થતી નથી. સાગરના તળિયે તે પહોંચી જાય તો પણ તેમાં પાણીનું ટીપું પ્રવેશી શકતું નથી. વૉઈસ રેકૉર્ડરમાં મુખ્યત્વે કેપ્ટન, ફર્સ્ટ ઑફિસર અને ફલાઈટ એન્જિનિઅરના અવાજો રેકૉર્ડ થાય છે. વળી, જમીન પરના મથક 'ગ્રાઉન્ડ કન્ટ્રોલ' સાથે રેડિયો પર થતી વાતચીત તથા અન્ય વિમાનો સાથેની વાતચીત પણ તેમાં રેકૉર્ડ થતી રહે છે.

કોક્પિટ વૉઈસ રેકૉર્ડરમાં ચાર ચૅનલ હોય છે. તેમાંની બે ચૅનલ પર વિમાનના ચાલક તથા તેના સહાયક દ્વારા મોકલાતા તથા તેમને મળતા તમામ સંદેશોઓ રેકૉર્ડ થાય છે. ત્રીજી ચૅનલ કાં તો ફલાઈટ એન્જિનિઅર અથવા તો વિમાનમાં યાત્રીઓ સાથે સંપર્ક માટે રખાતી પબ્લિક એડ્રેસ સિસ્ટિમ સાથે જોડાયેલી હોય છે. જ્યારે ચોથી ચૅનલમાં કૉક્પિટમાં થતી તમામ વાતચીત તથા બહારના બીજા અવાજો રેકૉર્ડ થાય છે. સી.વી.આર.ને 'બ્લૅક બૉક્સ' તરીકે ઓળખવામાં આવે છે. પણ તેનો અર્થ એવો નથી કે તે કાળા રંગે રંગેલી હોય છે. હકીકતમાં તો તે પીળા યા નારંગી રંગની હોય છે અને આ રંગ ફ્લરેસન્ટ હોય છે, જેથી અંધારામાં કે દરિયાનાં ઊંડાં પાણીમાં પણ જોઈ શકાય. વળી, તેમાંથી સંકેતો પણ નીકળતા હોય છે. આ બ્લૅક બૉક્સ તૂટી ન જાય તેવી તથા આગથી સળગી ન જાય તેવી એક પેટીમાં વિમાનના પાછળના ભાગમાં રાખવામાં આવે છે. સી.વી.આર.માં કોઈપણ સમયે વિમાનના ચાલકોએ કન્ટ્રોલ ટાવર કે અન્ય કોઈ સાથે કરેલી છેલ્લા અડધા કલાક સુધીની વાતચીત રેકૉર્ડ થયેલી રહે છે. વિમાનમાં કોઈ યાંત્રિક ખરાબી ઊભી થાય તો તે સંબંધમાં ચાલકે કે તેના મદદનીશે મોકલેલો તાકીદનો સંદેશો તેમાં ઝિલાયેલો સાંભળી શકાય અને તે સાંભળ્યા પછી દુર્ઘટનાનું કારણ શોધી શકાય. પણ ચાલકે એવો કોઈ સંદેશો મોકલ્યો ન હોય તો એનો અર્થ એવો થાય કે દુર્ઘટના કોઈ તત્ક્ષણ કારણસર થઈ હોવી જોઈએ. આવું ત્યારે થાય જ્યારે વિમાનમાં મોટો વિસ્ફોટ થાય અને હવામાં જ તેના ભુક્કા થઈ જાય અથવા વિમાન કોક દરિયાની સપાટી જેટલું નીચે ઊતરી આવે તો વિમાનમાં હવાનું દબાણ ઘટી જતાં યાત્રીઓના લોહીનું દબાણ એટલું વધી જાય કે હૃદયરોગનો હુમલો થાય, બ્રેઈન હેમરેજ થાય કે ફેફસાં ફાટી જાય અને વિમાન નીચે પડે તે પહેલાં મોટા ભાગના યાત્રીઓ મૃત્યુ પામે.

વિમાન તૂટી પડવાનો ભય ઊભો થાય ત્યારે ભયની ચેતવણી કેટલાંક યંત્રો સંકેતોના રૂપમાં આપે છે. આવાં યંત્રો વિમાનના તમામ ભાગોમાં ગોઠવેલાં હોય છે. આથી આવા સંકેતો નીકળે કે તરત જ સી.વી.આર. જેમાં રખાયેલું હોય છે તે એરોફોઈલ બૉક્સ છૂટું પડી જાય છે અને ટેપ પણ છૂટી પડી જાય છે. હવાના દબાણથી આ બ્લૅક બૉક્સ નીચે ફંગોળાય છે. જમીન પર પડતાં પહેલાં તે જોરથી અફળાય નહિ પણ ધીમેથી પડે તેવી રચના તેમાં હોય છે. આથી બ્લૅક બૉક્સ નુકસાન થયા વિના જમીન પર કે દરિયાના પાણીમાં પડે છે. બ્લૅક બૉક્સ વિમાનમાંથી છૂટું પડી જમીન પર કે પાણીમાં પડે તે પછી તેમાંથી સંકેતો રેલાવા લાગે છે. આધુનિક વિમાનોમાં વપરાતા બ્લૅક બૉક્સ ૪૫ દિવસ સુધી સંકેતો મોકલી શકે છે, જે દરમિયાન તેને શોધી શકાય છે.

બ્લૅક-બૉક્સ નોંધનું રહસ્ય

બ્લૅક બૉક્સમાં નોંધ લેવાની મુખ્ય બે રીતો છે. એકમાં ધાતુની મૅગ્નેટિક ટેપ હળવે હળવે સરકયા કરે છે અને ગ્રામોફોનની પિન કરતાં નાની એવી સ્ટાઈલસ (ટાંકણી) તેનું ઈચિંગ કરતી રહે છે. વધુ ચોખવટ સાથે એમ કહી શકાય કે મૅગ્નેટિક ટેપનું વણઅટક્યું કોતરકામ ચાલ્યા કરે છે. સલામતીને ખાતર ટેપ આપણા ઘરવપરાશના ટેપ રેકૉર્ડની જેમ પ્લાસ્ટિક પદાર્થની નહિ પરંતુ ધાતુની વપરાય છે. આ કોતરકામમાં બધું મળીને ૯૦ જાતના મુદ્દાનો એકધારો સમાવેશ થયા કરતો હોય એ પણ કેટલી આશ્ચર્યજનક હકીકત છે! આ સાંકેતિક બાતમીનો ખીચડો સામાન્ય માણસ ઉકેલી ન શકે તેમાં નવાઈ નથી. ભલભલા નિષ્ણાતોને પણ ક્યારેક બ્લૅક બૉક્સના આધારે દુર્ઘટનાનું નિદાન કરતાં ચાર કે છ મહિના લાગી જાય છે.

કુલ ૯૦ પ્રકારની માહિતી જેમાં સાંકેતિક રીતે એકસામટી રેકૉર્ડ થઈ હોય એ મૅગ્નેટિક ટેપને ઉકેલવાનું તથા ચોક્કસ માહિતી પર ધ્યાન આપીને તેનું જ વિશ્લેષણ કરવાનું કામ કેટલું જટિલ હશે તે જરા વિચારી જુઓ! આમ છતાં ડિટેક્ટિવની અદાથી 'ગુનાશોધન' કરી રહેલા હવાઈ નિષ્ણાતો આ કપરું કામ પણ માહિતીના પ્રિન્ટઆઉટમાં વાંકીચૂંકી અંકાયેલી રેખાઓમાંથી

શોધી કાઢે છે. હવાઈ નિષ્ણાતો બ્લૅક બૉક્સના રેકોર્ડિંગને બરાબર ઉકેલી શકે તે માટે સાજાસમા વિમાનના બ્લૅક બૉક્સને પણ વખતોવખત ખોલવું જોઈએ. પરંતુ બ્લૅક બૉક્સ સીલબંધ હોય છે, એટલે સારો એવો ખર્ચ કર્યા વિના તેને તોડી અને તોડ્યા પછી ફરીવાર જોડી શકાતું નથી. વળી, પાઈલટો તેને હંમેશાં તિરસ્કારની નજરે જુએ છે. બ્લૅક બૉક્સને તેઓ ચુગલીખોર સાધન ગણે છે, કેમ કે નારદની માફક તેમના દરેક છબરડાને તે રેકોર્ડ કરી લે છે, જેના વિશે એરલાઈન્સના મૅનેજમેન્ટને જાણ થાય તો પાઈલોટે આકર્ષક નોકરી ગુમાવવાનો વારો આવે છે.

બ્લૅક બૉક્સ ટેપનો અભ્યાસ દર્શાવે છે કે મોટા ભાગના અકસ્માતો મિસકોમ્યૂનિકેશનના કારણે અથવા નાનકડી ક્ષતિને ન સમજવાથી કે કાબૂમાં ન લેવાથી થતા હોય છે. ઉદાહરણ તરીકે ૧૯૭૨માં ફ્લોરિડામાં તૂટી પડેલા ઇસ્ટર્ન એલ ૧૦૧૧ની વાત જ લઈએ. વિમાનના ઉતરાણ માટેના લૅન્ડિંગ ગિઅરનો બલ્બ બળી ગયો હતો. આ તો મામૂલી ખરાબી જ ગણાય. પણ કૅપ્ટન, કો-પાઈલટ અને ફ્લાઈટ એન્જિનિઅર વિમાનને આપમેળે કન્ટ્રોલ કરતા 'ઑટો-પાઈલટ' પર મૂકી એ સિગ્નલ રિપેર કરવામાં ગૂંથાઈ ગયા. અચાનક 'ઑટો-પાઈલટ' છટકી ગયું અને વિમાન તૂટી પડ્યું! વાસ્તવમાં તેમણે કામગીરી વહેંચી લીધી હોય કે 'તું બલ્બ બદલ, હું વિમાન સંભાળીશ!' તો આ અકસ્માત થયો ન હોત!! અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા 'નાસા'એ હાથ ધરેલા સંશોધનમાં ૧૯૬૮થી ૭૬ વચ્ચે થયેલા ૬૦ જેટલા અકસ્માતમાં વ્યક્તિઓ વચ્ચેનો અણબનાવ, લીડરશિપનો અભાવ, વ્યક્તિઓને જવાબદારી સોંપવાની ક્ષમતાની ઊણપ, નાની યાંત્રિક ખામીમાં રોકાણ જેવાં કારણો જવાબદાર જણાયાં હતાં.

આમ, 'બ્લૅક-બૉક્સ' એ એરલાઈન્સ માટે આશીર્વાદ સમાન છે. 'બ્લૅક બૉક્સ'નું રેકૉર્ડિંગ માત્ર અકસ્માતનાં કારણોનું પોસ્ટમોર્ટમ કરવા માટે નથી, પરંતુ ભાવિ પાઈલટની તાલીમમાં નવાં પરિમાણો ઉમેરવામાં મદદરૂપ બનતું સાધન છે. 'બિપ-બિપ' જેવા અવાજથી પોતાના અસ્તિત્વની જાણ કરતું 'બ્લૅક બૉક્સ' ખરેખર એરલાઈન્સ માટે અતિ ઉપયોગી સાધન પુરવાર થયેલ છે. ('વિજ્ઞાનદર્શન'માંથી) - પ્રા. મનોજ જગતાપ

શિયાળાનાં કફમાંથી બચાવતા ઔષધો

સૂંઠ : આયુર્વેદમાં સૂંઠને તેનાં ઔષધીય ગુણને લીધે સોના સાથે સરખાવી છે અને ખરેખર એક જમાનામાં આપણાં ભારતમાં સોનાના બદલામાં સૂંઠની નિકાસ થતી હતી. તે આપણું નિર્દોષ અને માનીતું ઔષધ છે. ઠંડું પડી જાય ત્યારે સૂંઠનું ચૂર્ણ આખા શરીરે કે હાથપગનાં તળિયે ઘસવાથી હિમ જેવા ઠંડા શરીરમાં ચેતનનો સંચાર થાય છે. શરદી, ઉધરસ, શ્વાસ કે આખા શરીરમાં ક્યાંય પણ શૂળ થતું હોય તેણે આખો શિયાળો ચા, દૂધ, કોફી ઉકાળો કે રાબમાં કે વસાણામાં જેટલો બને તેટલો સૂંઠનો વધુ ઉપયોગ કરવો જોઈએ. ચોખ્ખા ઘી-ગોળમાં સૂંઠિયું કરીને કે ગોળી કરીને પણ લઈ શકાય છે.

સખત ઠંડીમાં માથું દુઃખતું હોય, સાંધા કે પડખામાં દુઃખતું હોય, આમવાતનું શૂળ અને સોજો આવેલ હોય તેના ઉપર સૂંઠને પાણી સાથે કે ગૂગળ સાથે ઘસીને લેપ કરવો. શરદી, ઉધરસ, શૂળ, અરુચિ, અજીર્ણ, ઝાડા, આમવાત, ફ્લ્યુના દર્દીએ સૂંઠનું કાયમ સેવન કરવું જોઈએ.

મરી : ઘણાં આને 'તીખાં'ના નામે ઓળખે છે. આપણે ત્યાં તેનો રોજીંદી રસોઈમાં ખાસ ઉપયોગ થતો નથી. પરંતુ એવા કેટલાંય ઠંડા પ્રદેશો છે જ્યાં મરચાંને બદલે મરીનો જ ઉપયોગ થાય છે, દરેકના ઘરમાં ઉપલબ્ધ એવાં મરી કફનાશક, વાયુનાશક, પાચક, ઉધરસ, શરદી, કફને મટાડનાર છે. તે વધારે પડતી ઊંઘને ઓછી કરે છે, કફવાળી કે સૂકી ઉધરસમાં મધ સાથે શરદી, માથાનો દુઃખાવો અને સાંધાના દુઃખાવામાં તુલસીનાં પાન સાથે ખૂબ ફાયદાકારક છે. શિયાળામાં સવારે ચક્કર આવતાં હોય કે લો બી.પી. હોય તેમણે પીપરીમૂળ સાથે મેળવીને કે એકલા મરીનું ચૂર્ણ ઘી સાથે ચાટવાનું રાખવું. લીલા મરીનું અથાણું પણ શિયાળામાં ઉપયોગી છે.

અજમો : શિયાળામાં ખૂબ ઉપયોગી ઘરગથ્થું ઔષધ અજમો, શરદી, ઉધરસ, શ્વાસ, શૂળ, આમવાત, વગેરેમાં છૂટથી વાપરવા જેવો છે. શ્વાસ વારંવાર ચડી જતો હોય તેણે એક ચમચી જેટલો અજમો અને સંચળ હૂંફાળા પાણી સાથે ફાકી જવો. તેમજ જમ્યા બાદ મુખવાસરૂપે દૂધ કે છાશમાં, દાળ કે કઢીમાં કે ચણાની વાનગીમાં તેમજ વઘારમાં અજમો રોજ વાપરી શકાય. અજમાને સહેજ શેકી, પીસી પોટલીમાં બાંધીને સૂંઘતા રહેવાથી શરદી તેમજ બંધ નાકમાં રાહત થાય છે. છાતીમાં કફ ભરાયો હોય ત્યારે અજમો એક રૂમાલમાં લઈ તેમાં પથ્થર કે ઈંટનો ટુકડો તપાવી અજમા પર મૂકી પોટલી વાળી તેનો શેક છાતી પર કરવાથી કફ છૂટો પડે છે.

ગંઠોડા : આ ઔષધથી મોટાભાગના લોકો પરિચિત હશે જ, છતાં તેનો પરિચય ટૂંકમાં આવો છે. એક જાતનાં છોડવા થાય છે, જેનાં પાંદડાંની વચ્ચે નાની લીંડી જેવી પીપરના આકારનું ફળ થાય છે. તેને લીંડીપીપર કહે છે. જેને આયુર્વેદમાં સૂંઠ અને મરી સાથે 'ત્રિકટુ' (ત્રણ તીખાદ્રવ્યો) નામનું ઔષધ બનાવવા માટે ઉપયોગ થાય છે અને આ જ છોડનાં જે મૂળિયા છે તે 'પીપરીમૂળ' એટલે કે ગંઠોડા તરીકે ઓળખાય છે. લો બી.પી. તેમજ અનિદ્રાવાળાએ તેનો હંમેશા ઉપયોગ કરવો જોઈએ. આમ છતાં તે શિયાળામાં વધુ ઉપયોગી છે. અનિદ્રા કે અલ્પનિદ્રામાં રોજ રાત્રે ભેંસના દૂધ સાથે કે ગોળમાં ગોળી કરીને રોજ ગંઠોડાનું ચૂર્ણ લેવું જોઈએ. લો બી.પી.વાળાએ મીઠા સાથે ગંઠોડા લેવાં જોઈએ. શરદી, ઉધરસમાં ગંઠોડા, બહેડાં અને જેઠીમધનું ચૂર્ણ સરખે ભાગે મધમાં ચાટી જવું. આમાં ઉપરોક્ત દરેક વાયુ-કફથી થતાં રોગોમાં ગંઠોડાનો સૂંઠની જેમ ખાસ કરીને શિયાળામાં દરરોજ દૂધ, ચા, કોફી, ઉકાળો, રાબ, વગેરેમાં છૂટથી ઉપયોગ કરવો જોઈએ. શક્તિપ્રદ શિયાળુ પાક કે વસાણામાં પણ ગંઠોડાનું ચૂર્ણ નાખવું જોઈએ. (સંદેશ) - વૈદ્ય શ્રીમતી અર્ચના કેવલાની

> અપ્રાપ્ય સહુ પામવું; નહિ ય મેળવ્યું છોડવું,
> વિરાટ હ્રદયથી થવું ! - સકળ વિશ્વ જેમાં જડ્યું.
>
> કૃષ્ણલાલ શ્રીધરાણી

જનસેવાના વ્રતધારી નેતા લાલબહાદુર શાસ્ત્રીએ અલ્લાહબાદમાં કઠઘર નામે મહોલ્લામાં એક મકાન ભાડે રાખ્યું હતું. તેઓ જ્યારે જ્યારે અલ્લાહબાદ જતા ત્યારે ત્યારે આ ભાડાના મકાનમાં ઊતરતા. પાછળથી તો એમણે એ મકાન પણ કાઢી નાખેલું.

ત્યારપછી જ્યારે એ અલ્લાહબાદ જતા ત્યારે રેલવે સલુનમાં મુકામ કરતા અથવા સરકારી અતિથિગૃહમાં ઊતરતા અને પોતાનું કામ કરતા. એમના મિત્રો અલ્લાહબાદમાં એકાદ મકાન બંધાવી લેવાનું લાલબહાદુર શાસ્ત્રીને અવારનવાર કહેતા. પરન્તુ શાસ્ત્રીજી જ્યારે ગૃહપ્રધાન હતા ત્યારે એકવાર મજાક કરતા કહેલું, 'હું ભારતનો ગૃહવિહીન ગૃહપ્રધાન છું !'

ચાઉ એન લાઈનો જમણો હાથ એકવાર ઊતરી ગયો હતો ત્યારે ભારતીય ડૉક્ટર કોટનીસે તે ચડાવી આપ્યો હતો.

ન્યૂ યૉર્કમાંના ધી ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગમાં આવેલા તાર અને ટેલિફોનના દોરડાંઓની લંબાઈ આશરે એક કરોડ સિત્તેર લાખ મીટર થવા જાય છે.


સૌથી મોટી ચલણીનોટ ચીનમાં ઈ.સ. ૧૬૬૮માં છપાઈ હતી. તેનું કદ ૩૩ સે.મી. × ૨૩ સે.મી. હતું.

શીળસ કે શીળવામાં મરીનું ચૂર્ણ ઘીમાં મેળવી સવારે અને સાંજે થોડુંથોડું ચાટવાથી રાહત અનુભવાશે.

જોડણીભેદે અર્થભેદ : શાન્ત-શાન્તિયુક્ત; સાન્ત-મર્યાદિત, અન્તવાળું.


ગણિતગમ્મત • ૨૯૬૨૯૬૨૯૬૩ સંખ્યાને ૩ વડે ભાગતાં જવાબ આ પ્રમાણે ઊતરતા ક્રમમાં આવે છે : ૯૮૭૬૫૪૩૨૧. (મ. ગુ. દેસાઈ)

વિલૉસિપીડ • બાઈસિકલનો શરૂઆતનો એક પ્રકાર. અહીં જે ચિત્ર



આપ્યું છે તે ઈ.સ. ૧૮૬૨માં તૈયાર થએલી વિલૉસિપીડનું છે.

દૃષ્ટિભ્રમ • આ બે આકૃતિઓમાં કખ અને ચછ રેખાઓ સરખી લાગતી નથી.



બલકે કખ રેખા ચછ રેખા કરતાં મોટી દેખાય છે. વાસ્તવમાં આ વાત સાચી નથી. ઉપરની આકૃતિના પાયાની લાંબી રેખા ચછ રેખાને નાની દેખાડે છે. આ છે દૃષ્ટિભ્રમ. ખરેખર તો કખ અને ચછ બન્ને રેખાઓ સરખી જ છે.



૮૦ યેનની આ જાપાની ટપાલ ટિકિટ 'વિશ્વ પશુચિકિત્સા કૉન્ગ્રેસ' સંદર્ભે પ્રકટ કરવામાં આવી છે, જેમાં શિકાર ખોળી લાવવા પાલતૂ 'લૅબ્રેડૉર' શ્વાન સાથે ઉપર અશ્વ અને ગાયનું ચિત્ર અંકિત થયું છે. આ કૉન્ગ્રેસ દર ચાર વર્ષે ભરાય છે. આ સપ્ટેમ્બરમાં તે જાપાનના યૉકાહામા ખાતે એશિયામાં પહેલીવાર મળી હતી. આ કૉન્ગ્રેસનો હેતુ પ્રાણીઓમાં થતા ચેપી રોગને અટકાવવાનો છે.

પૃથ્વી : ૧. પૃથ્વીનું કુલ ક્ષેત્રફળ : ૫૧,૦૦,૬૫,૦૦ ચો.કિ.મી. છે.

૨. પૃથ્વીનું કુલ ઘનફળ : ૧૦,૮૩,૨૦,૮૮,૪૦,૦૦૦ ઘન. કિ.મી. છે.

૩. પૃથ્વીનું દળ : ૫.૮૮૨૧૦૨૧ ટન છે.

૪. પૃથ્વી એ સૂર્યથી : ૧૪,૯૫,૯૭,૦૦૦ કિ.મી.નાં અંતરે આવેલી છે.

૫. પૃથ્વીનો વિષુવવૃત્તીય વ્યાસ : ૧૨,૭૫૬ કિ.મી.



કલાકર્ણિકા : ફૂલદાન જેવું આ પાત્ર આશરે ઈ.સ. પૂ. ૧૨૫૦નું છે અને તે સાઈપ્રસમાંથી મળી આવ્યું છે. તેની ઉપરના શોભનચિત્રમાં સાંઢની ગરદ પરની જાડી ચામડીમાંથી એક પંખીને પોતાની તીણી ચાંચ વડે બગાઈ કાઢતું દર્શાવાયું છે.

સર્વોદયી લોકશાહી

અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એક એકથી ઊંચે જતાં વર્તુળોની નહીં, પણ એકબીજાથી વિશાળ થતાં જતાં અને નાનાને મોટામાં સમાવી લેતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ, જ્યાં ટોચ પાયાને કચડીને ઊંચી રહે છે, તેવા પિરામિડનો નહીં હોય. તેનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાંઓનાં વર્તુળનો હશે, જેના કેન્દ્રમાં પોતાના ગામને સારુ ખપી જવાને હરહંમેશ તત્પર એવી વ્યક્તિ હશે, અને ગામ વળી બીજાં ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર હશે. અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે. એ રચનામાં જે વ્યક્તિઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહીં કરે, હંમેશ નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલા સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી, તે વર્તુળના અંગરૂપ ઘટક બની રહેશે.

તેથી, આ વર્તુળાત્મક રચનામાં બહારની સીમા પર આવેલું સૌથી મોટું વર્તુળ અંદર સમાતાં વર્તુળને કચડી નાખવાને પોતાનું સામર્થ્ય નહીં વાપરે, પણ અંદરનાં સર્વને બળ આપશે અને પોતાનું સામર્થ્ય પણ કેન્દ્રમાં રહેલી વ્યક્તિમાંથી મેળવશે. કોઈ એવો ટાણો મારશે કે, આ તો આદર્શ થયો, સંપૂર્ણતાનું તરંગી ચિત્ર થયું, અને તેને વિષે વિચાર કરી નાહક વખત બગાડવાની જરૂર નથી. યુકિલડની વ્યાખ્યાનું બિંદુ દોરી બતાવવાને માણસ સમર્થ નથી, છતાં તેનું કદી ઘટે નહીં તેવું મૂલ્ય છે, તેવી જ રીતે માણસજાતને જીવવું હોય, તો મારા આદર્શ ચિત્રની પણ કદી ઓછી ન થાય તેવી કિંમત છે. એ સાચા ચિત્રની અણિશુદ્ધ સંપૂર્ણ સિદ્ધિ કદી ન થવાની હોય, તો પણ હિંદુસ્તાન તેને માટે જીવે. આપણને જે કંઈ જોઈતું હોય, તેના જેવું કંઈકેય મેળવી શકીએ તે પહેલાં આપણી પાસે તેનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. હિંદુસ્તાનમાં એકેએક ગામનું પ્રજાસત્તાક સ્થાપવાની વાત સ્વીકારો, તો જ્યાં છેલ્લે આવનારો પહેલાના જેવો હોય, અથવા બીજા શબ્દોમાં કહીએ, તો જેમાં કોઈ પહેલો નથી ને કોઈ છેલ્લો નથી, તે મારું ચિત્ર વાસ્તવિક અને સત્ય છે, એવો હું દાવો કરું છું.

ગાંધીજી

('હરિજનબંધુ, ૨૮-૭-૧૯૪૬)

સુખ દુઃખમાં સાથે રહે
તે જ સાચો સ્વજન

સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦

કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રી

સ્નેહી શ્રી,

સપ્રેમ નમસ્તે,

સદાય આપની કુશળતા ઈચ્છતો કુશળ છું.

આપ ગાંધીનગર સરકાર બદલીને આ મોટું પરિવર્તન લાવ્યા છો. આ સરકાર આપની છે, આપે બનાવી છે. આજે તો મારે કહેવાનું છે કે, આ સરકાર આપના માટે છે. પરિવર્તન માત્ર ગાંધીનગરમાં જ નહિ પરંતુ આપના ઘર આંગણે પહોંચે એવી અમારી નેમ છે.


પહેલાના આપના વીજળીના બીલ કરતાં હવેના બીલમાં મધ્યમ વર્ગ, નાના અને ગરીબ માનવીને પચ્ચીસ ટકા રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. આને લઈ વર્ષે દહાડે રૂપિયા એની બચત થશે. આપની લોક લાગણીનું સરકારનું આ પગલું આમ તો નાનકડું પગલું છે.

પરિવારના આપ સૌના અંગત સ્વજન તરીકે સરકારની લાગણી છે કે સરકાર તરફથી મળેલ આ નાનકડી રાહત અને તેમાંથી બચેલી બચત આપના બાળકોના અભ્યાસ અને વિકાસ માટે વપરાશે તો અમે ધન્યતા અનુભવીશું. અમારો આનંદ બેવડાશે.

પરિવારના આપ સૌ સ્વજનોના સુખ દુઃખનો સાથી,


કેશુભાઈ પટેલ.

- રંકના ઘરમાં રોટલો પહોંચ્યો.... અને હવે સસ્તા દરે વીજળી....
- માસિક ૫૦ યુનિટ સુધી વીજળી વપરાશ કરતા રહેણાકના હેતુ માટે વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજળીના બીલ ઉપર ૨૫% રાહત.
- રાજ્યના ૩૧.૫૪ લાખ, જેટલા કુટુંબોના અંદાજે ૧ કરોડ ૫૭ લાખ સ્વજનોને પ્રત્યક્ષ લાભ.
- વાર્ષિક રૂ. ૧૫ કરોડની સીધી રાહત.



॥ तमसोमा ज्योतिर्गमय ॥

માહિતી '૯૫



દર્પણ સરોવર] [ફોટો • વ્રજ મિસ્ત્રી

તળાવની અંદર વાદળોની આબેહૂબ પ્રતિચ્છાયા અને તે પણ જાણે દર્પણમાં જોતાં હોઈએ તેટલી સ્પષ્ટ અને સુરેખ. પરંતુ આ તો કૅમેરાની કમાલ ! ડાર્કરૂમની ટૅક્નિકની મદદથી કેવી અદ્ભુત છબી બનાવી શકાય તેનું આ એક ઉદાહરણ છે. એક નૅગેટિવ વાદળની, બીજી હોડીવાળાની વાદળ વગરના ખુલ્લા આકાશમાં પાડેલી છે. આ બન્ને નૅગેટિવને વારાફરતી એક જ પેપર ઉપર ત્રણ વખત છાપીને આ છબી પ્રાપ્ત કરી છે. પ્રથમ વાદળની નૅગેટિવને અર્ધા પેપરમાં નીચેની બાજુ છાપી, પછી એ જ નૅગેટિવને ઊંધી કરીને અર્ધા પેપરમાં નીચેની બાજુ છાપી, અને ત્રીજી વખત ફક્ત હોડીવાળાની નૅગેટિવ એન્લાર્જરમાં લગાવીને માત્ર તેની આકૃતિ છાપી. આ ત્રણે એક્સપોઝર આપેલા પેપરને ડૅવેલપ કર્યો તો આ ફોટોગ્રાફ મળ્યો.